ચરિત્રમાળા.

પુસ્તક
૨૩-૨૪
વર્ષ બીજું.

પ્રસિદ્ધકર્તા

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય.

જગવિખ્યાત પુરૂષો.

ભાગ ૧ લો.

સૉક્રેટીસ અને ફાધર ડેમિયનનાં ચરિત્ર.

મૂલ્ય ાા પાકું ાા પો. જુદું.

મુખ્ય સ્થળ: મુંબઈ.

શાખા—અમદાવાદ.

વાર્ષિક રૂ ૨
પાકાં પૂઠાં ૩
પો. માફ.

ચરિત્રમાળા-પુસ્તક ૨૩, ૨૪-વર્ષ બીજું.

જગવિખ્યાત પુરૂષો.

ભાગ ૧ લો.

૧-સોક્રેટીસનું ચરિત્ર-એના ભાષાંતર કર્ત્તા,

સ્વ૦ ગણપતરામ વેણીલાલ ઓઝા, ભાવનગર.

૨-ફાધર ડૅમિયન-એનો અનુવાદ કર્ત્તા,

રત્નસિંહ દીપસિંહ પરમાર, ડભોલી (સુરત.)

સંપાદક અને પ્રકાશક,

सस्तुं साहित्य वर्धक कार्यालय तर्फथी

ભિક્ષુ-અખંડાનંદ, કાલબાદેવી-મુંબઈ.

આ સંસ્થા તર્ફની આવૃત્તિ પહેલી-પ્રત ૨૩૦૦. સંવત્ ૧૯૬૯.

મૂલ્ય ૦-૫-૦, પાકું પૂઠું ૦-૮-૦.

આવતું પુસ્તક જાળવીને ફાડજો.

સવત ૧૯૭૦ નુ ભીંતે ચોડવાનુ સુદર પચાંગ બનતા સુધી
ાવતા પુસ્તક સાથેજ ભેટ દાખલ કલાશે. માટે તે
પૅકેટ જાળવીને

અમદાવાદ
ધી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમા
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યુ.

આ સાથેનાં કાર્ડ—ગ્રાહકોને પ્રાર્થના.

આ પુસ્તક સાથે દરેક ગ્રાહકપર છાપેલા કાર્ડ મોકલ્યા છે, માટે નીચે જણાવ્યામાંની એક યા વધુ બાબતો વિષે જેમને કાંઈ પણ લખવાનું હોય તેમણે આ પુસ્તક પહોંચેથી દસ દિવસ સુધીમાં પોતાના રજીસ્ટર્ડ નંબર સાથે તે અવશ્ય લખી જણાવવા કૃપા કરવી

૧ **આવતું પુસ્તક વી. પી. થી મોકલાશે**—ચરિત્રમાળાનું આવતા વર્ષની શરૂમા નીકળનાર પુસ્તક રીવાજ મુજબ કાર્તિક માસમાં પ્રત્યેક ગ્રાહકપર વી. પી. થી મોકલવાનું હોવાથી જે સજ્જનોને એ વર્ષમા ગ્રાહક ચાલુ રહેવા મરજી ન હોય તેમણે તે વિષે લખી જણાવવુ આ પ્રમાણે ન લખતા જેઓ વી. પી. આવેથી પાછું વાળશે તો તેથી સંસ્થાને નાહક ટપાલ ઇ ખર્ચનુ બે ત્રણ આનાનુ નુકશાન થશે, જેના તેઓ જવાબદાર થશે.

સૂચના—સેન્ટ્રલ લાયબ્રેરી મારફતની લાયબ્રેરીઓપર વી. પી. ન મોકલતા તેમના તરફથી યા એ ખાતાના ઉપરી અધિકારી તરફથી ઓર્ડર મળેથી પુસ્તક મોકલવા શરૂ થશે

૨ **કાચા પૂઠાને બદલે પાકા પૂઠાનાં પુસ્તકો**—વાર્ષિક રૂ. ૩) વાળા હવેથી જેમને ખરીદવા હોય તેમણે તે વિષે લખવુ.

૩ **કેટલાંએક પુસ્તકો વિષે ગ્રાહકોને પ્રશ્ન**—મહાદજી સિંધિયાનું જીવનચરિત્ર, ઉત્તમ અને 'ચરિત્રમાળા' દ્વારા પ્રસિદ્ધ કરવા યોગ્ય છે, પરન્તુ અન્ય સ્થળેથી પ્રસિદ્ધ થયેલુ તે લીધેલું હોવાથી વા અન્ય કારણથી તે મેળવવાનુ જે ગ્રાહકોને ના પસંદ હોય તેમણે તે લખવુ.

૪ **નવા વર્ષથી શિરોનામ બદલાવવું** હોય તેમણે તે લખવું

આવતા વર્ષના લવાજમની ગોઠવણ.

પોષ્ટ માર્ગનાં ગ્રાહકોને 'ચરિત્રમાળા' નુ આવતા વર્ષનુ પ્રથમ પુસ્તક વી. પી. કરી મોકલાશે.

૧ વી. પી ખર્ચનો અકેક આનો બચાવવાને બે યા વધુ ગ્રાહકોપર ભેગુ વી. પી. મોકલવાનુ બને તેમ ન હોવાથી તેવી ઇચ્છા હોય તેમણે વાર્ષિક મૂલ્યની એકત્ર રકમ આ પુસ્તક પહોચ્યેથી ૧૦ દિવસ સુધીમા **સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયની શાખાના વ્યવસ્થાપક—અમદાવાદ** એ શિરોનામથી મોકલી આપવી, કેમકે એ મુદ્દત પછી તુરતજ વી. પી. મોકલવા શરૂ થશે.

૨ જે સજ્જનો રૂબરૂમા નાણાં ભરવા ઇચ્છતા હોય તેમણે પણ એજ મુદ્દત સુધીમા નીચે જણાવ્યામાના હરકોઈ સ્થળે ભરી નાણા લેનારની સહી સાથેની ખાતા તરફની છાપેલી પાવતી મેળવવી.

૧ **મુંબઇ–સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય**ના વ્યવસ્થાપક, ઠે. કાલબાદેવી રોડ, ભાગવાડીને નાકે હાથીબીલ્ડીગ ત્રીજે દાદરે.

૨ **અમદાવાદ–સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય**ની શાખાના વ્યવસ્થાપક ઠે. ખામાસાની ચોકી પાસે, જમાલપુરરોડ નં. ૫૫૭૫

૩ **ભાવનગર–રા. કરૂણાશંકર ભવાનીશંકર ભટ્ટ.** ઠે. કણબીવાડ નેરાને નાકે

૪ **બોરસદ–ઠા. હરિલાલ મોહનલાલ** ઠે. બજાર.

સૂચના—નડીયાદનાં ગ્રાહકોનો લવાજમ આપવાનો તેમજ પુસ્તકો મેળવવાનો સર્વ સબંધ ચાલુ વર્ષની શરૂઆતથી માસ્તર ચુનીલાલ બોધાભાઇની સાથેજ રહેતો આવેલો હોવાથી આવતા વર્ષમાં પણ લવાજમની પહોચ સસ્થાના નામને બદલે તેમના પોતાના નામનીજ તેઓ આપે તેમા સંસ્થાને અડચણ નથી. જેમની મરજી સસ્થા સાથેજ સર્વ સબધ રાખવાની હશે તેઓ તેમ પણ કરી શકશે.

ભાવનગર, બોરસદ એ સ્થળોના જે ગ્રાહકો નવા વર્ષનુ પુસ્તક લેવા સમયે પોતાનુ લવાજમ આપતા હોય, તેમને ખાસ વિનતિ કે નવા વર્ષનુ પુસ્તક આપનાર માણુસને તેજ સમયે લવાજમ આપી દેવુ ઘટિત છે. ગ્રાહકોનો વી પી. ખર્ચનો એકેક આનો બચાવવા માટે વચમા કામ કરનાર સજ્જનોનો ઉપકાર માનવાને બદલે વાયદા કરીને તેમની અગવડમા વધારો બિલકુલ ન કરવો જોઇએ. વી. પી. થી જેમ તરતજ નાણુા પોસ્ટવાળાને આપવા પડે છે, તેજ પ્રકાર આમા પણ રાખવો જોઇએ. વિલબ કરનારના નામ કમી કરવા પડયા વિના અન્ય રસ્તો રહેતો નથી.

અમદાવાદના ગ્રાહકો પર નવીન વર્ષનુ પહેલુ પુસ્તક તથા લવાજમની પાવતી માણુસ સાથે મોકલી લવાજમ મગાવી લેવામા આવે છે જેથી વી પી તથા પોસ્ટેજ ખર્ચ ન લાગે, છતા કેટલાક સજ્જનો વાયદા કરે છે, જેથી વારવાર માણુસ મોકલવાનુ ન બનવાથી તેમનાં નામ કમી કરવા પડે છે; અને પાછળથી લવાજમ ભરી ફરી નામ તેમને ચાલુ કરાવવુ પડે છે માટે તેમને પણ વિનતિ કે ખાતાના માણુસને પોસ્ટમેન સમજી નાણુા આપવામા ઢીલ ન થાય તેમ કરવું.

વિદેશી ગ્રાહકોને વિનતિ.

આફ્રિકા, ચીન ઇ૦ જ્યાં જ્યાં વી૦ પી૦ જઇ શકતા નથી ત્યાના ગ્રાહકોને વિનતિ કે તેમણે વાર્ષિક મૂલ્ય પાકા પૂઠાના વર્ગ બદલ રૂ. ૩-૧૨-૦ અને કાચા પૂઠા બદલ રૂ. ૨-૬-૦ પોસ્ટલ ઑર્ડરથી મોકલી આપવુ, એટલે તેમનાપર નવા વર્ષના પુસ્તકો મોકલવાનુ શરૂ થશે. નાણા સાથે ગ્રાહક તરીકેનો પોતાનો રજીષ્ટર્ડ નબર પણ લખવા ચૂકવુ નહિ. નાણા મુબઇ ન મોકલતા અમદાવાદજ નીચલે શીરનામે મોકલવા.

To

The Manager,

Sastu Sahitya Vardhak Karyalaya Branch,

P O. **AHMEDABAD, (India.)**

સૂચના—ગ્રથમાળા તથા ચરિત્રમાળાના લવાજમ સાથે અન્ય પુસ્તકો માટે પણ આફ્રિકા ઇ૦ ના ગ્રાહકો તર્ફથી નાણા આવે છે; પરતુ પોસ્ટેજ ખર્ચના નક્કીપણા વિના તેમા વધઘટ પડતી હોવાથી તે બાબતની માહિતી માટે કેટલાક પુસ્તકોના નામ, મૂલ્ય તથા તે દરેક બદલ દેશાવર માટે લાગતા ટપાલ ખર્ચની રકમ નીચે આપવામા આવે છે.

પુસ્તકનું નામ.		મૂલ્ય રૂ.	પોસ્ટેજ.
શ્રી શિવાજી છત્રપતિ	(મ્હોટું, નવીન, ઉત્તમચરિત્ર)	૦-૧૨-૦	૦—૬-૦
એજન	ઉચા કાગળવાળુ.	૧—૦-૦	૦—૮-૦
એજન	સોનેરી છબી સાથે કપડાના પૂઠાંવાળુ.	૧—૪-૦	૦—૮-૦

રાજસ્થાનનો ઇતિહાસ-ગ્રંથ ૧લો (કર્નલ ટૉડવાળો)	૧—૮-૦	૦-૧૦-૦
એજન ઉંચા કાગળ.	૨—૦-૦	૦-૧૨-૦
એજન પૂઠું અને કાગળ ખાસઉત્તમ	૩—૦-૦	૧—૪-૦
શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્દગીતા-પાકુ પૂઠું ગ્લેજ કાગળ	૧-૧૦-૦	૦—૮-૦
એજન પૂઠું અને કાગળ ખાસ ઉત્તમ	૨—૦-૦	૦-૧૧-૦
શ્રીમદ્ ભાગવત ભાષાંતર-પાકુ સોનેરી પૂઠું તથા ચીકણા કાગળ સાથે	૨—૦-૦	૧—૩-૦
મનહર પદ-પાકું પૂઠું	૦—૪-૦	૦—૨-૦
ભજનસાગર-પાકુ પૂઠું	૦—૩-૦	૦—૨-૦
સુબોધ રત્નાકર	૦—૫-૬	૦—૩-૦
સુબોધ રત્નમાળા છત્રીશી	૦-૧૪-૦	૦—૬-૦
ભાગવતનો એકાદશ સ્કંધ-સોનેરી પૂઠું ..	૦—૮-૦	૦—૪-૦
ભાગવતનો દશમ સ્કંધ	૦—૯-૦	૦—૫-૦
વૈરાગ્ય મુમુક્ષુ પ્રકરણ	૦—૭-૦	૦—૪-૦
ભગવદ્દગીતા-શ્લોક અર્થ સાથે ૦)≈થી ૦ાા સુધીની		૦—૨-૦
સદ્દગુણી બાળકો, બાળકોની વાતો, બાળસદ્બોધ દરેકના	૦)≋	૦—૧-૬
ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર	૦—૩-૦	૦—૧-૦

વિશેષ—(૧) આ ખાતામાથી મળતા બીજા સર્વ પુસ્તકો માટે છેલ્લી જા૦ ખ૦ મા જુઓ. (૨) દરેક બુકપૅકેટ પાચ રતલથી વધુ વજનનુ દેશાવર જઈ શકતું નથી. (૩) પુસ્તકો પહોંચવાની સલામતી બદ્દલ દરેક પૅકેટ દીઠ રજીષ્ટર્ડ ખર્ચના બબે આના વધુ મોકલવા. (૪) ઉપલુ પોસ્ટેજ ખર્ચ દર રતલ દીઠ દેશાવર માટે લાગતા ચાર આના મુજબ લખેલું છે.

નિવેદન.

ચરિત્રમાળાના ૨૩-૨૪ પુસ્તક તરીકે સોક્રેટીસ અને ફાધર ડૅમિયનનાં ચરિત્રોનો આ ગ્રંથ સાદર કરાય છે.

ચરિત્રમાળાના અત્યાર સુધીનાં પુસ્તકોમા ભારતવાસી નરનારીઓનાંજ ચરિત્રો આવ્યા છે. હવે તે દ્વારા તેવા ચરિત્રો સાથે કેટલાંક ‘જગવિખ્યાત’ વિદેશી નરનારીઓના ચરિત્રો પણ આવશે ‘મ્હારૂં એ સારૂં’ તે કરતા ‘સારૂં એ મ્હારૂં’ આ સિદ્ધાંત ઉંચો છે. ઉચ્ચપથગામીનુ એજ ધોરણ હોય છે. સર્વનો કર્ત્તા ભર્ત્તા અને સંહર્ત્તા પ્રભુ સર્વ સ્થળે રહેલો હોવાથી, સર્વત્ર રહેલા તેના બાળબચ્ચાઓના હિતાર્થે અસામાન્ય ગુણસામર્થ્યસંપન્ન વ્યક્તિઓરૂપે પોતાની દિવ્ય વિભૂતિઓ પણ તે સર્વત્રજ પ્રકટાવતો રહે છે, અને તેઓ દ્વારા પ્રાણીઓ પ્રત્યે પોતાનો કલ્યાણપ્રદ મહિમા સર્વત્ર પ્રસરાવતો રહે છે આવી દિવ્ય વિભૂતિઓનો ઉદ્દ્ભવ જે દેશ અને જે સમયમા થાય તે દેશ કાળના લોકો માટે તેમના જીવન હિતાવહ થવા ઉપરાંત દૂર દેશકાળવર્તી માનવીઓ માટે પણ તેમના સચ્ચરિત્ર થોડા ઉપકારક અને માર્ગસૂચક થઇ પડતા નથી. ભારત બહારના પ્રદેશોમાથી પણ એ અસામાન્ય વ્યક્તિઓ થોડી મળશે નહિ. આ પુસ્તક દ્વારા વાચકોને તેવી બે દિવ્ય વ્યક્તિઓના ચરિત્રનો પરિચય થશે.

પહેલુ ચરિત્ર મહાત્મા સોક્રેટીસનું છે. આ ચરિત્રની યોજના ઇ. હકીકત આ સાથે જોડાયલી તેના લેખક અને અનુવાદકની પ્રસ્તાવનામા આપેલી જણાશે ભાવનગર નિવાસી સ્વ. રા. રા. ગણપતરામ વેણીલાલ ઓઝાએ આ ચરિત્ર ભાષાંતર રૂપે તૈયાર કરીને ઈ. સ. ૧૮૭૫ મા છપાવ્યું હતું. આજે આડત્રીસ વર્ષે તેની બીજી

આવૃત્તિ ગુર્જર પ્રજાને પ્રાપ્ત થાય છે જે વિષેની સમતિ તેમના વારસ રા. રા ન્હાનાભાઇ જયતિલ્લાલ ઓઝા એમણે પૂર્ણ નિષ્કામતાથી આપવા બદલ આ સ્થળે તેમનો આભાર માનવામા આવે છે.

પહેલી આવૃત્તિમાંના પ્રુફદોષ ઈ. બનતા પ્રકારે સુધરાવ્યા છતા હજી તેવુ રહી ગયેલુ જણાશે. બીજી આવૃત્તિનો પ્રસગ મળતાં તે પણ સુધરવા સભવ છે.

ગુજરાતી ભાષામાં સોક્રેટીસના જીવનનુ એક બીજું પણ ન્હાનુ પુસ્તક કેટલાક વર્ષ પર નીકળેલુ છે. તત્કાળમા હાથ ન આવવાથી તેની વધુ વિગત આપી શકાઈ નથી.

બીજુ ચરિત્ર ફાધર ડૅમિયનનુ છે જે વિષે લખવા જેવા સપાદકના બે બોલ, રક્તપિત્તનો ઇલાજ, ચરિત્રમાળાનુ ચાલુ વર્ષ તથા અનુક્રમણિકા એ સર્વ એ ચરિત્રનીજ શરૂઆતમા આપેલુ જણાશે

ભાદ્રપદ કૃષ્ણ એકાદશી. સ. ૧૯૫૯

ભિક્ષુ–અખડાનંદ.

તા૦ ક૦

૧ **આવતા વર્ષના નિયમો**—ચરિત્રમાળા માટેના ચાલુ વર્ષના નિયમોજ આવતા વર્ષ માટે કાયમ છે

૨ **આવતો અંક વી. પી. થશે**–ચરિત્રમાળાનુ આવતું પુસ્તક આવતા કાર્તિક આખરે દરેક ગ્રાહકપર વી પી થશે. આશા છે કે દરેક ગ્રાહક બધુ વાર્ષિક લવાજમના રૂ ૨–૧–૦ અથવા પાકા પૂઠાના વર્ગ બદલ રૂ. ૩–૧–૦ ભરીને તેનો સ્વીકાર કરશેજ. ગ્રાહક તરીકે ચાલુ રહેવા ન ઇચ્છનારને આ સાથે વહેચાયલા કાર્ડપર તરતમાજ ના લખી જણાવવા ખાસ આગ્રહપૂર્વક વિનતિ છે.

પ્રસ્તાવના.

ગુજરાતી ભાષાંતર કર્ત્તાની પ્રસ્તાવના.

જ્યારે સાધારણ પક્તિવાળા લોકોના ચરિત્રમાથી પણ કાઇ કાઈ વાર આપણને બોધ મળે છે, ત્યારે સોક્રેટીસ સરખા એક પડિત, તત્વવેત્તા, નીચ કુળમાથી સ્વસત્તાએ અને તે પણ ધન કે બીજા ક્ષણભગુર પદાર્થોવડે નહિ પણ માત્ર અસાધારણ વિદ્યાથી જેવી કે **ઈશ્વર** અને તેના તત્વો, તથા માણસ વગેરે પ્રાણીઓને ઉત્પન્ન કરવામા તેનો શો હેતુ છે અને તે હેતુ ઉપરથી માણસોએ પોતપોતામા શી રીતે વર્ત્તવું અને કેમ વર્ત્તવાથી તે પ્રસન્ન થશે, તથા મરણ પછી માણસોને કયી સ્થિતિ પ્રાપ્ત થશે, વગેરે અગમ્ય વિષય વિષે પોતે ઘણા શ્રમથી મેળવેલા સિદ્ધાતોથી સ્થાપિત કરેલી જે "તત્વવિદ્યા" તેનુ જ્ઞાન, તથા તે જ્ઞાનનો પોતાના સ્વદેશીઓમા પરોપકાર બુદ્ધિએ પ્રસાર કરવાથી તેની કીર્ત્તિ પૃથ્વીના સર્વ ભાગોમા પ્રસરીને અમર થઇ ચૂકી છે. એના વિષે **રોમન** મહાન પડિત **સેનેકા** આ પ્રમાણે લખે છે કે–"**સોક્રેટીસે** સ્વર્ગનુ નીતિશાસ્ત્ર પૃથ્વી પર આણ્યુ, અને તે તેણે શેહેરેશેહેર, ગામેગામ, ઘેરેઘેર ફરીને પ્રસિદ્ધ કરી, માણસની બુદ્ધિમા ઉતારી દેઈ, તેઓને "માનવી" બનાવ્યા, અને તેની પ્રાપચિક વ્યવહારમા યોજના કરીને તેણે લોકોમા વિચાર, પ્રમાણિકપણું અને સદાચરણ ઉપરની પ્રીતિ વધાર્યા"–તેવા મહાન પુરૂષનુ ચરિત્ર વાંચવાથી લાભ કેમ ન થાય ?

આહા ! ઈશ્વરી માયા અગાધ છે ! ! જગતની ઉત્પત્તિથી માડીને આજપર્યંત એ તો બનતું આવ્યુ છેજ કે મતભેદને લીધે પરસ્પર વૈર ચાલ્યા આવે છે; અને તેવાં વૈરને આપણે "સ્વાભાવિક

વૈર " કહીએ છીએ. આવા સ્વાભાવિક વૈર પ્રસિદ્ધ કવિ **સામળભટ્ટ** નીચે પ્રમાણે ગણાવે છેઃ—

(છપ્પા)

" વેર સૂમ દાતાર, વેર કાયર ને શૂરો;
જોગી ભોગીને વેર, વેર પ્રોજ અધરો;
વેર સાચને જૂઠ, વેર ગુણકાજ સતીને;
વેર અસૂર ને સુર, વેર જોગીજ જતીને;
વેર પાખડ પવિત્રને, વેર મુરખ પડિતતણું;
વળી વેર સુધર્મ અધર્મને, સહજ વેર એતો ભણું."

એ રીતે પરાપૂર્વથી આદ્ય વૈરો ચાલ્યા આવે છે. નિરતર જુના અને નવા વિચારો—પછી ગમે તો નવા વિચારો ઉત્તમ અને ગ્રહણ કરવા યોગ્ય હોય, એથી લોકોને લાભ થતો હોય, કીર્તિ વધતી હોય, તોપણુ તેમને તે જુની આંખે નવાઇ જેવા લાગી તેનો સ્વીકાર કરતા નથી, એટલુજ નહિ પણુ વખતે તેમનો જુસ્સો એવો ઉછળી આવે છે કે, એવા વિચારો પછી ધર્મસબધી કે વિદ્યા સબધી—ગમે તે બાબતના હોય તોપણુ તેના પ્રગટ કરનારને શાસન કરવા તત્પર થઇને—પછી જેવો સમય, અને જેવુ લોકોનુ વલણુ તથા ઉશ્કેરણી, તે પ્રમાણે તેને હરકત કરવામાં આવે છે—કાતો તેને બોલતો અટકાવે છે, અથવા તેની આજીવિકામા પથ્થર નાખે છે, અથવા તેની નિદા કરી મુલકમા તેની આબરૂને નુકશાન કરે છે; અને વખતે નાસ્તિકપણાનો દોષ મૂકી તેને તે સમયે ચાલતા રાજ્યનિયમો (જેમા ધર્માભિમાન વિશેષ હોય છે તે) પ્રમાણે દેહાંત શાસન કરાવે છે. એજ રીતે સોક્રેટીસના ઉપદેશથી જેઓને નુકશાન થતું હતું તેવા ધૂતારા, ઠગ અને મતાધ લોકો તેના વિરૂદ્ધ બોલવા લાગ્યા; અને એ દ્વેષ એટલો તો વધ્યો કે તેવા લોકોની તરફથી એક જણે " રાજસભા " માં સોક્રેટીસ ઉપર

ફર્યાદ માંડી કે, 'તે આથેન્સ શેહેરના છોકરાઓને તેઓના બાપદાદા-ઓના ધર્મવિરૂદ્ધ શીખવીને ઉછાંછળા તથા નાસ્તિક બનાવી દે છે.' ખરેખરી રીતે જોતા આ તોહમત કેવળ કલ્પિત અને જુઠું હતું તોપણ સભાસદોમાના ઘણાક જણને, એ પુરૂષ સ્વતત્ર વિચારથી જે મત રાજ્યપ્રકરણી બાબતમા આપતો તેથી ખુચતો હતો, માટે આવો લાગ ફરીથી આવવો અશક્ય જાણીને તેને છેવટની સજા ફરમાવી કે તેને ઝેર પાઇ મારી નાખવો.

આ પ્રસગે તેણે જે ધૈર્ય દર્શાવ્યુ છે, તથા કેદખાનામાથી નાશી જવાનો લાગ છતા તેને તેમ સૂચવતી વખતે તેણે જે રાજ્ય-નિષ્ઠા બતાવી છે તે, અને છેવટ મરણ વખતે તેણે જે ઇશ્વર અને આત્મા સબધી સવાદ ચલાવ્યો છે તે, ખરેખર પ્રત્યેક મનુષ્યે વાચી વિચાર કરવા યોગ્ય છે.

અહી મ્હારે એટલુ જણાવવુ આવશ્યક છે કે, ઉપર જે લખાણ થયુ છે, તેમા 'સ્વતત્રતા' અને 'ધર્મ સબધી સુધારો' વગેરે મત-લબના શબ્દો ઉપરથી એવો અર્થ નહિ લેવો કે, તે આજકાલના થોડુ ઘણું અગ્રેજી ભણી "ગોટપીટ" કરતા કોઈ કોઈ છોકરાઓની પેઠે છલકાઇ જઇ ભેજા ફાટેલ થઇને કોઇને નહિ ગણકારતા ગમે તેમ બોલતો હતો અથવા ઈશ્વર, સ્વર્ગ, નરક કે પાપ પુન્ય એ કાઇ ન ગણતા સ્વચ્છન્દપણે વર્તી—માત્ર એશઆરામ ભોગવવાજ આ જગતમા જન્મ ધારણ થયો હોય, એવુ માની તેવો બેઢગો ઉપદેશ આપતો હતો. તેની કરણી તો એથી ઉલટીજ હતી એ, એનુ ચરિત્ર વાંચવાથી સાફ જણાઇ આવશે.

શુ યુરોપિયન કે શુ દેશી, જેઓ એના જન્મવૃત્તાંતથી જાણીતા છે તેઓ તેનુ દૃષ્ટાત દઇ હિમ્મતથી આગળ વધવાને ઉત્તેજન આપવા સારૂ તેના જે ગુણો પ્રસિદ્ધ કરે છે, તે ખાસ ગુણો કીયા હતા તે

જાણવાની ગુજરાતી ભાઇઓની ઉત્સુકતા પૂર્ણ કરવા માટે અને આવા પુરૂષના જન્મચરિત્ર ઉપરથી સ્થળે સ્થળે મળતો બોધ લોકો ગ્રહણ કરે એ માટે, આ લઘુ ગ્રંથ મરાઠી ઉપરથી ગુજરાતી કરી છપાવ્યો છે; તો તેનો સ્વીકાર કરી, તેવા ગુણો ગુર્જર પ્રજામા પેદા થઇ સદ્-ગુણે વર્તતા શીખે એવી બુદ્ધિ ઈશ્વર આપે તેવી પ્રાર્થના સાથે આ પ્રસ્તાવના પૂર્ણ કરૂ છુ

ભાવનગર. } ગણપતરામ વેણીલાલ ઓઝા.
નવેમ્બર સને ૧૮૯૮

મરાઠી ભાષાંત્તર કર્ત્તાની બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

પહેલી આવૃત્તિમા લેખકના હસ્તદોષ અને બીજા કારણથી, વ્યાકરણ તથા ઇબારત વગેરેની જે થોડી ઘણી ભૂલો રહી ગઈ હતી, તે આ પુસ્તકની–આ બીજી આવૃત્તિ તૈયાર કરતી વખતે સુધારી છે.

આ પુસ્તક મૂળમા **રોલિન** સાહેબે કરેલા ઇતિહાસના આધાર ઉપરથી કર્યુ હતુ, પણ સાપ્રત કાળના **યુરોપખંડ**ના વિદ્વાનોનુ મત, ગ્રીક **લોકોના પ્રાચીન ઇતિહાસ** સબધી સારી પેઠે બદલાઇ ગયુ છે. એ વિદ્વાનોમા **ગ્રોટ** સાહેબનુ નામ વિશેષ પ્રખ્યાત છે તેણે થોડાક વર્ષ ઉપર **અંગ્રેજી ભાષામાં ગ્રીસ** દેશનો એક મ્હોટો ઇતિહાસ લખ્યો છે એ પુસ્તક માત્ર ઈંગ્લંડમાંજ નહિ પણ આખા **યુરોપ**માં આધારભૂત ગણાય છે. આશરે દશ વર્ષ ઉપર **સોક્રેટીસ**ના ચરિત્રની પહેલી આવૃત્તિ છપાઇ હતી તે સમયે તે આ દેશમા ઘણું પ્રસિદ્ધ ન હોવાથી ભાષાતર કર્ત્તાના જોયામા એ પુસ્તક આવ્યું નહોતું **ગ્રોટ** સાહેબના પુસ્તકમા **સોક્રેટીસ**નુ ઘણું વર્ણન કર્યુ છે અને તે કેટલીએક જગ્યોએ **રોલિન** સાહેબના ગ્રથ કરતા જુદુ જ છે. એ

માટે આ બીજી આવૃત્તિ તૈયાર કરતી વખતે તેના કર્ત્તાને જ્યા અગત્ય જેવુ જણાયુ છે ત્યા ટીપ (નોટ)માં જુદું મત આપ્યુ છે; કારણ કે એ મત આ પુસ્તકમાં દાખલ કર્યાથી, પુસ્તકનો એક સરખો ચાલતો સમ્બન્ધ બદલાઇ ન જાય અને એ પ્રમાણે નીચે લખ્યાથી તે મત કાઈ વજનમા હલકો છે, એવું વાંચનારાઓએ સમજવુ નહિ

એજ પ્રમાણે ઇતર દેશીઓને સ્પષ્ટ સમજવાને જે કાઇ મુશ્કેલ લાગે, એવું જે જગ્યાએ જણાયુ છે ત્યા પણ તે ખુલ્લુ સમજાય તેવુ કરવા માટે ટીપ આપી છે.

મરાઠી પહેલી આવૃત્તિની પ્રસ્તાવના.

આ દેશમા અગ્રેજ સરકારનો અમલ થયાથી દેશી લોકોને જે કાઇ લાભ થાય છે તે સર્વમા સર્વોત્કૃષ્ટ અને સદાકાળ સુધી રેહેનાર લાભ કહીએ તો તે એજ છે કે, આ સરકારના ઉદાર આશ્રયથી વ્યવહારિક ભાષામા ઉપયોગી જ્ઞાનદાયક અનેક વિષયો ઉપર ગ્રથો થવા માડયા છે. હાલ મહારાષ્ટ્ર ભાષામા,—ગણિત, વૈદક, શરીર, પદાર્થ વિજ્ઞાન, વગેરે શાસ્ત્રીય વિષયો ઉપર કેટલાએક ગ્રથો થયા છે, તેમજ **હિન્દુસ્થાન**, ઇંગ્લંડ વગેરે થોડાએક દેશના ઇતિહાસો પણ થયા છે, પણ નામાકિત પુરૂષોના **ચરિત્રો** એ ભાષામા લખેલા તાદશ્ય ક્યાંય માલમ પડતા નથી. હવે એવા ચરિત્રોના લાભ વર્ણવવા બેસીએ તો ઘણાજ છે. ઇતિહાસમાં કહીએ તો, રાજા-પ્રધાન, સેનાપતિ ઇત્યાદિકોના ગુણ દોષ તથા તેઓના ભલા ભુડા આચરણોથી થએલા સારા નરસા પરિણામ વગેરે વાતોનુ વર્ણન હોય છે; પણ રાજ્ય વગેરે અધિકાર મળવાનો સભવ ધારીએ તો તે લાખો માણસમાં એકાદ જણનેજ હશે. હવે જ્યારે—જે માણસને હાથે જે વાત બનવાની બી-

લકુલ સભવ નથી તે વાત, આમ કરી હોય તો લાભ થાય છે, ને તેમ કરી હોય તો નુકશાન થાય છે એ જાણવાથી અત્યત લાભ નથી; પણ ચરિત્રોના (આવા) પુસ્તકમાં જેના વર્ણન કરેલા હોય છે, તે પુરૂષો ઘણું કરીને સાધારણ લોકો જેવાજ હોય છે. તેઓને આ સસારમા જે જે અડચણો તથા પ્રસગો આવી મળ્યાનુ-તેઓના ચરિત્રોમાં વર્ણન કરેલુ હોય છે, તે અડચણો અને તે પ્રસગો ઘણા જણને આવી મળવાનો સભવ છે એ માટે, તે અડચણ અને તે પ્રસગનુ ફલાણા ફલાણા મ્હોટા પુરૂષોએ ફલાણી તદબીરથી નિવારણ કર્યું, એ જાણુ-વાથી લોકોને ઘણોજ લાભ થાય છે.-ચરિત્રો વાચવાનો એ સામા-ન્ય લાભ છે.

સોક્રેટીસનુ આ ચરિત્ર લખવામાં મ્હારો ઈરાદો એ છે કે, એ પુરૂષ અત્યત ક્ષમાશીલ, ઘણોજ પ્રમાણિક, નિસ્પૃહી, અને નિરભિ-માની હતો, તેથી તેનુ ચરિત્ર વાચવાથી તેના આ ઉત્તમ ગુણો ઉપર વાચનારાની પ્રીતિ કરાવવી. **સોક્રેટીસ** કાંઈ સાધારણ પુરૂષ નહોતો, હાલના **યુરોપિયન** લોકોના વિદ્યા-આચારનુ મૂળ જે પ્રાચીન ગ્રીક લોકોની વિદ્યા, તેનો પ્રથમ પ્રવર્ત્તક આ **સોક્રેટીસ** હતો **સોક્રેટીસ**નુ મૂળ ચરિત્ર તેના શિષ્ય **ઝેનોફન**, તથા **પ્લેટો** નામના બે વિદ્વાન પુરૂ-ષોએ **ગ્રીક** ભાષામાં લખી રાખ્યુ હતું. **રોલિન** સાહેબે મુખ્યત્વે એ ગ્રથ, અને બીજા પ્રાચીન પુસ્તકનો સારાશ **ફ્રેંચ** ભાષામા લખ્યો છે; અને તેના **અંગ્રેજી** તરજુમા ઉપરથી, આ ગ્રંથ **મરાઠી** ભાષામા કર્યો છે.

કૃષ્ણશાસ્ત્રી ચિપલૂણકર.

અનુક્રમણિકા.

સોક્રેટીસનું ચરિત્ર.

પ્રકરણ ૧ લું.

(સોક્રેટીસનો જન્મ,—પ્રથમ તે મૂર્તિકારનુ કામ શિખ્યો—પાછળથી તે શાસ્ત્રોનો અભ્યાસ કરીને તેમાં ઘણો પ્રવીણ થયો—નીતિ શાસ્ત્ર ઉપર તેને પ્રીતિ હતી—તેના આચરણ—તેની સ્ત્રીનો કકાશિઓ સ્વભાવ—તેણીએ તેને દીધેલાં દુ.ખો, ઈ.)

સોક્રેટીસ, ઇસ્વીસન પૂર્વે ૪૬૭ ‡ માં ગ્રીસ દેશના આથેન્સ શેહેરમા જન્મ્યો હતો. તેના બાપનુ નામ **સોફ્રોનીસ્કસ** હતુ, અને તે પાષાણની મૂર્તિઓ બનાવતો હતો. તેની માનુ નામ **ફેનારિટી** હતું. ને તે સૂયાણીનું કામ કરતી હતી. આ ઉપરથી એમ જણાય છે કે, માણસમાં વાસ્તવિક પ્રતિષ્ટા અને ખરી મ્હોટાઇ આવવામાં નીચ કુલોત્પત્તિ પ્રતિબધ કરતી નથી. **સોક્રેટીસ**, તેના ભાષણમાં જે ઉપમા આપતો હતો તે ઉપરથી એવું દેખાય છે કે, તેને તેના બાપ કે માના ધધાની લાજ લાગતી નહોતી તે એવું કહેતો હતો કે, 'મૂર્તિકાર ઘણી મહેનત કરી અચેતન પાષાણને હુબેહુબ માણસ સરખો બનાવે છે. અને માણસો જ્ઞાનાદિ પ્રાપ્ત કરી લેઇને પાષાણનુ સાદશ્ય કહાડી નાખવા વિષે કાંઇજ મહેનત કરતાં નથી, એ કેટલી આશ્ચર્યની વાત છે!' વારંવાર તે એમ પણ કહેતો હતો કે, 'મ્હારી મા જેમ

---

‡ મરાઠી પુસ્તકમાં શાલિવાહનના શક પૂર્વે-૫૪૭ વર્ષે જન્મ લખ્યો છે, તે ઉપરથી ઈ૦ સ૦ પૂ૦ કહાડતાં ૪૬૭ આવે છે. પણ તેનું મરણ ૭૦ વર્ષે ઈ૦ સ૦ પૂ૦ ૩૯૯ માં થયાનું આગળ લખ્યું છે; તે જોતાં જન્મ વર્ષમાં બે વર્ષનો ફેર આવે છે.—ગુ૦ ભા૦ ક૦

સ્ત્રીઓનુ સૂયાણીપણું કરે છે, તેમજ હું પણ લોકોના મનનુ સૂયાણીપણું કરીને તેમાથી ગુપ્ત કલ્પનાઓ ઉદયમાં લાવું છુ." તે હર કોઇ વિષય ઉપર બોલતી વખત એવુ માર્મિક ભાષણ કરતો તથા વિષયનુ પ્રતિપાદન કરવાની તેની રીત એવી બાળબોધ અને સરળ હતી કે, જેની સાથે તે વાદ કરતો તે—તેના પ્રશ્નોના ઉત્તરો આપતા આપતા તેનો સ્પષ્ટ અર્થ, પોતાનેજ મ્હોએ કહી દેતો. એ રીત આ પુસ્તક વાચનારાના મનમા પક્કી રીતે આવવા માટે એક ઉદાહરણ લખુ છુ.

આ લોકમા મનુષ્યો જે પાપ કે પુન્ય કરે છે તેનુ સારૂ કે નરસું ફળ, મળવાની જગ્યા પરલોક છે, એવુ તેને પ્રતિપાદન કરવું હોય તો તે નીચે પ્રમાણે પ્રશ્નો પૂછતો—

પ્રશ્ન—પરમેશ્વર સૃષ્ટિનો નિયતા છે કે નહિ ?

ઉત્તર—તેણે તે ઉત્પન્ન કરી ત્યારે તે તેને નિયમમાં રાખે છે, એ ખુલ્લુ જ છે

પ્રશ્ન—ત્યારે એ નિયતામાં, દયા અને ન્યાય છે કે નહિ ?

ઉત્તર—છે, એમાં શો સદેહ ?

પ્રશ્ન—દયાળુ અને ન્યાયી, એવા નિયતાનુ વાસ્તવિક લક્ષણ શુ ?

ઉત્તર—તેનુ લક્ષણ એજ કે, તે દુષ્ટને દડ દે છે, અને ભલાઓનું કલ્યાણ કરે છે.

પ્રશ્ન—શુ, આ લોકમાં ભલા માણસોનુ સદાય કલ્યાણ થાય છે ?

ઉત્તર—ના; આ જગતમાં તેને ઘણીક વેળા ઘણાં દુ:ખો અને સંકટો વેઠવાં પડે છે.

પ્રશ્ન—શું સઘળા દુષ્ટોને અહીં શિક્ષા થાય છે ?

ઉત્તર—ના, કેટલાએકને અહીં બિલકુલ દુ:ખ ભોગવવું પડતુ જ નથી; અને કેટલાએક તો કેવળ પાપ મૂર્તિઓ હોવા છતાં, તેઓને

આ જગતમાં મ્હોટી મ્હોટી પદ્દીઓ મળે છે; અને '**લક્ષ્મી** તો તેને ઘેર પાણી ભરે છે'

પ્રશ્ન—જ્યારે આ પ્રમાણે બને છે, ત્યારે **ઈશ્વર** તેનો ન્યાય અને દયા કયા બતાવે છે?

ઉત્તર—મને તો આ ગડબડમા કાંઇ ખબર પડતી નથી.

પ્રશ્ન—વારૂ, આ જે—ભલા તથા ભુડા—માણસની સ્થિતિ છે, તેની કોઇ વાર ઉથલ પાથલ થવી જોઇએ કે નહિ?

ઉત્તર—એમા શો શક છે! એવુ એક વાર થવું જોઇએ; કારણ કે જો તેમ ન થાય તો **ઈશ્વર**ની દયા તથા ન્યાયને બાધ આવશે.

પ્રશ્ન—વારૂ, એ વાત જ્યારે તે માણસ જીવતાં છતા નથી બનતી ત્યારે તે ક્યારે બનતી હશે?

ઉત્તર—એ વિષે તો મને એમ જણાય છે કે, માણસના મરણ પછી તેને કાંઇ વિશેષ અવસ્થા પ્રાપ્ત થવી જોઇએ.

પ્રશ્ન—વારૂ, શુ આ ઉપરથી તમારી ખાત્રી થતી નથી કે, મરણ પછી માણસને પરલોકમાં પોતાનાં પાપનો હિસાબ આપવો પડશે?

ઉત્તર—હા ખરેખર, હવે મને સ્પષ્ટ જણાય છે કે, જગતના નિયતા જે **પરમેશ્વર,** તેની દયા અને ન્યાય રહેવા માટે, પાપ પુન્યનો જ્યાં ફેસલો થાય છે, એવો 'પરલોક' અવશ્ય માનવો જોઇએ; તે શિવાય છૂટકો નથી.

એ પ્રમાણે સહેલા પ્રશ્નો પૂછીને બીજાના મનની ખાત્રી કરી આપવાનો ગુણ **ઈશ્વરે સોક્રેટીસ**માં વિલક્ષણ મૂકયો હતો.—તે પ્રથમ પોતાના બાપનો ધધો શિખીને તેમાં ઘણો હુશિયાર થયો હતો. **પોઝેનિયસ** રાજાના સમયમાં **આથેન્સ શેહેર**માં તેના હાથની બનાવેલી **મર્ક્યુરી** નામના દેવની એક મૂર્તિ **ગ્રેસસ** નામની દેવીની સાથે એકજ બેઠક ઉપર ઊભી રાખેલી ત્રણ મૂર્તિઓમાં હતી. **એ ઉપરથી**

એવું અનુમાન થાય છે કે, એ મૂર્તિઓ અત્યુત્કૃષ્ટ હશે. કારણ કે જો તેમ ન હોત તો મ્હોટા મ્હોટા હુશિયાર મૂર્તિકારોએ કરેલી મૂર્તિઓ સાથે, લોકોએ તે બેસારી ન હોત.

એવું કહેવાય છે કે, **ક્રેટો** નામે એક ગૃહસ્થ હતો તેને, **સોક્રેટીસ**ની બાલ્યાવસ્થામાં ઉત્તમ બુદ્ધિ જોઇને અતિ આશ્ચર્ય સહ આનંદ ઉત્પન્ન થયો; અને તેને એવું લાગ્યુ કે, એના હાથથી મ્હોટી મ્હોટી વાતો બનશે, એવી એ બાળકની યોગ્યતા છે; એ માટે તે હાથમાં ટાકણુ લેઇ પથ્થર ટોચે એ ઠીક નહિ. બાદ **ક્રેટો**એ તેને તેના બાપની દુકાનેથી ઉઠાડીને વિદ્યાભ્યાસ કરવા બેસાર્યો. **સોક્રેટીસ**ના ગુરૂનુ નામ **આર્કિલેયસ** હતું, અને તેની **સોક્રેટીસ**ના ઉપર ઘણીજ મમતા બંધાઈ હતી. **અનેકસાગોરસ** નામે એક મ્હોટો પંડિત હતો તેનો એ **આર્કિલેયસ**—વિદ્યાર્થી હતો. તે સમયે **ગ્રીસ** દેશમાં "સિદ્ધ પદાર્થ વિજ્ઞાનશાસ્ત્ર[1]' એટલે જેના યોગથી સૃષ્ટ પદાર્થોનુ જ્ઞાન થાય છે તે, તથા "જ્યોતિ. શાસ્ત્ર," એટલે જેની સહાયતાથી આકાશ માહેલા ગ્રહ, નક્ષત્ર વગેરેની ગતિ ઇત્યાદિ સમજાય છે તે;—એ બેજ શાસ્ત્રોની માત્ર લોકોને વાકેફગારી હતી. **સોક્રેટીસે** પ્રથમ તેનો અભ્યાસ કર્યો. અને **ઝેનોફન** નામના ઇતિહાસ કર્ત્તાના મત પ્રમાણે—તેને આ શાસ્ત્રોનુ સારૂ જ્ઞાન હતું. પણ પછીથી, એ વિદ્યાઓ ઘણી મુશ્કેલ અને ગહન છે તે, તથા તેમાંના વિષયો પરસ્પર ઘણા સંકીર્ણ છે તે, તથા તેનો ઉપયોગ આટલુ છતાં

---

૧ વાચનારાઓએ સમજવું જોઈએ કે, સોક્રેટીસના સમયમા ગ્રીક લોકોમાં જે "પદાર્થ વિજ્ઞાનશાસ્ત્ર" હતું, તે હાલના તે નામના શાસ્ત્ર કરતાં ઘણુંજ જુદું હતું. આપણા લોકોના પ્રાચીન "ન્યાય શાસ્ત્ર" પ્રમાણે—સૃષ્ટિ કેમ થઈ અને ક્રીયા પદાર્થની થઇ, એ વગેરે બાબતોનો વિચાર એમાં હતો.

પણ થોડાજ જણને કાંઇ જરા તરા હોય તો હોય;—(પણ મનુષ્ય માત્રને ખરૂં કહીયે તો ઘણો થોડોજ ઉપયોગ છે.) એવું તેને જણાયાથી, સર્વોપયોગી જે નીતિશાસ્ત્ર, અને જેમાં મનુષ્યોએ **ઈશ્વર** પ્રત્યે, બીજા લોકો પ્રત્યે અને સ્વપ્રત્યે કેમ વર્તવું એ વિષય છે, તેનો અભ્યાસ કરવાનો તેના મનમાં નિશ્ચય થયો **સિસરો** નામે એક ગ્રંથકર્ત્તા થઇ ગયો છે, તેનું આ વિષે લખવું ઘણું ચમત્કારિક છે–તે લખે છે કે, "**સોક્રેટીસે** સ્વર્ગનુ 'નીતિશાસ્ત્ર' પૃથ્વીપર આણ્યુ; અને તે તેણે ગામેગામ અને ઘેરેઘેર પ્રસિદ્ધ કરીને તથા તે, માણસની બુદ્ધિમા ઉતારી દેઇને તેઓને માનવી બનાવ્યાં; અને તેની પ્રાપંચિક વ્યવહારમા યોજના કરીને, તેણે લોકોમા વિચાર, પ્રમાણિકપણું અને સદાચરણ ઉપરની પ્રીતિ પણ વધારી. તેનો મત એવો હતો કે, આ સંસારમાં આપણા આવશ્યક કર્મો કીયા? સહનશીલતા, નિયમિતતા, શાહાણપણું, એને અનુકૂળ અને પ્રતિકૂળ વાતો કયી? તેમજ લોકોમાં કીયા પ્રકારની રાજ્ય વ્યવસ્થા હોવી જોઇએ? રાજ્ય સ્થાપવાનું ફળ શુ? રાજ્ય કરવાના નિયમ કીયા? લોકો ઉપર જે પુરૂષ હુકમ કરે છે, અને અમલ ચલાવે છે, તેઓનામાં ખસુસ કરીને કીયા ગુણો હોવા જોઇએ? એ વિગેરે બાબતોની વાકેફગારી મેળવવાનુ છોડી દેઇને અત્યંત ગહન જે વિષય, જેમાં મનુષ્યની બુદ્ધિ બુચતીજ નથી, અને તે સમજાયાથી મનુષ્યને ઘણુ સુખ થાય તેમ પણ નથી, એવા વિષય[1]માં, એટલે "પદાર્થ વિજ્ઞાનશાસ્ત્ર"માં મોજ લાગે છે માટે, માત્ર

---

૧ વાંચનારને લક્ષ પહોચાડવા જેવી મ્હોટી ચમત્કારિક વાત એ છે કે, સોક્રેટીસ સરખા અલૌકિક બુદ્ધિવાન પુરૂષને જે વિદ્યા અસંભવિત અને નિરૂપયોગી લાગી તેજ (પદાર્થ વિજ્ઞાન) વિદ્યા, હાલ સર્વોત્કૃષ્ટ અને અત્યંત ઉપયોગી થઇ પડી છે. યુરોપખંડના લોકોને આજ જે આટલી શ્રેષ્ઠતા અને પ્રાબલ્ય પ્રાપ્ત થયા છે, તેનું મુખ્ય કારણ સ્પષ્ટ પદાર્થોનું

એજ બાબતનો વિચાર કરીને તેમા પોતાનો સર્વ બુદ્ધિવૈભવ અને સઘળો વખત ગુમાવવો, એ માણસની એક મૂર્ખાઇ છે.—હશે, **સોક્રેટીસે** નીતિશાસ્ત્રનો અભ્યાસ કરીને, મેળવેલા જ્ઞાનનો કીયા કામમાં ઉપયોગ કર્યો તે, વાંચનારાને આ પુસ્તકના હવે પછીના ભાગો વાચવાથી જણાશે. **સોક્રેટીસ** એ પ્રમાણે પોતાની વર્ત્તણુક ચલાવતો હતો તેથી તે જે શહેરમા રહેતો હતો, ત્યાના પ્રતિષ્ઠિત લોકોને જે કામો કરવા પડતાં તે કરવાનુ શુ તેણે છોડી દીધુ હતુ ? નહિ, નહિ. સચ્છાસ્ત્રના અભ્યાસના યોગ વડે તે, એ કામો કરવા વિષે બીજા લોકો કરતાં ઉલટી, વધારે ખત રાખતો હતો. **આથેન્સ** શેહેરના લોકોની પેઠે તે હાથમા શસ્ત્ર ધારણ કરીને[1] લડવા માટે જતો. એનામાં અને બીજામા ફેર એટલોજ હતો કે, લડાઇ કરવામા એનો ઉદ્દેશ, બીજાઓના કરતા સરસ અને શ્રેષ્ઠ હતો

તે ઘણી ચડાઇ અને લડાઇમા ગયે હતો, અને એ સર્વ પ્રસંગોમા તેની સહનશીલતા અને શૈર્યના વખાણ થતા હતા. **આથેન્સ** શેહેરમા **સેનેટ** નામે એક સભા હતી તેમા તે એક વખત સભાપતિ એટલે પ્રમુખ થયો હતો તે વખતે તેણે ભારે ન્યાયનો પક્ષ પ્રગટ

જ્ઞાન, તથા તે જ્ઞાનની સસાર સુખ તરફ યોજના કરવાની યુક્તિ છે. આગગાડી, તાર યંત્ર (વીજળીનો તાર,) ઇત્યાદિ લાખો યુક્તિઓ **યુરોપમાં** નીકળી છે, તેનુ મૂળ કારણ– સ્પષ્ટ પદાર્થોના ધર્મનું જ્ઞાન છે આ ઉપરથી વાચનારાઓએ સમજવું કે, કોઇ પણ વાત સંભવિત છે કે અસંભવિત છે. એનો નિર્ણય કરવો, એ અત્યંત બુદ્ધિવાન પુરૂષો સુદ્ધાને પણ અશક્ય છે

૧ **આથેન્સનું** રાજ્ય 'પ્રજા સત્તાક' હતુ, ત્યા તમામ લોકોને લશ્કરી સીપાઇનું કામ કરવાની જરૂર પડતી. હાલ **યુરોપ** તથા **અમેરિકા** ખંડમાં કેટલેક દરજ્જે એ રીત ચાલુ છે ત્યા પ્રત્યેક માણસને થોડાક વર્ષ તો લશ્કરમા સીપાઇ બનીને ચાકરી કરવી પડે છે. એવી ફોજને અંગ્રેજીમાં 'કોનસ્કિપ્શન' અથવા 'મિલિશિયા' કરીને કહે છે.

કર્યો; અગર જો કે તેમ કરવામા ભારે નુકશાન હતુ, તો પણ તેની તેણે દરકાર કરી નહિ.[૧] તેણે બાળપણાથી નિયમસર, ખાવા પીવાની તથા શ્રમ કરવાની, તથા ગમે તેટલા અને ચ્હાય તેવા દુ:ખો આવી પડે તો પણ તે દૂર કરવાની ટેવ પાડી હતી. અને નગરવાસી પ્રતિષ્ઠિત લોકોને જે કામો અવસ્ય રીતે કરવા પડે છે; તેમાંના ઘણાંએક કામો, ઉપર કહેલા ગુણો શિવાય ઘણુ કરીને બનતા નથી. ધનનો ધિક્કાર અને દારિદ્રયની પ્રીતિ, જેટલી સોક્રેટીસમા હતી તે કરતાં વધારે જેનામા હોય એવો માણુસ મળવો મુસ્કેલ છે. નિરિચ્છતા, એ **ઈશ્વરી** ગુણ છે, અને એ ગુણ મનુષ્યમ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ તેનામા **ઈશ્વરી** સાદસ્ય આવે છે, એવો તેનો મત હતો. તેની સમજણ એવી હતી, કે **ઈશ્વર**ને વિષે જે પરિપૂર્ણતા છે, તેનુ એક કારણ એ છે કે, તેને કોઇ પદાર્થની અપેક્ષા નથી, અને તે માટે માણસની અપેક્ષા જેમ જેમ કમી થતી જાય છે તેમ તેમ તેનામાં **ઈશ્વરી** સાદસ્ય વિશેષ આવે છે. લગ્નાદિ સમારંભમા લોકોને સોના રૂપાના આભૂષણ પેહેરીને હરતાં ફરતા, તથા એશઆરામ કરીને મ્હો-

---

૧ એક પ્રસંગે આથેન્સના લોકોએ શત્રુપર ફોજ મોકલી હતી, તેમા તે ફોજે શત્રુઓનો પરાભવ તો કર્યો, પણ એ લડાઇ સમુદ્રમાં થઈ હતી, અને તે વખતે ભારે તોફાન થયાથી કેટલાએક લડાઈના વહાણો ભાગી ગયા, ને તેમાના માણસો સમુદ્રમા ડુબી મુઆ. બાદ લડાઇમાં ગયેલા સરદારો પાછા આવ્યા પછી 'વહાણો ભાગી ગયાથી સીપાઇઓ સમુદ્રમા ડુબી મરતા હતા, તે વખતે તેઓને તેમણે મદદ આપવામા આનાકાની કરી,' એવું તોહમત એ સરદારો પર તેઓના દુશ્મનોએ મૂક્યું. અને તેઓએ એવું ઠર્યું કે, એ ગુનેહગાર સરદારોને દેહાત શિક્ષા કરવી કે નહિ એવો પ્રશ્ન લખીને તે ફેરવવું અને તમામ લોકોનો મત લેવો; તથા બહુ મત પ્રમાણે અમલ કરવો આ પ્રમાણે કર્યું એ, તે સંસ્થાનના કાયદાવિરૂદ્ધ હતુ, અને આ રીત ગેરવાજબી છે એવું કહી

કાઈ બનાવતાં તે જોતો, ત્યારે તે પોતાની અવસ્થાનો ઘણો સંતોષ માનીને એવું કહેતો કે, આહા, હું કેટલો બધો સુખી છઊં. હું આ જે પદાર્થો જોઊં છુ, તથા જે મેળવવા માટે, અને મેળવ્યા પછી પણ તેનું રક્ષણ કરવા માટે કેટલાં દુઃખો ભોગવવાં પડે છે, અને કેટલો શ્રમ કરવો પડે છે, એવા પદાર્થોમાંના કેટલાએક પદાર્થની તો મ્હારે મૂળગી ગરજ છેજ નહિ. **સોક્રેટીસ**ના બાપે મરતી વખત તેને માટે આશરે બે હજાર રૂપીઆ પાછળ મૂક્યા હતા, આગળ જતા તેના એક મિત્રને તેટલીજ રકમનો ખપ પડયો તેથી તે તેને આપ્યા. હવે તેના મિત્રનુ કામ પાર ન પડવાથી તે રકમ સમૂળગી ડુબી ગઇ. એટલુ નુકશાન થયા છતાં, તેણે વૈરાગ્ય અને સમાધાન વૃત્તિના યોગથી તે નુકશાન સહન કર્યું. એ કામ કાંઇ જેવું તેવું નહોતું તોપણ તેણે તે નુકશાન વિષે કાંઈ ચુંકે ચાં પણ કર્યું નહિ. **કૈનામિકસ** નામના ગ્રંથમાં **ઝેનોફને** એવું લખ્યુ છે કે, 'ઘરનો સઘળો સામાન સરંજામ મળીને તેની મીલકત ૧૨૦) રૂપીઆ કરતા વિશેષ નહોતી;' એવો એ ગરીબ હતો. **આથેન્સ** શેહેર માંહેલા મ્હોટા મ્હોટા ધનાઢ્ય લોકો તેના મિત્ર હતા, અને તેઓની સંપત્તિમાંથી થોડાક ભાગ **સોક્રેટીસ** લે, એ માટે તેઓથી બન્યો તેટલો તેનો આગ્રહ કર્યો; પણ તેઓનુ એ કહેણુ તેણે કદી માન્યુ નહિ તેને કાંઇ ચીજની જરૂર

થોડાક લોકોએ શંકા કહાડી; પણ સરદારોના શત્રુ ઘણા હતા, તેઓએ એવી ધમકી આપી કે, એ ગુનેહગાર સરદારોને બચાવવા માટે જે કોઈ પ્રયત્ન કરશે, તેના નામ, એ ગુનેહગારોની ટીપમાં દાખલ કરવામાં આવશે. આ ધમકીથી ડરી જઇને શંકા કાહાડનારાઓએ કહ્યું કે, અમારી તરફની કાંઈ શંકા છેજ નહિ. આ અવસરે **સોક્રેટીસ** મુખ્ય સભાસદ હતો તેણે માત્ર સર્વ ભયનો ત્યાગ કરીને સાફ કહ્યું કે, આ જે વાત તમે કરો છો તે કાયદાવિરૂદ્ધ છે, અને તે મ્હારે માન્ય નથી.

પડતી ત્યારે તે લોકોને કહેતાં શરમાતો નહિ. એક દિવસે તે મિત્ર મંડળીમાં બેઠો હતો, એટલામાં તે એવું બોલ્યો કે, જો મ્હારી પાસે પૈસા હોત તો મે મ્હારે માટે એક નવો અંગરખો બનાવ્યો હત. આ વાત તેણે તેમના કોઇ એકજ જણને સંભળાવવા માટે કહી નહોતી; પણ માત્ર તેને જે ન્યૂનતા હતી તે સામાન્ય રીતે સર્વે મિત્ર મંડળીને કહી. એ સાભળીને તેના સર્વ શિષ્યો આ જુજ બક્ષીસ, પ્રત્યેક જણ પોતા તરફથી આપવાનો **સોક્રેટીસ**ને આગ્રહ કરવા લાગ્યા **સેનેકા** નામે **રોમન** લોકોમાં એક મહાન ગ્રંથકર્ત્તા થઇ ગયો છે, તે એવું લખે છે કે, **સોક્રેટીસ**ને આગળ જતાં અંગરખાનો ખપ પડશે, એ પોતાની બુદ્ધિવડે અગાઉથીજ ખબર પડે તેમ હતું, એમ છતા તે તેના વિદ્યાર્થીઓથી ન સમજાવાને લીધે, તેને પોતાને મ્હોએ કહેવાનો અવસર આવ્યો; એ ઉપરથી જોતાં તેઓ ઘણા જ મંદબુદ્ધિના હતા એવું જણાય છે. **આર્કિલેયસ** નામે **માસિડોનિયા** પ્રાંતનો એક રાજા હતો, તેને **સોક્રેટીસ** સરખા રત્નને પોતાની પાસે રાખવાનુ ઘણું મન હતું, એ માટે ઘણા નજરાણા સહિત તેને બોલાવવા માટે એક વકીલને મોકલ્યો, પણ એ આમંત્રણ **સોક્રેટીસે** માન્ય ન કરતાં એવું કહ્યું કે, આપણે તે પુરૂષ પાસે ગયા, ને તે જે ઉપકાર કરે તેનો બદલો વાળવાનુ સામર્થ્ય આપણામાં ન હોય તો, આપણે તેની પાસે જવુ નહિ; એવું એક ઇતિહાસ કર્ત્તાએ લખ્યુ છે; પણ **સેનેકા,** આ ઉત્તર કબુલ રાખતો નથી. તે કહે છે કે, રાજાઓ ગમે તેવી વાતોમા મ્હોટાઈ અને પ્રતિષ્ટા માને છે, તેમની એવી ભ્રાંતિ દૂર કરવી; સંપત્તિનો વાસ્તવિક ઉપયોગ અમુક છે માટે તે જોઇએ, પણ ખરૂં કહીએ તો તે તુચ્છ પદાર્થ છે, એવું તેના મનમાં લાવી આપવું; રાજ્ય કરવાની કળા તેને શિખવવી; સારાશ કે આ લોકમાં આપણે કેમ ચાલવું, અને કેમ ચાલ્યાથી અંતે આપણું ભલુ થશે, એ વાતનો

તેને ઉપદેશ કરવો; એ શુ વિદ્વાનોનો રાજાઓ ઉપર ન્હાનો પ્રત્યુપકાર છે ? માટે આપણા હાથથી પ્રત્યુપકાર નહિ થાય, એ વિચારે **સોક્રેટીસે** રાજાનુ આમત્રણ સ્વીકાર્યું નહિ એમ નથી, પણ તેણે એવો વિચાર કર્યો કે, જ્યાના લોકો સ્વતત્ર છે, એવા **આથેન્સ** શેહેરમાં પણ આ મ્હારી સ્વતત્ર રહેવાની તરેહ ખમાતી નથી, એવી અમારી નિસ્પૃહતા છે, ત્યારે એવા નિસ્પૃહ સ્વભાવવાળાએ સ્વેચ્છાથી બીજાની તાબેદારી કબુલ કરવી એ ઘટારત નથી, એવું લાગ્યાથી તે **માસિડોન**ના દરબારમા ગયો નહિ એ રીતે તે, સસારમા વિલક્ષણ રીતે કાળક્ષેપ કરતો હતો; પણ એવી તરેહથી રહ્યા છતા તે, તે સમયના વિદ્વાનોના જેવો ઉદાસ ચહેરાનો નહોતો તે મડળીમ બેસતો ત્યારે, અથવા કોઈના સાથે સભાષણ કરતો ત્યારે ઘણો ઉલ્લાસ વૃત્તિવાળો અને મ્હોટો રસિક દેખાતો હતો, અને બીજાનુ મનરજન કરવામા તો જાણે કેવળ મૂર્તિમાન રસજ હતો. તે અતિશે દરિદ્રી હતો, તો પણ તે પોતાનુ ઘર અને લુગડા લતા સ્વચ્છ રાખવામાં ઘણો કાળજી વાળો હતો. તે સમયમા **આંટિસ્થિનીસ** નામે એક વિદ્વાન હમેશા મેલા અને ચિથરીયા લુગડા પહેરી—હુ ઘણો નિસ્પૃહ છઊં, એવો હસવા જેવો ઢોગ કરતો એ વાત **સોક્રેટીસને** બીલકુલ પસદ નહોતી તેને તેણે એક દિવસે કહ્યુ કે, તમે આવા ચિથરા શરીર ઉપર રાખો છો, પણ તેના છિદ્રોમાથી માત્ર તમારો ગર્વ લોકોની નજરે પડે છે. એ પુરૂષમા આ એક મ્હોટો ગુણ હતો કે, તેનુ મન સર્વ સમયમા શાત રહેતુ. તે શાતિ એવી કે, ગમે તે આફ્ત આવે, ગમે તેટલુ નુકશાન થાય, અથવા ગમે તેટલો ઉપદ્રવ, દુઃખ કે અપમાન સોસવાં પડે, પણ તે, તેના અતઃકરણમા કદી ડગતી નહિ. કેટલાએક કહે છે કે, એની અસલ ખાશિયત પ્રમાણે એ પ્રથમ ઘણો મિજાજી અને કજીયાખોર હતો. આગળ જતા તેનામાં

જે સહનશક્તિ આવી તે તેના વિચાર કરવાનુ તથા પોતાના ચિત્ત ઉપર જય મેળવી તેને સન્માર્ગે લગાડવા માટે જે તેનો રાત્ર દિવસ પ્રયત્ન ચાલ્યો હતો તેનુજ કેવળ ફળ હતું; અને જો એ ખરૂજ હોય તો તેની યોગ્યતા એથી કરીને ઘણી મ્હોટી હતી, એમ સમજવું **સેનેકા** એવુ લખે છે કે, તેણે પોતાના મિત્રોને એવું કહી રાખ્યુ હતું કે, હુ જ્યારે ગુસ્સે થવા માડુ, એવું તમે જુઓ ત્યારે તરતજ મને તે વાતની સૂચના આપતા જવી, અને તમને રીસ ચહડતા જ્યારે હુ જોઈશ ત્યારે હુ પણ તમને ચેતવીશ. ખરેખર, જ્યા સુધી આપણે શુદ્ધિમા છઇએ, અને આપણા દિલમાં સતાપ થયો નથી, ત્યા સુધી કાંઈ ઉપાય કર્યો હોય તો કોપ સમાવી શકાશે, પણ પાછળથી તેમ બનશે નહિ, પોતાને ગુસ્સો આવવા માંડયો છે એવું તેને જણાયાથી તે પ્રથમ મોટેથી બોલતો હોય તો તરતજ પોતાનો અવાજ નરમ કરી નાખતો, અથવા બીલકુલ મુગો થઈ જતો. એક વાર તેના ચાકરે તેનો કાંઈ અપરાધ કર્યો હતો, તેથી તેને ઘણી રીસ ચ્હડી, તેથી તેણે તેને કહ્યુ કે, અરે આ વખતે જો મને રીસ ચ્હડી ન હત તો મે તને ઠોકયો હત એક વાર કોઇએ તેને મ્હો ઉપર તમાચો લગાવ્યો, ત્યારે તેને ગુસ્સો ન ચ્હડતાં તે હસીને બોલ્યો કે, માથા ઉપર કયારે મારવું એ ખબર નથી એ એક મહા દુર્દૈવનુ લક્ષણ છે. આ વખતે જો મ્હારી ગર્દન ઉપર વાગ્યું હત તો મને એ માણુસના મારથી કાંઈ નુકશાન થયુ નહત. તેનામાં જેટલી સહનશીલતા હતી તેટલી બધી બતાવવાનો તેને તેના ઘરમાંજ પ્રસગ મળતો, તે માટે ઉબર બહાર જવાની જરૂર પડતી નહિ. **ઝાંટિફી** નામે તેને સ્ત્રી હતી. તેની પ્રકૃતિ અત્યત તામસી, છાદિષ્ટ અને દુષ્ટ હતી. તેણે એવાં આચરણથી તેને મનસ્વી ત્રાસ આપીને તેનુ સહનશીલતા વિષે ઘણુજ સત્વ જોયુ. એ બાઇનો સ્વભાવ તેની

સાથે લગ્ન કર્યા પેહેલાંજ તેના જાણ્યામાં હતો. **ઝેનોફનના** ગ્રંથમાં એવું લખ્યુ છે કે,—એ સ્ત્રીએ આપેલુ અપમાન જો મ્હારાથી ખમાશે તો, એવો કોઈ ખરાબ માણુસ આ જગતમાં નહિ રહે કે જેની સાથે મ્હારાથી નહિ ચલાય; એવી ખાત્રીથી, જાણી જોઇને બીજી સ્ત્રીને પડતી મૂકીને મેં એની સાથે લગ્ન કર્યું છે. એવું **સોક્રેટીસ** તેને મ્હોએ બોલતો હતો, અને જો એવાજ વિચારથી તેણે તેની સાથે સંબંધ કર્યો હોય તો તેનો એ વિચાર પરિપૂર્ણ થયો એમાં કાંઇજ શક નથી; કારણ કે આ જગતમાં એના જેવી કજાડી, સુસ્ત અને દુષ્ટ બીજી કોઈ સ્ત્રી કદી પેદા થઈ નહિ હોય. તેણે ગાળો દેવામાં કે તેને પીડા કરવામાં કોઈ જાતની બાકી રાખી નહોતી. તે કોઈ કોઈ વાર તો તેના ઉપર એટલી તો ચિઢાતી અને બેફામ થઈ જતી કે, ઊભે રસ્તે તેના લુગડા ફાડી નાખતી એક વાર તો તેણીએ ક્રોધના આવેશમા ને જુસ્સામાં મોંમાથી જેટલી નિકળી તેટલી ગાળો દેઈ ખુટાડયા પછી તેના માથા ઉપર ગધાતા પાણીથી ભરેલુ વાસણ ઉંધુ વાળ્યુ આટલુ તેણીએ કર્યું તોપણ **સોક્રેટીસ** તો હસીને એટલુજ બોલ્યો કે, આટલો બધો ગડગડાટ થયા પછી વરસાદ જરૂર થવો જોઇએ. કોઈ એક પ્રાચીન ગ્રંથકર્ત્તા એવું લખે છે કે, **સોક્રેટીસને** બીજી એક સ્ત્રી હતી તેનુ નામ **મિરટો** હતું તે, **એરિસ્ટાઈડીસ** નામના એક **ગ્રીક** લોકોમા મહા પ્રસિદ્ધ પુરૂષની પૌત્રી હતી. એ બેઉ જણીએ **સોક્રેટીસને** અત્યંત દુઃખ દીધુ તેને લાખમલેખ ગાળો દેવામાં માત્ર તેઓને બનતું હતું. તે ગ્રંથકર્ત્તા એવું કહે છે કે, **પેલોપોનિશસ**[1]ની લડાઈ થવાથી ધણી મરકી ચાલ્યાને લીધે, **આથેન્સ** શેહેરના ઘણા માણસો મરણ પામ્યા. પછી ફરીથી વસ્તીનો વધારો જલદીથી

---

૧ આથેન્સના અને સ્પાર્ટાનાં રાજ્યો વચ્ચે લડાઈ ચાલી હતી. ગ્રીસ દેશનાં સર્વે સંસ્થાનોમાથી કેટલાએક આ, અને કેટલાંએક પેલા

થવા માટે **આથેન્સ** શેહેરમા એવું ઠરાવ્યુ હતું કે, જેની નજરમાં આવે તેણે એક જીવતી છતાં બીજી બાયડી પરણવી. **સોક્રેટીસે** આ ઠરાવ પ્રમાણે બે બાઇડીઓ કરી હતી. આ પ્રમાણે તે ગ્રંથકર્ત્તાને લાગવામાં એક ગ્રંથનો આધાર છે; **પ્લેટો, ઝેનોફન**, વગેરે ગ્રંથકર્ત્તાઓ તેના શિષ્ય હતા, અને તેઓ **સોક્રેટીસ** વિષે વધારે વાકેફ હતા, તેઓતો તેનાં બીજી વારના લગ્ન સબધી કંઈ લખતા નથી; તેમજ **ઝેનોફન, ડાયોડોરસ**, વગેરે **ગ્રીસ** દેશના ઇતિહાસકર્ત્તાઓએ **પેલોપોનિશસ**ની લડાઈની સવિસ્તર હકિકત લખી છે; પણ એ લડાઈ ચાલતી હતી, તેવામા **આથેન્સ** શેહેરમા ઉપર લખેલો કાયદો થયો હતો, એવું તેઓએ કોઈ પણ જગ્યોએ લખ્યુ નથી. એ ઉપરથી, **સોક્રેટીસે** એકજ વખતે બે બાઈડીઓ કરી હતી એ વાત કેવળ ખોટી છે, એવું સિદ્ધ થાય છે.

પ્રકરણ ૨ જું.

(સોક્રેટીસને એક 'ડેમન' અનુકૂળ હતો.)

હિંદુ લોકો જેમ **યક્ષ, કિન્નર**, ઇત્યાદિ ઉપદેવોને માને છે, તેમ **ગ્રીક** લોકો **ડેમન**ને માનતા હતા. **સોક્રેટીસ** કહેતો હતો કે, "મ્હારી ઉપર એક **ડેમન**નો હાથ છે, ઘણાંએક કામોમા તે મને

એમ બે પક્ષમાં વેહેચાઇને મળી ગયા હતા. એ લડાઈ ઇ. સ પૂ૦ ૪૩૧ માં શરૂ થઈને તે સત્તાવીશ વર્ષ સુધી ચાલુ રહી હતી. ગ્રીસ દેશની દક્ષિણે જે દ્વીપકલ્પના આકારનો ભાગ છે તેને, પ્રાચીન કાળમાં પેલોપોનિશસ કહેતા; એ ભાગ માહેલા સર્વ લોકો ઘણુ કરીને "સ્પાર્ટન" લોકોના પક્ષમાં હોવાથી એ લડાઇનું એવું નામ પડયું છે.

સલાહ આપે છે, અને મ્હારી સભાળ રાખે છે." એ **ડેમન** વિષે થોડુ ઘણુ જાણ્યા સિવાય, **સોક્રેટીસ**ને‌ા પૂર્ણ વૃત્તાંત, અમારા વાંચનારાઓના સમજવામા આવશે નહિ, માટે આ પ્રકરણમા એ વિષે વિસ્તારથી લખીએ છીએ.

એ **ડેમન** કોણ હતો એ વિષે ગ્રથકારોના જુદા જુદા મત છે. તોપણ ઘણા એક ગ્રથોમા તેનુ નામ '**સોક્રેટીસ**નો **ડેમન**' એવું પ્રસિદ્ધ છે એ દેવતા તેને-ફલાણી વાત કર એમ સ્પષ્ટ કહેતો નહિ, પણ જે કરવાથી તેની ખરાબી થાય તેવું તે કરવા માડતો તો તે કરવાથી માત્ર તેનુ મન ફેરવતો **પ્લુટાર્ક** નામે પ્રાચીન કાળના લોકોનો વૃત્તાત લખનાર, એક **ગ્રીક** ગ્રથકાર હતો, તેણે **સોક્રેટીસ**ના **ડેમન** વિષે એક ગ્રથમા વર્ણન કર્યુ છે તેમા તેણે તે **ડેમન** વિષે તથા તેના આસ્તિત્વ વિષે પ્રાચીન ગ્રથકારોના મતો ટાક્યા છે. એ મતોમાથી જે મત વધારે યુક્તિસિદ્ધ દેખાય છે, તે અહીં લખીએ છીએ પણ એ મત ઉપર **પ્લુટાર્ક**નો પૂરો વિશ્વાસ હતો એવું લાગતું નથી

આ વાત સર્વના જાણવામા અને માનવામાં છે કે, આગળ —ભવિષ્યમાં—શું થશે એનુ વાસ્તવિક અને સ્પષ્ટ જ્ઞાન તો માત્ર એક **ઇશ્વર**નેજ છે માણસ તો ફક્ત તેની અટકળ કરી શકે છે. અટકળ, જેને શાસ્ત્રમા "અનુમાન" કહે છે તે બાધવાની રીત એવી છે કે, એક પછી બીજી વાત વારવાર બનતાં જોઇને જોનારાને, પ્રથમ જોયેલી વાત બીજી વાતનુ કારણ છે, એમ લાગવા માંડે છે, પછી જે વાત કારણ રૂપ હોય છે, તેના જેવી બીજી જોયાથી તેના પછી કાર્ય રૂપ વાત બનશેજ; એવું જે લાગે છે તેનુ નામ "અનુમાન" અથવા "અટકળ". એ વાત સાફ સમજાય તે માટે હાલ અમે એક ઉદાહરણ આપીએ છીએ.—એક જણને સહવારમાં ટાઢા પાણીથી સાત

આઠ વાર નહાતાં, તથા તેટલીજવાર સળેખમ થતા, કોઇ એ જણે જોયો હવે એક જણને એવું લાગ્યુ કે, પાણીથી નહાવુ, એજ સળેખમનુ કારણ છે, પણ બીજો વિચારવાળો હતો તેને, સહવારે ટાઢા પાણીથી નહાવુ, એજ સળેખમ થવાનુ કારણ છે; એવું લાગ્યુ હવે કોઇ એકાદ જણને ઉના પાણીથી નહાતાં જોઇને, પેલા બેઉ જણા એને સળેખમ થશે કે નહિ, એ વિષે અનુમાન કરે, તો પહેલાના અનુમાન કરતા બીજાનુ ખરૂ પડે સારાશ કે કોઇકનુ કહેલુ ભવિષ્ય બરાબર મળે છે એનુ કારણ એવુ છે કે, આગળ થનારી વાતને સાધક બાધક જે જુદાં જુદાં કારણો હોય છે, તેમા કીયુ વધારે સબળ છે, એવો વિચાર તેને અભ્યાસના કારણથી બરાબર કરતા આવડે છે, અને તેથી કરીને ફલાણુ કામ અતે–સિદ્ધ થશે કે ફોકટ જશે, એ તેને સાફ માલમ પડે છે.—એવી જે ભવિષ્ય કહેવાની શક્તિ, તે કાંઇક **ઈશ્વરી** ગુણના જેવી છે; અને એ જે મનુષ્યમા હોય છે તેને બીજા માણસ કરતા શ્રેષ્ઠપણું આવે છે, તથા **ઈશ્વર**નુ કાઇક સાદૃશ્ય પણ આવે છે; કારણ **ઈશ્વરે** ભવિષ્યમાં થનારા બનાવ વિષે કેવી અને કયી યોજના કરી રાખી છે, એ સ્વશક્તિથી તેનાથી સારી પેઠે સમજાય છે. અને તે શક્તિ લોકોને અદ્ભુત લગાડવા માટે—અમારી સાથે દેવતાઓ એકાતમા વાતો કરે છે, તથા તેની અમારી ઉપર મહત્કૃપા છે, એવા એવા તેઓ નાના પ્રકારના અનેક ઢોગો કરે છે.[1] **સોક્રેટીસે** એવું કર્યું, તેથી ઉલટા ઘણા લોકો તેનો મત્સર કરવા લાગ્યા.

---

૧ ઉપરનો મત **રોલિન્સન સાહેબ**નો લખ્યો છે; પણ એ મત પ્રમાણે સોક્રેટીસના અંગમાં દાભિકપણાનો દોષ આવે છે, એટલે વધારે અક્કલના યોગથી તેને થનાર વાતની ખબર પડતી અને તે, તેને દેવતાની તરફથી જણાય છે એવો ઢોંગ કરતો, એવી મતલબ એ લખાણુમાથી નિ-

પ્રકરણ ૩ જું.

(**ડેલ્ફી**ના દેવે એવો કોલ આપ્યો હતો કે, સર્વ મનુષ્યો કરતાં **સોક્રેટીસ**નુ જ્ઞાન અધિક છે.—)

હાલ **હિંદુ** લોકોમાં જેમ **પંઢરપૂર, જેજુરી, જગન્નાથ,** વગેરે જાગતાં દેવસ્થાનો મનાય છે, તેજ પ્રમાણે પ્રાચીન કાળે **ગ્રીસ** દેશમાં **ડેલ્ફી** નામે એક મ્હોટું વિખ્યાત જાગૃત દેવસ્થાન મનાતું હતું ત્યાના દેવનુ નામ **એપોલો** હતું. એ દેવ ઉપર **ગ્રીસ** દેશના સર્વ લોકોની અતિશય આસ્થા હતી, અને તેઓને કાંઈ પણ વાત જાણવી હોય તો, તેઓ તે ઠેકાણે જઈ ત્યાં દેવની પૂજારણ એક બાઈ હતી, તેને પૂછી જોતા, એટલે તે, તેઓના પ્રશ્ન ગમે તેવા મુશ્કેલ હોય તો પણ તેના ઉત્તર આપતી એ ઉત્તરો સાક્ષાત્ દેવના મુખમાથી નિકળ્યા હોય તેમ ખરા માનતા.—એ પ્રમાણે પોતાના ગુરૂની તરફનુ ઘણુ અભિમાન ધરાવનાર **સોક્રેટીસ**નો **ચિરિફન** નામે એક વિદ્યાર્થી હતો, તે સ્હેજ **ડેલ્ફી** ગયો હતો, તેણે "સો-

---

કળે છે, એ વાત સોક્રેટીસ સરખા સજ્જન અને ભલા માણસનું જે વર્ણન આ ગ્રથમા કર્યું છે તેની વિરૂદ્ધ છે, તેમજ થોડા દિવસ અગાઉ ગ્રોટ સાહેબે ગ્રીસ દેશના ઈતિહાસનુ મ્હોટું પ્રસિદ્ધ પુસ્તક લખ્યુ છે, તે ગ્રથનાથી પણ આ મત કેવળ ઉલટો છે; ગ્રોટ સાહેબ સાફ એવું લખે છે કે, 'તું ફલાણી વાત કરીશ મા' એવું દેવ આપણને સૂચવે છે, એવી સોક્રેટીસને વાસ્તવિક સમજણ હતી; તે તેનો ઢોગ નહતો. તે જ્યારે નહાનો બાળક હતો, અને કાર્યં કારણ ભાવ ઉપરથી ભવિષ્યમાં થનારી વાતોનું અનુમાન કરવાની શક્તિ તેનામા નહોતી ત્યારથીજ તેને એ દૈવી સૂચના થતી, એવું સોક્રેટીસ કહેતો; એવું પ્રાચીન ગ્રીક ગ્રં-થોમાં લખ્યું છે.

ક્રેટીસ કરતાં બીજો કોઈ વધારે ડાહ્યો પુરૂષ છે કે નહિ?" એવો પ્રશ્ન ત્યાની પૂજારણુને કર્યો; ત્યારે તેણે ઉત્તર આપ્યો કે, "કોઈ નથી." **સોક્રેટીસને** આ ઉત્તરની ખબર પડયા પછી તે બેહદ ગુચવાડામાં આવી પડયો. તેને આ વાતનો કાંઈ અર્થ સમજાયો નહિ. તે પોતાના મનમા વિચાર કરવા લાગ્યો કે, અરે! આ ઉત્તરનો અર્થ શો હશે? મ્હારા વિષે તો મ્હને પક્કી ખાત્રી છે કે, મ્હારામા–થોડું કે ઘણુ–બીલકુલ ડહાપણ છેજ નહિ; વારૂ! કોલ (વચન) અસત્ય હોય એવો શક પણ મ્હારાથી લેવાતો નથી, કારણ કે દેવતા કદી ખોટુ બોલતા નથી આવી બેઉ તરફની અડચણ આવ્યાથી, એ વિષે એણે એકાગ્ર ચિત્તે ઘણો વિચાર કર્યો, અને એ ઉત્તરનો અર્થ કહાડવા માટે મનસ્વી શ્રમ પણ કર્યો; તે એ રીતે કે, **આથેન્સ** શહેરમા એક ગૃહસ્થ હતો અને તે રાજ્ય પ્રકરણમા ઘણો પ્રવીણ, ભારે મુત્સદ્દી અને મ્હોટો અમલદાર હતો. એ શહેરમા જે નામીચા ડાહ્યા પુરૂષો હતા તેમા તે ગણાતો, વળી બીજા લોકો તેનામા જેટલી યોગ્યતા સમજતા તેના કરતા પોતાનામા વિશેષ છે એવી તેની પોતાની ખાત્રી હતી. તેને **સોક્રેટીસે** પ્રથમ કાઇક પ્રશ્ન કર્યા

તેની સાથે સભાષણ કર્યાથી **સોક્રેટીસ**ને જણાઈ આવ્યુ કે તે કાંઇ સમજતો નથી; પછી તેણે તેની એ અજ્ઞાનતા, સારા સમજી શકે તેવા શબ્દો વડે તેને તદબીરથી સૂચવી; તેથી એ ગૃહસ્થ અને બીજા જેઓ ત્યાં હાજર હતા, તેઓ **સોક્રેટીસનો** દ્વેષ કરવા લાગ્યા. નિરંતર રાજ્યપ્રકરણમાં કાળજી રાખનારા જે બીજા લોકો હતા, તેમની પાસે જઇ તેઓ સાથે સભાષણ કરીને તેઓને પણ કાંઈ આવડતું નથી એવું ઠરાવ્યુ. આ તેના શોધ થકી માત્ર એટલુંજ ફળ મળ્યું કે, તેણે ફક્ત પોતાના શત્રુઓની સંખ્યામાં વધારો કર્યો. રાજ્યપ્રકરણી—દરબારી—લોકો પત્યા પછી તેણે કવિઓની સાથે

સંવાદ કરવા માંડયો; અને જુએ છે તો તેઓમ દરબારી લોકો કરતાં ઘણોજ અહંકાર ભરેલો છે; અને વિદ્યા તથા જ્ઞાતાપણુ, એ ગુણો જો ખરૂં કહીએ તો તેઓમા ઘણાજ થોડા છે, એવું તેની નજરમાં આવ્યુ. ત્યાર પછી તેણે કારીગર લોકોમાં જ્ઞાતાઓનો શોધ ચલાવ્યો. તે લોકોમા તેની નજરે એવું પડયુ કે, એકાદ કામમાં એકાદ જણ વાકેફગાર હોય છે તો તેટલી વાકેફગારીથી એ કારીગર પોતાને બીજા બધાં કામો આવડે છે એવુ સમજે છે સારાશ ઘણી બડાઈ હાંકવી એ દોષ **આથેન્સના** તમામ લોકોમા હતોજ; અને વળી તેઓ ઘણા ડોળઘાલુ હતા, એથી તેઓ સર્વજ્ઞ છે એવો ફાંકો ધરાવતા, અને ગમે તે વિષય નિકળ્યો હોય તો તે ઉપર પોતાનુ પાડિત્ય ચલાવવાને આઘુ પાછુ જોતા નહિ. તેઓ સ્વભાવે ધૂર્ત હતા, એથી ગમે તેવો પ્રસંગ આવ્યો હોય તોપણ પોતાનુ અજ્ઞાનપણુ બહાર જણાવા ન દેતાં ઠગ વિદ્યાથી કામ કહાડી લેતા એ પ્રમાણેજ તેણે પરદેશી લોકોમાં પણ શોધ કર્યો, તથાપિ તેને તેમાએ કોઈ જ્ઞાતા જડયો નહિ.

બાદ **સોક્રેટીસે** પોતાના સંબધી વિચાર કર્યો અને પોતે જેઓની સાથે આજ સુધી વાદવિવાદ કર્યો હતો તેઓની સાથે પોતાનો મુકાબલો કરી જોયો. તે સમયે તેની નજરમા એમ આવ્યુ કે, મ્હારા અને બીજા લોકોમા ભેદ એટલોજ છે કે, જે વસ્તુ વિષે તેઓ ખરેખર રીતે કાંઈ જાણુતા નથી, તે હુ પણ જાણુતો નથી; તોપણુ હું મ્હારી અજ્ઞાનતા ખુલ્લી રીતે કબુલ કરૂ છુ, અને તેઓ એમ કરતા નથી. આ સર્વ વિચારો ઉપરથી તેણે એવો સિદ્ધાન્ત કર્યો કે, જો વાસ્તવિક જ્ઞાતા કહીએ તો તે માત્ર એક ઈશ્વર જ છે. હવે **એપોલો**ની પૂજારણે મ્હને જ્ઞાતા કહ્યો, એનો અર્થ એટલોજ કે માણુસોમાં વાસ્તવિક જ્ઞાતા તો કોઇ છેજ નહિ, ત્યારે જે માણુસ મ્હારી (**સોક્રેટીસની**) પેઠે પોતાની અજ્ઞાનતા સમજે છે તેજ **"માણુસોમાં જ્ઞાતા"** છે.

પ્રકરણ ૪ થું.

(**આથેન્સ** શહેર માંહેલાં છોકરાને વિદ્યા શિખવવા પાછળ **સોક્રેટીસ** લાગ્યો. તેના વિદ્યાર્થીઓ તેના ઉપર અતિશય પ્રીતિ રાખતા; અને તે ધર્મ તથા રાજ્ય સંબધી ઉત્તમ નિયમો તેઓના મનમા ઉતારતો.)

સોક્રેટીસના જીવનમાં તેના ઉપર જે જે મુખ્ય મુખ્ય વાતો બની તેમાંની કેટલીએક અત્યાર સુધીમાં કહી; હવે આગળ જે વાતથી વાંચનારાઓને તેનુ સ્વરૂપ મુખ્યત્વે કરીને સમજાય તે વાત કહેવાનો આરંભ કરીએ છઇએ. તે વાત એ કે, તેણે આખા જગતને વિદ્યોપદેશ કરવાનો—અને તેમા પણ મુખ્યત્વે કરીને **આથેન્સ** શહેરમાંનાં છોક-રાઓને સુજ્ઞ બનાવવાનો પ્રયત્ન કર્યો. **લેબોનિયસ** એવું લખે છે કે, છોકરાના હિત અને ઉત્કર્ષ વિષે બાપનુ જેટલુ લક્ષ હોય છે, તેટલું લક્ષ તેને તેના સ્વદેશી લોકોના કલ્યાણ વિષે હતું; પણ મનુષ્યના મનમા જે ભ્રાન્તિ બાળપણાથી પેઠી તે તેના કાળા વાળના ધોળા વાળ (પળી) થાય છે ત્યાસુધી તેનામાં રહેલી હોય છે, તે—તેનાથી કહાડી નખાવવી મુસ્કેલ, એવું જાણીને પ્રૌઢ વયમાં આવેલા લોકોની આખો ઉઘાડવાનુ છોડી દેઈને, તે મુખ્યત્વે કરીને છોકરાઓના મનમા પોતાનો ઉપદેશ દાખલ કરવા માટે મહેનત કરવા લાગ્યો; તેનો આ વિચાર ઘણો ઉત્તમ હતો, કારણ કે જે વગડામાં ઘણી ઝાડી જામી ગઈ હોય, અને તેના ઝાડનાં મૂળીયા જમીનમાં ઉંડાં ઉતરી મજબૂત થઈ ગયાં હોય, તેવા રાનની ઝાડી કાપી નાંખી, અને ઉંડાં ઉતરેલાં મૂળીયાં ખોદી કહાડી, ત્યાં સુંદર બાગ બના-વવાની મહેનત કર્યા કરતાં, અરણ્યમાં ઝાડી કે ઝાંખરાં ન હોય તે ખેડી, ત્યાં બાગ કરવાનો પ્રયત્ન કરવો એમાં ઘણું ડહાપણ છે. વળી

ઝાડીથી ભરપૂર વગડો સાફ કરવા કરતાં ઉમરે પહોચેલાં માણસો સુધારવામાં એક વધારે હરકત છે; તે એ કે, ઝાડી કાપી વગડો સાફ કરવા માડીએ તો તે સામો પ્રતિબધ કરતો નથી; પણ વૃદ્ધ પુરૂષોના મનની ભ્રાંતિ કહાડવા માડિએ, તો તે પ્રતિબધ કરે છે.

તે સમયના બીજા પડિતોની જેવી શાળા હતી, તેવી **સોક્રેટીસની** શાળા નહોતી. અને તેઓને જેમ પાઠ શિખવવાનો સમય નિમેલો હતો તેમ એનો નહોતો વિદ્યાર્થી મડળને ચારે તરફ બેસારી પોતે વચમા ગુરૂ આસન ઉપર બેસી પાઠ શિખવે છે, આવુ તો તેણે કદી કર્યુંજ નથી. તે, પ્રસગ આવતો ત્યારે જ્યા ત્યાં બેસી લોકોને વિદ્યા શિખવતો હતો. વખતે ચાર જણમા બેસીને વાતો કરતાં, જમતા, ફોજમાં હતો ત્યા, અરે, મરવાની અગાઉ તુરગમા હતો ત્યા પણ તે ઉપદેશ કરતો હતો **પ્લૂટાર્ક** લખે છે કે, તેણે ઝેર પીધા પછી 'જીવ નિત્ય છે' એવું સિદ્ધ કરી તે વાત જગતમા જાહેર કરી. અને તેના સરખાજ સારા ગ્રથકારે **સોક્રેટીસ**ના ઉદાહરણ ઉપરથી રાજ્યપ્રકરણ સબધી એક ઉત્કૃષ્ટ વાત સિદ્ધ કરી છે, પણ એ વાત **પ્લૂટાર્કના** મનમા પ્રથમ આવી એવુ કહી શકાતું નથી; કારણ કે **સેનેકાએ પ્લૂટાર્કની** પેહેલા ઘણા દિવસ થયા તે સ્પષ્ટ લખી રાખેલી હતી તે વાત એ કે, મનુષ્યને લોકનિયતા એવી સજ્ઞા પ્રાપ્ત થવા માટે તેઓને ન્યાયાધીશ વગેરેના સરકારી કામ અવશ્ય હોવા જોઇએજ એવુ કાઇ નથી. એવા ઘણાએ લોકો છે કે, જેઓને ઉપર કહેલા સરકારી કામો હોય છે, તથા સરકારથી અમલદારીનાં ચિન્હો અને માન મળેલાં હોય છે તેમજ ખિતાબોથી મ્હોટાઇ આવે છે, એવું જો કેટલાએકને લાગતું હોય તો મ્હોટા મ્હોટા "રાવબહાદુર" વગેરે ખિતાબો પણ ઘણાને મળે છે, તોપણ વાસ્તવિક રીતે જોતાં એ ખિતાબ ધારણ કરેલા સાહેબ—અત્યત નીચ અને હલકી પદવીના

મનુષ્ય છે, એવું કોઇ પણ વિચારવાળા પુરૂષને લાગે તેવી તેની યોગ્યતા હોય છે. હવે બીજી તરફ કોઇ માણસે પોતાની સલાહ હરકોઇ કામમાં લીધી તો તેને ઉત્તમ શાણપણનો ઉપદેશ કેમ કરવો, પોતાના નગરવાસી ભાઇઓને સદાચરણથી ચાલવા માટે ઉત્તેજન કેમ આપવુ, તેઓના મનમા પ્રમાણિકપણું, દેવ ધર્મ ઉપર ભક્તિ, ઉદારતા, સ્વદેશપ્રીતિ ઇત્યાદિ સદ્‌ગુણો કેમ ઠસાવી દેવા; એ જે પુરૂષ જાણે છે, તે—પછી ગમે તેવો દરિદ્રી હોય, અથવા ભાગીટૂટી ઝુંપડીમાં રહેતો હોય તોપણ શુ થયુ ? **પ્લૂટાર્ક** કહે છે કે, તેજ નર ખરો ફોજદાર, ખરો ન્યાયાધીશ અને ખરો નિયતા છે.

સોક્રેટીસ એવી યોગ્યતાનો પુરૂષ હતો. તેણે શિષ્યોને પ્રવીણ બનાવ્યા; અને **ગ્રીસ** દેશ માહેલા છોકરાઓને ચતુર બનાવ્યાં. આથી કરીને તેમનાથી તે દેશને જે ફાયદો થયો તે "આટલો મ્હોટો હતો" એમ શબ્દે કરીને બરોબર કહી શકાતું નથી. એની પાસે જેવા વિખ્યાત અને જેટલા વિદ્યાર્થીઓ હતા, તેવા અને તેટલા કોઇ પણ ગુરૂ પાસે નહોતા તેના વિદ્યાર્થીઓ માહેલો એકલો **પ્લેટો** નામનો વિદ્યાર્થીજ હજારો વિદ્યાર્થીની બરાબરીનો હતો એ **પ્લેટો, સોક્રેટીસ**ને કેટલો લોકોપકારી માનતો તે નીચે લખેલી હકીકત પરથી સમજાશે. જ્યારે એ **પ્લેટો** મરવા સૂતો ત્યારે તેણે **પરમેશ્વર**ની પ્રાર્થના કરી, તેમા વિશેષે કરીને આ ત્રણ વાતને માટે તેણે તેનો ઘણો ઉપકાર માન્યો; એ ત્રણ વાત આ હતી;–પહેલી, તેણે તેને મનુષ્ય જન્મ આપી વિચાર કરવાની બુદ્ધિ દીધી, બીજી, તેણે તેને જગલી [1]લોકોમાં ઉત્પન્ન ન કરતાં **ગ્રીસ** દેશમાં ઉત્પન્ન કર્યો.

---

[1] પ્રાચીન સમયના ઘણાખરા તમામ લોકો, પોતાના શિવાયનાને "જંગલી" સમજતા, ને નીચ માનતા એવીજ સમજણ પ્રાચીન ગ્રીક લોકોની હતી. પ્રાચીન હિંદુઓ પોતાને "આર્ય" એટલે "શ્રેષ્ઠ" કહેતા, અને બાકીના તમામ લોકોને "મ્લેચ્છ" એટલે જંગલી એવું વિશેષણ લગાડતા. પ્રાચીન યાહુદી લોકોનો પણ તેવોજ વિચાર હતો.

અને ત્રીજી વાત એ કે, **સોક્રેટીસ** જીવતો હતો તે સમયમાં તેને જન્મ આપ્યો. આ ત્રણે વાતની અનુકૂળતા **ઝેનોફ્નને** પણ હતી. તેના વિષે એવી વાત કહે છે કે, તે એક દિવસે રસ્તેથી ચાલ્યો જતો હતો, તેવામાં તેને **સોક્રેટીસ** મળ્યો, ને તેણે તેને ઉભો રાખી પૂછ્યું કે, સીધુ ક્યાંથી વેચાતું મળે છે, એ તને ખબર છે? આ પ્રશ્નનો ઉત્તર આપવો **ઝેનોફ્નને** કાંઈ મુશ્કેલ પડયો નહિ, ત્યાર પછી **સોક્રેટીસે** ફરીથી પૂછ્યું કે; માણસને સદાચરણનુ જ્ઞાન ક્યા મળે છે? આ બીજા પ્રશ્નથી **ઝેનોફ્ન** નિરૂત્તર થયો. એ જોઇને **સોક્રેટીસે** કહ્યુ કે, એ ઠેકાણું જાણવાની જો તારી ઇચ્છા હોય તો મ્હારી સાથે ચાલ, એટલે હુ તે તને બતાવીશ. ત્યારે **ઝેનોફ્ને સોક્રેટીસના** કહ્યા પ્રમાણે કર્યું; ને આગળ જતાં **સોક્રેટીસના** ઉપર તેની એટલી મમતા બધાઇ કે, તેણે પોતાના ગુરૂના ભાષણોનો સગ્રહ કરીને તે ગ્રથરૂપે પહેલવહેલો પ્રસિદ્ધ કર્યો.

એરિસ્ટિયસ, તેના સ્નેહી **ઈસ્કોમેકસની** સાથે સભાષણ કરતો બેઠો હતો તેવામાં **ઇસ્કોમેકસે,** એ વાતચીતમાં **સોક્રેટીસના** કાંઇક પશ્નો આણ્યા તે પ્રશ્નો સાભળીને **એરિસ્ટિયસનુ** મન મોહિત થઇ જઇને, તેને **સોક્રેટીસના** શિષ્ય થવાની એવી ઉત્કઠા થઈ કે, તે એ ચિંતાથી દિવસે દિવસે ગળતો ગયો; અને તેનુ મ્હોં લેવાતું ગયું, અને જ્યારે તેનો વિચાર પાર પડયો, અને જે વાત એક મ્હોંએથી બીજે મ્હોંએ ચાલતી આવેલી પણ તેને એટલી મધુર લાગી હતી, તે જ્યારે જ્યાંથી નિકળી હતી તે મૂળ પાસે જઇને "મનુષ્યને અનર્થ કયો, ને તે દૂર કરવાનો શો ઉપાય;" એનુ જ્ઞાન આપનાર વિદ્યારૂપ અમૃત જ્યારે તેણે પેટ ભરપૂર પીધું ત્યારે તેનો તમામ ચિંતાજ્વર ટળી જઇને તેના મનનુ સમાધાન થયુ.

ગ્રીસ દેશમાં **મિગારા** નામે એક ન્હાનુ સરખું રાજ્ય હતું,

ત્યાં **સોક્રેટીસનો યુકિલડ** ‡ નામનો એક શિષ્ય રહેતો હતો, તેની જે હકીકત છે, તે ઉપરથી તેના શિષ્યોને તેનો ઉપદેશ સાંભળવાની કેટલી હોંશ હતી, તે ઉપર કહેલી વાત કરતા પણ વધારે સ્પષ્ટતા બતાવે છે. **સોક્રેટીસ**ના સમયમા **આથેન્સ** અને **મિગારા,** એ બે સંસ્થાનો વચ્ચે યુદ્ધ ચાલતું હતું, અને એ યુદ્ધ એટલા તો આવેશથી ચાલતું હતું કે, **આથેનિયન** લોકોએ પોતાના સેનાપતિ પાસે "અમે દર સાલ બેવાર **મિગારા** લૂટીને ઉજ્જડ કરીશુ." એવા સોગન ખાધા હતા. અને તેઓએ કાયદો કર્યો કે, "**મિગારાથી એટિકા (આથેન્સ**ના રાજ્ય) માં કોઇએ આવવું નહિ; અને જો કોઈ આવશે તો તેને દેહાન્ત શિક્ષા થશે;" પણ આ કાયદાના ભયે **યુકિલડ**ના મનની **સોક્રેટીસ** પાસેથી વિદ્યા શિખવાની આસ્થા જતી રહેવી તો રહી, પણ ઓછીએ થઈ નહિ. તે સધ્યાકાળ થતો કે, જનાની પોશાક પેહેરી બુરખો નાખી, પોતાનુ શેહેર છોડી રાત્રે **સોક્રેટીસ**ને ઘેર આવતો; અને ત્યાં આખી રાત રહી મળસ્કુ થતુ કે આવેલે વેષે પાછો પોતાને ઘેર જતો.

આથેન્સ શેહેરના છોકરાને **સોક્રેટીસ** જ્યાં જતો ત્યાં તેની પાછળ જવા વિષે જે ઉલ્લાસ થતો તે કહેવાથી કોઇ પણ ખરૂં માનશે નહિ. તે ઉલ્લાસ એટલો બધો હતો કે, હમેશાં તેની સાથેને સાથે રહીને, તેનાં સુરસ ભાષણ સાંભળવા માટે, તેઓએ પોતાનાં માબાપોને પણ છોડી દીધાં હતાં, અને મોજશોખની મડળીઓમાં જવાનુ બધ કર્યું હતું. **આલ્સિબાઇડિસ** નામે **આથેન્સ**મા એક મનસ્વી ક્રોધી પુરૂષ હતો. તેની વાત નીચે લખીએ છીએ, તે ઉપરથી **સોક્રેટીસ**ની બોલવાની ખુબી કેવી હતી તેનો નિર્ણય વાં-

---

‡ એ "ભૂમિતિ" કર્તા ન સમજવો.–(જુઓ "ટાઇટલર્સ એલીમેન્ટ્સ ઓફ જનરલ હિસ્ટીરી" પૃષ્ટ ૭૭) ગુજરાતી ભાષાતર કર્ત્તા.

ચકો કરી શકશે. તે એટલો તામસી હતો તોપણ **સોક્રેટીસ** તેનો કદી દરકાર ન કરતાં તેના ગુસ્સાનો ઉભરો નરમ પાડવા માટે અને તેને જે ઘણું અભિમાન ચ્હડી ગયુ હતું તે ઉતારી નાખવા માટે હમેશા મહેનત કરતો. એક દિવસ **આલ્સિબાઇડિસ** પોતાના વતન તથા સમૃદ્ધિની ઘણી બડાઇ હાકતો હતો (એવો સામાન્ય નિયમ છે કે, તરૂણ શ્રીમતો ઘણુ કરીને તેઓની સપત્તિથી ફુલાઇ જાય છે.) તે સમયે **સોક્રેટીસે** પૃથ્વીનો નકશો તેની પાસે આણીને તે ઉપર **એટિકા** પ્રાત કયા છે તે બતાવવાનુ તેને કહ્યુ પણ એ પ્રાત ઘણોજ ન્હાનો હોવાથી તે નકશામા ઝટ નજરે પડયો નહિ. ઘણી મહેનત કરીને તેણે તે પ્રાંત શોધી કહાડયા પછી **સોક્રેટીસે** તેને કહ્યુ કે "હવે એમા તારા વતનની જમીન કયા છે, તે બતાવ." **આલ્સિબાઇડિસ** બોલ્યો કે, તે ઘણી થોડી છે તે આ નકશામા જુદી પાડીને કેમ બતાવી શકાય ? એ ઉત્તર સાભળીને **સોક્રેટીસે** તેને જવાબ દીધો કે, વારૂ ભાઈ ! જે જમીનનો કટકો આખે પૂરો દેખાતો નથી તે ક્ષુલ્લક કટકાને તું મ્હોટો કેમ માને છે ? **સોક્રેટીસ**નો આ વિચાર આથી પણ આગળ ચલાવીએ તો ચલાવવા જેવો છે. **એટિકા** પ્રાત આખા **ગ્રીસ** દેશ સાથે મુકાબલે જોયાથી શી ગણતીમા છે ? **ગ્રીસ** દેશ **યુરોપ**ના મુકાબલામા શુ છે ? અને **યુરોપ** આખી પૃથ્વીને મુકાબલે શુ છે ? વારૂ, પૃથ્વી તેને ફરતા જે ગ્રહરૂપ મ્હોટા મ્હોટા ગોળા છે, તેણે વ્યાપેલા વિસ્તીર્ણ ખગોળ આગળ શી ગણતીમાં છે ? અહો, પૃથ્વી ઉપરના મહાન પ્રતાપી રાજા સુદ્ધાં આ પ્રમાણુથી જોતા કેવા કેવળ ક્ષુદ્ર કીટક જેવા દેખાય છે !

"સોફીસ્ટ" નામના પંડિતો, રાજનીતિમા ઘણા હુશિઆર વિદ્યાર્થીઓ તૈયાર કરવાની ઘણી કાળજી રાખતા હતા. તે પંડિતોના હાથ નીચે વિદ્યાભ્યાસ કર્યાથી **આથેન્સ** શેહેરના જુવાનીઆઓના

મનમા પ્રતિષ્ઠા મેળવવાની અનિવાર્ય ઇચ્છા ઉત્પન્ન થવાથી તથા **થેમિસ્ટોકિલ્સ, સાઈમન** અને **પેરિકિલ્સ,** જેવા પરમવિખ્યાત સેનાપતિઓનો મહિમા સાભળીને તેઓને તેવા થવાનુ મન થતુ હતું. તે માટે ગમે તેટલો ઉદ્યોગ કરીને, તે કામ કરવાને અમે સમર્થ છીએ એવું તેઓને લાગ્યાથી તેઓ રાજ્યમા ઘણીએક મ્હોટી મ્હોટી જગ્યો મળવાની આશા રાખતા હતા એ ઉમેદવારોમા **પ્લેટો**નો ભાઇ **ગ્લાકો** પણ એક હતો. તેનુ વય વીશ વર્ષનુ હતુ, અર્થાત્ તે વય મ્હોટા જોખમ ભરેલાં કામો કરવાને યોગ્ય નહોતુ, તેમજ તેનામા બુદ્ધિ કે કર્તૃત્વ પણ ન્યૂન હતા, તોપણ તેના મગજમા સરકારી કામ માથે ઉઠાવવાનુ ઘેલાપણુ એટલુ ભરાયુ હતુ કે, તે મેળવવાના છંદમાથી તેના કુટુંબ અથવા મિત્રો માહેલા કોઇ શખ્સથી તેનુ મન ફેરવી ઠેકાણે લવાતુ નહોતુ. એ **પ્લેટો**નો ભાઇ હોવાથી **સોક્રેટીસ**ની તેના ઉપર પ્રીતિ હતી અને અતે **સોક્રેટીસે** તેનુ મન ફેરવીને જે છદ કોઇથી છોડવાતો નહોતો, તે છોડાવી દીધો. તે એવી રીતે કે—

એક દિવસે **ગ્લાકો સોક્રેટીસ**ને મળ્યો ત્યારે **સોક્રેટીસે** પ્રથમ તેની સાથે એવી ચતુરાઇ અને એવી તો ખુબીથી ભાષણ કર્યું કે, તે શુ કહે છે, એ સાભળવા માટે **ગ્લાકો** ગુચવાયો તે ભાષણ સાંભળવા માટે ઉભો રહ્યો, એજ મ્હોટી વાત પ્રથમ તો તેણે કરી. ત્યાર પછી **સોક્રેટીસ** બોલ્યો, “કેમ, **ગ્લાકો,** આ આપણા “પ્રજા-સત્તાક રાજ્ય” નો કારભાર ચલાવવાની તમને ઘણી હોશ છે એવું સાભળ્યુ છે એ ખરૂં કે?” **ગ્લાકોએ** ઉત્તર આપ્યુ કે, “હા, છે ખરી”. **સોક્રેટીસે** કહ્યુ “વાહ! વાહ!! એ તમારો હેતુ ઘણોજ ઉત્કૃષ્ટ છે, એના કરતાં ઉત્તમ વિચાર બીજો એકે રહ્યો નથી. કેમકે તમારો એ વિચાર સિદ્ધ થયાથી, તમને તમારા મિત્રોનુ કલ્યાણ કરવાની, તમારા

કુળની ખ્યાતિ વધારવાની અને તમારા દેશની સીમા વધારવાની શક્તિ આવશે; અને તમે એ યોગ વડે આ ન્હાના સરખા **આથેન્સ** શેહેરમા વિખ્યાત થશો એટલુજ નહિ પણ આખા **ગ્રીસ** દેશમાં પ્રખ્યાતિ મેળવશો; અને કદાચિત્ **થોમસ્ટોકિલસ**ના જેવી તમારી કીર્તિ બીજા દેશોના જગલી લોકોમા પણ ફેલાશે; સારાશ તમે ગમે ત્યાં હશો તોપણ તમે તમારા ગુણોથી એવું કરશો કે, આખુ જગત તમારૂં સન્માન રાખશે, અને તમારી વાહ્‌વા કરશે."

ગ્લાકો તો ઉમેદવારજ હતો, તેને આ કોમળ અને મનોરજક ભાષણ ઘણુજ મધુર લાગ્યુ, પણ **સોક્રેટીસે** બોલવામા તેને પકડયો છે, એ તેને ખબર પડી નહિ. આથી તે આગ્રહ કર્યા શિવાય ખુશીથી ઉભો રહ્યો, ને **સોક્રેટીસ**નો તથા તેનો સવાદ આગળ ચાલ્યો.—

સોક્રેટીસ બોલ્યો—વારૂ **ગ્લાકો**, પ્રતિષ્ટા અને મ્હોટાઇ મેળવવી એવી તમારી ઇચ્છા છે, તેના કરતા તમારે લોકોપયોગી થવું એવો ઉદ્દેશ, તમારો નિસશય હશેજ.

ગ્લાકો બોલ્યો-હા તેવોજ વિચાર છે, તેમા શો શક?

સોક્રેટીસ—ગ્લાકો, તમને **ઈશ્વરની** પ્રતિજ્ઞા છે. તમે કૃપા કરીને મને એટલુ કહો કે, આ સસ્થાનમાના રહેવાસીઓને ઉપયોગી થવા માટે તમે પ્રથમ કયુ કાર્ય કરનાર છો? (આ પ્રશ્નનો ઉત્તર આપવામા તે ગુચાયો, અને હવે શુ ઉત્તર આપવો તેનુ મનન કરે છે એવું જોઇને **સોક્રેટીસે** પોતેજ બોલવાનું આગળ ચલાવ્યુ) "**ગ્લાકો,** મને લાગે છે કે, આ સસ્થાનને ગબ્બર કરવું, એટલે અહીંનુ મહેસુલ વધારવુ એવો તમારો ઈરાદો હશે, નહિ વારૂ?

ગ્લાકો—તમે મ્હારા મનની વાતજ બોલી ગયા.

સોક્રેટીસ—વારૂ, ત્યારે તમે આ સંસ્થાનના મહેસુલ ખાતામાં સારી પેઠે હુશિયાર હશોજ, તથા તેની કુલ અજમાયેશ તમે બરા-

બર જાણતા હશોજ ? અગાઉ ન જણાએલા એવા એકાદ કારણથી કોઈ એકાદ ખાતામાંથી પૈસા ઉત્પન્ન થવાના હુએ તો એ આવેલી ખોટ, બીજી કોઇ તદબીરથી પૈસા પેદા કરીને પૂરી પાડી શકીએ, એ માટે તમે ઉપર કહેલા વિષયનો વિશેષે કરીને અભ્યાસ કરવાનું ચુક્યા નહિ હો; કેમ **ગ્લાકો** ?

ગ્લાકો—સાહેબ, એ વાત તો મારા મનમાં આજપર્યંત કોઈ દિવસ આવીજ નહોતી.

સોક્રેટીસ—વારૂ, આ સસ્થાનના કુલ ખરચની તો તમને બેશક ખબર હશેજ; કારણકે નકામો જે ખરચ છે, યાને જે ન કરીએ તો કાઇ અડચણ પડનાર નથી, તે કહાડી નાખ્યાથી કેવા ફાયદા થાય છે તે રાજ્યકારભાર કરનારને સમજવાની જરૂર છે.

ગ્લાકો—પેહેલી વાતની જેમ મને ખબર નથી, તેમજ આ વાતની પણ મ્હને ખબર નથી; એવી હુ મ્હારી અજ્ઞાનતા કબુલ કરૂં છુ.

સોક્રેટીસ—વારૂ ત્યારે આ સસ્થાન ગબ્બર કરવાનો બેત, તમારે કેટલીક મુદ્દત સુધી મુલત્વી રાખવો પડશે. કારણકે તેનુ ઉત્પન્ન કેટલુ અને ખરચ કેટલો, એ જાણ્યા શિવાય તમારા હાથથી એ વાત બનવી અશકય છે.

ગ્લાકો—પણ તે વિચાર પાર પાડવાનો વળી બીજો એક રસ્તો છે; કે જે વિષે તમે હજી સુધી કાંઈ બોલ્યાજ નથી. સસ્થાનના શત્રુઓનો નાશ કરવાથી તે ગબ્બર કરી શકાશે નહિ ?

સોક્રેટીસ—તમારૂં કહેવું વાસ્તવિક છે; પણ એ વાત સસ્થાનના સામર્થ્ય ઉપર આધાર રાખે છે; જો તે નિર્બળ હશે તો યુદ્ધથી તેની પાસે જે કાંઇ સંપત્તિ હશે તે ગુમાવીને માત્ર સકટમાં આવી પડશે. એ માટે જે કોઇ યુદ્ધ કરવાને ઇચ્છે છે, તેને પોતાનું સૈન્ય

કેટલુ છે એ જાણવુ આવશ્યક છે પોતાનો પક્ષ સબળ દેખાય તો તેણે યુદ્ધની સલાહ બેધડક આપવી; અને તે જો નિર્બળ દેખાય તો તેણે બુદ્ધિવાદ ચલાવીને લોકોના મન યુદ્ધ કરવા તરફથી ફેરવવા વારૂ, **ગ્લાકો** ! તમને તમારા, અને તમારા શત્રુઓના જળ, અને સ્થળ માર્ગના સૈન્યની સખ્યાની ખબર છે? બેઉ રસ્તા–તરીને ખુશકી–નુ લશ્કર કેટલુ અને કેવુ છે એનો લેખ શુ તમારી પાસે છે? જો હોય તો કૃપા કરીને મને બતાવો જોઇએ ?

ગ્લાકો—હાલ તે મ્હારી પાસે નથી

સોક્રેટીસ—વારૂ. ત્યારે મ્હને એમ લાગે છે કે, આજ જો તમારે માથે બધો રાજકારભાર નાખીએ તો અમારાથી શત્રુઓ સાથે યુદ્ધ થઈ શકશે નહિ; કારણ કે તે કરવુ કે નહિ એનો નિશ્ચય કરવા માટે પ્રથમથીજ તમારે શ્રમ લેઈને ઘણીએક વાતોનો શોધ કરવો પડશે

એ પ્રમાણે **ગ્લાકોને** ખબર ન હોય તેવી કેટલીએક બાબતો **સોક્રેટીસે** તેને પૂછી. આખરે **સોક્રેટીસે** તેની પાસે એવું કબુલ કરાવ્યુ કે, જે શખ્સ લોકોપયોગી થવાની પોતાનામા કાઈજ તૈયારી ન કરતા, પોતાને, લોકોમા મ્હોટી પ્રતિષ્ટા મળે તથા મ્હોટી મ્હોટી જગા મળે તથા ઉંચે દરજ્જે ચ્હડે એ માટે અનિવાર્ય ઇચ્છા રાખીને, વિચાર ન કરતાં રાજ્યકારભારમાં ઘુસે છે તે શખ્સ અત્યત ઉપહાસ્યપદને પામે છે. **સોક્રેટીસે** છેવટે તેને એવો ઉપદેશ કર્યો કે, **ગ્લાકો**, તમારા ઉપર મ્હારી મમતા ઘણી છે માટે હુ કહુ છુ તે સમજો ! નહિ તો પ્રતિષ્ટા મેળવવાની હોશમા ને હોશમાં ગાડા બની જઇને ગમે તે કામ હાથમા લેશો, અને તેમાં તમારી ટુક બુદ્ધિ જણાઈ આવીને લોકોમા માત્ર અપ્રતિષ્ટા થશે.

ગ્લાકો, **સોક્રેટીસ**ના બુદ્ધિવાદથી ડાહ્યો થયો; અને તે સર્વ ખરેખરી વાતો સમજી લેઇને ત્યારપછી રાજદરબારમાં જવા લાગ્યો.

આ ઉપદેશ સર્વ કોઈને સર્વકાળ પર્યંત લાગુ પડે છે. જેઓ **ગ્લાકોની** પેઠે રાજ્યમાં ઉચી પદવી મેળવવા ચહાતા હશે તેમનેજ નહિ, પણ સંસારમાના—ગરીબાઈ, શ્રીમંતાઈ વગેરે સર્વ અવસ્થાના માણસોને અને ન્હાના મ્હોટા સર્વ અધિકારી મનુષ્યોને ઉપયોગી થવા પ્રરખો છે.

સોક્રેટીસ પોતાના મિત્રોને ન્હાનપણમાં સરકારી કામ કરવાનુ કદી કહેતો નહિ; પણ ધંધામા પોતાને યશ મળવા માટે જે જ્ઞાનની જરૂર છે તે સંપાદન કરવા માટે પેહેલાંથી શ્રમ કરવાને તે, તેઓને હમેશા કહેતો હતો તેનુ કહેવું એવું હતું કે, ગુરૂની સહાયતા વગર શિલ્પની સાધારણ કળા સુદ્ધા આવડતી નથી; ત્યારે જે જ્ઞાન મળ્યાથી મનુષ્ય જ્ઞાનનો શિરોમણિ થાય, એવુ જે રાજ્ય ચલાવવાનું જ્ઞાન, તે પોતાનામા આવવા માટે પૂર્વે કાંઇ પણ શ્રમ કે અભ્યાસ કરવાની જરૂર નથી, એવું જે માણસને લાગે છે, તે માણસને કેટલો મૂર્ખ સમજવો જોઇએ! જે શખ્સ સરકારી કામ કરવાની ઉમેદ ધરાવે છે, તેના સર્વ કૃત્યો ન્યાય અને પ્રમાણિકપણાનાં મૂળ ઉપરજ રહેલા છે, એવી તેના સાભળનારાની ખાત્રી કરવા માટે તે ઘણી મહેનત કરતો. તેમજ સ્વદેશ ઉપર પ્રીતિ તથા લોકોનુ કલ્યાણ કરવાની બેહદ હોશ તથા **દેવ** પરમદયાળુ અને સર્વ સમર્થ છે એવી પૂર્ણ શ્રદ્ધા, એ વિશેષે કરીને તેઓના મનમાં ઉતારવા માટે તે મનસ્વી યત્ન કરતો; કારણ કે તેનો મત એવો હતો કે આ ઉપર કહેલા ગુણો જો માણસમા ન હોય તો, બીજા ગુણો જેમ જેમ તેનામા આવે છે, તેમ તેમ તે અધિક દુષ્ટ થતો જાય છે.

યુથિડીમસ, અને **સોક્રેટીસ** એ બેઉના વચ્ચે દેવોએ આ જગતની જે વ્યવસ્થા કરી છે, તે વિષે જે સંવાદ થયો હતો, તે પાછળના લોકોને જણાવવા માટે **ઝેનોફને** પોતાના પુસ્તકમા લખી

રાખ્યો છે. પ્રાચીન કાળના જે જે ઉત્તમ લેખો છે, તેમાં તે સવાદની ગણના કરી છે. તે સવાદ આ પ્રમાણેઃ—

સોક્રેટીસ,–**યુથિડીમસને** કહે છે–માણસને જે ચીજ શિવાય ન ચાલે તે વિષેની તજવીજ, **દેવે** કેટલી કાળજીથી કરી રાખી છે, તેનો તે કદી વિચાર કર્યો છે?

યુથિડીમસ—નહિ, કદી કર્યો નથી.

સોક્રેટીસ—પ્રકાશ, પ્રાણીઓને કેટલો આવશ્યક છે, જુઓ! **દેવની** એ બક્ષીસ, વિચાર કર્યાથી કેટલી અમૂલ્ય લાગે છે?

યુથિડીમસ—(એ સાભળીને) પ્રકાશ ન હત તો આપણને આખો હોય યા ન હોય, સો સરખુજ હતું, અને આ સર્વ સૃષ્ટિ હોઇને, ન હોવા સરખીજ થઈ હત આપણને વચમા વચમા વિશ્રાતિ મળવી જોઇએ માટે તેણે રાત્રિ પણ બનાવી છે.

સોક્રેટીસ—તમો કહો છો તે વાજબી છે, અને એજ માટે આપણે તેની સ્તુતિ કરવી, અને તેનો આભાર માનવો તેણે તેજ.-પુજ સૂર્ય બનાવ્યો છે, તેના યોગ વડે દિવસ થાય છે, અને દિવસના જુદા જુદા ભાગ આપણાથી સમજાય છે. અને તેણે એવો નિયમ કર્યો છે કે, સૂર્યના પ્રકાશથી સૃષ્ટિના સર્વ ચમત્કાર પ્રાણીઓની દૃષ્ટિએ પડે, અને તેનાથી તેઓને ઉષ્ણતા મળીને તેઓનુ પ્રાણુધારણ પણ થાય. તેનીજ સત્તાથી પ્રકાશ રહિત ચદ્ર તથા તમામ તારા રાત્રે પ્રકાશિત થાય છે. ઓહો! રાત્રિ, દિવસ; અજવાળુ, અધારૂં; શ્રમ, વિશ્રાંતિ; ઈત્યાદિ દ્વદ્વો (જોટા) પેદા કરીને તેણે સૃષ્ટિમા જે વિ-ચિત્રતા કરી છે, તેના કરતાં શુ બીજું કાંઈ ચમત્કારિક છે? અને એ બધુ માણસના સુખ અને કલ્યાણને અર્થે કર્યું છે. (વળી અગ્નિ અને જળ થકી સંસારમાં જે આપણાં અસખ્ય કાર્યો થાય છે, તે-માંનાં ઘણાંએક **સોક્રેટીસે યુથિડિમસને** કહ્યાં. અને માણસોનો

સંબધ જે જે બાબતમાં છે તે બધી બાબતોથી તેને સુખ થાય, એ વિષે દેવનુ ઘણું ચમત્કારિક લક્ષ્ય છે, એવો વિચાર કરતાં કરતાં તેણે **યુથિડિમસ** સાથેનુ ભાષણ આગળ ચલાવ્યુ.)—આહા ! શિઆળા પછી સૂર્ય ઉત્તર તરફ આવે છે, અને ગઇ ઋતુમાનાં ફળો સડીને સૂકાઇ ગયાં હોય છે, તેને ઠેકાણે નવા ફળો પકવે છે અને એ કામ કર્યા પછી, તે (સૂર્ય) જો તેમનો તેમ ઉત્તરમાં રહે તો આપણને તેની ઉષ્ણતાથી ઉપદ્રવ થાય, તે માટે તે પાછો દક્ષિણમાં જાય છે, પણ દક્ષિણમાં એક મર્યાદા છે, તેની પેલી તરફ જાય તો આપણે ઉત્તર તરફના લોકો ટહાડથી મરી જઇએ, પણ એ અનર્થ આપણા ઉપર આવી ન પડે, એ માટે તે, એ મર્યાદા સુધી પહોચ્યો કે, ફરીને ઉત્તર તરફ વળે છે; એવી રીતે તે આકાશમાં, જ્યા હોવાથી આપણા જીવને તેના થકી પીડા ન થાય, એવી જગ્યાએ રહીને તે ફરે છે વારૂ આ તમામ બાબતો ઉપરથી તમને શુ લાગે છે ? દેવ અત્યત કૃપાળુ છે એવું શુ તમને લાગતું નથી ? બીજું એવું છે કે, શીતતામાથી ઉષ્ણતામાં, અથવા ઉષ્ણતામાથી શીતતામાં, જો એકદમ જઇએ, તો તેમાંનુ એકે આપણાથી સહન થઈ શકવાનુ નથી. આવી રીતે થાય, તો આપણી પ્રકૃતિ બગડે, એ માટે સૂર્ય આપણી તરફ આવતાં ને જતાં એટલો ધીમે ધીમે ચાલે છે કે, પડતાં પડતાં અતિશે ઉષ્ણતા અથવા શીતતા પડે છે તોપણ તે ઘણું કરીને આપણા જાણ્યામાં આવતી નથી. એ જોઇને શુ તમને ઘણું આશ્ચર્ય લાગતું નથી ? ઋતુની વ્યવસ્થા ઉપરથી પરમ કૃપાળુ અને સૃષ્ટિ ચલાવનાર જે **ઈશ્વર**, તે મનુષ્યના કલ્યાણને માટે ઘણો સાવધ છે એવું શું કોઇના મનમાં આવ્યા સિવાય રહેશે ?

યુથિડિમસ કહે છે-તમે આ જે સર્વ વાતો કહી એ ઉપરથી મનુષ્યોપર અનુગ્રહ કરીને તેનુ કલ્યાણ કર્યા સિવાય દેવને બીજો કાંઇ

વ્યાપારજ નથી એમ મને લાગે છે **દેવ** માણસની બાબતમાં ઘણો દયાળુ છે, એ વિષે મ્હારી પક્કી ખાત્રી થઈ; પણ એક વિષયમાં મ્હારી બુદ્ધિ બિલકુલ પહોંચતી નથી, તે વિષય એ કે, માણસો જે સુખનો અનુભવ લે છે, તે સર્વ સુખો પશુઓને પણ હોય છે, એ ઉપરથી મનુષ્યોજ **દેવ**ને પ્રિય છે એવું જણાતું નથી.

સોક્રેટીસ—હા ખરૂ, પશુઓ પ્રાય સર્વ સુખોનો અનુભવ લે છે, પણ પશુઓ મૂળથી માણસનાજ ઉપયોગમા આવવા માટે કર્યા છે, એ વાત શુ તમારા મનમા આવતી નથી ? પશુઓમા જે અતિ-બળવાન પશુ છે, તે સુદ્ધાતને માણસો પોતાના કબજામા લાવે છે અને તેઓને લડાઈ, ખેતી અને સસાર માહેલા બીજા અનેક પ્રકારના કામોમા લગાડી પોતાનુ હિત કરી લે છે

આહા ! સર્વ સૃષ્ટિની વાત તો રહી, પણ માત્ર મનુષ્યનોજ વિચાર કરી જોઈએ તો બસ છે તેના શરીરની રચના **ઈશ્વરે** કેટલી કુશળતાથી કરી છે ! મનુષ્યની ઇંદ્રિયો, જેના યોગ થકી તે સૃષ્ટિના પદાર્થો જાણી શકે છે, અને ઉમદા ઉમદા વસ્તુઓનો ઉપભોગ કરી શકે છે; તેનુ મન, જે પોતાની કલ્પના વડે પ્રતિ-સૃષ્ટિ ક્ષણમા ઉભી કરે છે; તેની બુદ્ધિ, જેના યોગથી તે સર્વ પ્રાણીઓમા આની શ્રેષ્ઠ પદ્વીએ પહોચ્યો છે, અને તે પદ્વી કેટલી ઉચી છે એના ઠેકાણા સુદ્ધાની તમને ખબર નથી, અને તેની ચમત્કારિક વાગ્ શક્તિ, જેના યોગ થકી તેઓ પોતપોતાના અભિપ્રાય એક બીજાને જણાવી શકે છે, કાયદા કરી શકે છે, એ વગેરે સર્વ બાબતોનો વિચાર એવોજ છે

છેવટે તેણે એવો સિદ્ધાંત કર્યો છે કે, 'આ સર્વ વિચારની અતે **દેવ** છે, અને તેનું ધ્યાન વિશેષે કરીને મનુષ્ય તરફ છે, એવું સ્પષ્ટ દેખાય છે." હવે **દેવ,** આપણી ઇંદ્રિયોથી પ્રત્યક્ષ જણાતો નથી

એવી કોઇ શકા કરશે તો તેમા કાઈ દમ નથી; કારણકે રસ્તામાં જે જે આવે તેનો નાશ કરી નાખનાર વાયુ, આપણને દેખાતો નથી; તેથી શુ એ નથી એમ ઠર્યું કે? દૂરનુ દષ્ટાંત રહેવા દો, આપણો આત્મા, જેના કરતાં આપણને બીજું કશુ વધારે વહાલુ છેજ નહિ, તે પણ આપણી ઇંદ્રિયોને કયા પ્રત્યક્ષ જણાય છે? શુ તે આપણને દેખાય છે? દેવોની પણ એવીજ વાત છે દેવોમાથી હરકોઇ દેવ આપણને સહાય થાય છે, પણ તે પ્રત્યક્ષ દેખાતો નથી જેના સર્વ ભાગો, પરસ્પરમા બેસતા આવીને મનુષ્યને સુખ થાય એવા બેતથી કર્યા છે, એવું જે આ વિશ્વ તે **પરમેશ્વરે** રચ્યુ છે, અને તેની સભાળ પણ તેજ રાખે છે આ સ્થળે **રોલિન્સન** સાહેબ એવું કહે છે કે, અહીં **પરમેશ્વર** એ શબ્દ ધ્યાન આપવા યોગ્ય છે. એ શબ્દ ઉપરથી 'એક **સર્વોત્તમ દેવ** છે તે સર્વ પ્રાણીઓનો કર્ત્તા અને બીજા દેવો કરતાં શ્રેષ્ઠ છે. બીજા સર્વ દેવો, એ મુખ્ય દેવના આજ્ઞાધારક છે,' એવો **સોક્રેટીસ**નો મત હતો, એમ જણાય છે એ **પરમેશ્વરજ,** પોતાની સત્તાથી સર્વ સ્થાવર જગમ પદાર્થોને પોતપોતાનુ કામ કરવાને શક્તિમાન બનાવીને તે કદી ન ભૂલતા, ત્વરાથી પોતાની આજ્ઞા પ્રમાણે ચાલે એવું તે કરે છે. અને તે એટલી ત્વરાથી કે, જેની કલ્પના પણ આપણાથી થઈ શકે નહિ. એ **પરમેશ્વરે** સ્વકૃત અસખ્યાત ચમત્કારિક કામો ઉપરથી પોતાને પૂર્ણપણે દશ્ય કરી રાખ્યો છે. પણ એને સાક્ષાત્ કહ્યો એથી એ કાંઇ કોઈને દેખાવાનો નથી; અર્થાત્ કોઈ પદાર્થ આપણી નજરે પડે નહિ, એ માટે એ પદાર્થ વાસ્તવિક છેજ નહિ, એમ આપણે કહેવું નહિ. ચર્મચક્ષુથી જે નથી દેખાતું, તે આપણે બુદ્ધિરૂપી નેત્રોએ જોવું. ચર્મચક્ષુથી આપણને કેટલીએક વસ્તુઓ દેખાતી નથી એવી જે આપણામાં ન્યૂનતા છે, તે આપણે જ્ઞાનચક્ષુ વડે તે વસ્તુ જોઇને પૂર્ણ કરવી. **પરમેશ્વરની**

ભક્તિ કરવી, તથા તેને સન્માન આપવું, એ આપણા જીવનો ધર્મ છે; માટે આપણે સર્વે જણાએ તે વાત મુખ્યત્વે કરીને શિખવી. જે **પરમેશ્વર**ની ઇચ્છા એવી દેખાય છે કે, આપણા ઉપર તે જે ઉપકાર કરે છે તે દ્વારાએજ આપણે તેને ઓળખવો; ઇંદ્રિયાદિકે કરીને જાણવાના ભરોસા ઉપર રહેવું નહિ હવે ઉપર જે **પરમેશ્વર**ની ભક્તિ કરવાનુ લખ્યુ, તે ભક્તિ એજ કે, તેને સતુષ્ટ કરવો; તેને સતુષ્ટ કરવાનો માર્ગ એજ કે, તેની આજ્ઞા પ્રમાણે વર્ત્તવું.

સોક્રેટીસ, આથેન્સ શેહેરના છોકરાને જે શિખવતો તે આવુંજ હતું, તથા તેના મનમા તે જે વિષય અને મત દાખલ કરતો તે આવાજ હતા તેના મુખ્ય સિદ્ધાન્ત બે હતા એક એ કે, કાયદા અને અમલદારનો હુકમ માથે ચ્હડાવી લેવો આમા તે "ન્યાય" નો અતર્ભાવ રાખે છે બીજો સિદ્ધાંત એવો કે, **પરમેશ્વર** તરફ પૂર્ણ લક્ષ રાખવુ એમા સર્વે ધર્મ સમાય છે જે વિષય માણસની બુદ્ધની અટકળમા આવી શકે તેવા ન હોય તે વિષયમા દેવનો અભિપ્રાય લેવો બીજા લાખો કામ હોય, તે તમામ એક તરફ રાખીને, યથાશાસ્ત્ર અને વિચાર પૂર્વક પોતાના આચરણો વડે તેને

---

૧ પ્રાચીન કાળના ગ્રીક લોકોની સમજણ એવી હતી કે, દેવ પોતાના ભકનોને અનેક પ્રકારે ભવિષ્યની વાત સૂચવે છે ડેલ્ફી વગેરે કેટલાંએક દેવળોમા પૂજારાના શરીરમા દેવ આવીને ભવિષ્યમા થનારી વાતો કહે છે, એવું તે લોક માનતા, તેમજ દેવને બળિદાન દીધેલા પશુ પક્ષીના આતરડા જોઈને, તે ઉપરથી ભવિષ્યની શુભાશુભ વાતો જણાય છે, એવું તેઓ માનતા, તેમજ શ્રદ્ધાવાન લોકોને દેવ સ્વપ્નમા આવી ભાવી વાત કહેતા, એવું તેઓ સમજતા. એવી રીતની અનેક પ્રકારની વહેમી સમજણો એ લોકમા હતી. સોક્રેટીસ અને પ્લેટો સરખા મહા બુદ્ધિશાળી લોકોને પણ કેટલેક દરજ્જે એ વાત ખરી લાગતી.

પ્રસન્ન કરવા માટે મહેનત કરવી, એ ઘણું કલ્યાણકારક છે. એ માટે તે હમેશા કહેતો કે, **દેવ** સ્વતંત્ર છે, તે કોઇનો તાબેદાર નથી, માટે જે આપણે તેની પાસે માગીએ છીએ, તે આપવું એ તેની મરજી ઉપર છે. મરજીમા આવે તો તે આપે છે, અથવા આપણા મૂર્ખપણાથી આપણે ધારીએ છીએ કે ફલાણુ નહિ થાય તે થાય છે. **સોક્રેટીસ** એક પ્રાર્થનાનો પાઠ કરતો, એ પ્રાર્થના તેણે એક કવિના ગ્રંથમાથી કહાડી હતી. એ કવિનુ નામ હાલ જાણવામા નથી. એ પ્રાર્થના આ પ્રમાણે હતી, 'હે **પરમેશ્વર** અમે તારી પાસે એ માગીએ છીએ કે જે વાતમા અમારૂ કલ્યાણ છે, એ વાતની વાચ્છના અમને હોય કે ન હોય, તોપણ તે વસ્તુ તું અમને આપ, તથા જે વાતમા અમારૂ અકલ્યાણ હોય, ને તે વાત અમે તારી પાસે માગતા હઇએ, તોપણ તે તું અમારી પાસેથી દૂર કર.' એ સમયના જંગલી લોકોને એવુ લાગતું કે, દેવતા કેટલીક બાબતો ઉપર ધ્યાન આપે છે, ને કેટલીક ઉપર બીલકુલ ધ્યાન દેતા નથી, પણ **સોક્રેટીસ**નો તેના વિદ્યાર્થીઓને એ પૂર્ણ ઉપદેશ હતો કે, દેવતાઓનુ લક્ષ આપણા સર્વ કૃત્યો તરફ અને સર્વ શબ્દો તરફ છે આપણી અત્યંત ગુપ્ત કલ્પનાઓ સુદ્ધા તે જાણે છે, અને આપણે ગમે તે વિચાર કરવા માડીએ છીએ, ત્યારે તે આપણી નજદીક હોય છે; તથા આપણે ચ્હાય તે કામ કરવા માંડીએ છીએ તો તે આપણને સારૂં કરવાની પ્રેરણા કરે છે

પ્રકરણ ૫ મું.

સોફિસ્ટો* મહા જ્ઞાની છે એવી સમજણ **સોક્રેટીસે આથેન્સ** શેહેરના છોકરાઓના મનમાંથી કહાડી નાંખી.—

ગ્રીસ દેશના લોકોમા કાઇ તરેહવાર વિષયો ઉપર વિચાર કરવાની રૂચી પેદા થઇ હતી; અને જેને તેના વિષયની માહિતગારી હોય તેને માન આપતા આ ખરાબ હોંશ છોકરાઓને ન થાય, એ માટે કાંઈ ઉપાય કરવાની **સોક્રેટીસ**ને ઘણી અગત્ય જણાયાથી, તેને નીચે દર્શાવેલુ કામ કરવાની જરૂર પડી **સોક્રેટીસ**ના સમયમા અને તેની પહેલા પણ કેટલીક મુદતપર **સોફિસ્ટ** નામના કેટલાએક પંડિતો ઘણી ઉત્કર્ષતા પામ્યા હતા તેઓ ઘણા અભિમાની હતા **પિટાકસ, વૈયાસ, થેલીસ,** નામના જે, વિખ્યાત પુરૂષો પૂર્વે **ગ્રીસ**મા થઈ ગયા, તેઓના વર્ગમાં તેઓ પોતાની ગણના કરવા લાગ્યા, પણ તેઓના આચરણ ઉપરથી જોતાં તેમનામા અને આમા આસ્માન જમીનનો તફાવત હતો, કારણ કે એ લોકો (પૂર્વેના) મ્હોટાઇની ઇચ્છા તથા દ્રવ્ય લોભને દૂર ફેંકી દેઇને પોતાનો વખત, મુખ્યત્વે કરીને જ્ઞાન સંપાદન કરવામા કહાડતા, તેમ આ કરતા નહિ. એ **સોફિસ્ટ** લોકો ઘણા લોભીઆ, અને માનના ભૂખ્યા હતા. તેઓ ખટપટના તમામ કામો કરતા અને ઘણો ઢંગો

---

*"સોફિસ્ટ" શબ્દનો અર્થ જ્ઞાની થાય છે, પણ **સોક્રેટીસ**ની નવી શાળા થઇ, તથા નવીન મત અને પ્રાચીન મત વચ્ચે સદાએ વિરોધ હોય છેજ, તેથી, તથા **સોક્રેટીસ**ના **પ્લેટો** વગેરે વિદ્યાર્થીઓ જગપ્રસિદ્ધ થઇ ગયા ને તેના ગ્રંથોમા **સોફિસ્ટો**ની નિંદા છે તે ઉપરથી હાલ-"સોફિસ્ટ" એટલે વિદ્વત્તાનો ઢોંગ કરનાર ઢોંગી, કુતર્કવાદી—એવો અર્થ થાય છે.

પણ કરતા વળી તેઓએ પોતાની વિદ્યાનો વેપાર માંડયો હતો. તેઓ શેહેરે શેહેર ફરતા, જ્યાં જતા ત્યા નજરમાં આવે તેમ બોલતા ફલાણા ફલાણા મહાન પંડિત આવ્યા છે, એવો ઢંઢેરો પીટાવતા; અને શિષ્યોનો સમુદાય સાથે લેઇને રસ્તામા ફરતા એ શિષ્યો દેહભાન ભૂલી ગએલાની માફક પોતાના અભિમાની ગુરૂની પાછળ રખડવા સારૂ પોતાનાં માબાપને છોડી દેતા અને પોતાને શિખવવાના બદલામા ઘણું દ્રવ્ય આપતા. એવી એકે વિદ્યા નહોતી કે, જેનો ડોળ એ ગુરૂઓ નહિ રાખતા હોય, **ઈશ્વર** સબંધી વિદ્યા, વૈદક શાસ્ત્ર, નીતિશાસ્ત્ર, ગણિત શાસ્ત્ર, જ્યોતિ:શાસ્ત્ર, વ્યાકરણ, સંગીતશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, ઇતિહાસ, એ સર્વનુ સંપૂર્ણ જ્ઞાન છે, એવું તેઓ કહેતા બીજી બધી વાતો કરતા યુક્તિબળ વડે ગમે તે વસ્તુના તત્વનો શોધ કરવામા, તથા સાલંકાર સુંદર ભાષણ કરવામાં તેઓ એક્કા છે, એવું અભિમાન ધરાવતા, તેઓ પોતાને સર્વજ્ઞ અને સર્વ શિખવવાને સમર્થ માનતા તેમાના ઘણાએક, કોઇએ ગમે તેવો પ્રશ્ન પૂછયો હોય તો તેનો ઉત્તર ઝટ લેઇને આપતા; અને એટલા ઉપરથીજ પોતાને મ્હોટા ગણતા જે છોકરાઓ તેમના શિષ્ય થતા, તેઓને, તેમના ઉપદેશથી બીજુ કાંઇ ફળ મળતું નહિ, પણ અમે મ્હોટા અને બાકીના સૌ બે બદામના, એવી મૂર્ખ સમજણ માત્ર તેઓના મગજમાં ભરાતી; એથી એવું બનતું કે, વિદ્યાર્થીઓ નિશાળમા દાખલ થતી વખતે હોય તેના કરતા વધારે લુચ્ચા થયા સિવાય તેઓ, તેઓની નિશાળમાથી ગયા હોય, એવુ કદી બન્યુ નહોતું.

આ, જે ગર્વિષ્ટ ઉપદેશક તેનુ સર્વ શબ્દ પાંડિત્ય છે, તથા તેઓ જે યુક્તિઓ કહે છે તે ભૂલ ભરેલી છે, એવું **આથેન્સ શેહેરના** છોકરાઓને સમજાવી દેવું જરૂરનું છે, એવું **સોક્રેટીસને** જણાયું. તેની સામસામા બેસીને પ્રશ્નોત્તર કરવાને **સોક્રેટીસ** સમર્થ હતો,

કેમકે વક્તૃત્વ શક્તિ અને તર્ક વડે તત્વ શોધી કહાડવાની બુદ્ધિ **ઈશ્વરે** તેનામા સપૂર્ણ મૂકી હતી. તેઓ મ્હોટા વક્તા હતા, તથા પોતાના પ્રૌઢ વાક્-ચાતુર્યથી સાંભળનારાઓને અજબ પમાડી દેવા, એજ તેઓનો મુખ્ય ઉદ્દેશ હતો એ માટે તેઓની સાથે ખુલ્લો વાદવિવાદ કરવો, એ તેઓને પરાજય પમાડવાનો માર્ગ **સોક્રેટીસને** વાજબી લાગ્યો નહિ, તેથી તેણે બીજી તદબીર શોધી કહાડી તેણે પોતાનુ ખરૂ સ્વરૂપ છુપાવ્યુ, અને અજ્ઞાનીનો વેષ ધારણ કરીને ગબડગડુ જેવુ મ્હો રાખીને પોતાની ઉત્કૃષ્ટ અને તીક્ષ્ણ બુદ્ધિ છુપાવવાનો બેત કર્યો જે **ઈશ્વરે** તેને લોકોમા આટલો પ્રસિદ્ધ થવાની બુદ્ધિ આપી હતી, તેણેજ આ વખતે વેષ બદલી ઢોગ રાખી શકાય તેવો તેના શરીરનો ધાટ પણ બનાવ્યો હતો, તે ઘણો કદરૂપો હતો, તેમજ વગર પરિચયે તેને અમસ્યો કોઈ જોઇને તો એવુંજ ધારે કે એ ઘણો બુદ્ધિહીન-મૂર્ખ છે આવો તેની સિકલનો ગુણ હતો તેના શરીરનો ધાટ પણ **ઈશ્વરે** તેના મોઢાના જેવોજ છેક નાદાર મઉ સરખો ઘડયો હતો.

"સોફિસ્ટો" માહેલા જો એકાદ જણની સાથે **સોક્રેટીસને** એકાએક મળવું થઇ જતું તો **સોક્રેટીસ** પોતે જે બોલે છે તે બરાબર ખરૂ છે કે નહિ એ દેવ જાણે, એવું પોતાનુ શકાયુક્તપણું પોતાના ચેહેરાના દેખાવ ઉપરથી અને બોલવાના સ્વર ઉપરથી બતાવતો વળી ઘણા કાલાવાલા કરીને, મ્હારે અમુક વિષય ઉપર કાઇકિ શકા આપને પૂછવાની છે, એવું કહી, તેને સહેલા શબ્દોથી સુગમ વિષય ઉપર સહેલા પ્રશ્નો પૂછતો; અને બોલવામા દરજી, સોની વગેરેના હલકા ધધા માહેલા દાખલા લેઇને તથા ક્ષુલ્લક ક્ષુલ્લક ઉપમા આપીને અને બીજી રીતે પોતાના મનનો ભાવાર્થ પોતાને સ્પષ્ટ કરી બતાવતાં આવડતો નથી, એવું તેને દેખાડતો. **"સોફિસ્ટ"**

તેનુ નકામુ અને બડબડાટ સરખુ બોલવુ તિરસ્કારથી સાભળી લેઇને તેનો બરાબર ઉત્તર ન આપતા પોતાની હમેશાની ગોખી રાખેલી વાતો કરીને ખુબ બકારો કરતા. તેને ગુસ્સો ન ચ્હડે માટે **સોક્રેટીસ** તેનાં ખૂબ વખાણ કરીને તેની આવી પ્રાર્થના કરતો કે, "પડિત-રાજ, કૃપા કરીને મ્હારી અલ્પ બુદ્ધિથી સમજી શકાય તેવુ ભાષણ કરીને મ્હારી શકાનુ સમાધાન કરો. મ્હારાજ, આપના સૂક્ષ્મ તથા પ્રૌઢ પ્રશ્નો સમજવા જેવી મ્હારામા બુદ્ધિ નથી, અને તે ધ્યાનમાં રાખી શકાય તેવી સ્મરણશક્તિ પણ નથી, માત્ર પ્રશ્ન પૂછવામાં અને ઉત્તર દેવામાજ મ્હારી અક્કલ ચાલે છે, બાકી વધારે પહોંચતી નથી."

આવો બનાવ ભરસભામા બનવાથી તે પડિતો બોલ્યા સિવાય રેહેતા નહિ. ખાલી શબ્દપાડિત્ય કરીને ધૂર્તતા કરવી, એ–તે 'સોફિસ્ટ' ને પોતાની આબરૂનો બચાવ કરવાને મ્હોટી ઓથ હતી. એ ઓથ તેની પાસેથી કઢાવી નાખી તેને **સોક્રેટીસે**, પોતાના પ્રશ્નોના થોડા શબ્દોમાજ ઉત્તર દેઈ પતાવી મૂકે, અને પછી આમ કહ્યાથી આમ માનવું પડે છે, એ પ્રમાણે એક ઉપરથી બીજા પર ને બીજા ઉપરથી ત્રીજા પર એમ લેતે લેતે, તેને છેક અયુક્તિક સિદ્ધાતમા તે લાવી મૂકતો. છેવટે–તેણે કાતો મુગા બેસી રહેવુ અથવા પોતાને મ્હોએ પોતાનુ મત ખોટું પાડવાની તેને ફરજ પડતી અને 'આ પડિત મહારાજ મ્હારા જેવા મદબુદ્ધિનાનુ અજ્ઞાન ટાળતા નથી' એમ પોતેજ ખેદ કરવા માડતો. આ રીતે **સોક્રેટીસ** પોતાને માથે હલકાઈ ખેચી લેતો; તોપણ એ પંડિતની આસપાસ જે તરૂણમંડળી બેઠી હોય તે પોતાના ગુરૂની મૂર્ખાઈ જુએ; અને એજ ભારે વિદ્વાન છે એવી જે તેમની ગેર સમજ હોય તે દૂર થાય એટલે તેઓ તેનો તિરસ્કાર કરવા માડતા. આ પ્રમાણે કેટલાએક દિવસ ચાલતાં ચાલતાં

છેવટ **ગ્રીસ**મા 'સોફ્સ્ટ' એ નામ નિંદાબોધક અને ઉપહાસાસ્પદ થઇ પડયુ

આ વાત સર્વેના મનમાં સહજ આવવા જેવી છે કે, **'સોફિસ્ટ'**ની પદ્વીનાં માણસ કે જેમની મ્હોટા લોકોમા સારી પ્રતિષ્ટા હતી, તથા જેઓ **આથેન્સ** શેહેર માંહેલા જુવાનોમાં ભારે વિદ્વત્તાનો ફાકો ધરાવતા હતા, તથા જેમની બુદ્ધિ અને વિદ્યા વિષે ઘણા દિવસથી નામના થઇ રહી હતી તેમના ઉપર ઉતરી પડીને તેમનો પરાજય કરવો, એ કાંઇ થોડુ મુશ્કેલ કામ નહોતું, એ સર્વના સમજવામા સહેજ આવ્યા વિના રહેશે નહિ.

સોક્રેટીસ તો વિશેષે કરીને તેઓની કીર્તિ અને તેઓને થતા ફાયદા પાછળ લાગ્યો હતો. **સોક્રેટીસે** તેઓના દુર્ગુણો અને દુરાચરણો પ્રાસદ્ધમા આણ્યા. તે માટે, તથા તેઓનુ પોકળ પાંડિત્ય કોડીના મૂલનુ કરવા માટે પ્રયત્ન કરવાથી, અત્યત દીર્ઘ દ્વેષી પુરૂષો થકી જેટલી ખરાબી થવાનો સભવ છે તેટલી, **સોક્રેટીસની** ખરાબી, એ ઉન્મત્ત અને દુરાચારી 'સોફિસ્ટ'[1] થકી થઈ તે ખરાબી કઈ, અને કેમ થઇ, તેનુ વર્ણન હવે પછીના પ્રકરણમા કરવામા આવશે.

---

૧ આ પ્રકરણમા "સોફિસ્ટ"નુ જે વર્ણન કર્યુ છે, તે **રોલિન** સાહેબના ગ્રથના આધાર ઉપરથી કર્યુ છે, અને ઘણા કાળ સુધી આ પ્રકરણમા લખ્યા પ્રમાણેજ "સોફિસ્ટ" વિષે સર્વ ગ્રથકારોના વિચાર હતા; પણ હાલ થોડાએક વર્ષ થયા પ્રાચીન કાળના ઇતિહાસ સબંધી વધારે વિચાર ચાલીને, અર્વાચીન યુરોપિયન ગ્રથકર્ત્તાઓના મત, કેટલીક બાબતમા જુદા થયા છે, અને તે અમારા વાચકો જાણે, એ ઈરાદાથી તે સંક્ષેપે આ ટીપમા લખીએ છીએ'–હાલમા થોડા વર્ષ ઉપર **ગ્રોટ** નામે મહા વિદ્વાન ગ્રંથકારે **ગ્રીસ** દેશનો ઇતિહાસ અંગ્રેજીમાં લખ્યો છે,

પ્રકરણ ૬ ઠું.

(દેવો સંબંધી **સોક્રેટીસ**ના વિચાર ઘણા ખરાબ છે. એ દુષ્ટ મત શિખવીને શેહેરના છોકરાંને બગાડે છે, એવું આળ **સોક્રેટીસ** ઉપર આવ્યું. તેણે નિર્ભયપણે અને બોલવામા કાંઈ પણ તદબીર કે પ્રપંચ ન કરતાં ન્યાયાધીશોની આગળ પોતાની ઉપર મૂકેલા તોહોમતોનો બચાવ કર્યો, તો પણ તેને દેહાત શિક્ષા ઠરાવી.)

એ પ્રમાણે લોકોની સામા ભાષણ કરીને તેઓની અજ્ઞાનતા તેઓની ગાઠે બંધાવવાનો અને તેઓને ઉપદેશ કરવાનો **સોક્રેટીસ**નો ક્રમ આશરે ત્રીશ વર્ષ સુધી ચાલ્યો હતો. એ પ્રમાણે

તેમા તે એવું લખે છે કે, "સોફિસ્ટ"ની નિંદા કરવાની જે રીત પડી છે, તેને પ્રાચીન પુસ્તકોનો કિંવા યુક્તિઓનો યોગ્ય આધાર છે, એમ સમજવું નહિ "સોફિસ્ટ" વિષે આપણને જે માહિતગારી છે તે મુખ્યત્વે કરીને **પ્લેટો**ના ગ્રંથ ઉપરથી છે, અને **પ્લેટો**ના ઘણાક મતો તે સમયના વિદ્વાન લોકો (સોફિસ્ટ) ના મતથી જુદા હોવાથી તેને પેલા વિદ્વાનો સાથે દુશ્મનાઈ હતી ત્યારે એ **પ્લેટો**ના ગ્રંથ ઉપરથી એ "સોફિસ્ટ"ને નઠારા કહેવા, એ યોગ્ય નથી. **પ્લેટો**, તેઓને મુખ્યત્વે કરીને જે દોષ દે છે તે આ પ્રમાણે—તેઓ પૈસા લેઇને શિખવે છે, તથા તેઓને લોકોમા મ્હોટાઈ મેળવવાની ઈચ્છા છે પણ આ બે દોષ ઉપરથી કોઇ માણસને ખરાબ કહેવા બેસીએ તો હાલના વિદ્યાલય અને નિશાળના કેટલા શિક્ષાગુરૂ અને ગ્રંથકારોને ખરાબ કહેવા પડશે, તેનો વિચાર વાચકોએ કરવો હવે "સોફિસ્ટ"મા ધનલોભ કાંઇ વિશેષ હતો એમ કહેશો તો તેનુ પ્રમાણ મળતુ નથી, એવું **ગ્રોટ** સાહેબ કહે છે

"સોફિસ્ટ" ઉપર બીજો દોષ એવો મૂકેલો છે કે, તેઓ ઘણા અભિમાની હતા. તો એ દોષ તે વેળાના "સોફિસ્ટ" નામના જેટલા પ્રસિદ્ધ પુરૂષો હતા તે સર્વને લાગુ પડે છે, તેવું કાંઈ પ્રમાણ નથી; અને જે ઘણો

કરવાથી તેના કેટલાએક મિત્ર થયા હતા ખરા, પણ તેના કરતાં થએલા શત્રુઓની સખ્યા અધિક હતી, તેથી જેઓ, લોકોમા વિદ્વાન અને મ્હોટામાં ખપતા હતા, તેઓની અજ્ઞાનતા અજવાળામા આણ્યાથી તેઓ તેનો સહજજ દ્વેષ કરવા લાગ્યા. તેમજ એ, જે વાત કહેતો, તે નવીન હોવાથી ઘણા લોકો તેથી કટાળો ખાતા હતા; કારણ કે કોઇ વસ્તુ ખરેખર સારી હોય, તોપણ તે નવી છે, એટલાજ કારણ માટે તેને વખોડનારા લોકો સર્વ દેશોમા અને સર્વ સમયમા ઘણા હોય છે. તેમજ તરુણ પુરૂષો લબ્ધ પ્રતિષ્ટિત ન હોવાથી સર્વ નિર્મત્સરપણાએ તેની બુદ્ધિ તથા કલ્પનાઓને ચાહતા, અને ઘણી ઉત્કઠાથી તેનો ઉપદેશ સાભળતા, આ વાત ન ખમી શકાયાથી ઘણા લોકો તેને ખરાબ નજરથી જોતા **સોક્રેટીસ,** ઘણા દિવસ સુધી લોકોમા ભાષણ અને ઉપદેશ કરતો ફર્યો એ વિષે લોકોમા ઘણો ખરાબ વિચાર બધાયો હતો, એનુ પ્રમાણ એજ કે, **એરિસ્ટોફનીસ**

બુદ્ધિવાન અને વિદ્વાન હોય છે, તેનામા ગર્વરૂપી દોષ ઘણી વેળા દેખાય છે ખરો, પણ એ દોષ ઉપરથી એ માણસ ઘણો ખરાબ છે એમ ઠરતુ નથી.

ત્રીજો વાક તેઓના ઉપર એવો મૂકયો છે કે, તે લોકો છોકરાઓને અનીતિ તથા ખરાબ વાતો શિખવતા, પણ ગ્રોટ સાહેબ કહે છે કે, એ વાત ખરી માનવાને પ્રાચીન કાળના લેખોમા કાઈજ પ્રમાણ મળતા નથી, તથા ખરેખરી ખરાબ અને નઠારી જે વાત તે પ્રસિદ્ધ રીતે શિખવવા માંડયાથી, **આથેન્સ** સરખા પ્રજાસત્તાક સસ્થાનમા એ શિક્ષકોનો ઘણા દિવસ સુધી નિભાવ થવો અસભવિત છે તેમજ હજારો તરૂણ પુરુષો દ્રવ્ય આપીને તેઓની પાસે વિદ્યા શિખવા જતા, તથા તેઓના વડિલો તેઓને જવા દેતા, અને તેઓની ગામેગામ મહાન પ્રતિષ્ઠા થતી, એ ઉપરથીજ તે લોકો, તે સમયના આબરૂદાર લોકોમા ગણાતા હતા એ સિદ્ધ હતું આ વિષયનું ગ્રોટ સાહેબે ઘણુજ પ્રતિપાદન કર્યું છે, પણ તેનો બરાબર સારાશ સુદ્ધા સ્થળ સકોચને લીધે અહીં લખી શકાયો નથી

નામના એક કવિએ પ્રહસન[1] રચીને ઈ૦ સ૦ પૂ૦ **૪૨૩** મા–નાટકશાળાની અદર તેનો ખેલ કર્યો તેમા **સોક્રેટીસ**નો વેષ લાવીને તેની મશ્કરી કરી હતી હવે **સોક્રેટીસ**નુ મરણ ઈ૦ સ૦ પૂ૦ **૩૯૯§** માં થયુ, એ ઉપરથી તેના મરણ પેહેલા **૨૫‡** વર્ષ સુધી લોકોમાં તેની નામના થઈ, ને કેટલાએક લોક તેની તરફ ખરાબ રીતે પણ જોતા હતા એવુ સિદ્ધ થાય છે.

હવે **સોક્રેટીસ**ના દુશ્મનોએ નાણા આપીને **એરિસ્ટોફનીસ** પાસે તેને નઠારૂ લાગે તેવું નાટક રચાવ્યુ કે કેમ ? તેનો ખુલાસો થતો નથી. **સોક્રેટીસ,** બધાં પ્રહસન નાટકની અને તેમા પણ વિશેષે કરીને **એરિસ્ટોફનીસે** રચેલાની ખુલ્લી રીતે નિદા અને તિરસ્કાર કરતો હતો, અને તે **એરિસ્ટોફનીસ**નો પ્રતિસ્પર્ધી **યુરીપાઈડીસ** નામે એક કવિ હતો, તેના રચેલા કરૂણારસ પ્રધાન નાટકો તે ઘણા વખાણતો. એ માટે તેનુ વેર વાળવા સારૂ **એરિસ્ટોફનીસે** ઘણું કરીને તેની નિદાનુ આ નાટક રચ્યુ હશે, એમ લાગે છે ગમે તે કારણ હો, પણ, **એરિસ્ટોફનીસને સોક્રેટીસ** ઉપર ગુસ્સો હતો તે માટે તેણે એ નાટક બનાવ્યુ હોય, અથવા તેના શત્રુઓની ફરમાશ*

---

૧ જે નાટકમા મુખ્યત્વે કરીને મશ્કરી ઠઠ્ઠા હોય છે તેને સસ્કૃતમા "પ્રહસન" અને અગ્રેજીમા Comedy "કામેડી" કહે છે એવા નાટક અદ્યાપિ સુધી મરાઠી (ગુજરાતી)મા થયા નથી

§ ગણત્રી પ્રમાણે ઈ. સ ૩૯૭ આવે છે જુઓ પૃ ૧ લુ, ટીપ ‡
ગુ ભા ક

‡ ૨૪ વર્ષ "સ્મીથ્ક્રૃત ગ્રીસનો ઇતિહાસ" પૃષ્ટ ૩૭૯ જુઓ.
ગુ ભા. ક

* અમારા વિચાર પ્રમાણે આ બેમાના એકે કારણની કલ્પના કરવાની જરૂર નથી, જે માણસ બધા માણસોને અણગમતો થાય છે, તેની મશ્કરી કરીને લોકોને હસાવવા, અને તેઓની પાસે, પોતાના વખાણ

ઉપરથી બનાવ્યુ હોય, તે તો ગમે તેમ હો, પણ તેણે મહાન સાધુની અપ્રતિષ્ઠા અને હાસી કરવા માટે પોતાની ઘણી અક્કલ અને વિચાર શક્તિ ખરચીને તે નાટક બનાવ્યુ કવિતા વડે દુર્જનોને સહાય કરીને સજ્જનનો નાશ કર્યો એવો દોષ એથી કવિતાને નસીબે ચોટયો.

તેણે જે નાટક રચ્યુ તેનુ નામ "મેઘમાલા" હતું, તેમા તેણે **સોક્રેટીસ**નો એવો વેષ કહાડયો હતો કે, તે, મેઘ એટલે વાદળામા ઉચે ટાગેલા એક સુડલામા બેઠો છે, અને ત્યાથી લોકોને પોતાનો સિદ્ધાત, એટલે અતિશે હસવા લાયક કુતર્કોની બારીકી બતાવે છે, એટલામા કરજમા ડુબી ગએલ એક ઘરડો ખખ ડોસો, શાહુકારના દેવાના ફાસામાથી છુટવાની ઇચ્છાથી તેની પાસે આવીને તેની પ્રાર્થના કરે છે "મહારાજ, શાહુકાર મને ઘણો હેરાન કરે છે, તો તેનો કાઈ દાવો મ્હારાપર ન ચાલે તેવો મજબૂત પુરાવો બનાવી, તેને દરબારમા છેતરી શકાય એવુ કરો" મતલબ મ્હારો દાવો ના સાબેત થાય તેવી ઉત્તમ યુક્તિ બતાવો, પણ આ નવા ગુરૂના પ્રૌઢ ઉપદેશથી ડાહ્યા થવાની તેની યોગ્યતા નથી, એવું જોઇને, એ ડોસો ઘેર જઇને પોતાના દીકરાને મોકલે છે પછી એ છોકરો આ વિદ્વાન ગુરૂની શાળામાથી એવો હુશિઆર થઇને બહાર પડે છે કે, તેના બાપની મુલાકાત થતાજ તે, તેની ખૂબ પૂજા કરે છે, અને તારી સાથે મ્હારે એમજ ચાલવું જોઇએ, એવુ તેને ઘણી સબળ અને સૂક્ષ્મ રીતે સિદ્ધ કરી આપે છે [1] જે જે પ્રવેશોમા **સોક્રેટીસ**નો વેષ આવ-

કરાવવા એ, કવિ, નાટક કરનાર, અર્વાચીન કાળના વર્તમાનપત્ર કર્તા, એમની ચાલજ હોય છે એ પ્રમાણે **એરિસ્ટોફનીસે** કર્યું હશે. તેને **સોક્રેટીસ** સાથે વધારે દુશ્મનાઈ હતી એવી કલ્પના કરવાનું કાઈ પ્રયોજન દેખાતુ નથી.

૧ આ સ્થળે નાટક કર્ત્તાએ, **સોક્રેટીસ** કાચી ઉમ્મરના મૂર્ખ છોકરાઓને ભોળવીને તેઓને કુતર્ક શિખવી તેઓની બુદ્ધિ બગાડે છે, ને તેઓને લુચ્ચા કરે છે, એવું સૂચવ્યું છે.

તો ત્યા ત્યાં એવી વાત બનાવી મૂકી છે કે, "તે હજારો અઘટિત ભાષણો કરે છે; સર્વ દેવો, અને તેમા પણ વિશેષે કરીને **જ્યૂપિટરને**[૧] લાખો ગાળો દે છે, મ્હોટા અભિમાની પુરૂષના જેવુ બોલે છે; સર્વ લોકોનો બેહદ ધિક્કાર કરે છે **ઈશ્વરે** કેટલીએક વસ્તુઓ માણુસથી ન સમજાય તેવી કરી મૂકી છે, તે જાણવાનો પ્રયત્ન કર્યાથી માણુસને પાપ લાગે છે, એવુ ન માનતા સ્વર્ગ લોકમા શુ થાય છે, અને પાતાળમા શુ થાય છે, એ વિષે એના વિચાર ચાલે છેજ, ગમે તેવો અન્યાયનો પક્ષ હશે, તો પણ હુ લેઇશિ તો તેનો જય થશે, એવી તેની ફિસિયારી ચાલીજ છે, અને તે એવી દુષ્ટ વાતો પોતાના મનમા ગુપ્ત ન રાખતા, બીજાને શિખવીને, **આથેન્સ** શેહેરના સર્વ છોકરાઓને બગાડે છે" એવી તે નાટકમા વાત હતી એ વાત પૂરી થયા પછી, કવિએ સર્વને હસવું આવે એવી તેની ખુબીદાર મશ્કરી કરી હતી. **આથેનિયન** લોકો જેવા શીઘ્ર બુદ્ધિવાળા અને રસિક સાભળનારા, અને તેમા પણ જેઓ, કોઇની મ્હડતી સ્વાભાવિક રીતે ખમી શકે નહિ તેવા લોકો, આ નાટક જોઇને, અને આ મશ્કરી સાભળીને ઘણાજ ખુશ થયા. એ કવનથી તેઓ એટલા તો મોહિત થઈ ગયા કે, એ ખેલ પૂરો થાય ત્યા સુધી પણ તેઓ ધીરજ રાખી શક્યા નહિ તેઓએ તરતજ એવું ઠરાવ્યુ કે 'પ્રહસન' રચનાર જેટલા કવિ છે તે સર્વની ઉપર **એરિસ્ટોફનીસ**નુ નામ લખવુ.

આજ, નાટકશાળામા પોતાનો વેષ આવનાર છે, એવું સાભળ્યા ઉપરથી તે દિવસે **સોક્રેટીસ, એરિસ્ટોફનીસ**નુ તે નાટક જોવા માટે નાટકશાળામા ગયો આ વાત તેના દસ્તુરથી ઉલટી હતી. કારણુ તે આવી મિજલસમા ઘણું કરીને જતો નહિ, અને જો

૧ ગ્રીક લોકોના દેવો માહેલા સર્વ કરતા વધારે મુખ્ય દેવને જ્યૂપિટર કહેતા. જેમ આપણા દેવતામા ઈંદ્ર છે તેમ.

જતો તો **યુરિપાઇડીસે** રચેલુ એકાદુ નવું કરૂણારસ પ્રધાન નાટક થવાનુ હોય તોજ માત્ર જતો એ, **યુરિપાઇડીસનો** પરમ પ્રિય મિત્ર હતો, અને તે પોતાનાં નાટકોમા નીતિની ઘણી ઉત્કૃષ્ટ વાતો લખતો, માટે એની તે ઘણી પ્રશસા કરતો એવુ છતા **યુરિપાઇ-ડીસે** રચેલુ નાટક, નાટકશાળામા થતું હતું તેવામા એક વેષ આવ્યો, ને તેના આરભમાજ અપશબ્દ બોલ્યો, તે **સોક્રેટીસથી** સહન ન થઈ શકાયાથી, પોતે ઉઠી ગયાને લીધે, પોતાના મિત્રના નાટકનો ઘાટ ચુ થાઈ જશે, ને તેની યોગ્યતા કમી થશે એનો કાઈજ વિચાર ન કરતા, તે નાટકશાળામાથી ચાલતો થયો, એટલો તે નીતિ માર્ગનો અભિમાની હતો તેને **આલ્કિબાઇડીસ** અને **ક્રિટિયસ** પરાણે તેડી ગયા હોય તો કોણ જાણે, નહિ તો તે આપ ખુશીથી 'પ્રહસનો' જોવા કદી જાય નહિ, કારણ કે પ્રહસનમા જે અતિશે ટકોળ બાજી હોય છે, તેનો તેને ભારે કટાળો આવતો સર્વ લોકોની સમક્ષ, ખરાબ ખેલાડીઓ એ તમાશામા શેહેરના લોકોની આબરૂ લે છે, એ તેનાથી જોઈ શકાતું નહિ હશે! તેની નિદાનુ નાટક જે દિવસે થવાનુ હતું તે દિવસે તે જાણી જોઇને ત્યા ગયો; ને નિરાતે આન-દથી જોતો બેઠો એ વખતે તેની એટલી બધી મશ્કરી થયા છતા તેણે જરાપણ ગુસ્સો ચઢાવ્યો નહિ અથવા કટાળો બતાવ્યો નહિ. ત્યાં કેટલાએક પરગામના લોકો ખેલ જોવા સારૂ આવ્યા હતા, તેઓએ ખેલમા વારવાર જે **સોક્રેટીસનો** વેષ આવતો, તે **સોક્રેટીસ** કયો? એમ પૂછ્યાથી, **સોક્રેટીસ** તેની બેઠક ઉપરથી ઉભો થઈ, "આ—હું **સોક્રેટીસ** અહીં છુ જુઓ!" એવું તેઓને કહીને ખેલ સપૂર્ણ થયો ત્યાં સુધી તે તેમનો તેમજ ઉભો રહ્યો. તેની પાસે જે બેઠા હતા, તેઓને તેની સહનશીલતા અને માન અપમાન વિષે સમદષ્ટિ જોઇને ઘણું આશ્ચર્ય લાગ્યું. એ ઉપરથી તેણે તેઓને કહ્યું;

"મ્હને એવું લાગે છે કે, હું આજ સર્વ લોકોને હસાવવાની મિજબાની આપુ છુ; અને તેથી કરીને જો સર્વ લોકોને આનદ લાગે છે તો આ સઘળી મશ્કરી ખમવી મ્હારે જરૂરની છે"

એરિસ્ટોફનીસ–સોક્રેટીસનો મિત્ર નહોતો ખરો, તોપણ તે, **સોક્રેટીસ**ના શત્રુઓએ કરેલા દુષ્ટ દગામા સામેલ થયો હતો, અથવા **સોક્રેટીસ**નો જીવ લેવાનો તેનો મનસુબો હતો, એવી કલ્પના કરવાને કાંઈ આધાર નથી વધારે સભવિત કારણ એવુ દેખાય છે કે, લોકો હમીને ગમ્મત મેળવે, એ માટે તે મુખ્ય મુખ્ય અમલદાર અને સેનાપતિ સુદ્ધાના પ્રહસનો રચી, તેઓના વેપ કહાડી તેઓની જે પ્રમાણે ટોળ કરતો, તેજ પ્રમાણે આ પડિતની પણ તેણે કરી હશે તેમ કરવાથી તેને માઠુ લાગવું જોઇએ તે લાગ્યુ નહિ એટલોજ તેનો વાંક. **સોક્રેટીસ**નો પ્રાણ લેવાનો વાસ્તવિક દોષ તેનો જેઓ છળ કરતા હતા તેને, તથા તેના શત્રુઓને શિર ચઢે છે એ ઘાતકી પુરૂષોએ **એરિસ્ટોફનીસ**ને નાટક રચવાને ઉશ્કેર્યાથી, તેની મસલત ઘણી લાબી નજર પહોચાડીને ઘણી તદબીરથી રચેલી હતી એવું કહેવુ પડે છે. તેની મતલબ એવી હતી કે, તમાશામાં હર કોઇનો વેષ લાવવો, એટલે તે જોઇને લોકો હસે એ માટે, ખેલ કરનાર એ માણસના દુર્ગુણ અને છિદ્રો કહાડે છે. એ છિદ્રો અને એ દુર્ગુણો જોયાથી લોકોના મનમા તેના વિષે તિરસ્કાર બુદ્ધિ ઉત્પન્ન થાય છે, અને તે તિરસ્કાર બુદ્ધિ ઉત્પન્ન થઈ, એટલે તેઓ તેની સાથે અન્યાય બુદ્ધિએ વર્ત્તવા માંડે છે. કારણ કે સૌ લોકોનો સ્વભાવજ એવો હોય છે કે, એકાદ જણ એકાદ વખત સૌના ફિટકારને લાયક થયો તો તેનુ તેઓ વારવાર અપમાન કરે છે; તેને ગાળો દે છે, અને વખતે દુઃખ પણ દેવાને ભૂલતા નથી.

સોક્રેટીસના શત્રુઓએ પેહેલવેહેલી તેની ઉપર આ રીતે આગ

વરસાવવા માંડી; અને તેમ કરતાં તેઓને આગળ ઉપર જે મ્હોટી તકરાર ઉઠાવવી હતી તેની પણ અટકળ એ ઉપરથી આવવા માંડી. તેઓની આ મસલત ઘણાં વર્ષ સુધી છાની રહી હતી તે આ નાટક થયા પછી સુમારે વીશ વર્ષે ખુલ્લી થઇ, તેટલા દિવસ સુધી બધ રહેવાનુ કારણ એ કે તે વેળા **આથેન્સ**ના સસ્થાન ઉપર મોટો ગજબ ગુજર્યો હતો એ હશે. **આથેનિયન** લોકોએ **સિસિલી** બેટ ઉપર સ્વારી કરી હતી તે સ્વારી અતે તેઓને એવી ફળી કે, **સ્પાર્ટા**[1] નામના સસ્થાનના સરદાર, **લૈસાંડરે આથેન્સ** શેહેરને ઘેરો ઘાલીને તે લીધુ, અને ત્યાના પ્રજાસત્તાક રાજ્યનો નાશ કરી નાખીને ત્યા તેણે "ત્રીશ જુલ્મી" અમલદારોની નિમણુંક કરી આ સર્વ બનાવો પેલાં વીશ વર્ષમાજ બન્યા છે એ અમલદારોને કહાડી મૂકયા પછી તરતજ **સોક્રેટીસ** ઉપર કામ ચાલ્યુ[2]

મિલિટસ નામનો કોઈ શખ્સ ફરિયાદી થયો, ને **સોક્રેટીસ**ના

---

૧ સ્પાર્ટા નામે **ગ્રીસ** દેશમા એક પ્રખ્યાત સસ્થાન હતુ એ સસ્થાન અને **આથેન્સ**ની વચ્ચે બહુ સ્પર્દ્ધા હતી

૨ વાસ્તવિક રીતે વીશ વર્ષ સુધી **સોક્રેટીસ**ના શત્રુઓ તેનો જીવ લેવાની મસલતમા હતા એ વાત ખરી લાગતી નથી કારણ કે તે મ્હોટો રાજ્યકારભારી માણસ નહોતો એ માટે તેનાથી, રાજ્યવ્યવસ્થા કરનારાને કાંઈ ભય હતુ એમ દેખાતુ નથી **સિસિલી**ની લડાઇમા **આથેનિયન** ગુંથાયા, એવું જે કારણ લખ્યુ છે, તે પણ વાજબી લાગતું નથી સબબ કે એ લડાઇ, **એરિસ્ટોફનીસ**નુ નાટક થયા પછી આગળ કેટલેક વર્ષે થઇ, અને તે ચાલુ છતા **સોક્રેટીસ**ને શિક્ષા કરવામા **આથેનિયન** લોકોને કાઇ ભય હતું, એમ પણ જણાતું નથી એ ઉપરથી જણાય છે કે, **સોક્રેટીસ** ઉપર એ સમયેજ ગજબ ગુજરવા માટે કાઇ વિશેષ હકીકત બની હશે, તેનો ખુલાસો તે સમયના ઇતિહાસ કર્તાઓએ કર્યો નથી, એવો **ગ્રોટ** સાહેબનો મત છે, અને તે મત સયુક્તિક દેખાય છે.

ઉપર કાયદા પ્રમાણે ફરિયાદી માંડી. ફરિયાદીમાં બે મુખ્ય મુદ્દા યાને તોહોમત હતાં. એક તો એ કે, "આ સંસ્થાનના લોકો જે દેવોને માને છે, તેઓને **સોક્રેટીસ** માનતો નથી, પણ નવા દેવોને માને છે." બીજું તોહોમત એ હતું કે, "તે નજરમાં આવે તેવી વાતો શિખવીને આ શેહેરનાં છોકરાંને બગાડે છે" આ બે ગુન્હા બદલ તેને જીવથી મારી નાખવાની સજા કરવી, એ વાજબી છે; એવું તે અરજીની છેવટ સૂચવીને તે બંધ કરી હતી.

લિવેનિયસે એક ગ્રંથ લખ્યો છે, તેને "એપોલોજી ઓફ **સોક્રેટીસ**" કહે છે. એમાં એવું લખ્યુ છે કે, **મિલિટસે** કાંઇ આધાર નહોતો તોપણ **સોક્રેટીસ** ઉપર જેવા તોહોમત મૂક્યા છે તેવાં કદી કોઇએ કોઈ ઉપર મૂક્યા નહિ હોય. **સોક્રેટીસે આથેન્સ** માંહેલાં છોકરાંઓને ઉપદેશ કરવાનુ કામ એક બે દિવસ નહિ, પણ ૪૦ વર્ષ સુધી એક સરખુ ચલાવ્યુ હતું. તે લોકોને પોતાના વિચાર ગુપ્ત રીતે ખુણે ખોચરે સમજાવતો નહિ, પણ હજારો લોકો સાંભળે તેમ ખુલ્લી રીતે કહેતો હતો. તે બીજાને ચાલવાનો નિયમ બતાવતો તે નિયમ પ્રમાણે ખુદ પોતે ચાલતો. એમ છતા **મિલિટસે** ચાલીશ વર્ષે ફરિયાદ કરી, તેનુ મૂળ કારણ શું હશે? લોકોનુ ભલુ કરવાની એટલી બધી કાળજી જો **મિલિટસમાં** હતી તો તે આટલા દિવસ સુધી ક્યાં સૂઈ ગઇ હતી? તે વખતેજ પેદા થઇ ને એટલી બધી કેમ વધી? **મિલિટસના** જેવો કાળજીવાળો યોગ્ય પુરૂષ તે શેહેરમાં છતાં, કોઇ માણસ તે શેહેરના છોકરાઓના મનમાં પ્રજાસત્તાક રાજ્ય વિષે તિરસ્કાર અને ત્રાસ ઉત્પન્ન કરીને, ફિતુર કરવા વિષે ઉત્તેજન આપનારી વાત શિખવીને તે સર્વેને બગાડતાં છતાં, તેવા અનર્થનો અટકાવ કરવા માટે કાંઈજ મહેનત ન કરતાં તેઓ છાના બેસી રહે, એ શુ તેઓને યોગ્ય હતું? જે માણસ શરીરમાં સામર્થ્ય છતાં

ઉપદ્રવ અટકાવતો નથી, તે માણુસ અને ઉપદ્રવ કરનાર માણુસ બંને એક સરખા ગુન્હેગાર થાય છે. હશે! ભૂલકણા સ્વભાવને અથવા ઉદાસીપણાને લીધે અથવા એકાદા મ્હોટા કામમા ગુથાયાથી કદાચ **મિલિટસને સોક્રેટીસ**ના ઉપર ફરિયાદ કરવાનુ સૂઝયુ નહિ હોય, પણ **આથેન્સ** સરખા શેહેરમા જ્યા મ્હોટા મ્હોટા ન્યાયાધીશ લોકો વસતા હતા, અને જે ન્યાયાધીશો રાત દિવસ લોકોના કલ્યાણને માટે કાળજી રાખતા હતા, તથા જ્યા મ્હોટા ધૈર્યવાન મુખી હતા, કે જેઓ સદાએ લોકોના દોષ ખોળી કહાડવા માટે તત્પર રહેતા; એવા શેહેરમા **સોક્રેટીસ** ઉપર **મિલિટસે** આ અવસરે જે અપરાધ મૂકયો તેવો સર્વ જનપ્રસિદ્ધ અપરાધ તેવા ન્યાયાધીશોની નજરે ન પડયો એ વાત ઘણીજ આશ્ચર્યકારક છે એ ઉપરથી તે અરજી કેવળ ખોટી બનાવટની હતી, ને તેમા સત્યનો છાંટોએ નહોતો એ ખુલ્લુ હતું.

અરજી થયા પછી **સોક્રેટીસ**ના શત્રુઓની ખટપટ પ્રસિદ્ધ થતાજ, **સોક્રેટીસ**ના મિત્રોએ તેનો બચાવ કરવાની તૈયારી કરી. **લિસિયસ** નામે એક પ્રખ્યાત દરબારમા બોલનારો હતો; તેના જેવો હુશિયાર વક્તા તે સમયે બીજો કોઈ નહોતો. તે પોતાની મેળે વિચાર કરીને એ અરજીની સામે એક ઘટતો રાદચો લખીને **સોક્રેટીસ**ની પાસે લઇ આવ્યો. એ રદિયામા તેણે **સોક્રેટીસ**ના પક્ષમા જે અનુકૂળ કારણો હતા, તે ખુલાસાથી લખ્યા હતા. તે આખા પત્રમા એવા કોમળ અને ચિત્તવેધક શબ્દો ગોઠવ્યા હતા, અને તેની શબ્દરચના એવી સુંદર હતી કે, એ પત્ર વાંચ્યો હોય તો જે કેવળ પાષાણ હૃદયી હોય તેને પણ દયા આવે.

સોક્રેટીસને એ પત્ર વચીને ઘણો સતોષ થયો; અને તેણે તેનાં ઘણા વખાણ કર્યા, પણ તેણે **લિસિયસ**ને કહ્યુ કે, આ પત્ર

અલંકાર શાસ્ત્રના નિયમોને અનુસરીને જેટલો છે તેટલો પંડિતની ધીરજ અને અભિપ્રાયને મળતો આવતો નથી; એથી એ મ્હારી શોભાને લાયક નથી એ શબ્દો સાભળીને **લિસિયસે** પૂછ્યુ કે આ પત્ર ઠીક લખાયો છે, અને તમારા ખપનો નથી એ બે પરસ્પર વિરૂદ્ધ વાત કેમ સભવે? **સોક્રેટીસે** પોતાના ધારા પ્રમાણે એક સાધારણ દાખલો આપીને તેના પ્રશ્નનો એવો ઉત્તર આપ્યો કે, ભાઈ! કોઈ ઉત્તમ કારીગર એક સુદર પોશાક, અથવા કસબથી ભરેલો–પોશાક અથવા જોડા મ્હારા સરખા ગરીબ પાસે લાવે તો તે પોશાક અથવા જોડા (તેમા કાંઇ ખોડ ન હોય તોપણ) મ્હારા ઉપયોગમા આવી શકે નહિ.

આથેન્સનુ રાજ્ય પ્રજાસત્તાક હતું માટે જેની તરફ વધારે લોકોનો મત હોય તે પક્ષ ખરો ઠરતો એથી કાંઇ વાધો ઉઠતો તો, વાદી અને પ્રતિવાદી પોતપોતાની તરફથી દાવાનો તોડ કહાડવા માટે પ્રતિષ્ઠિત લોકોને ઘેર ઘેર સમતિ માગવા સારૂ ધક્કા ખાતા હતા. **સોક્રેટીસે** એવો નિશ્ચય કર્યો હતો કે, આપણે હલકાઈ અને દીનતાથી સમતિની ભીખ માગવી નહિ, તેનો આ નિશ્ચય ડગ્યો નહિ તેમજ કેટલાએક લોકો વાદવિવાદમા પ્રૌઢ અને ગૂઢ ભાષણ કરીને ન્યાયાધીશને આજી દેઇને મોહ પમાડતા; તથા બાઇડી છોકરાંને સભા વચ્ચે લાવીને તેનાં રડવાથી અને દીન મુદ્રાથી તપાસ કરનારાને પોતાના વિષે દયા ઉત્પન્ન કરાવતા, **સોક્રેટીસે** તેમ પણ કર્યુ નહિ. અને એવી તરેહનો બીજો કોઈ પણ પ્રપંચ કર્યો નહિ. આ ઉપરથી એ તો કહેવાની જરૂરજ શી છે કે તે કોઇને પગે પડયો નહિ અથવા કોઇની ખુશામત કરી નહિ. પોતાની ઉપરનો દોષ ઉડાવી દેવા માટે પોતા શિવાય બીજાને બોલવા દેવું નહિ, તથા ન્યાયાધીશની સમક્ષ અર્જદારની માફક દીન મુદ્રાથી ઊભુ ન રહેવું એવો તેણે દૃઢ નિશ્ચય

કર્યો અને તે પ્રમાણે વર્ત્યો. તેણે આ પ્રમાણે ગર્વથી કે ન્યાય સભાનો તિરસ્કાર કરીને કર્યું નહોતું, પણ એમ કરવાનુ કારણ એજ કે, પોતાનો પક્ષ ખરો છે, ને પોતે કેવળ નિર્દોષ છે, એવુ તેને તેનું અંત:કરણ કહેતું હતું; એથી તે નિર્ભય હતો. તેણે જે ઉત્તર આપ્યો તેમા બ્હીકણપણું કે ગભરાટ એ બીલકુલ નહોતા. તેનુ ભાષણ પંડિતના જેવું નિસ્પૃહ, સ્પષ્ટ અને જોસભર હતું, તેમાં સત્યતા એજ અલંકાર હતો, એ સિવાય પ્રૌઢ રચના લાવીને તેણે શોભા આણી નહોતી. તે બોલવામાં ગડબડી ગયો નહિ, પણ તેના બોલવા ઉપરથી એવુ જણાયુ કે તે કેવળ નિરપરાધી છે.

સોક્રેટીસની તપાસ વેળાએ **પ્લેટો** ત્યા હતો. તેણે તેનુ આખું ભાષણ ઉતારી લીધુ છે, અને તેણે તેમાં પોતીકી ગાઠનુ કાંઇજ ન ઉમેરતાં તેનો એક ગ્રંથ બનાવ્યો છે, તેને 'એપોલોજી ઓફ **સોક્રેટીસ**' કહે છે. પ્રાચીન કાળના જે જે ઉત્કૃષ્ટ ગ્રંથો છે તે ગ્રંથોમાં આ ગ્રંથ પણ ગણાય છે. એ ગ્રંથમાંથી અમે થોડોક સારાંશ નીચે લખીએ છઇએ:—

"ઠરાવેલે દિવસે કાયદા પ્રમાણે મુકદ્દમો ચાલવા માંડયો. પક્ષકારો ન્યાયાધીશની પાસે આવ્યા પછી **મિલિટસે** પ્રથમ બોલવા માંડયું. તેનો પક્ષ જેટલો ખરાબ હતો તેટલોજ લૂલા પાયા પર રચેલો હતો તેથી તેને તેનુ દુર્બળપણું ઢાકવા માટે તેના પ્રમાણમા પ્રપંચ કરવો પડયો જે જે યોગ વડે પ્રતિવાદી ઉપર લોકોનો દ્વેષ થવાનો સંભવ હતો તે તે તેણે કર્યા. તે તેના પક્ષને જો સાધક યુક્તિયો કહેવા માંડત તો તે જરૂર પાછો પડત; પણ તે ન કહેતાં તે મ્હોટા મ્હોટા પ્રૌઢ અને સુંદર શબ્દોથી પોકલ પાંડિત્ય કરવા લાગ્યો. **સોક્રેટીસના** ઉપર તોહમત મૂકનારાઓ એક શબ્દ સુદ્ધાં ખરો બોલ્યા નથી; પણ

તેઓએ શબ્દચાતુર્યથી સત્યતાનો એવો ડોળ આણ્યો હતો કે, **સોક્રેટીસે** પંડે એવુ કબુલ કર્યું હતુ કે, **મિલિટસ** વગેરેનુ બોલવુ સાભળીને ન્યાયાધીશના મનમાં શુ આવ્યુ હશે તે તો હુ કહી શકતો નથી, પણ હું મ્હારી વાત કહું છુ કે, હું તો એટલો દીંગ થઇ ગયો કે મ્હારૂ દેહભાન ભૂલી ગયો."

અમે ઉપર લખ્યું છે કે, **સોક્રેટીસ** ઉપર જે ફરિયાદ થઇ હતી તેમાં બે તોહમત હતાં. પેહેલુ ધર્મ સબધી હતુ, તે એ કે, **સોક્રેટીસ** પાપદાયક જીજ્ઞાસા[1] મનમાં રાખીને સ્વર્ગ તથા પાતાળમાં શુ બને છે તેની નકામી શોધ કરે છે; તથા આખા **ગ્રીસ** દેશ માંહેલા લોકો જે દેવને માને છે તેને તે માનતો નથી, અને નવા દેવ સ્થાપવા વિષે પ્રયત્ન કરે છે; અને તે એવુ કહે છે કે, જે જે

---

૧ સૃષ્ટિના ક્રમમા માણુસથી ન સમજાય તેવી અસંખ્ય વાતો છે તે સમજવા માટે સર્વ દેશોમા સદાકાળ બુદ્ધિવાન અને વિદ્વાન પુરૂષો યત્ન ચલાવે છેજ આ વાતનુ જેને જ્ઞાન થયુ હોય છે તેનેજ વિદ્વાન કહે છે એ જ્ઞાન જેમ જેમ વધતુ જાય છે તેમ તેમ પુરાતન કેટલીક સમજણો ખોટી પડતી જાય છે એ કારણથી જૂના વિચારના લોકો તેમજ અજ્ઞાની લોકો વિદ્વાનો દ્વેષ કરે છે. ઘણા લોકોનો એવો મત હતો કે, સૃષ્ટિમાહેલી કેટલીક વાતો માણસોએ જાણવી નહિ એવી દેવની ઈચ્છા છે, અને એ માટેજ એ વાતો માણસથી ન સમજી શકાય તેવી તેણે કરી રાખી છે એ વાતો થવી કિંવા ન થવી, એ દેવે બિલકુલ પોતાની સત્તામા રાખ્યું છે એ માટે તે જાણવા વિષે યત્ન કરવો, અને તે વિષે ભવિષ્યમા થનારી વાતો કરવી, એ કેવળ ગુપ્ત વાત જાણવા માટે યત્ન કરવા સરખું છે. અને એ યત્ન દેવને માન્ય ન હોવાથી એ પ્રમાણે કરવું તે પાપ છે. એવી ગ્રીક લોકોની સમજણ હતી. વધારે તો શુ પણ એ પ્રમાણે સોક્રેટીસ સુદ્ધાનો એવો વિચાર હતો, એવું ઝેનોફનના લખાણ ઉપરથી સાફ જણાઇ આવે છે. એ માટે સોક્રેટીસ ઉપરનું એ તોહમત પણ તદ્દન જુદું હતું.

કૃત્ય હું કરૂં છુ, તે તે કરવામા એક અપ્રસિદ્ધ દેવ મ્હારા મનમાં સચાર કરે છે, અને સારી સારી વાતો કહે છે. સારાશ દેવ સમૂળગા છેજ નહિ, એવું એ બોલે છે.

બીજું તોહમત, સંસ્થાની સત્તા અને અમલ વિષે હતું, તે એ રીતે કે **સોક્રેટીસ,** દેવ વિષે નજરમા આવે તેવી વાતો છોકરાના મગજમા ઉતારે છે આ સસ્થાને રાજ્યની જે વ્યવસ્થા કરી છે, તે સસ્થાનના કાયદાઓ નુકશાનકારક છે, એવું તેઓને શિખવે છે. ચિઠ્ઠીઓ નાખીને જેના નામની ચિઠ્ઠીઓ નિકળે તેને ન્યાયાધીશ ઠરાવવાની આ સસ્થાનની રીત છે, તે મૂર્ખાઇ ભરેલી છે; એવુ તે ઉઘાડુ બોલે છે તે પોતે જે સભામા જતો નથી તે સભાની તે નિદા કરે છે જો કોઇનો પક્ષ નિર્બળ હોય તો તે સબળ કરી બતાવવાની યુક્તિ શિખવે છે. વિદ્યા શિખવવાનુ બહાનુ કરીને, પોતાની ભારે પ્રતિષ્ટા થાય એ ઇરાદાથી, છોકરાઓ તેને હમેશા વળગી રહે એવુ તે કરે છે, તથા તમે તમારા માબાપની અવજ્ઞા કરી, તેઓને મારો, કુટો, એથી તમને કાંઈ શિક્ષા થવાની નથી, એવું તેઓને સિદ્ધ કરી આપે છે એવા દુષ્ટ ઉપાયથી તે, **આથેન્સ** શેહેરના સઘળા છોકરાઓને બગાડી નાખે છે એથી **સંસ્થાન**ને ઘણુ નુકસાન થશે. '**સોક્રેટીસ**ના સરખો જ્ઞાતા સર્વ ભૂમડળમા નથી' એવો કોલ '**ડેલ્ફી**'ના દેવે આપ્યો, એવો ઢોગ ઉભો કરી, તે–એ કોલ ઉપર બેહદ ફુલાઈ ગયો છે સસ્થાન માહેલી અવ્યવસ્થા કહાડી નાખીને સરળતા ઉપર લાવવાનો તથા અહીંના સર્વ લોકોના દોષ ખુલ્લા પાડીને, તેઓને સારે માર્ગે લાવવાનો, ખાલી અધિકાર પોતાની ગર્દનપર લઇને બાકી બધા લોકોને તે મૂર્ખ કહે છે; અને તેઓનાં આચરણને અને રીતભાતને કાંઈ ન ગણકારતાં દોષ દે છે. હવે તે એટલુ ડોળ ઘાલે છે ખરો, પણ તેના ઉપદેશથી

છોકરાઓ કેવા તૈયાર થાય છે એ જોવુ હોય તો **ક્રિટીયસ*** અને **આલ્કિબાઈડીસ,** એ તેના જીવજાન દોસ્ત છે, તેઓની વૃત્તિ જોવી; એટલે સાફ ધ્યાનમા આવશે. એ બન્ને જણાએ ભારે ખરાબી કરી છે. અને એમના જેવા નઠારા પુરૂષો આખા શેહેરમા બીજા કોઈ નહિ હોય, અને **સોક્રેટીસ**ના જેવો દુરાચારી તો આખા જગતમા કોઈ નિકળનાર નથી.

આ પ્રમાણે ફરિયાદ કરીને **મિલિટસે** છેવટે, ન્યાયાધીશોને એવી અરજ કરી કે, 'સાહેબ, **સોક્રેટીસ** શબ્દચાતુર્યથી આપને મોહિત કરી દેશે, માટે આપે ઘણુ સાવધ રહેવુ, અને તે આપને ભૂલાવામા નાખવા સારૂ, મધુર મધુર મોહ પમાડે તેવુ ભાષણ કરશે; માટે આપે તેનુ બોલવુ ઘણુકરીને ખરૂં માનવું નહિ.'

સોક્રેટીસે ન્યાયાધીશોને એવું કહ્યુ કે હર કોઈની સાથે ભાષણ કરતા, હુ જે પ્રમાણે બોલુ છુ તેજ પ્રમાણે હુ તમારી પાસે પણ બોલીશ મ્હારા બોલવામા બિલકુલ સાદા શબ્દો આવશે, સ્તુતિ વગેરે કાંઈ આવનાર નથી. એ પ્રમાણે પ્રથમ કહી સભળાવીને પાછળથી તેણે અરજીમાં જણાવેલાં તોહમતોનો કલમવાર જવાબ આપવા માડયો. તે જવાબ આ પ્રમાણેઃ—

જેઓને પોતાને ઘેર તથા દેવળમા, સસ્થાનના રિવાજ મુજબ દેવોને બળિદાન આપતાં ઘણા લોકો હમેશા જુએ છે, તે સસ્થાનના લોકોના દેવોને હુ માનતો નથી, એવું કહે છે તેની સાબેતી શી? અહો! મને અમુક દેવ સલાહ આપે છે, એવી હુ લોકોમા ગપ ચલાવું છુ. એવો જે મ્હારા ઉપર અપરાધ મૂક્યો છે, અને હુ નવા

---

* એ પુરૂષ, **લૈસાંડરે** ૩૦ 'જુલમી અમલદાર' ઠરાવ્યા હતા તેમાંનો એ પણ એક હતો. 'ગ્રોટ હિસ્ટરી ઓફ ગ્રીસ' પુ. ૮ પૃ. ૨૭

દેવ સ્થાપું છુ એવું જે અનુમાન કર્યું છે; તે પ્રમાણે હુ દેવને માનું છું કે નહિ એવી શુ શકા પણ લેઈ શકાય છે? અરે જે લોકો શકુન-વિદ્યા ઉપર વિશ્વાસ રાખીને ઉડનારાં પક્ષી તથા હવનને માટે મારેલા પશુઓના આંતરડાં, તથા ઓચિતા કોઈના મ્હોમાથી જે શબ્દ નીકળે છે, તથા જે પદાર્થ દૃષ્ટિએ પડે છે,[1] તે શબ્દ અને તે પદાર્થ વગેરે ઉપરથી તથા દેવે મનુષ્યને ભવિષ્યમા થનારી વાતનુ જ્ઞાન થવા માટે જે જૂદા જૂદા ઉપાયો આપ્યા છે તે ઉપરથી ભવિષ્ય કહે છે, તેઓનાથી મે કાંઈ શુકન જોવાની જુદી રીત કહાડી નથી. **મિલિટસ** મ્હારા ઉપર દોષ મૂકતી વખત એવું બોલ્યો કે **સોક્રેટીસ,** 'ડેમન' એટલે ઉપદેવ, જે દેવોના છોકરા હોય છે તેને માને છે ત્યારે તેના આ બોલવા ઉપરથીજ સાફ સિદ્ધ થાય છે કે, નવા કે જૂના દેવ, પછી ગમે તેવા દેવને હુ માનુ છુ અને એ ઉપરથી "હું બિલકુલ કોઈ દેવને માનતો નથી" એ સભવતું નથી 'સૃષ્ટિની જે વાતનો વિચાર કર્યાથી પાપ લાગે છે, તે વાતનો એ વિચાર કરે છે.' એવો દોષ મ્હારા પર મૂકે છે, તો તે વિષે મ્હારો ઉત્તર એવો છે કે, સૃષ્ટ વસ્તુઓનો જેમાં વિચાર છે એવુ જે સિદ્ધ પદાર્થ વિજ્ઞાનશાસ્ત્ર, તેનો અભ્યાસ જેઓ સર્વ કાળ પર્યંત કરે છે, તેની હું નિદા કરતો નથી, અથવા તેઓ જે કરે છે, તેઓ ખરાબ કરે છે, તેવો હું તેને દોષ દેતો નથી ખરો, તોપણુ હુ પોતે તો બધો વિચાર છોડી દેઇને, સદાચરણુ શુ અને દુરાચરણુ શુ? અમલ કેમ કરવો? ઈત્યાદિ વિષય ઉપર વિચાર કરૂં છું. એ વિષયનુ જ્ઞાન બાકી બધા જ્ઞાન કરતા ઘણું ઉપયોગી છે. હું જો કાંઈ ખોટું બોલ્યો હોઉં તો, મ્હારા સાભળનારામાંથી કોઇએ બહાર પડીને મને મ્હારૂં જુઠાણું કહી આપવું.

હે **આથેન્સ** વાસીઓ! દેવ વિષે અને રાજ્ય કરવાના નિ-

---

[1] આ છેવટની રીત પ્રમાણે શકુન જોવાનો દસ્તુર આ દેશમા પ્રસિદ્ધ છે.

યમ વિષે; ભારે અનર્થકારક સિદ્ધાત મનમાં ઉતારી દેઇને, એ, છોકરાઓને બગાડે છે, એવું વાદી મ્હારા ઉપર તોહમત મૂકે છે, તો તમને સર્વને ખબર છેજ કે, છોકરાઓને ભણાવીને પેટ ભરવાનો ઉદ્યમ મેં કર્યો નથી; અને કોઇ ગમે તેવો મ્હારો વેરી હોય તેનાથી પણ—ફલાણી વખતે ફલાણા શખ્સને ઉપદેશ કરીને તેની પાસેથી પૈસા લીધા એવો—મ્હારા પર દોષ મૂકી શકાનાર નથી, એ વિષે મ્હારી પાસે મજબૂત પુરાવો છે; તે પુરાવો એજ કે હુ ચિથરે હાલ છુ; ને મે શિખવીને પૈસા લેવા માંડયા હોત તો હું આજ તાજો હોત. પોતે સદાચરણી થવાની ઇચ્છાથી—જે કોઈ મ્હારી પાસે આવે છે, તે ચાહે તો ગરીબ હોય કે તાલેવત હોય—તોપણ તે બેઉને મ્હારો મત સમજાવી તેઓને સુજ્ઞ કરવા વિષે મને એક સરખી હોશ છે. તાલેવત મને વધારે પ્રિય છે ને ગરીબ ઓછો છે, એમ નથી હુ તેઓને પ્રશ્ન પૂછવામા, અને મ્હારા પ્રશ્નોના ઉત્તર આપવામા જોઇએ તેટલો વખત ખોઉં છું, કદી ઉતાવળ કરતો નથી મ્હારા જે શ્રોતા છે, તેમાંનો જો કદાચ કોઈ સદાચરણી કે દુરાચરણી નિવડયો તો પહેલાના સદાચરણ તથા બીજાના દુરાચરણનો બદ્દો મ્હારાપર આવવો ન જોઈએ કારણ કે હુ તેનાપર કોઈ પણ વાત કરવાને જબરદસ્તી વાપરતો નથી. તેના મનને જે પસદ આવે છે, તે તેઓ કરે છે. મ્હારો બધો ઉદ્યોગ એટલોજ કે, હું ન્હાના છોકરા અને ઉમ્મરે પહોચેલાં માણસો, એ સર્વને સદાકાળ એવું કહુ છુ કે, ભાઈઓ ! શરીર સંપત્તિ, અને એના જેવા બીજા જે જે અશાશ્વત પદાર્થો છે, તે ઉપર ઘણી મમતા રાખવી નહિ. પણ પોતાના આત્મા વિષે મુખ્યત્વે કરીને કાળજી રાખો. મુખ્યત્વે કરીને તેજ તમારી પ્રીતિને પાત્ર થવાને યોગ્ય છે; અને તેઓને હું રાત્રિ દિવસ એવો આગ્રહ કરૂં છું કે, સંપત્તિથી ભલાઈ આવતી નથી, પણ એથી ઉલટું ભલાઇથી

સપત્તિ મળે છે; અને આ માનવ સસારમા સર્વ ઘર ખટલાના અથવા બહારના સુખનુ મૂળ એક સદાચરણ છે, એ શિવાય બીજું કાંઈ નથી.

આ પ્રમાણે છોકરાઓને શિખવવું એ જો તેને બગાડવું કહેવાય છે તો, ન્યાયાધીશ સાહેબો હું ગુન્હેગાર અને સજા ભોગવવાને લાયક છુ, એવુ હુ મ્હારે મ્હોએ કબુલ કરૂ છુ હુ બોલુ છું તે જો ખોટું હોય તો મ્હારા ઉપર લુચ્ચાઇનો વાક સાબિત કરવો ઘણો સેહેલો છે. આ સભામા મ્હારા ઘણા શ્રોતાઓ છે તેઓએ આગળ પડીને તેમ કહેવુ, એટલે થયુ, તેઓને મે મોહિત કર્યાથી, અથવા તેઓની મ્હારાપર પ્રીતિ હોવાથી તેઓ કદાચ મ્હારા વિરૂદ્ધ બોલશે નહિ. વારૂ તેઓ નહિ બોલે તો તેઓના ભાઈ, બાપ, કાકા, એઓ, ધર્માભિમાનથી અથવા સબધને માટે, અને પોતે જે શેહેરમા રહે છે તે શેહેરનુ આપણે ભલુ કરવુ, એવો સર્વનો ધર્મ છે, તે ધર્મ વડે બહાર પડીને પોતાના પુત્રોને, ભાઇઓને અને ભત્રીજાઓને બગાડનાર ઉપર ફરિયાદ કરીને તેને સજા કરાવવી જરૂરી છે, તથાપિ તેઓ તેમ કરતા નથી, પણ એથી ઉલટા તેઓ મ્હારા પક્ષનો જય થાય એ વિષે ઘણી ફિકર રાખે છે.

સાહેબ! આપની મરજીમા આવે તે હુકમ આપે મને કરવો, હું તો મ્હારી ચાલને માટે કદી પસ્તાવો કરનાર નથી, અથવા તેમાં ફેરફાર સુદ્ધા કરનાર નથી. દેવે સાક્ષાત્ મ્હારા માથા ઉપર જે કામ નાખ્યુ છે, તે મ્હારાથી છોડાતું નથી; અને બંધ પણ પાડી શકાતું નથી તેણે મ્હારા શેહેરી ભાઇઓને ઉપદેશ આપવાનુ કામ મ્હારા હાથમાં સોપ્યુ છે, તે મ્હારે અવશ્ય કરવું જોઇએ. **પોટિડીયા,**[1]

---

[1] આ ત્રણ ગામોમા જે લડાઇ થઇ તેમા **આથેન્સ** સસ્થાનના ધારા પ્રમાણે **સોક્રેટીસ** લડવા ગયો હતો.

આમ્ફિપોલીસ, અને **ડેલિયમ,** એ ગામોમા લશ્કર હતું, તેવામાં આપણા સેનાપતિએ જે થાણા મને ઠરાવી આપ્યા હતા, તે મેં ઈમાન અને ઈતબારથી જાળવી રાખ્યા હતા, તે છોડીને ચાલ્યો ગયો નહોતો અને ' તું વિદ્યાભ્યાસમા જન્મ ગાળીને પોતાને અને બીજાઓને જ્ઞાની કર ' એવી **ઈશ્વરે** મને સાક્ષાત્ આજ્ઞા કરીને ઉપદેશ કરવાની જે જગ્યા સોપી છે, તે જો હુ આજ મરણના ભયથી છોડી દઉ તો એ મ્હારો અપરાધ થશે. અને તેથી કરીને દેવોને ન માનવાનો, અને તેની નિંદા કરવાનો દોષ મ્હારા પર આવીને દેવાજ્ઞા ભંગ કરવાના અપરાધ માટે આ સભાનુ તેડુ આવવાને વાસ્તવિક રીતે હુ યોગ્ય થઈશ. અત પર મ્હારે મુગા રહેવુ, કોઇને કાઇ શિખવવુ નહિ. એવી કબુલાત કરાવી લેઇને મને આ ખટલામાથી છોડવાનો તમારો વિચાર હોય તો તેનો ઉત્તર હુ હમણાજ તમને આપુ છુ, સાભળો ' હુ તમો **આથેન્સના** લોકોને મ્હોટા ગણુ છુ અને તમારી ઉપર પ્રીતિ રાખુ છુ ખરો, પણ તમારા કરતા **દેવની** આજ્ઞા મ્હારે વધારે પાળવી જોઇએ; માટે જ્યા સુધી આ દેહમા જીવ છે ત્યાસુધી હુ તમને ઉપદેશ આપવાનુ કદી છોડી દેનાર નથી, અથવા તમારામાનો કોઇ મને મળ્યો તો મ્હારા સપ્રદાય પ્રમાણે તેના ભવિષ્યનો હિતવાદ કર્યા શિવાય, અથવા દોષ દેખાય તો તેને ઠપકો આપ્યા શિવાય કદી રહેનાર નથી; એ ખુબ સમજજો. તે હિતવાદ એવો કે, હે મ્હારા મિત્રો, આખા જગતમા શાણપણા વિષે અત્યત વિખ્યાત જે આ, **આથેન્સ** શેહેર–તેના તમે રહેવાશી છતા, પૈસા એકઠા કરવા, તથા આબરૂ અને મ્હોટી મ્હોટી પદ્દીઓ મેળવવી, એ શિવાય તમારા મનમા બીજો કાઈ વિચાર આવતો નથી, શાણપણું, વિવેક, અને વિદ્યાની પ્રાપ્તિ તરફ તમે કાઇ ધ્યાન આપતા નથી, તથા તમારા આત્માને વિષે જેટલી પૂર્ણતા અને ભલાઇ આવવાની યોગ્યતા છે,

તેટલી પૂર્ણતા અને તેટલી ભલાઈ, તેનામા આણવા વિષે તમે કાંઇજ શ્રમ કરતા નથી, એની શુ તમને કાંઈજ શરમ લાગતી નથી ?

'એ **સોક્રેટીસ,** દરેક જણને બહાર બુદ્ધિવાદ દેવા વિષે એટલી મેહેનત– લેતા છતાં ન્યાયાધીશની સભા આગળ આવીને સ્વદેશ કલ્યાણના વિચારમા બુદ્ધિવાદ કહેવા માટે હમેશા આનાકાની કરે છે, એ ઉપરથી તે ઘણો બ્હીકણ છે,' એવો દોષ વાદીએ મ્હારા ઉપર મૂકયો છે તમો–**આથેન્સ**વાસીઓ–સાથે, હું ઘણી વેળા શત્રુઓ સામે લડાઈ કરવા માટે ગયો છુ અને જ્યારે હુ અગાઉ મુખ્ય ન્યાયાધીશ થયો હતો, તે વેળા **આર્ગીન્યુસી** નામના બેટ પાસે સમુદ્રમાં થએલી લડાઇમા મરણ પામેલા તથા સમુદ્રમા ડુબી મુએલાના મુડદાઓ ઉપડાવી લાવીને દટાવ્યા નહિ, એ માટે તમે લશ્કરના સરદાર ઉપર તોહમત મૂકી, તેને મારી નાખવાનો યત્ન કરતા હતા, તોપણ એ યત્ન કરવો એ આ સસ્થાનના કાયદાથી ઉલટુ છે, એવો – અભિપ્રાય મે સર્વની વિરૂદ્ધ આપ્યો હતો. અને તે સમયે સર્વ લોકોની વિરૂદ્ધ જે બોલશે તેનો જીવ જશે, એવી બ્હીક હતી; પણ એ બ્હીક મે ગણકારી નાહ એ ઉપરથી મને લાગે છે કે, મ્હારા અંગનુ શૂરાતન અને હિમત, એ મે તમને પૂરી રીતે બતાવ્યા છે. અને **લૈસાંડરે,*** આપણા શેહેરમા જે 'ત્રીસ જુલમી અમલદારો'

– પ્રજાસત્તાક સસ્થાનમા પોતાને બુદ્ધિવાન તથા ડાહ્યામા ગણાવતા લોકો હોય છે, તેઓ ઘણું કરીને સરકારી ખાતામા ઘુસે છે, તે પ્રમાણે **સોક્રેટીસે** ન કર્યું તેથી તેના શત્રુઓએ તેજ વાત લુચ્ચાઈથી તેની વિરૂદ્ધ લગાડીને બતાવી છે

* એ **સ્પાર્ટન** લોકોનો મુખ્ય સેનાપતિ હતો. **સ્પાર્ટાના** લોકો તથા **આથેન્સના** લોકની વચ્ચે લડાઇ ચાલતા **લૈસાંડરે, આથેન્સના** લોકોનો પરાજય કરીને, તેઓની મુખ્ય રાજધાની **આથેન્સ** શેહેર તાબે કરીને

ઠરાવ્યા હતા, તે અમલદારો દુષ્ટપણાથી જુલમી હુકમ ફરમાવતા, તે હુકમની સામે, એક વાર નહિ પણ ઘણી વાર હુ થયો છુ, એ ઉપરથી હુ બ્હીકણ છુ કે કેમ ? એ વિષે સૌના મનની ખાત્રી થઈ હશેજ. હવે એવુ છતાં તમારી સભામા આવવાને મને શા માટે અટકાવ થયો હશે વારૂ ? મ્હને મ્હારા **ડેમને** અટકાવ કર્યો જે **ડેમન** વિષે મને બોલતા તમે ઘણાએ સાંભળ્યો છે, જે **ડેમનની મિલિટસે** ઘણી મશ્કરી કરી છે. એ **ડેમન,** જ્યારે હુ ન્હાનો હતો ત્યારથી મારી ઉપર કૃપા રાખે છે. કોઇ વાત કરવા વિષે હુ નિશ્ચય કરૂં, અને તે વાત જો ખરાબ હોય તો મ્હારા મનમા પ્રેરણા કરીને ' તે વાત તું કરીશ માં ' એવુ તે મ્હને કહે છે, એજ **ડેમને,** સરકારી કામમા મને હાથ ઘાલવાનુ મન થયા છતાં મ્હારો વિચાર ફેરવી નાખ્યો છે. એને ઘણી સબળ યુક્તિ આવડે છે, કારણ કે હુ જો તમારી રાજ્યપ્રકરણી મસલતમા દાખલ થાઉ તો મ્હારા હાથથી મ્હારૂં અને મ્હારા દેશનુ કાંઈ કલ્યાણ સિદ્ધ ન થતાં, હુ ઘણા વર્ષ પહેલા ક્યારનો અમસ્થો મરી ગયો હોત. ન્યાયાધીશ મ્હારાજ ! મ્હારા મનની આ ખરેખરી વાત કાઇ પડદો ન રાખતાં હું આપની પાસે બેદરકારપણાથી બોલ્યો, એ માટે કૃપા કરીને મનમા માઠું લગાડશો મા. આપણામાં અથવા બીજે કઇ પણ જે માણુસ બેદરકાર સ્વભાવને લીધે સર્વ લોકોના મનથી આડો ઠરશે, પોતાના અમલમાહેના શેહેરમા કદી અન્યાયનુ કામ થવા દેશે નહિ, તથા કાયદા કદી ડુબવા દેશે નહિ, એવા ઠરાવથી રાત દિવસ પોતાનુ કામ ચલાવશે, તેને જલદીથી ઘણુ નુકશાન થશે, એમા સદેહ નથી. માટે ન્યાયની તરફદારી કરનાર જે માણુસ હોય તેને પોતાના જીવ-

---

ત્યાંના પ્રજાસત્તાક રાજ્યોનો નાશ કરી નાખીને અલ્પ જનાધિપત્ય (Oliga-rchy) રાજ્ય સ્થાપ્યું હતુ

વાની યત્કિંચિત્ પણ આશા હોય તો તેણે સરકારી કામમા પડવું કદી ઉપયોગી નથી.

આથેન્સ વાસીઓ ! હાલ મ્હારા ઉપર જે ગજબ ગુજર્યો છે, એ થકી પણ ઓછા સંકટમા હોઇને કેટલાએક લોક ન્યાયાધીશોને પગે પડીને તેના કાલાવાલા કરે છે, તથા તેઓને પોતાની દયા આવે માટે સભામા પોતાના બાયડી છોકરા લાવે છે, તેવુ મેં કર્યું નથી, પણ એ પ્રમાણે ન કરવાનુ કારણ ગર્વ કે હઠ, અથવા તમારા વિષે તિરસ્કાર બુદ્ધિ છે, એવુ બિલકુલ સમજશો મા પણ તમારા આ સંસ્થાનની મ્હોટાઈ રાખવા માટે મે તેવું કર્યુ નથી તમને ખબર છેજ કે, આપણા આ શેહેરમા એવા પણ કેટલાએક પુરૂષો છે કે જેઓ મરણ એ અનિષ્ટ વાત છે એવુ માનતા નથી, તો જે પુરૂષ, અપ્રમાણિકપણુ અને અપકીર્તિ, એને મરણ એવી સંજ્ઞા લગાડે છે; તેમજ મરણ એ કેવો તુચ્છ પદાર્થ છે, અને તેનાથી શાણાઓએ બ્હીવુ નહિ, એ વિષે નાના પ્રકારની વાતો આજ સુધી કહીને આજ, આખર અવસ્થાએ–ખરી ખોટી ગમે તેવી જે કાંઈ મ્હારી લોકોમા કીર્તિ થઈ છે, તે છતા જો આજ મરણના ભયથી ડરીને હુ ગમે તેમ કરૂ, અને તેથી કરીને આજ સુધી મે તે પ્રમાણે વર્ત્તીને જે આચરણોના નિયમ તથા જે વાત લોકોને શિખવી, તે સઘળા નિયમો ઉપર અને તે વાત ઉપર, હુ પડે ઉલટો ચાલીને, પાણી ફેરવું એ કામ શુ મને યોગ્ય છે? છી ! છી. !! એ વાત હું કદી કરનાર નથી

હશે, હવે મ્હારી આબરૂની વાત એક તરફ રહેવા દ્યો. હું મરણની બ્હીકથી તમારા કાલાવાલા કરૂં તો તેથી મને બટ્ટો લાગશેજ લાગશે, એમાં કાંઈ સંદેહ નથી. પણ બીજી વાત મને એવી લાગે છે કે, વાદીએ કે પ્રતિવાદીએ ન્યાયાધીશની ખુશામત કરીને,

તથા તેઓને હાથે પગે લાગીને ગુનાહમાથી બચી જવું, એ વાજબી કામ નથી. વાજબી કહીએ તો તેણે પોતાનો અપરાધ, ન્યાયાધીશના મનમા બરાબર ઉતારી દઇને, તે અપરાધની સત્યતા વિષે તેની ખાત્રી કરવી. ન્યાયાધીશો જે ન્યાયાસનપર બેસે છે, તે કાયદા ઉધાવાળી, લોકો પર મેહેરબાની કરવાને બેસતા નથી, પણ એ કાયદા પ્રમાણે ચાલીને **ન્યાય** કરવા બેસે છે. તેઓ જે સોગન ખાય છે તે, 'અમારી મરજીમા આવશે તેને સજા કર્યા શિવાય છોડી મૂકીશુ, તથા ગમશે તેને વાક વગર સજા કરીશુ' એવા ખાતા નથી, પણ 'અમે વાજબી ઈનસાફ કરશુ'–તેવા ખાય છે. એ માટે તમારી ખુશામત કરીને, તમને તમારા સોગન તોડવાની ટેવ પડવા દેવી નાહ, અને તમે પણ તેવી ખરાબ ટેવ પાડશો નહિ. કારણ કે તેમ કરવાથી તમારા અને અમારા બેઉના હાથથી ધર્મ અને ન્યાય નાશ પામીને બન્નેને પાપ લાગશે.

આથેન્સ વાસીઓ ! એ માટે જે ઉપાય મ્હને ગેરવાજબી અને ગેરકાયદાનો લાગે છે, તે ઉપાય હુ મરણ ટાળવા માટે આ સભામા કરીશ, એવુ કદી તમારા મનમા આવવા દેશો મા. તેમાં પણ **મિલિટસે** મ્હારા ઉપર નાસ્તિકપણાનો વાંક મુકયો છે માટે આ પ્રસગે તો મુખ્યત્વે કરીને તમારૂં મન ફેરવી નાખીને, તમારી પાસે જો, હુ તમોએ ખાધેલા સોગન ફોક કરાવુ તો એ ઉપરથી હું તમને, દેવને ન માનવા એવુ શિખવું છુ એમ સિદ્ધ થશે; અને હુ મ્હારા ઉપરનો દોષ કહાડી નાખી મ્હારો બચાવ કરવા ગયો; પણ ઉલટો શત્રુનો પક્ષ સબળ કરીને મ્હારી મેળેજ મ્હે પોતાને નાસ્તિક ઠરાવ્યો, એવી મૂર્ખતા પણ મ્હારામાં ઠરશે; એ માટે એવા પાપના વિચારથી હુ ઘણો દૂર છું. હશે મ્હારા ઉપર તોફાન ઉઠાવનારાના કરતાં **ઈશ્વર**ના અસ્તિત્વ વિષે મ્હારી ખાતરી વધારે

થએલી છે. તે ખાતરી એટલી કે, મે મ્હારો સઘળો આધાર ઈશ્વર અને તમારી ઉપર રાખ્યો છે. મ્હારો ઈરાદો એવો છે કે, જે રીતે મ્હારો ચુકાદો કર્યાથી–તમારૂં–અને મ્હારૂ બેઉનુ કલ્યાણ થાય, એવુ તમને લાગે તેવો ચુકાદો તમોએ કરવો.

સોક્રેટીસે, પોતાનું નિર્ભયપણુ અને દૃઢ નિશ્ચય સાભળનારાના લક્ષમા સ્પષ્ટ આવે તેવા સ્વરથી આ ભાષણ કર્યુ–તેનો આકાર, મુદ્રા અને અગચેષ્ટા પણ ફરિયાદીના જેવા નહોતા. તે એટલો તો દીલાવરી અને ગભીરતાથી બોલ્યો કે, તે ઉપરથી એ, જાણે તે માહેના ન્યાયાધીશોનો ગુરૂજ હોયની! તેવુ જણાતુ હતુ. તોપણ તેના બોલવામાં મર્યાદા, એક તિલમાત્ર તુટી નહોતી. તેનુ પ્રૌઢપણાનુ અને મ્હોટાઇનુ આચરણ જોઇને ન્યાયાધીશોને ઘણો ગુસ્સો આવ્યો, અને ઘણુ કરીને સર્વ ન્યાયાધીશોની એવી રીત છે કે, તેની સામે જે વાદી પ્રતિવાદી આવે છે તેને જીવિતદાન આપવાને અથવા મારી નાખવાને પોતે કુલ મુખત્યાર છે, એવુ તેઓ માને છે, અને તેથી તેઓના મનમાં એવુ અભિમાન ભરાઈ રહેલુ હોય છે કે, તેઓએ અમારી આગળ ઘણી દીનતા અને વિનયથી તથા ઘણી ભારે બ્હીકથી આવવું. અને એમ કરવુ એ, સર્વ થકી શ્રેષ્ઠ જે અમારો અધિકાર તેનો એ હકજ છે. હશે.—

મિલિટસની પાસે પ્રથમજ પાચમા ભાગની પણ સંમતિ નહોતી. ઇતિહાસના આધાર ઉપરથી એવું જણાય છે કે, આ પ્રસંગે કામ ચલાવવા માટે સઘળા મળીને ૫૫૭ (પાંચશે સત્તાવન) ન્યાયાધીશો એકત્ર થયા હતા. એ સંસ્થાનનો કાયદો એવો હતો કે, 'ફરિયાદ કરનાર જો કરેલી ફરિયાદ સાબિત કરી ન શકે તો તેણે દડના ૨૫૦ (અઢીસેં) રૂપીઆ આપવા જોઇએ.' આ કાયદો ચતુર પુરૂષોએ તકંટ ઉઠાવનારા કુભાંડી લોકોને દાબમા રાખવા સારૂ

આપ્યો હતો. **એનિટસ** અને **લિકન** એ બે જણ જો **મિલિટસ**ના પક્ષમાં ભળી જઈને, અમે પણ **સોક્રેટીસ**ના ઉપર ફરિયાદ કરીએ છીએ, એવુ ન કહત, તો **મિલિટસ**ને આ દડ જરૂર આપવો પડત. એ બન્ને જણાએ પોતાના વજનથી ઘણા ન્યાયાધીશોના મત પોતાના તરફ ખેંચ્યા. એથી **સોક્રેટીસ**ની વિરૂદ્ધ મત આપનારા બસે એકાશી ન્યાયાધીશ થયા, અને તેની તરફ મત આપનારા જે હતા, તે કરતા ત્રણ કે એથી વધારે મળતતો **સોક્રેટીસ**નો મુકદ્દમો તુટી જઈને તે ગુન્હામાંથી છુટો થાત, એવો પ્રાચીન લેખ છે. એ ઉપરથી એની તરફના પક્ષમા ૨૭૬ ન્યાયાધીશ હતા, એવું અનુમાન થાય છે.

આથેન્સના સસ્થાનમા એવો ધારો હતો કે, જે શખ્સના ઉપર તહોમત મૂક્યુ હોય, તે ગુન્હેગાર છે કે નહિ, એટલો ન્યાયાધીશે પ્રથમ નિર્ણય કરવો. કેદી ગુન્હેગાર ઠર્યા પછી, તેને ફલાણી સજા કરવી એવું ફરિયાદી કહેતો; તથા ફલાણી શિક્ષા મને યોગ્ય છે, એમ કેદી કહેતો. એ રીતે બન્નેના બોલવાનો વિચાર કરીને ન્યાયાધીશોએ તે બેમાથી એક શિક્ષા ઠરાવવી. આ ઉપરથી તેઓએ **સોક્રેટીસ**ને કહ્યું કે, 'જીવથી મરવા કરતા હદપાર થવુ, દડ આપવો, અથવા કેદ રહેવું, એમાંથી ગમે તે શિક્ષા ફરમાવવાની તું સભાને અરજ કરીશ તો સભા તે અરજ કબુલ રાખીને તારી મરજી પ્રમાણે કરશે.' આ ઉપરથી તેણે એવો ભારે દિલાવરીથી ઉત્તર આપ્યો કે, 'તમોએ ફરમાવેલી શિક્ષામાંથી એકે શિક્ષા હુ કબુલ કરતો નથી; કારણ કે તેમ કરવામાં મે પોતાને મ્હેંએ પોતાને ગુન્હેગાર ઠરાવ્યા જેવું ઠરશે.' તેણે કહ્યુ, 'અરે **આથેન્સ** વાસીઓ ! જે મતલબથી મ્હારે મ્હોએ મ્હારા અપરાધાનુરૂપ શિક્ષા ઠરાવો છો, તે મતલબે હવે હું તમને ઘણીવાર સુધી ખોટી કરતો નથી. ચિત્ત સ્થિર રાખીને સાંભળો. મેં

મ્હારો આખો જન્મારો તમને અને તમારા છોકરાઓને શિખવવામા કહાડયો અને તે માટે બધા ઘરખટલાના કામો છોડી દીધા, તેમજ સઘળી સરકારી ચાકરી અને પદવીઓ તરફ દુર્લક્ષ્ય કર્યું, તથા મ્હારા પોતાના શેહેરના લોકોને સદાચરણી કરવા માટે રાત્રિ દિવસ શ્રમ કરીને સ્વદેશનુ કલ્યાણ કર્યું એ કામો કરવાના બદલામા હુ પોતાને અપરાધી ઠરાવુ છુ, અને એ અપરાધ બદલ હુ પોતાને એવી શિક્ષા ઠરાવુ છુ કે, જન્મ પર્યંત મ્હારો ખર્ચ સરકારમાથી ચલાવી, મ્હને આ–તમારી **પ્રિટાની** નામની ન્યાય સભામા–સર્વ ન્યાયાધીશોનો અધ્યક્ષ બનાવવો આ મ્હારા અપરાધને એ શિક્ષા ઘટે છે એવો મ્હારો મત છે' આ તેનું છેવટનું વાક્ય સાભળીને ન્યાયાધીશોનો પિત્તો એટલો ઉછળી આવ્યો કે તેઓએ તેને 'હેમલાક' નામનુ ઝેર પાઈ મારી નાખવાનો તુરત હુકમ આપ્યો.

સભાનો આવો સખ્ત હુકમ થયો તોપણ તેથી કરીને **સોક્રેટીસ**નુ ધૈર્ય તિલભાર ડગ્યુ નહિ. તેણે જરાએ ન ગભરાતા, સ્વસ્થપણે ન્યાયાધીશોને એવુ કહ્યું કે, સાહેબ, હુ આપના હુકમથી મરણની સજા ભોગવવા જાઉ છુ, પણ એ શિક્ષા આપે કાંઈ અપૂર્વ કરી એમ નથી, પણ એ તો હુ જન્મ્યો ત્યારથીજ દેવે મ્હારા નશીબમા લખી રાખી હતી, પણ સત્ય પક્ષપાતિ જે **ઈશ્વર** તેની સત્તાથી, મ્હારા ઉપર હક્ક નાહક્ક જેઓએ કુભાડ ઉડાડ્યુ છે તેની ખરાબી આ અન્યાય અને અપકીર્તિથી મ્હારા કરતા ઓછી થવાની નથી, પણ ઓર વધારે થશે. અરે, તમને શુ એવુ લાગતું હતું કે, હુ તમારા હાથમાંથી છૂટવા માટે બીજાઓની માફક તમારી ખુશામત કરૂ તથા કરૂણા આવવા માટે દીનતાથી ભાષણ કરૂ, તથા શરણાગતના જેવો ઘણો બ્હીને હલકાઇથી તમારી આગળ ઉભો રહુ!

તમને તો ગમે તેમ લાગે, પણ મ્હને તો એમ લાગે છે કે, જે.

માણસ ભલો છે, તેને લડાઈમા જેમ અયોગ્ય ઉપાયથી નાસી જઈ શત્રુઓને પીઠ બતાવી, પોતાના જીવનો બચાવ કરવો ઘટારત નથી, તેમ ન્યાયસભાની તપાસમા પણ તેમ કરવુ ઘટારત નથી હાલ મ્હારા ઉપર જેવુ સકટ આવી પડયુ છે તેવુ સકટ આવી પડવાથી, લોકો ખુશામત કરીને, આખમા આસુ લાવીને, અને એવાજ પ્રકારના બીજા પ્રપચી ઉપાયો યોજીને પોતાનો જીવ ઉગારે છે, એવું આ સભામાં વારવાર બનતું માલમ પડે છે, પણ તેમ કરવુ જેમ ખરા શૂરાને અપમાનદાયક છે તેમ નેકીવાળા પુરૂષને પણ અપમાનદાયક છે

એપોલોડોરસ નામે **સોક્રેટીસ**નો એક શિષ્ય અને પ્રિય મિત્ર હતો, તે તેને આવો હુકમ થએલો સાભળીને તેની પાસે જઈ કહેવા લાગ્યો કે, અરે, તમે નિરપરાધી માર્યા જાઓ છો ' એ જોઇને મ્હને ઘણો ખેદ થાય છે **સોક્રેટીસે** હસીને તેને જવાબ આપ્યો કે, ભાઈ, શુ ત્હારા મનમા એવુ છે કે, હુ અપરાધી થઇને મરૂ ?

પ્લૂટાર્ક નામના ગ્રથ કર્ત્તાએ આપણા શરીરના જે અત્યત ક્ષુલ્લક ભાગ છે, તે ઉપરજ માત્ર બીજાનો અમલ ચાલે છે, પણ આપણો બીજો ભાગ જે જીવ છે, તે પહેલા ભાગ કરતા ઘણોજ શ્રેષ્ઠ છે, તેનો નાશ કરીશ એવી કોઈની ધમકી ચાલવાની નથી; અને તેને કોઈ પીડા કરી શકે તેમ તે કોઇના હાથમા નથી, આ અર્થ સિદ્ધ કરી આપવા માટે આ વખતે **સોક્રેટીસે** કહેલા ઉત્કૃષ્ટ વાક્યો પોતાના ગ્રથમા લખી રાખ્યા છે અગરજો તે વાક્યો **સોક્રેટીસ,** પોતાનાપર ફરિયાદ કરનારને ઉદ્દેશીને બોલ્યો હતો, તોપણ એ (વાક્યો) તેઓના કરતા ન્યાયાધીશો ઉપર ઠીક લાગુ પડે છે એ વાક્યો આ પ્રમાણે હતા –'**એનીટસ** અને **મિલિટસ** મને ઠાર મારો; પણ તેઓમાં મને પીડા કરવાનુ સામર્થ્ય નથી.' આ વાક્યનો ભાવાર્થ એવો છે કે નશીબ એ, ધન, દોલત, આરોગ્ય અને આયુષ્ય ઈત્યાદિ

મ્હારા શરીરની ક્ષણુભગુર સપત્તિનુ હરણ કરી શકશે પણ તેથી મ્હને ઘણુ નુકશાન નથી, કારણ કે હુ શરીર નથી, પણ હુતો અજ-રામર આત્મા છુ, અને મ્હારૂં સદાચરણ, નિર્દોષીપણુ અને ઔદાર્ય ઈત્યાદિ જે માહેલુ ચૈતન્ય જે ઉત્તમ સપત્તિ છે, તે જબરદસ્તીથી, મ્હારી પાસેથી લઈ લેવાને બહારના નશીબ વગેરે કોઇ પણ સમર્થ નથી.

આ મહા પુરૂષ, જ્ઞાનીઓએ પાપ શિવાય બીજા કશાથી કદી બ્હીવુ નહિ, એવુ પોતાના શિષ્યોને વારવાર શીખવતો હતો, અને તે વિષે તેની પક્ી ખાતરી થઇ ગઈ હતી, માટે તેણે એવો વિચાર કર્યો કે, લોકો—ન્યાયાધીશોને પગે પડવાનુ મ્હને કહે છે, પણ તેઓનુ સાભળીને એવું નીચ આચરણ કરવુ, અને તેથી કરીને સર્વકાળ પર્યત પોતાનુ અપમાન કરી લઇ, આટલા વર્ષ સુધી ભલી રીતે ચાલી મેળ-વેલી પ્રતિષ્ઠાને એક પા ઘડીમા બટ્ટો લગાડવો તેના કરતા, આપણે આજ પછી જે કાઇ થોડા વર્ષ આગળ જીવવાનો ભરોસો જણાય છે, તે વર્ષોની આશા છોડીને આજેજ મરવુ, એ અતિ ઉત્તમ છે.

'આજના લોકો મ્હને પૂરા ઓળખતા નથી, પણ હવે પછી થનારા લોકો આ મ્હારી ખાશિયતની પૂરી પરીક્ષા કરશે, એવી તેની ખાત્રી હતી. આ પ્રમાણે એ સુજ્ઞ અને ચતુર પુરૂષે છેક અતાવ-સ્થાના થોડાં બાકી રહેલા વર્ષો ઉદારતાથી ખરચીને એવો દિવ્ય યશ મેળવ્યો કે, જેથી કરીને પાછળના જમાનાના લોકોમા એની ઘણી કીર્તિ રહી ગઇ.

પ્રકરણ ૭ મું.

(**સોક્રેટીસે** કેદખાનામાંથી નાસી જવાનુ નાકબુલ કર્યું. આત્મા નિત્ય છે એ વિષય ઉપર પોતાના મિત્રો સાથે સંભાષણ કરીને તેમાં તેણે આયુષ્યની છેલ્લી ક્ષણ કહાડી. તેણે વિષપાન કર્યું. તે મરણ

પામ્યા પછી તેના ઉપર મિથ્યાપવાદ લાવનારાને, ખોટુ તોહમત મૂકવા માટે સજા થઇ તેના મરણ પછી તેને ઘણી પ્રતિષ્ઠા મળી.)

આ હુકમ **સોક્રેટીસને** થયા ઉપરથી તે જે નિર્ભય મુદ્રાથી પેલા જુલ્મી[૧] અમલદારોને ધાકમાં રાખતો હતો, તેવીજ અભય મુદ્રાથી તે તુરંગમા ગયો. **સેનેકા** નામે **રોમન** ગ્રંથકર્ત્તા એવું લખેછે કે, **સોક્રેટીસ**ના તુરંગમા જવાથી તેનુ તુરંગ એ નામ મટી જઇને 'સદાચરણ અને પ્રમાણિકપણાનુ સ્થળ' એવુ નામ તેને મળ્યુ. **સોક્રેટીસ**ની પાછળ તેના મિત્રો પણ તુરંગમા ગયા અને હુકમ થયા પછી ૩૦ (ત્રીશ) દિવસે **સોક્રેટીસ**ને ઝેર પાયુ ત્યા સુધી તેઓ તેને મળવા હળવા માટે હમેશા ત્યાં જતા હતા હુકમ અમલમા આણુતા એટલો બધો વિલબ લાગવાનુ કારણ એવુ હતું કે, **ડીલોસ** નામે એક બેટ છે, ત્યાના દેવને બળિદાન ચ્હડાવવા માટે **આથેન્સ**ના રહેવાસીઓ દરસાલ–બધો સામાન એક વહાણમા ભરીને ત્યા મોકલતા હતા; અને એ લોકોનો એવો કાયદો હતો કે, એ વહાણ તૈયાર થઇને રવાને થયા પછી ફરીથી પાછુ આવે ત્યા સુધી શેહેરમા કોઇને જીવથી મારી નખાય નહિ.

સોક્રેટીસને એ શિક્ષા જે દિવસે ફરમાવી તેને આગલે દિવસેજ એ વહાણ રવાને થયુ હતું, માટે એને આવતા ત્રીશ દિવસ થયા, તેથી તેટલા દિવસ એ હુકમ અમલમા આણવાનું તહકુમ રાખવાની જરૂર પડી

વચમા આ જે ઘણો વખત રહ્યો, તે વખતમા મૃત્યુને પોતાનું ભયકરપણુ **સોક્રેટીસ**ને સારી પેઠે બનાવવાનો લાગ આવ્યો હતો.

---

૧ **આથેન્સમાં લેસાંડરે** ત્રીશ જુલ્મી અમલદારો નિમ્યા હતા એવું પાછળ લખ્યુ છે, તે અમલદારો **સોક્રેટીસથી**, તેની નિઃસ્પૃહતાને લીધે ઘણા બ્હીતા હતા.

એટલા વખતમા તેના ધૈર્યની ખુબ કસોટી નિકળી હશે અને તેને કેવળ અધાર્રી કોટડીમા દુખ સોસવુ પડયુ તથા પગમા બેડી નાખી હતી તેની પીડા ભોગવવી પડી, તેટલાથીજ તે પરીક્ષાનો પાર આવ્યો નહોતો, પણ પ્રાણીને સ્વભાવિક રીતે જેનો કટાળો હમેશા આવે છે એવુ જે મરણ, તે રાત્રિ દિવસ તેની નજરે પડતુ હતું તે તેને હમણા થશે, ઘડી પછી થશે, એવુ લાગ્યા કરતું હતુ, તેથી પણ તેની પરીક્ષા થઇ છે એવો પ્રસગ આવ્યા છતા પણ તેના મનની, રોજની જે આનદ વૃત્તિ હતી તે જેવીને તેવીજ રહી હતી, તેમા રતિભાર પણ ફેરફાર થયો નહોતો તે પોતાના મિત્રોની સાથે સભાષણ કરતા છતા, તે હમેશા જે પોતાની સમાધાન વૃત્તિ પ્રગટ કરતો, તેવીજ સમાધાન વૃત્તિથી, તેણે આવે પ્રસગે પણ તેઓની સાથે વાતચીત કરી **ક્રેટો** નામનો તેનો એક મિત્ર હતો, તેણે એવુ લખેલુ છે કે, જે સ્હવારમા મરવાનુ હતું તે રાત્રે **સોક્રેટીસ** રોજની માફક નિરાતે ઘોર નિદ્રામા ખુબ ઉઘ્યો હતો, તેણે તે રાત્રે **એપાલો** નામે દેવ તથા **ડાયેના** નામે દેવીનુ એક સ્તોત્ર રચ્યુ, તથા ‘ઇસ્પિનીતિ’ માહેલી એક કથા કવિતામા રચી **ડીલોસ**થી જે દિવસે વહાણ આવી પહોચનાર હતુ તે દિવસે, અથવા તેને આગલે દિવસે તેનો જીવજાન દોસ્ત **ક્રેટો** મ્હોટા મળસ્કામા તેની પાસે ગયો, અને પેલુ વહાણ આવી પહોચવાના ખરી ખબર કહીને બોલ્યો કે, “આ તુરગ છોડીને પોતાનો જીવ ઉગારવાનુ માત્ર તમારા પોતાના હાથમા છે. અમે તુરગ ઉપરના મુખ્ય અમલદારને અનુકૂળ કરી લીધો છે. આપ જશો તે વખતે તુરગના દરવાજા ખુલ્લા હશે. આપે અહીંથી નીકળીને ગુપચુપ રીતે **થેસલી** પ્રાતમા જઇને ત્યા સ્વસ્થપણે રહેવુ. રસ્તેથી જતા આપનો એક વાળ પણ વાંકો થનાર નથી. એ પ્રમાણે અમે સઘળો બદોબસ્ત કરી રાખ્યો છે.

આપે કૃપા કરીને અમારી વિનતિ અવશ્ય માન્ય કરવી જોઇશે.” **ક્રેટોનું** આ ભાષણ સાભળીને **સોક્રેટીસને** હસવુ આવ્યુ, અને તે બોલ્યો કે, ‘ભાઈ, **ક્રેટો,** આ **એટિકા**[1] પ્રાંતની બહાર, જ્યા લોકો મરતા ન હોય એવા એકાદ ઠેકાણાની તને ખબર છે કે? હોય તો તે કહે.’ આ વિનોદનુ ભાષણ સાભળીને **ક્રેટોને** હસવું આવ્યુ નહિ, પણ તે બોલ્યો—‘સાહેબ, એ વાત સાભળવી પડશેજ સુવર્ણના સરખી આ સધિ સાપડી છે, એ આપે ખાલી ગુમાવી નાખવી નહિ.’ એવો તેણે તેને ગળે પડીને ઘણોજ આગ્રહ કર્યો, અને પોતે કહેછે તે મસલતને કબુલ રાખીને, તેણે તુરગ છોડવા માટે કબુલ થવુ જોઇએ, એ વિષે ઘણા પ્રમાણો પર પ્રમાણો બતાવ્યાં. વળી તે બોલ્યો કે, ‘તમારા સરખા અમૂલ્ય મિત્ર ખોયાથી જે ભારે શોક મને થશે એ વિષે તો મ્હારે બોલવુ પડે તેમ છેજ નહિ પણ તે શિવાય એવુ છે કે, જો **ક્રેટો સોક્રેટીસને** બચાવત, તો તે તેના હાથમા હતું, પણ પાસે એટલા પૈસા છતાં, એ વાતને માટે તેને થોડા પૈસા ખર્ચવાનુ સૂઝયુ નહિ, એવી જે મ્હારી નિદા—અસખ્યાત લોકો કરશે તે હુ શી રીતે સહન કરી શકીશ? આપ તુરગ છોડી જતા રહો તો, આપને કે બીજા કોઈને, ઉપદ્રવ થવાનો બિલકુલ સભવ નથી; એવું જણાયા છતા આપ સરખા જ્ઞાના પુરૂષે તુરગ છોડી નહિ, એવું શું કોઈને ખરૂ પણ લાગશે? આપને કદાચ ભય લાગતો હશે કે, કોણ જાણે એક કરતા બીજુ થઈને સરકાર, મ્હારે પોતાને (**સોક્રેટીસને**) માટે મ્હારા મિત્રોના ઘરબાર લૂટે, તેઓને કેદ કરે, અથવા જીવથી મારી નાખે તો શુ કરવું? પણ સાહેબ, હું આપને એવુ પૂછુ છુ કે, આપના જીવ કરતા વધારે મૂલ્યવાન આપના મિત્રોને શુ બીજી એકે ચીજ છે? અને બીજી હોયજ શી! પછી એટલા બધા પ્રિય જે

---

૧ આથેન્સ શેહેર જે પ્રાતની રાજધાની હતુ, તે પ્રાતને એટિકા કહેતા.

આપ, તે ગયા પછી તેઓને, ઘરબાર, સ્વતંત્રતા અને પ્રાણ એઓને શુ કરવા છે? આપના શિવાય તે સર્વે તેઓને વ્યર્થ છે.

પરદેશી લોકો સુદ્ધા, **સોક્રેટીસ**નો જીવ બચાવવાનો યશ, તમોનેજ લેવા દેનાર નથી, અમે પણ તે લઇશુ, એ રીતે અમારી સાથે તકરાર કરે છે. તેમાના ઘણા લોકો તો જેટલુ દ્રવ્ય જોઇએ તેટલુ આપીને આપને ગુપચુપ રીતે આ તુરગમાથી કહાડી લઈ જવા, એ હેતુથી, તેમાં જોઈએ તેટલા પૈસાની મ્હોટી મ્હોટી થેલીઓ લઈને અહીં આવ્યા છે; અને તેઓ ઉઘાડે છોગે સાફ એમ બોલે છે કે, **સોક્રેટીસ** અમારા દેશમા આવે, અને તેનુ જો અમારાથી સન્માન થાય, તથા તેને જે જે વાતની જરૂર પડે, તે તે વાત જો અમારા હાથથી તેને યથેચ્છ પૂરી પડે તો, અમે મ્હોટી પ્રતિષ્ટા મેળવી એવુ ઠરશે. આપને ગેરવાજબી રીતે પણ જે ઠાર મારવાની સજા કરવામા જે દુષ્ટ લોકો કારણ થયા છે, તે દુશ્મનોને હાથ પડીને આપણો ખરો પક્ષ છેક ડુબાવવો, એ શુ આપને ઘટારત છે? આપના શેહેરી ભાઇઓને હાથે એક, નિરપરાધીનો વધ થાય છે, તો તે દોષ તેને હાથે ન બને એવો ઉપાય આપના હાથમા છતા તે ન કરવો, એ સદાચરણી અને ન્યાયી મનુષ્યોનો ધર્મ ન કહેવાય. પણ મે આ જે સઘળા કારણો કહ્યા, તેથી જો આપનુ મન ફરતું ન હોય, તથા પોતાનુ રક્ષણ કરવા વિષે આપને કાંઈ ફિકર લાગતી ન હોય તો તે ભલે–પણ આપને છોકરાં છે, તેના હિત તરફ તો આપે લક્ષ આપવું જોઇએ. ખરેજ, જુઓ! જો આપ આજે મુઆ તો આપની પાછળ તેઓની શી અવસ્થા થશે વારૂ? પંડિતપણાની કિર્તિ મેળવવા માટે કાંઇ એક પિતા તરીકેનો ધર્મ આપનાથી બિલકુલ તોડી શકાતો નથી.'

સોક્રેટીસે **ક્રેટો**નુ આ ભાષણ લક્ષ આપીને સાંભળી લીધુ; અને પોતાના વિષે તેને એટલી મમતા છે એ જોઈને તેણે તેના તે વિષેનાં

વખાણ કર્યા, અને તેનો પોતા પર થએલો મ્હોટો ઉપકાર માન્યો; પણ તેનુ કહેવુ માન્ય કર્યાની પૂર્વે તે એવો વિચાર કરવા લાગ્યો કે, **આથેન્સ**વાસીઓની પરવાનગી શિવાય, તુરંગમાથી નાસી જવું, એ પોતાના પ્રમાણિકપણાને ઘટે છે કે નહિ? **સોક્રેટીસ**ને બીજુ વિચાર કરવા યોગ્ય એ હતુ કે, કોઈ માણસને મરણની સજા થઈ હોય, પછી જોઈએ તો તે અન્યાયથી થઈ હોય, અને તે માણસ તે સજામાથી બચી જવા સારૂ જો નાસી જાય, તો તે અપરાધી છે કે નહિ? આ પરત્વે કાંઈક વિચાર કરવા જેવુ છે; એ પ્રમાણે મનમા વિચાર લાવનાર આ સમયમા જોવા જઇએ તો ઘણાજ થોડા માલમ પડશે એવું અમને લાગે છે.

સોક્રેટીસે, ચાલતા વિષયને લાગુ ન પડે તેવું સર્વ એક બાજુએ કહાડી નાખીને ચાલતા વિષયનાજ વિચારનો આરંભ કર્યો. તે બોલ્યો, '**ક્રેટો,** મ્હારે આ તુરંગ છોડી જવી જોઈએ, એવું જો તું મને સિદ્ધ કરી બતાવીશ તો મને ઘણો આનંદ થશે; પણ તેમ કરવું વાજબી છે, એવી મ્હારી ખાત્રી થયા શિવાય મ્હારાથી આ જગ્યા છોડી શકાતી નથી. આપણે કાંઈક કૃત્ય કરવાનુ હોય, તે વિશે લોકો શુ બોલે છે, તેની ફિકર રાખવાની આપણને બિલકુલ જરૂર નથી, પણ તે કૃત્ય વાજબી છે કે ગેરવાજબી છે, એ ઠરાવવાનો અધિકાર **એક** શિવાય બીજા કોઈને નથી; એવો એક સત્ય પક્ષપાતિ **ઈશ્વર** તે, એ કૃત્ય કર્યાથી આપણને શુ કહેશે, એની માત્ર આપણે ચિંતા રાખવી દ્રવ્ય, આબરૂ, છોકરા અને બૈરી, એનો નાશ થશે, એવી તમે મ્હને શિખામણ આપી–તે વાત ખરી છે, પણ તમે જે કૃત્ય કરવાનુ કહો છો, તે વાજબી છે, એવું તમે મને સાબીત કરી આપ્યા શિવાય તે સબબો નહિ સરખાજ છે આપણુ સર્વને આ નિયમ કબુલ છે, અને તે કદી ફરનાર નથી કે, જે કામ

ગેરવાજબી છે, તે વિષે માણસો ગમે તેમ બોલો, અને તેમાથી ગમે તે સારૂ થાઓ, પણ તે કામ જે કોઇ કરશે તેની અપકીર્તિ અને નાશ કદી થયા વિના રહેનાર નથીજ. આ નિયમને ઉદ્દેશીને આપણે આજ સુધી વાદવિવાદ કરતા આવ્યા છીએ, અને એથી તિલમાત્ર પણ ડગ્યા નથી. ન્હાના બાળકનો જેમ એક નિશ્ચિત મત હોતો નથી તેથી તેઓ વગર વિચારે–'હા,–કે ના' બેઉ કહે છે, તેમ તમારે આ ઉત્તરાવસ્થામા ગભીર વિષય ઉપર વાતચીત કરતા, બોલવુ, એ શુ આપણને ઘટારત છે? મ્હારા પ્રાણપ્રિય **ક્રેટો!** આપણને કોઈ સ્થિર અને નિશ્ચિત નિયમ હોવા જોઇએ, એ શુ ઠીક નથી વારૂ?

વારૂ, હવે **ક્રેટો**–આપણે આટલા દિવસ સુધીમા જે નિયમો ઠરાવ્યા છે, તે નિયમોને તમે કહો છો તે વાત અનુસરતી છે કે નહિ? તેનો આપણે વિચાર કરીએ આપણો સર્વનો એવો સિદ્ધાત છે કે, બીજાની સાથે અન્યાયથી ચાલવુ–પછી તે ગમે તેવા સબબથી કા ન હોય, અથવા આપણને જે ઉપદ્રવ કરે છે, તેની સાથે કા ન હોય–પછી તે ગમે તેમ હોય–તોપણ અન્યાયથી ચાલવુ કહ્યુ એટલે તે નિષિદ્ધ છે તેમજ બીજાએ આપણું ખરાબ કર્યું, માટે આપણે તેનુ ખરાબ કરવુ એ પણ નિષિદ્ધજ છે હુ ફલાણુ કરીશ, એવા શબ્દ આપણા મ્હોમાથી એકવાર નીકળી ગયા, એટલે તે કરવા માટે આપણે શબ્દથી બધાઈ ચૂક્યા ગમે તેવો ફાયદો થતો હોય તોપણ તેને માટે, આપણે આપેલુ વચન તોડી શકતા નથી. ધારો કે, હુ તુરગમાથી નાસી જવાને તૈયાર થયો, અને તે તાકડામા આ સસ્થાનના સર્વ કાયદાઓનો એક સમુદાય એકત્રિત થઈને મૂર્તિરૂપે આવી, મ્હારી સામે ઊભો રહે, અને જો તે મ્હને નીચેના પ્રશ્નો કરે તો, તેને મ્હારે શા શા ઉત્તરો આપવા, એ કહે તો ખરો! જો તે એમ પૂછે કે–**સોક્રેટીસ** આ તું શુ કરે છે? અરે, ન્યાયથી

બ્હીને નાસી જવુ એટલે, આ સસ્થાન અને તેના કાયદાને સમૂળગા ડુબાવી દેવા એમજ ન હોય કે? જે સસ્થાનમા ન્યાયનુ પ્રબળ નહિ, એટલુજ નહિ પણ ઉલટા જ્યાના લોકો ન્યાયનો ધિક્કાર કરી, તેનો નાશ કરી નાખે છે, તે સસ્થાન ટકશે એવુ શુ તને લાગે છે કે?" હવે એ કાયદાના **સ્વરૂપ**ને આપવા માટે મ્હારી પાસે એક ઉત્તર છે કે, આ સસ્થાનની સરકારે મને દેહાત શિક્ષા, ગેરવાજબી રીતે ઠરાવીને એ સરકાર મ્હારી સાથે અન્યાયથી ચાલી, માટે હુ તેનો ત્યાગ કરૂ છુ, એવુ હુ કહીશ ખરો, પણ કાયદો તે ઉપર એવુ કહેશે કે, "તુ એ સસ્થાનમા જે માટે રહ્યો, તે માટે અહીની સરકાર જે ઇનસાફ ચુકવે તે ઈનિસાફ, 'મ્હારા પોતાના વિચારથી ઉલટો હોય તોપણ હુ મ્હારો વિચાર એક તરફ રાખીને, **સરકાર**નો ઇનસાફ કબુલ રાખીશ' એવી તમે સસ્થાનની સાથે શરત કરી છે, એવુ સાફ સાબિત થાય છે, તો શુ તું તે શરત વિસરી ગયો? તમામ રૈયતે તેમ કબુલ કર્યા શિવાય **સરકારી** અમલ ચાલવાનો નહિ. અમો **કાયદા** તથા અમ્હારા સસ્થાનની અમલ કરવાની રીત, જો તને પસદ પડતી નહોતી તો તુ આ મુકદ્દમો તારી ઉપર ચાલ્યા પેહેલા આ સસ્થાન ત્યજીને બીજે ગમે તે ઠેકાણે જઇ વસવાને મુખત્યાર હતો. પણ આજ શિત્તેર વર્ષ થયા તું અહીં વસ્યો છે, એ ઉપરથી સાફ સિદ્ધ થાય છે કે, આહીંયાના **કાયદા** તને ખરાબ લાગ્યા નહોતા. તે પૂર્ણ વાકેફગારીથી અને ખુદ જાતિ અનુભવ ઉપરથી, તારી મેળેજ **કાયદા** કબુલ કર્યા હોય એમ જણાય છે. વિચાર કરીને જોઈએ તો, વિદ્યા, ધન વગેરે જે જે તારી પાસે છે તે તે અમો **કાયદાને** લીધેજ તારી પાસે આવ્યા છે, અને રહ્યાં છે. **સોક્રેટીસ,** તે આ સસ્થાનની સાથે જે કરાર કર્યો છે, અને તે 'હુ પાળીશ' એ વિષે અનેક સોગન ખાધા છે, તે કરાર તોડવાને શું

તું મુખત્યાર છે? આ સસ્થાને જો કે તારો નાશ કરવાનુ યોજ્યુ છે, તોપણ તેણે તારૂ ભુડુ કર્યું, અને તને પીડા દીધી માટે તેનુ ખરાબ કરવુ, અને તેને ઉપદ્રવ દેવો એ શુ તને ઘટારત છે? એ પ્રમાણે શુ તું તારા માબાપ સાથે વર્ત્તીશ? તને એ ખબર નથી કે શું? **ઈશ્વર**ના મતથી અને સર્વે મનુષ્યોના મતથી—માણસને તેનો જન્મદેશ, માબાપ કરતા કિબહુના, સર્વે સગાવહાલા કરતા અધિક મહાન્ અને અધિક માન આપવા ગ્યોગ્ય છે અને તેણે તેના વખાણ કરવા જોઇએ, તેણે કાંઇ પણ મનસ્વીપણાથી કહ્યુ હોય તો તે આપણે સાભળવુ જોઈએ ઘણુ તો શુ, પણ તેણે દુખ દીધા છતાએ તેની સાથે મમતા અને મેહેરબાનીથી ચાલવું જોઇએ, સારાશ—આપણો દેશ આપણી સાથે અન્યાયથી ચાલે, તો આપણે ઘણા વિનયથી તેના કાન ખોલીને તથા તેને ડહાપણની બે ચાર વાતો કહીને તેને શુદ્ધિપર લાવીએ; એમ કરતા શુદ્ધિપર ન આવે તો તેનો હુકમ મુગે મોઢે માથા ઉપર ચઢાવી લેવો, એજ આપણો ધર્મ છે **સોક્રેટીસ,** જો તું તારા છોકરા વિષે કાઈ ચિતા રાખતો હો તો તે હવે રાખીશ મા, કારણ કે તારા મિત્રો છે તે, તેઓનાથી થશે તેટલુ તેમનુ ભલુ કરશે, અને કદાચ તેમણે તેમ ન કર્યુ તો છેવટ જે સર્વપાળક વિશ્વભર, તેનો તેમને કદી વિસારનાર નથી. જે **દેશે તને** જન્મ આપ્યો, જ્યા તું ન્હાનેથી મ્હોટો થયો, તથા જ્યા તને વિદ્યા પ્રાપ્ત થઈ, તે દેશના કાયદા જે તને સલાહ આપે છે તે સાભળીને તેના ઉપર વિશ્વાસ રાખ **સોક્રેટીસ,** આ જગતમા બાળબચ્ચા વગેરે જે જે આપણી પ્રિય વસ્તુઓ છે તે તો શુ, પણ આપણો જીવ સુદ્ધા પ્રમાણિકપણા કરતા અધિક માનીશ નહિ **સોક્રેટીસ,** તું એ પ્રમાણે ચાલીશ તો તને **પ્લૂટો**[1] ની સભામાં તારી ચોકશી ચાલતી વખત

---

[1] હિદુ લોકો જેમ **યમ**ને નરકાધિપતિ માને છ, તેમ **ગ્રીસ**ના લોકો **પ્લૂટો** નામના **દેવ**ને નરકાધિપતિ માનતા હતા.

ત્યાના ન્યાયાધીશોને ઉત્તર દેવાને અડચણુ આવશે નહિ, પણ એથી ઉલટો ચાલીશ તો અમે તારા સામાવાળીઆ થઈને તારા ખોળીઆમા જીવ છે ત્યા સુધી ક્ષણુભર પણ ચેન પડવા દેનાર નથી; અને તું મુઆ પછી પરલોકમા અમારા ભાઇઓ—જે બીજા કાયદાઓ છે તેઓ, અમારૂ તે અપમાન કર્યું એવુ જાણીને તારા ઉપર કદી મેહેરબાની રાખશે નહિ, પણ તારૂ ખરાબજ કરશે " એ પ્રમાણે બોલીને **સોક્રેટીસે** **ક્રેટોને** કહ્યુ કે, મને લાગે છે કે હુ જે બોલ્યો તેનો તને પૂર્ણ બોધ થયો હશે, મે જે હેતુ દર્શાવ્યો, એ તારા મનમા સારી પેઠે મજબુત ઠસ્યો હશે, હવે તને આ વિષય ઉપર શકા લેવાની કઇ જરૂર નહિ રહી હોય.' **ક્રેટોએ** ઉત્તર આપ્યો—'હા ખરેખર નથી રહી. તમે કહો છો તે સર્વે યથાર્થ છે.' એવુ કહીને તે નિરૂત્તર થઈને ત્યાથી ઉઠીને ઘેર ચાલ્યો ગયો.

આખરે **સોક્રેટીસ**ના મરણુનુ જાણે નિશાનજ હોયની એવું જે વહાણુ **ડીલોસ** બેટ ગએલુ તે **આથેન્સ** શેહેરમા આવી પહોંચ્યુ; ત્યારે બીજે દિવસે મ્હોટે મળસ્કે **પ્લેટો** શિવાય **સોક્રેટીસ**ના સર્વ મિત્રો તેની મુલાકાતે ગયા, **પ્લેટો** માદો હતો તેથી તે માત્ર જઇ શક્યો નહોતો, પણ તુરગવાળાએ તેઓને કહ્યું કે, જે કેદીઓને આજે મરવાનુ ઠર્યું છે તે કેદીઓને ખબર આપવા માટે તુરગ ખાતાના અગિયાર અમલદારો અદર આવ્યા છે, માટે તમે થોડીવાર બારણે બેસો. ત્યાર પછી તરતજ તેઓ અદર દાખલ થયા, અને જુએ છે તો **સોક્રેટીસ**ના પગની બેડીઓ કહાડી નાખી છે, અને તે તથા તેની સ્ત્રી **ઝેંટિપી**—પાસે પાસે બેઠા છે; **ઝેંટિપી**ના હાથમા એક છોકરૂ છે. તેઓને જોતાંજ તે મ્હોટી ચીસ પાડી ડસકાં ખાતી, વાળ તોડવા અને છાતી કુટવા લાગી અને '**સોક્રેટીસ**, આ તારા મિત્રો તારી છેવટની મુલાકાત લેવા આવ્યા છે,' એવું કહીને મ્હોટેથી રડીને આખી તુરંગ

ગજવી મૂકી બાદ **સોક્રેટીસે** કહ્યુ કે ' એને અહીંથી લેઈ જશો તો ઠીક પડશે ' એવુ કહ્યાથી તેના મિત્રોએ તેને ઘેર પહોચાડી

સોક્રેટીસે હમેશના સરખી સતોષ વૃત્તિથી અને સ્વસ્થપણાથી પોતાના મિત્રો સાથે સભાષણ કરીને એ આખો દિવસ કહાડયો. એ દિવસનુ સભાષણ જીવના નિત્યત્વ સબધી હતું એ વિષય ઘણો ઉપયોગી અને તે દિવસના પ્રસગને ઘણો શોભે તેવો હતો આ વિષય નીકળવાનુ કારણ એવુ થયુ કે, તે બોલતો હતો તેવામા કોઇએ એવો પ્રશ્ન પૂછયો કે, જે ખરો પડિત છે તેણે મરણની ઇચ્છા રાખવી, તથા તે પ્રાપ્ત થવા માટે શ્રમ કરવો એ યોગ્ય છે કે કેમ ? એ પ્રશ્નનો માત્ર અક્ષરાર્થ લઇએ તો, પડિતે આત્મહત્યા કરવી એવો સ્પષ્ટાર્થ તેમાથી નિકળે છે **સોક્રેટીસે** સિદ્ધ કરી આપ્યુ કે, પડિતે એવુ કરવુ, એ કેવળ ઉંધુ છે, કારણ કે **ઈશ્વરે** ખુદ માણસને બનાવ્યુ છે, તેથી તે તેનુ છે, અને આ જગતમા તેને જે અવસ્થા મળી છે, તેમા તેણે તેને સ્વહસ્તે મૂકયુ છે; એ માટે તેની પરવાનગી શિવાય એનાથી તે અવસ્થા તજી શકાતી નથી, તથા તેની આજ્ઞા શિવાય આ લોક છોડી શકાતો નથી. જો છોડશે તો અન્યાયથી ચાલ્યાનો દોષ તેના માથા પર આવશે સર્વ માણસની એવી સ્થિતિ છતા પડિતના મનમાજ મરણની ઇચ્છા થવાનુ કારણ શુ ? એ ઇચ્છાનુ કારણ કહીએ તો તે એકજ છે. આપણે મરીને પરલોકમા ગયા પછી ત્યા આપણને અલૌકિક સુખ મળશે, એવી તેને આશા હોય છે, અને એ આશાનો આધાર કહીએ તો **જીવ નિત્ય** છે તેનો નાશ કદાપિ થતો નથી એ મતજ છે, બીજો કાઇ આધાર નથી. એ પ્રમાણે જીવના નિત્યત્વ ઉપર તેનાં ભાષણનો ઓઘ ચાલતા ચાલતા, પ્રૌઢ તથા અત્યત ઉપયુક્ત એવા આ વિષય ઉપર સભાષણો કરીને પોતાના મિત્રોને રજન પમાડી, **સોક્રેટીસે**

પોતાના આયુષ્યના દિવસનો છેલ્લો ક્ષણ કહાડયો **પ્લેટોએ** "**ફેડન** નામે જે સવાદરૂપ એક ચમત્કારિક ગ્રથ બનાવ્યો છે, તે સઘળો–**સોક્રેટીસનાં** તે સમયના ભાષણોની મતલબ લઇને કર્યો છે એ ગ્રથમા **સોક્રેટીસે** આત્મા નિત્ય છે, એ મતને જે સાધક પ્રમાણો આપ્યા છે તે સ્પષ્ટ કરી દેખાડયા છે. અને એ મત ઉપર જે શકાઓ છે તે સર્વનુ ખડન કર્યુ છે એ ગ્રથમા જે શકાઓ લીધી છે તે, અને એ મત ઉપર આજે લોકો જે શકાઓ લે છે તે, ઘણું કરીને એકજ છે શકાના ઉત્તરો આપ્યા પેહેલા **સોક્રેટીસ** બોલ્યો છે કે, "અહો ! એ વાત કેટલી ખરાબ છે કે, કેટલાએક અજ્ઞાની પુરૂષો, કોઈ કાઇપણ બોલે કે તે તેની વિરૂદ્ધ બોલે છે અને પ્રત્યેક બાબતમા સદેહ લે છે; તે ઉપરથી સર્વે લોકો કાઇ નિશ્ચયી નથી એવુ બોલેછે" તે **ફેડનને** કહેછે–"ભાઈ, એ શુ દુર્દૈવની વાત નથી ? આ જગતમા એવા કેટલાએક લોકો છે કે જેઓએ થોડાક છોકરવાદિયા ભાષણો સાભળ્યા હોય છે, જે ભાષણમા બધી વાતો કદી ખરી અને કદી ખોટી દેખાય છે, અને તેવા ભાષણો સાભળ્યા ઉપરથી સારા, સબળ અને સહેજ સમજી શકાય તેવા પ્રમાણો હોવા છતા તેઓને એકે વાત ખરી લાગતીજ નથી. એ અપ્રમાણિક અને અણસમજુ પુરૂષોએ અજ્ઞાનને લીધે આપણને દોષ દેવો, અને પોતાની બુદ્ધિની ન્યૂનતાને લીધે, અમારાથી એ વાત સમજાતી નથી, એવુ તેઓએ પોતાના મન થકી માનવું જોઇએ; પણ તેઓ તેમ કરતા નથી એટલુજ નહિ પણ તેથી ઉલટું–એ પ્રમાણો ઓછા છે તેથી અમારી ખાતરી થતી નથી, એવુ કહીને અતે એ પ્રમાણોનો તિરસ્કાર કરવા માડે છે. તેઓને એવુ લાગે છે કે, વસ્તુ માત્રમા સ્વભાવતઃ વાસ્તવિકપણુ અને નિશ્ચયાર્હતા એ કશુ છેજ નહિ. એ વાત અમારાથીજ સમજાઈ છે, બીજા કોઇથી સમજાય નથી; એ માટે બીજા લોકોના કરતાં અમારી વિચાર શક્તિ અને અમારૂં જ્ઞાન ઘણું જબરૂ છે."

આગળ જતા **સોક્રેટીસે** એ પ્રમાણે માનવુ એ અન્યાય છે, એવુ સિદ્ધ કરી બતાવ્યુ છે. તે એમ કહે છે કે, "જો બે કામ કરવાના હોય અને તે બેઉનો નિશ્ચય થતો ન હોય તો ત્યા ડહાપણ એજ છે કે જે કામ સ્વીકાર્યાથી ઘણો લાભ થતો હોય, તથા બેઉ પક્ષમાથી જેમા નુકશાન જવાનો સભવ થોડો હોય, તે સ્વીકારવુ. હવે આત્મા નિત્ય છે, એ વિષે જે પ્રમાણો હુ આપુ છુ, તે ખરા હોય તો હુ કહુ છુ કે તે માનવામા ફાયદો છે; પણ મ્હારા મરણ પછી તે જો ખોટા ઠરે તો એ મત અગીકાર કર્યાથી આ લોકમા મને એ મ્હોટો લાભ થશે કે, આ સસારમા મનુષ્ય માત્રને જે દુખો સમાન્ય રીતે પ્રાપ્ત થાય છે તેટલા તે, મને જણાવાનાં નથી. આત્મા નિત્ય છે એ મતનો સિદ્ધાંત કરીને **સોક્રેટીસ** અટક્યો નહિ, પણ એ મત સિદ્ધ થવામા અદરના આચરણનો જે ઉપયુક્ત નિયમ સિદ્ધ થાય છે, તેનુ તેણે નિરૂપણ કર્યું છે; તથા પરલોકમા અક્ષય સુખ મળવાની આશા પૂર્ણ થવા માટે માણસોએ શુ શુ કરવુ જોઈએ, અને જે કર્યાથી એ આશાનો ભગ થાય નહિ, તથા મરણ પામ્યા પછી દુષ્ટને જે શિક્ષા થશે એવુ કહેલુ છે, તે શિક્ષા ભોગવવી પડશે નહિ, એ સબધી સ્પષ્ટ ખુલાસો કર્યો છે. બાદ પરલોકમાં માણસનાં પાપ પુણ્યનો ફેસલો થાય છે, પાપીઓને અક્ષય નરકપ્રાપ્તિરૂપ શિક્ષા થાય છે, તથા જે જીવ નિર્દોષ અને નિષ્પાપી રહે છે, અથવા જે પશ્ચાત્તાપે કરીને તથા સમાધાન વૃત્તિને પકડા રાખીને પોતે કરેલા અપરાધનુ નિવારણ કરે છે, તેને અનત સુખ, તથા અક્ષય શાંતિ મળે છે. જેણે ન્હાનાં ન્હાનાં પાપ કર્યા છે, તથા જેણે તેનુ પ્રાયશ્ચિત્ત કર્યું નથી એવા જીવને ખરા સુખની પણ નહિ તેમ ખરા દુઃખની પણ નહિ, એવી એક અવસ્થા છે તેમાં રહેવું પડે છે; ત્યા રહેવાથી તેનું પાપ ધોવાઇ જઈને તે શુદ્ધ થાય છે; ઈત્યાદિ અત્યંત મહત્વની વાત

એ ૫ડિતે ઉપદેશ તરીકે સ્પષ્ટ કરી બતાવી છે તે પોતાના મિત્રને કહે છે. ભાઈઓ, હજી તમને એક વાત કહેવાની છે, અને તે માનવા લાયક છે. તે વાત એ છે કે, આત્મા જો નિત્ય છે તો તેને આ લોકમાં, તથા જ્યાં અનતકાળ પર્યંત રહેવું પડે છે, તે પરલોકમા સુખની પ્રાપ્તિ થવા માટે તેને સુમાર્ગે ચ્હડાવવા સારૂ આપણે અતિ પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે એ વિષે તિલમાત્ર અવગણના કરવાથી તે અવગણનાનુ જે ઘોર પરિણામ ભોગવવું પડશે તેનો પારજ નથી. માણસ એકવાર મુઉ કે ગયુ, તેનુ પાછળ કાઈજ રહેતું નથી એમ જો હોત તો દુષ્ટો મ્હોટા દૈવવાન થયા હોત. કારણ કે તેઓ મુઆ એટલે તેની સાથે તે પોતાનુ શરીર, આત્મા અને પાતકો એ સર્વ થકી મુક્ત થાય છે; પણ આત્મા નિત્ય છે, માટે સદાચરણ શિવાય તથા સદ્વિદ્યા મેળવ્યા શિવાય સ્વકૃત પાપો થકી છુટવાને તેનો બીજો ઉપાય નથી; કારણ કે માણસ મુઆ પછી તેની સાથે બીજુ કાઇ આવતું નથી, પણ તેના સદાચરણ અથવા દુરાચરણ તથા તેના સદ્ગુણ કિવા દુર્ગુણ એજ માત્ર સાથે આવે છે. સદાચરણાદિક, મનુષ્યોને જે પ્રમાણે સારી નરસી શિક્ષા (કેળવણી) મળે છે તેના તેવાં ફળ થાય છે એજ પરલોકમા તેને અક્ષય સુખ અથવા અક્ષય દુ:ખ મળવાનુ કારણ થાય છે. **જીવ**, ખોળિયામાથી નીકળી ગયા પછી જ્યાં તે સર્વને એકત્ર મળવાની જગા છે, તેને ત્યાં **ડિમન** (યમદૂત જેવા) લઇ જાય છે. પછી તે ત્યા પહોચ્યા બાદ તેની તપાસ થાય છે. જે માણુસે પોતાનુ આયુષ્ય અખડ સદાચરણમાં કહાડયુ નથી તેમજ કાયમ દુરાચરણમા પણ કહાડયુ નથી, તેવાને એક ઠેકાણે મોકલે છે; ત્યાં તેને તેના અપરાધ પ્રમાણે દુ:ખો ભોગવવાં પડે છે; અને અતે દુ:ખો ભોગવવાથી તેના શરીરના સર્વે દોષ બળી જવાથી તે શુદ્ધ થયો એટલે તેને સ્વતંત્રતા પ્રાપ્ત થવાથી તેણે આ

મનુષ્ય દેહમા જે ભલા કામો કર્યા હોય છે, તેનાં રૂડા ફળ તેને મળે છે જે દેવનુ વિત્ત હરણ કરે છે, અથવા એના જેવાજ બીજા મ્હોટા મ્હોટા ઘોર અપરાધો જાણી જોઇને ઇચ્છાપૂર્વક કરે છે, તે કદી શુદ્ધ થતો નથી; આ અપરાધ તપાસની અંતે જેનાપર ઠરે છે તેને અત્યંત નિષ્ઠુર એવો જે જીવ માત્રનો ન્યાય કરનાર **પ્લૂટો** (યમરાજા) તે-**તાર્તરસ** (નરક) માં ફેંકી દે છે, ત્યાથી તેનો કદી છુટકો થતો નથી. તથા જેના અપરાધ ઘણા ભારે છે, તોપણ કાઇક શિક્ષા કર્યા પછી માફ કરી શકાય એવા છે—ઉદાહરણ તરીકે, ઘણા ગુસ્સાથી ગાડા બની જઇને જેણે મા બાપને ઘણુ દુ ખ દીધુ છે, અથવા તેઓને ઠાર મારી નાખ્યા છે, પણ તેને પાછળથી પોતાના કરેલા પાપનો ઘણો પસ્તાવો થયો છે, એવા માણુસને, પછવાડેથી કહેલા માણસને જે નર્ક મળવાનુ કહ્યુ છે, તેજ નરક તેને પણ મળે છે. પણ તે ત્યા દુ.ખ અને પીડા ભોગવીને, તથા તેણે પૂર્વે જેને પીડા કરી હોય છે તેની પ્રાર્થના કરીને તેમાથી મુક્ત થાય છે

હવે જે સુજ્ઞ પુરૂષ શુદ્ધ આચરણમા પોતાનુ સઘળુ આયુષ્ય કહાડે છે તે, મુઆ પછી—જેમ એકાદ કારાગૃહમાથી છુટે તેમ આ નીચ શરીરમાથી છુટીને દેવલોકમા જઈ ત્યા દેવતાથી માન પામીને વાસ કરે છે. અને તે, વિદ્યા થકી પવિત્ર થએલો હોય છે માટે તે એ લોકમા નિઃશરીર હોઇને સર્વોત્કૃષ્ટ આનંદનો અનુભવ લે છે; જે આનંદનુ વર્ણન કરવું અશક્ય છે, તેમજ આ સમયે મ્હને તેનુ વિશેષ વર્ણન કરવાનો અવકાશ પણ નથી.

ભાઇઓ ! મને લાગે છે કે, મે આટલી વાર સુધી જે તમારી સાથે ભાષણ કર્યું તે બસ છે. એટલાથી મનુષ્ય માત્રે જન્મ પર્યંત ક્ષણમાત્ર પણ આનાકાની ન કરતાં સદ્ગુણ તથા સદ્વિદ્યા પ્રાપ્ત કરવા વિષે અંતઃકરણપૂર્વક શ્રમ કરવો, એવું સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે; કારણ

કે, જુઓ વારૂ, **ઈશ્વરે** એ પ્રમાણે ચાલવાના બદલામા આપણને કેવડી મ્હોટી બક્ષીસ આપવાની યોજના કરી છે, અને તે બક્ષીસ મળવા માટે આપણને કેવડી મ્હોટી આશા હોય છે ! હવે આત્માનું અમરપણું તો ખુલ્લુ દેખાય છે, પણ તેમ નહિ છતા તે જો સદિગ્ધ હોય છે તોપણ જે જ્ઞાની છે, તેઓએ પોતાના મનની એવી ખાત્રી કરવી કે એ વિષેનો પક્કો નિશ્ચય નથી, માટે હમેશા અભ્યાસ કરીને એ વાત ખરી માનવી તથા તે પ્રમાણે વર્તવા માટે જે શ્રમ પડે, તે સહેવો, એ મને ઘણુંજ ઘટારત લાગે છે. આપણે ઘણી વેળા સાહસ કૃત્ય કરીએ છીએ, પણ આત્માને અમર માનીને સદાચરણમા ચાલવા વિષે સાહસ કરવું, એ જેવું પ્રતિષ્ટાદાયક છે તેવુ બીજુ કયુ છે વારૂ ? ખાલી આશા ખરાબ છે ખરી, પણ આપણો જીવ અમર છે, તથા સદાચરણથી ચાલ્યા છતાં આપણને અક્ષય સુખ મળશે એવી જે આશા છે, એજ ઘણી ઉત્તમ છે. એ આશામા આપણે સૌને ભૂલી જવા જોઇએ. એ વાત તમારા મનમા ઉડી ઉતારવા માટે મે આ ભાષણને આટલુ લબાવ્યુ છે.

સોક્રેટીસે કહેલી વાત **સિસરોએ** પોતાની લખવાની ઢબ પ્રમાણે ઘણો રસ લાવીને લખી છે. **સિસરો** પોતાના ગ્રથમાં લખે છે કે, જે વખતે **સોક્રેટીસે** પેલા પ્રાણઘાતક ઝેરનો પ્યાલો હાથમાં લીધો, તે વખતે તેણે જે ભાષણ કર્યું હતું તે ઉપરથી એવું દેખાય છે કે, એ ઝેર પાઇને દુષ્ટ **આથેન્સ** વાસીઓ મ્હારા ઉપર ઘણોજ જુલમ કરે છે એમ નહિ, પણ એ લોકો મ્હારા ઉપર કૃપા કરીને મને આનદલોકમાં જવાને આ મૃત્યુરૂપી માર્ગ ખુલ્લો કરી આપે છે, એવું તેને લાગ્યુ. તે બોલ્યો કે, આપણે આ લોક છોડયો એટલે આપણા આત્માને બે માર્ગ જણાય છે; એક માર્ગ એવો કે, જે માર્ગે, જે જીવ આ લોકમાં કુત્સિત વિષયસુખમાં લંપટ થઇ

જઇને, તથા મ્હોટાં મ્હોટા પાપી કર્મો કરીને પોતાને ભ્રષ્ટ કરે છે તે અક્ષય નરકમા જાય છે, બીજો જે માર્ગ છે તે વડે, જે જીવ અહીં પૃથ્વી પર સદાચરણથી ચાલે છે, અને પોતાની પવિત્રાઇ રાખે છે તે સુખમય દેવલોકમાં જાય છે **સોક્રેટીસનું** ભાષણ પૂરૂ થયા પછી **ક્રેટોએ** તેને પૂછયુ, મહારાજ, મને તથા આપના અન્ય મિત્રોને આપના ઘરબાર સંબધી જે કાઇ કહેવાનુ હોય તે કહો, જેથી અમે આપનો છેવટનો હુકમ બજાવીને, આપની મરજી પ્રમાણે ચાલીને આપને સતુષ્ટ કર્યા, એવું ચિત્તનુ સમાધાન કરવાને અમને રસ્તો જડશે. **સોક્રેટીસ** બોલ્યો, ભાઇઓ આજ સુધી જે હું તમને કહેતો આવ્યો છુ તેના કરતા મ્હારે કાંઈ વિશેષ કહેવાનુ નથી તમે પોતાને ખુબ સભાળો એટલે થયુ, એમ કર્યા શિવાય તમને પોતાનુ કલ્યાણ કરી લેવાનો અથવા મને સતોષ પમાડવાનો બીજો એકે માર્ગ નથી બાદ **ક્રેટોએ** ફરીથી પૂછયુ કે, આપને કેવી તરેહથી ભૂમિ દાહ દેવો? **સોક્રેટીસે** જવાબ દીધો કે, તમારી મરજીમા આવે તેવી રીતે, 'પણ હાથમાથો ઉડી ન જાય તેમ પકડતા આવડે તો' એવુ વિનોદી ભાષણ કરીને તે પોતાના મિત્રો તરફ જોઇ હમતા હસતા બોલ્યો શુ કરીએ, તમારી સાથે જે બોલે છે, તથા પોતાના ભાષણના જુદા જુદા ભાગની રચના રચે છે તે, **સોક્રેટીસ** છે, આ હાડકા અને માસનુ શરીર **સોક્રેટીસ** નથી, એ વાત મ્હારાથી **ક્રેટોના** મનમા ઉતારી શકાતી નથી, કારણ કે, એને હમેશાં એવું લાગે છે કે, ક્ષણવારમા મરી જઇને જમીન ઉપર પડનાર જે દેહ એજ **સોક્રેટીસ** છે એ ગાંડો મ્હને હાડ માસનો પિડ સમજે છે, અને પૂછે છે કે તમને શી રીતે દાટવા? એમ કહ્યા પછી તે ઉભો થયો, અને પાસેજ એક ઓરડી હતી ત્યા નહાવા ગયો. તે નહાઇ આવ્યા પછી, તેનાં છોકરાંને તેનો મેળાપ કરાવવા માટે આણ્યાં

હતા; તે ત્રણ હતાં. તેમા એકજ સમજણી ઉમ્મરે પહોચેલુ હતું; અને બે તો છેક બાળક હોવાથી અજ્ઞાન પશુ સરખાં હતા. તે થોડી વાર સુધી તેઓની સાથે બોલ્યા પછી તેણે તેઓની સાચવનાવાળી બાઇ (આયા) ને એ વિષે જે કહેવાનુ હતું તે કહીને તેઓને ઘર આગળ મોકલી દીધા; બાદ પોતાની ઓરડીમા આવીને તે પોતાના બિછાના ઉપર પડયો.

એટલામા તુરગના અમલદારના નોકરે આવીને તેને ખબર આપી કે, ઝેર પીવાનો સમય થયો છે.

આ અવસરે પેલા નોકરે દુ:ખથી અત્યત વ્યાકુળ થઇ જઇને પુઠ ફેરવીને ડુસકે ડુસકે રડવા માડયુ, એ જોઇને **સોક્રેટીસ** બોલ્યો, જુઓ આ માણસ કેવો ભલો છે! હુ કેદી બન્યા પછી એ મને મળવા માટે તથા મ્હારી સાથે વાતચિત કરવા માટે વારવાર આવે છે, અહીં કામ ઉપર તેની બરોબરીના બીજા નોકરો છે તે સૌ કરતાં એ ઘણોજ લાયક છે. એ બાપડો મ્હારે માટે કેવો શુદ્ધ અતઃકરણથી રડે છે, જુઓ!

આ નોકરની વાત સારી પેઠે લક્ષમા રાખવા યોગ્ય છે. જેને એ માણુપના સરખું કામ હોય, તેઓએ સમાન્યત કેની સાથે, તથા કાંઇક પ્રસગને લીધે કોઈ મ્હોટુ માણસ તેના તાબામાં આવી ગયુ હોય તો વિશેષે કરીને તેની સાથે પોતે કેમ ચાલવું એ, આ વાત વાચીને શીખવું. બાદ પેના જીવલેણ ઝેરનો પ્યાલો આવ્યા પછી, "હવે એ ઝેર પીધા પછી શુ કરવું જોઇએ?" એવું **સોક્રેટીસે** પેલા ઝેર લાવનાર નોકરને પૂછ્યુ. નોકરે કહ્યું કે, મહારાજ બીજું કાંઇ કરવું નહિ. માત્ર આ ઝેર પીઓ કે તરતજ ઈધિર તીધર ફરવું અને પગ થાકી ગયા જણાય ત્યારે પાથરણા ઉપર સૂવું; એટલે થયું. પછી **સોક્રેટીસે** સ્વસ્થપણે ઝેરનો પ્યાલો ઉપાડી હાથમાં લીધો,

અને પેલા નોકરને પૂછ્યુ, કેમ ભાઈ, કેવી રીતે ? 'આ ઝેરમાંથી કોઇ એકાદ જણ 'લાઇબેશન'[1] કરે તો તેની પરવાનગી છે કે નહિ' ? પણ એ તો માત્ર આપને પીવા જેટલુજ છે—વધારે નથી, એ રીતે નોકરે કહ્યાથી, તેણે કહ્યું, વારૂ, 'લાઇબેશન' નહિ તો નહિ, નિદાન આપણો ધર્મ છે, તે પ્રમાણે દેવની પ્રાર્થના કરીને, તેણે આપણો અત સારી રીતે લાવવો એવી તેની પ્રાર્થના કરવાને શી ચિતા છે ? એ ખુશીથી કરવી એવુ બોલીને તે થોડી વાર સુધી સ્તબ્ધ રહ્યો, અને પછી ઝેર પીધુ સ્વાભાવિક રીતે શરીર ઉપરના રૂઆડા ઉભા થાય એવો આ અવસર, અને તેવે અવસરે પણ એ ગભીર લોકોપકારી પુરૂષે પોતાની શાત મુદ્રાથી જે અતકરણની સ્વસ્થતા પ્રગટ કરી, તે શબ્દ વડે કહેવું તો અતિ દૂર છે, પણ તેની કલ્પના કરવી એ સુદ્ધા ઘણું મુશ્કેલ છે

આટલા વખત સુધી તેના મિત્રોએ મહા મુશીબતથી આસુ અટકાવી રાખ્યા હતા, પણ તેણે ઝેર પીધા પછી તેઓ પોતાનુ દેહભાન ભૂલી જઇને, પોકેપોક મૂકી રડવા લાગ્યા એ મિત્રમંડળીમા તેઓનો **ડોરસ** નામે એક મિત્ર હતો, તેની અવસ્થા એવી થઇ ગઇ હતી કે, **સોક્રેટીસ**નો ઉપર લખેલો સવાદ ચાલતો હતો તેવામાં

---

1 'લાઇબેશન' (Libation) એટલે હાલ બ્રાહ્મણમા જેમ **ચિત્રાહુતિ** આપવાનો વિધિ છે, તેવો **ગ્રીસ**ના પ્રાચીન લોકોમા તેઓ કાઈ પદાર્થ પીવા માડતા તે પેય પદાર્થમાથી થોડુ એક દેવતા નિમિત્તે જમીન ઉપર ઢોળવાનો વિધિ હતો, તે ઢોળવાને "લાઇબેશન" કહે છે

આપણા ગુજરાતમા પણ અફીણનો કસુંબો પીતી વખત એજ પ્રમાણે કરે છે તેને "રગ દેવો" કહે છે. તેમજ દારૂ પીતી વખત પણ કેટલાએક હિદુ લોકો જમીન ઉપર દારૂના છાટા ઉડાડે છે.

ગુ. ભા. ક.

આખો સવાદ ચાલ્યો ત્યા સુધી એ **ડોરસ**ની આખોમાથી એક સરખી આસુની ધાર ચાલી રહી હતી. તે આ પ્રસગે મ્હોટેથી ચીસ પાડીને એવો તો વિલાપ કરવા લાગ્યો કે, તે સાભળીને એ આખી મડળીની છાતી ફાટી ગઈ, પણ એ આખી મિજલસમા જેનુ ચિત્ત જરા પણ ડગ્યુ નહોતું એવો માત્ર એક **સોક્રેટીસ**જ હતો. તેણે ઉલટા પોતાના મિત્રોને શોક કરતા અટકાવ્યા હવે એની દબામણી બીજાઓના જેવી કડોરપણાની નહોતી, પણ તેની ચાલ પ્રમાણે મધુરતાની હતી. તેણે તેઓને કહ્યુ ભાઇઓ, તમે આ શું માંડી બેઠા છો ? તમારી આવી વર્તણુક જોઇને મને આશ્ચર્ય લાગે છે. અરે, તમારૂં ધૈર્ય કયા ગયુ ? સ્ત્રીઓમા મનોનિગ્રહ નથી હોતો તેથી તેઓ આવે પ્રસગે ગડબડાટ કરી મૂકે છે. એ ગડબડાટ ન થાય એ માટે મેં અગાઉથીજ તેઓને, ઘર આગળ મોકલાવી દીધાં છે. મે ઘણાએકને મ્હોંએથી સાંભળ્યુ છે કે, માણસે દેવનો ઉપકાર સંભારીને તેની સ્તુતિ કરતા કરતા ઘણી સ્વસ્થતામા પ્રાણ છોડવો. એ માટે હું તમારી સર્વેની પાસેથી એજ માગી લઉં છુ કે, તમે ચુપ રહો, અને તમારા દિલની સબુરી જરા વધારે બતાવો, એટલે હું સ્વસ્થ થઇશ. **સોક્રેટીસ**ના મ્હોના આ શબ્દો સાભળીને તેઓ સઘળા લજવાઇ ગયા; અને તેઓને મુગા રહેવાની જરૂર પડી.

આ ભાષણ ચાલતુ હતું તેવામાં **સોક્રેટીસ**નુ અહીંથી ત્યાં, અને ત્યાંથી અહીં ફરવાનુ ચાલું રહ્યુ હતું. પછી પોતાના પગ થાક્યા એવું જોઇને તે, કહ્યા પ્રમાણે પથારી ઉપર ચત્તો સૂતો પછી પેલું ઝેર ઉત્તરોત્તર પોતાનો ગુણ અધિક જણાવવા લાગ્યુ. બાદ તે કાળજાની અદર જઇ ચોહોટયુ, એવું જોઇને, મરતી વખત પોતાને દુઃખ ન થાય માટે તેણે મ્હોં ઉપર ચાદર ઓઢી હતી, તે કહાડી નાંખીને **ક્રેટો**ને કહ્યુ, '**ક્રેટો**, આપણે **ઈસ્કયુલેપિયસ** (એટલે **ધનવંતરી**)

ને મરતી વખત એક કુકડીનુ બળિદાન આપવાનુ હોય છે; એ માટે તને કહુ છુ કે, એટલુ એ બળિદાન મારે નામે આપજે, ભૂલીશ માં કો.' **સોક્રેટીસ**ના આ બોલો છેલ્લા હતા આટલું બોલ્યા પછી તેણે તરતજ શરીર છોડયુ, ન તર **ક્રેટો**એ પાસે જઇને તેનુ મ્હો અને આખ ઢાકયાં એ રીતે **સોક્રેટીસ**નો અત આવ્યો. એ બનાવ ઇ૦ સ૦ પૂર્વે ૩૯૯ મા બન્યો એ સમયે **સોક્રેટીસ**ની ઉમ્મર ૭૦ વર્ષની હતી **સિસરો** કહે છે કે, **પ્લેટો**એ બનાવેલા ગ્રથમાથી **સોક્રેટીસ**ના મરણનુ વર્ણન વાચતા આખમાથી આસુ આવ્યા શિવાય રહેતાજ નથી, આખમાથી આસુ પડયા કરે છે

સોક્રેટીસના મરણ પછી તેની ઉપર તોહોમત મૂકનારાઓનો કોપ તેને મારી નાખ્યાથી પણ શાત થયો નહિ તેઓ આપણો પણ નાશ કરશે એવી બ્હીક લાગ્યાથી **પ્લેટો** અને **સોક્રેટીસ**ના બીજા મિત્રો **આથેન્સ** શેહેર છોડીને **મિગારા** સસ્થાનમા **યુકિલડ**ને ઘેર ગયા, અને ઉડેલુ તોફાન નરમ પડે ત્યા સુધી તેઓ ત્યાજ રહ્યા હતા, એ પ્રમાણે સર્વ બ્હીતા હતા એક માત્ર **યુરિપાઈડીસ** બ્હીતો નહોતો તેણે **આથેન્સ**ના લોકોને સર્વોત્તમ માણસ જે **સોક્રેટીસ**, તેને આવા જુજ સબબ ઉપરથી, તમે મરણની સજા કરી, એ મ્હોટો અન્યાય કર્યો એવો દોષ દેવાના ઇરાદાથી **"પાલામિડીસ"** નામનુ એક શોકરસ પ્રધાન નાટક રચ્યુ એ નાટક માંહેલો નાયક જે **પાલામિડીસ** તેને નીચ લોકોએ તેના ઉપર જુઠા તોહમત મૂકીને મારી નાખ્યો હતો. એ પુરૂષનુ નામ અમથુ બહાર કહાડીને કવિએ એ નાટકમા વસ્તુતઃ પોતાના મિત્ર **સોક્રેટીસ**ના મરણ વિષે ખેદ કર્યો હતો. એ નાટક, વેષધારીઓએ ભજવી બતાવતાં નીચેની ભાવાર્થની ગીતિ ગાઇ:—

ગીતિ.

ગ્રીક સકળ જનમાંહી, જેના સરખો નહિજ કો સાચો;
ન્યાયે વર્ત્તે તેવો, તેને શિક્ષા મરણ તણી ઘો છો.

(ક૦ ન૦ લા૦)

એ ગીતિ ગાઇ કે તુરતજ સઘળા તમાશગીરોને પ્રસિદ્ધ 'ન્યાયાનુ વર્તિત્વ' ગુણ ઉપરથી **સોક્રેટીસ**નુ સ્મરણ થઈ આવીને તેઓની આખમાથી શોકાશ્રુની ધારા વહેવા માડી, અને **સોક્રેટીસ** ઘણો ભલો માણસ હતો, તેને સરકારે નાહક મરાવી નાખ્યો; એમ દ્દઢ થયુ એ કળકળાટ એટલો વધી પડયો કે, " કોઇએ **સોક્રેટીસ**નુ નામ પ્રસિદ્ધ રીતે લેવુ નહિ, લેશો તો સજા થશે. " એવો સરકારને નવો કાયદો કરવો પડયો

કોઈ એવુ કહે છે કે, **યુરિપાઇડીસ, સોક્રેટીસ**ની પહેલા મરણ પામ્યો હતો, માટે એણે નાટક રચ્યુ ઇત્યાદિ બધી વાત ખોટી છે

હવે ત ગમે તેમ હો પણ એટલુ ખરૂ કે, **સોક્રેટીસ** મુઆ પછી કેટલાએક દિવસ સુધી **આથેન્સ**ના લોકોની આખ ઉઘડી નહોતી. પછી કેટલેક દિવસે એ વિષે તેઓના મનમા જે દ્વેષ હતો તે બધો મટી ગયા પછી તથા એ વિષે તેઓએ સ્વસ્થપણાથી વિચાર કર્યા પછી પોતે એ સજ્જનને મારી નાખ્યો, એ આપણે હાથે મહા ઘોર અન્યાય થયો, એવું તેઓને સાફ દેખાવવા માડયુ પછી કેટલાએક દિવસ સુધી એ શેહેરમા **સોક્રેટીસ**ની સ્તુતિ શિવાય બીજી કાઈ વાત ન સભળાય એવું થઇ રહ્યુ. વિદ્યાલયમા, લોકોના ઘરોમા, લોકોને સહેલ કરવાના રસ્તા ઉપર, બજારમાં, અને જ્યા જઇએ ત્યાં **સોક્રેટીસ**ના મુખનો પ્રિય અને મધુર સ્વર એજ અદ્યાપિ ગણગણે છે, એવું લોકોને લાગવા માંડયુ—અહા ! આ ઠેકાણે **સોક્રેટીસે** પોતાના

શેહેરના જુવાન શખ્સોને ભલાઈની રાહપર વાળી હુશિયાર કરેલા; આ ઠેકાણે તેણે આપણા ન્હાના ન્હાના છોકરાને દેશપર પ્રીતિ કરવાનુ તથા તેઓના માબાપને માન આપવાનુ શીખવેલુ, આ ઠેકાણે તેણે અમને મ્હોટી ચમત્કારિક અને ઉત્કૃષ્ટ વાતોનો ઉપદેશ આપેલો, અહીં તે અમારા અત કરણમા સદાચરણથી ચાલવાની, તથા સદ્ગુણ સપાદન કરવાની વધારે હોશ ઉપજે, એ ઇરાદાથી યોગ્ય પ્રસગ આવ્યેથી અમને કદી કદી ઠપકો પણ દેતો હતો, અને તે જે અમને એટલો બધો ઉપયોગી થયો, તે ઉપકારની અમે તેને ઘણીજ સારી બક્ષીસ આપી! અમો દુષ્ટની વચ્ચે રહીને તે બાપડો પોતાના જીવથી પણ માર્યો ગયો! હાય હાય!! અમે કેટલા બધા કૃતઘ્ની છીએ! **ઈશ્વર** અમારા એ પાપને માટે જેવા દારૂણ ફળ ઘટે તેવા આપો! એ પ્રમાણે આખુ **આથેન્સ** અત્યત ભયભીત થઇને મ્હોટા વિલાપ કરવા લાગ્યુ સર્વ લોકોએ પોતાનો ધધો રોજગાર છોડી દીધો. **સોક્રેટીસ**ના ઉપર જેઓએ કોભાડ ઉઠાવ્યુ હતું, તેઓને 'તમે નિરપરાધી પુરૂષને મરાવ્યો તેનુ શુ કારણ?' તે જણાવવા માટે સરકારથી બોલાવવામા આવ્યા, તેમા **મિલિટસ**ને જીવથી મારી નાખવાની સજા થઇ, અને બાકીનાઓને દેશપાર કર્યા **પ્લુટાર્ક** નામે ગ્રથકર્ત્તા એવુ લખે છે કે, **સોક્રેટીસ** ઉપર આળ આણવાના દુષ્ટ અને નીચ કામમા જેની સામેલગીરી હતી તેઓની ઉપર **આથેન્સ**ના લોકો એટલો ગુસ્સો કરવા લાગ્યા કે તેઓને આગ સુદ્ધા આપવી નહિ, તેઓ કાંઇ પૂછે તો તેનો કાંઈ જવાબ દેવો નહિ, વધારે તો શુ, પણ તેઓ જે હમામખાનામા નહાતા તેમા આ લોકો નહાતા નહિ અને કદાચિત્ પોતાના હમામખાનાને એ લોકોનો સ્પર્શ થતો તો એ જગાએ આપણે અડકશુ તો વટલીશુ, એમ માની તેને ધોઇને સ્વચ્છ કરતા. એ પ્રમાણે સર્વ લોકો ચાલવા લાગ્યાથી એ દુષ્ટ લોકો એટલા

તો કંટાળી ગયા કે તેઓએ તરતજ પોતાને હાથે પોતાનો આપઘાત કર્યો. **આથેન્સ** શેહેરના લોકોને **સોક્રેટીસ**ના દુશ્મનોને શાસન કર્યાથી નિવૃત્તિ થઈ નહિ, પણ તેઓએ **લિસિપસ** નામે એક મ્હોટા વિખ્યાત કારીગર હતો, તેની પાસે **સોક્રેટીસ**ની પિત્તળની એક મૂર્તિ કરાવીને શેહેરમા અત્યત પ્રસિદ્ધ જે સ્થળો હતા, તેમાના એક સ્થળે તે મૂર્તિ ઉભી કરી એટલાથી પણ જાણે સતોષ પામ્યા નહોય તેમ એ સજ્જન પુરૂષ વિષે તેઓની સન્માનબુદ્ધિ અને કૃતજ્ઞતા એટલા વધ્યા કે, તેઓ તેને દેવની પેઠે પૂજવા યોગ્ય માનવા લાગ્યા. તેઓએ તેના નામનુ એક દેવળ બધાવીને તેનુ નામ **સોક્રેટીસનુ દેવળ** પાડયુ.[1]

સમાપ્ત

૧ આથેન્સના લોકોના મનમાથી સોક્રેટીસ ઉપરનો ગુસ્સો મટી જઇને તેના વિષે તેઓના મનમા મહાન પ્રીતિ તથા ભક્તિ ઉત્પન્ન થયાં; તથા તેઓએ તેના ઉપર અપરાધ મૂકનારને સજા કરી, એ વાત ગ્રોટ વગેરે મહા પ્રસિદ્ધ, હાલના ઇતિહાસ કર્ત્તાઓ ખરી માનતા નથી.

ફાધર ડૅમિયન.

અનુક્રમણિકા.

પ્રકીર્ણ વિષયો.

ફાધર ડૅમિયન (જીવન ચરિત્ર.)

ચિત્રો.

ચરિત્રમાળાનું ચાલુ વર્ષ.

ચરિત્રમાળાના ચાલુ બીજા વર્ષનાં બાર પુસ્તકો નીચે પ્રમાણે પાચ પૂઠાંમા બંધાઇને નીકળ્યાં હતાં

પુસ્તકાંક.	નામ.	ચિત્ર.	પૃષ્ઠસંખ્યા
૧૩–૧૪	**ભારતના મહાન પુરૂષો** ભાગ ૧ લો.	૪	૩૧૨
૧૫	**શ્રીમતી ડૉક્ટર આનંદીબાઇ જોશી**		૯૬
૧૬થી૧૯	**ભારતના વીર પુરૂષો** ભાગ ૧ લો.		૪૪૮
૨૦થી૨૨	**ભારતના સંત પુરૂષો** ભાગ ૧ લો.	૩	૩૨૦
૨૩–૨૪	**જગવિખ્યાત પુરૂષો** ભાગ ૧ લો.	૪	૨૫૬
	કુલ સંખ્યા.	૧૧	૧૪૩૨

એ પ્રમાણેની ૧૪૩૨ ની પૃષ્ઠસંખ્યામાથી વેચાતી લીધેલી જાહેર ખબરોના ૧૦) પૃષ્ઠ જતાં તથા ચિત્રો બ્લોક નંગ ત્રણના ખર્ચ બદલ પૃષ્ઠ ૪૮ અને લીથોના આઠ બદલ પૃષ્ટ ૬૪ નો ઉમેરો કરતાં ચાલુ સાલની કુલ પૃષ્ઠસંખ્યા ૧૫૩૪ ની થશે, જેમાં ખાતાની જાહેર ખબરોનાં પૃષ્ટ ૨૩ નો સમાવેશ છે.

ચાલુ સાલનું લવાજમ મેળવવા સમયે ગ્રાહકોની થોડીક સંખ્યા ઘટેલી અને તે પછી કેટલોક વધારો થયેલો તે મળી એકંદર ૧૦૦૦ શુમારે ગ્રાહકોની સંખ્યા હાલ છે. જે બહુ અસંતોષકારક હોઈ તેની છપાવવી પડતી સવા બે હજાર નકલોને લીધે સંસ્થાને નાણાં ઈ૦ બાબતમા અગવડમાં મૂકનારૂં છે. ચરિત્રો જેવા અતિ હિતાવહ વાંચન પ્રત્યેનો ગુર્જર વાંચક વર્ગનો ઉત્સાહ મંદ હોવાનું કારણ તે પુસ્તકો તેમના જોવામાં ન આવવાનું, અથવા તો એવા વાંચનના લાભોની

માહિતી તેમને ન હોવાનું ધારી શકાય છે; છતાં આ માળાની અજમાયશ બનતે પ્રકારે હજી થોડો ઘણો સમય જારી રાખી આશા રાખવામાં આવે છે કે એકાદ બે વર્ષે આ ન્યૂનતા પૂર્ણ થઈ જશે, અને ચરિત્રમાળા એક યા બીજી રીતે ચાલુ રહી શકે તેમ થશે.

શ્રી શિવાજી છત્રપતિનુ એક મહત્વનુ અને વિસ્તૃત જીવન ચરિત્ર પણ ચાલુ સાલમા નીકળ્યુ હતું. કદના મ્હોટાપણાને લીધે ચરિત્ર માળાની અતર્ભૂત તે ન છપાવતાં જુદુ છપાવવામા આવ્યુ હતું.

આવતા (૧૯૭૦)ના વર્ષમાં ચરિત્રમાળાદ્વારા નીચે જણાવ્યામાંનાં બનશે તેટલા પુસ્તકો નીકળશે. વિશેષ પસદગી જારી રહેતી હોવાથી તેમાના ઉપયોગી પુસ્તકો પણ નીકળવા સભવ છે.

હિંદનાં પ્રસિદ્ધ સ્રી પુરૂષો—જેમકે શ્રીમતી ભગવતીદેવી (ઇશ્વિરચદ્ર વિદ્યાસાગરનાં માતા), ભગિની નિવેદિતા, અહલ્યાબાઇ હોલ્કર, કર્નલ સુરેશ વિશ્વાસ, જસ્ટીસ રાનડે, તેલગ, કવિ મયૂર ઇ૦ ઇ૦, **જગવિખ્યાત સ્રીઓ**—જેમા ઇગ્લડ ઇ૦ ની અનેક શ્રેષ્ઠ સ્રીઓનાં ચરિત્રો આવશે. **ભારતના મહાન પુરૂષો ભાગ ર જો**—જેમકે—અશોક, ચદ્રગુપ્ત, **રામાનુજ**, મહાદજી સિધિયા, શીખ લોકોના દસ ગુરૂઓ ઇ૦ઇ૦, **મુસલમીન મહાત્માઓ, ભારતનાં સ્રીરત્નો ગ્રંથ ૩ જો, વિદેશી વીરમંડળ**—જેમા વિદેશના અનેક મહાન વીર પુરૂષોનાં સક્ષિપ્ત ચરિત્રો છે, **જગવિખ્યાત પુરૂષો ભાગ ર જો**—જેમકે—બુકર ટી વૉશીંગ્ટન, કાર્લાઇલ, કાઉન્ટ ટૉલ્સટોય. ઇ૦.

નિવેદન.

ફાધર (ધર્મપિતા) ડેમિયનના આ ચરિત્રને એક મનુષ્યનુ ચરિત્ર કહેવું કે દેવનું ? મહા દુઃખદાયક રક્તપિત્તના રોગમાં ફસાયલા અતિ દીન અનાથ અનેક માનવ બંધુઓના કલ્યાણાર્થે જીવન, યુવાવસ્થા, સ્વદેશ, કુટુંબ ઇ૦ સર્વ સુખોનો મોહ ત્યજી તેમની શુશ્રૂષાનું અતિ કઠિન વ્રત જીવનપર્યંત પાલન કરનાર અને તેજ મહાયજ્ઞની વેદીપર તેજ મહાવ્યાધિરૂપ જ્વાળામાં સ્વજીવનની આહુતિ આપનાર એક ક્રિશ્ચિયન ધર્મગુરૂનુ–એક ધર્મપિતાનુ અને ખરૂં કહેતાં એક સ્વર્ગીય દેવતાનુજ આ જીવન ચરિત્ર છે જગતથી ત્યજાઈ દરિયાપાર થયેલા અનેકાનેક મહા દુઃખી જનોનુ તેણે કેવી રીતે કેટલુ કલ્યાણ સાધ્યુ છે, એ તેના ચરિત્રવાંચનથી વાચક જોઈ શકશે. શરીરત્યાગ પછી પણ આવા મહાજનો આખા જગતને માટે કેવા જ્વલંત ઉદાહરણ રૂપ થઇ પડે છે ! કેટલા બધા જીવાત્માઓને તેઓની જીવનકથાઓ ઉચ્ચ જીવન અને પરોપકારના પથમા પ્રેરનારી થઇ પડે છે ! ધન્ય છે, હજારો વાર ધન્ય છે એવા ધર્મગુરૂઓને અને તેમની જનનીઓને ! અમો ભારતવાસીઓ માટે આજે એવાજ મહાવ્રતધારી દીન દયાળુ ધર્મગુરૂઓની આવશ્યકતા છે ઉધારનો મોક્ષ આપી નગદ નારાયણનુ હરણ કરનાર ભરપૂર ભંડારધારી, શિષ્યો કરતાં સોગણી સાહેબી ભોગવનારા અને અજ્ઞાન, વ્યાધિ, દુષ્કાળાદિ અનેકવિધ આપત્તિઓથી દેશમાં સંહાર વળી જતો હોય તે તરફ કંઈ પણ દયાવિના–અશ્રુનું એકપણ ટીપુ પડવા દીધા વિના–અરે ! કર્મની કઠિનાઈની ફિલસુફી દાખવી હસ્તે મુખડે નાટકના એકાદ તમાસાની પેઠે જોનાર જાણનાર અમારા એ ધર્મપિતાઓ–ધનપિતાઓ ના, ના, ધનપતિઓ પરજ શું અમારા કલ્યાણનો આધાર રહેવાનો ! ધર્મપિતા–દીનપિતા–સર્વપિતા ડેમિયન અને મહાસમર્થ ઉપદેશક સોક્રેટીસ ! શું આ હતભાગી

ભારતભૂમિને પેટે પણ એકાદ અવતાર નહિ લ્યો ! એ ઉત્તમ ધર્મના પ્રવર્તક અમારા પૂજ્ય મહર્ષિ દેવો ! તમે પણ શું આ ભારતજનનીને–તમારી વિહારભૂમિને વિસારી બેઠા છો ? અમારા વર્તમાન ગુરૂઓને તમારા સાક્ષાત્ આદર્શ દર્શાવવાની કૃપા નહિ કરો ! અમારા આ ગુરૂઓના ગુરૂ હજીપણ નહિ બનો !

અંગ્રેજીમા પ્રસિદ્ધ થયેલા 'મેકવીન બેન' કૃત 'ડેમિયન ઑફ મૉલોકૉઈ' નામક ગ્રંથના આધારથી આ ચરિત્ર તૈયાર થયેલું હોવાથી તેના કર્તાની, તથા પ્રકાશક મેકડોનાલ્ડ એન્ડ ઇવાન્સ ડબલ્યુ સી. લંડન એ ઉભયની આ સંસ્થા અત્યંત આભારી છે. આમાં નામ વિનાની ટીપણીઓ હોય તે એ મૂળ પુસ્તકમાંનીજ સમજવી.

સ્વ. નારાયણ હેમચંદ્રે પણ આ ચરિત્ર પ્રસિદ્ધ કર્યું હતું, પરંતુ તેમની ભાષાની મુશ્કેલી તેમજ ઉક્ત અંગ્રેજી પુસ્તકમાંની કેટલીક વિશેષતાને લીધે આ નવીન યોજનાજ ઠીક ધારી છે

ડેમિયનનો મત 'મૂર્તિપૂજાની' વિરૂદ્ધ હોવાથી આ પુસ્તકમાં તેવા વિચાર જણાય એ સ્વાભાવિક હોવા છતા પોતાની માન્યતા માટે દરેક વાંચક સ્વતંત્રજ છે. માત્ર આ મહાત્માની દુઃખીઓ પ્રત્યેની અસામાન્ય સેવાવૃત્તિ અને મહાન સ્વાર્થત્યાગનુ મનન થાય એજ આ ચારિત્ર પ્રકાશનનો મુખ્ય હેતુ છે. એવા દૈવી ગુણો પ્રત્યે વલન વધી તે કોટીના મનુષ્યો સ્થળે સ્થળે ઉદ્ભવશે ત્યારેજ ભારતનો દરેક દિશામાં ખરો ઉદય સંભવિત છે સર્વ માટે માર્ગ મોકળો છતાં દરેક મનુષ્ય તેવો ન બની શકે એ પણ ખરૂ, પરંતુ દરેક મનુષ્ય એવા પુરૂષો ઉપજાવવા માટે નિત્ય પ્રભુપ્રાર્થના તો અવશ્ય કરી શકેજ. વાચક ! છે એટલી પણ કાળજી ! પ્રભુ દયા કરો.

ભાદ્રપદ કૃષ્ણ એકાદશી સં. ૧૯૬૯,
તા. ૨૬ સપટેમ્બર ૧૯૧૩. } ભિક્ષુ–અખંડાનંદ.

રક્તપિત્તનો ઉપદ્રવ.

'ફાધર ડેમિયન'નુ જીવન ચરિત્ર શરૂ થવા અગાઉ, જે રક્તપિત્તિયાઓના કલ્યાણાર્થે તેણે પોતાનુ સ્વાર્પણ કર્યું હતું તેમની તે સમયે કેવી દુર્દશા હતી તે, તેમજ તે વ્યાધિ વિષેની કેટલીક હકીકત મૂળ અગ્રેજી ગ્રથના એક પ્રકરણના આધારે સક્ષેપથી અહીં આપવી આવશ્યક લાગે છે. તે આ પ્રમાણે છેઃ—

પ્રાચીન કાળમા જ્યારે યાહુદી ધર્મગુરૂઓ તેમના દેશમા વૈદ્યનુ કાર્ય પણ કરતા હતા ત્યારે પણ રક્તપિત્ત એ એક ભયકર રોગ ગણાતો હતો. એટલુજ નહિ, પરતુ તેને પાપની શિક્ષાનો સૂચક પણ ગણવામાં આવતો હતો. રક્તપિત્તવાળાને જોતાજ હૃદયમા તિરસ્કાર ઉપજતો હોવાથી ઘણા લોકો તેને ઈશ્વરની પ્રત્યક્ષ અકૃપા મનુષ્યજાતપર ઉતરેલી માનતા હતા.

આપણને વર્તમાનના ચશ્મા પહેરી ભૂતનું દર્શન કરતા આ વાત સભવિત જણાય છે કે તે કાળમા રક્તપિત્તના જે કેસો બનતા હતા તેમા વસ્તુતઃ તેને મળતા આવતા અન્ય ત્વચારોગોનો પણ સમાવેશ થતો હતો, અને તેથી લોકોની દ્રષ્ટિમા પ્રત્યેક રક્તપિત્તગ્રસ્ત મનુષ્ય શાપિત ગણાતો હતો. આવા મનુષ્યની સાથે કોઇ માણસ વાત સુદ્ધાં કરતું નહિ. જ્યાં ત્યા તેના પ્રતિ તિરસ્કાર પ્રદર્શિત કરવામાં આવતો હતો. રક્તપિત્તગ્રસ્ત મનુષ્ય જીવિત મનુષ્યોના મડળમાં ઉચ્ચાર કાઢી શકતો નહિ. તેને માત્ર મૃત મનુષ્યોની સાથેજ મિત્રતા કરવાનો હક રહેતો. તેને બહિષ્કૃત થયેલા મનુષ્ય અને અત્યજની પેઠે રહેવું પડતુ અને માત્ર શહેરના દરવાજા બહાર આવેલા ખુલ્લા મેદાનમાંજ ભટકવાની તેને રજા હતી. રહેવાને માટે ઘર તો મળતુંજ

નહિ. તેના નશીબમાં ચીથરાં વિંટાળી અશ્રુ સારવાનુંજ લખેલું હતું. માત્ર મૃત્યુજ તેનો સાચો દોસ્ત હતો.

ખ્રિસ્તી લોકોની નવસહિતા (New Testament)મા અધિક નરમ આજ્ઞાઓ છે; પરતુ ઇસ્રાયલના લોહસમાન અતિ સખ્ત કાયદાએ તો રક્તપિત્તગ્રસ્ત મનુષ્યોને મજબૂત રીતે બાધી લીધા હતા. રક્તપિત્તગ્રસ્ત મનુષ્યને પોતાના પાપના સૂચક ચિન્હ તરિકે પોતાનાં કપડાં ફાડી નાખીને પહેરવા પડતા હતા અને પોતાનુ મસ્તક ખુલ્લું રાખીને, યાહુદી લોકોમાં મનાતું તેથી પણ મોટુ અપમાન સહન કરવું પડતું. લેવિટિકસ નામના ગ્રથમાં એવો ઉલ્લેખ છે કે "જેનુ અગ રક્તપિત્તથી ભ્રષ્ટ થયુ હોય અને જેને ધર્મગુરૂની આજ્ઞાથી સમાજથી જુદો રાખવામા આવ્યો હોય, તેને પોતાના વસ્ત્રો ઢીલા પહેરવા પડશે, પોતાનુ મસ્તક ખુલ્લુ રાખવુ પડશે, પોતાના વદનપર વસ્ત્રનુ આચ્છાદન રાખવું પડશે અને તેણે ચાલતાં ચાલતાં મોટેથી બૂમ પાડીને કહેવુ પડશે કે 'હુ ભ્રષ્ટ અને મલિન છુ' જ્યાસુધી તે રક્તપિત્તગ્રસ્ત અને અસ્વચ્છ રહેશે તે સઘળા વખત પર્યંત તેને મનુષ્યની વસ્તીથી દૂર–એકલા રહેવુ પડશે." (લેવિટિકસ ૧૩–૪૪–૪૬.)

આવા નાના નાના અસખ્ય કાયદાઓએ તેમનુ જીવન અસહ્ય બનાવ્યુ હતું. આ લોકોનુ સાહિત્ય વાચતા જણાય છે કે કેટલાક રક્તપિત્તિઆઓની આગળ તો દાડી પીટનાર ચાલતા હતા. એટલા માટેજ કેટલાક પ્રાચીન ખાલ્ડી ભાષાના શબ્દોનુ ભાષાતર એવું કરવામા આવ્યુ છે કે " દાડી પીટનાર બૂમ પાડીને કહે છે કે 'ખસો, અશુદ્ધ માણસથી દૂર રહો.' "

નિઃસશય, નિર્ણય પ્રદર્શિત કર્યા પૂર્વે પ્રત્યેક રક્તપિત્તિઆનાં રોગસૂચક ચિન્હોની બરાબર તપાસ કરવાની ધર્મગુરૂઓને માથે ગભીર ફરજ નાખવામાં આવી હતી તેનું કારણ એજ હતું કે એક માણસ

રક્તપિત્તિઆ તરિકે જાહેર થયા પશ્ચાત્ તેની સ્થિતિ અતિ કરૂણા-જનક થતી હતી. જો રક્તપિત્તનો કેસ શંકાસ્પદ હોય તો શંકાશીલ મનુષ્યને એકાંતમાં સાત દિવસ પર્યંત ગોંધી રાખવામાં આવતો. આ-ટલો સમય વીતી ગયા પછી બીજીવાર તેની પરીક્ષા કરવામાં આવતી અને જો તેના અંગમાં રક્તપિત્તનાં ચિન્હો સંપૂર્ણ રીતે પ્રત્યક્ષ ન થાય તો પુનઃ તેને ક્વૉરન્ટાઇનમાં રાખવામા આવતો.

તે સમયમાં અમુક નિર્ણીત થયેલાં ચિન્હોને લક્ષમા લઇનેજ અમુક મનુષ્ય રક્તપિત્તથી પીડિત છે કે નહિ તેનો નિર્ણય કરવામા આવતો હતો. ધર્મગુરૂએ જ્યાં નિર્ણય આપી દીધો કે પછી તે ઉપર 'અપીલ' થઇ શકતી નહોતી. આ રોગથી પીડાતા પ્રત્યેક મનુષ્યને તપાસને શરણે થવાની ફરજ પડતી હતી. યુગોના યુગો સુધી 'જા, ધર્માચાર્યને તારૂં શરીર બતાવ' એ આજ્ઞા સામાન્ય રીતે લોકોમાં બોલાતી હતી કોઇ પણ યાહુદીને પોતાના અંગપર કાંઇ પણ શંકા-સ્પદ ચિન્હો જણાય તો તેણે નિર્ણયને માટે પોતાને વિષે રિપોર્ટ કરવો એ તેનુ કર્તવ્ય મનાતું હતું. પદ્ધી કે મોભાના લેશ પણ ભેદ વિના એ કાયદો સર્વ જણને એકસરખી રીતે લાગુ પડતો હતો. આ કાયદામા અપવાદ માત્ર એટલોજ હતો કે કોઇ મનુષ્યને લગ્નને દિવસે પોતાના શરીરપર રક્તપિત્તના ચિન્હો દ્રષ્ટિગોચર થાય તો તેની લગ્નક્રિયાના સાત દિવસ પર્યંત તે કાયદાના સ્પર્શથી મુક્ત રહી શકતો હતો; પરંતુ સાતમે દિવસે તેને નિર્ણયને માટે હાજર થવુ પડતું. તપાસ પૂર્ણ થયા પશ્ચાત્ નિર્ણય જો તેની વિરૂદ્ધ જતો તો તેને સાજા મનુષ્યોના વસવાટથી દૂર હાકી કાઢવામાં આવતો અને તેને બિહામણા કબ્રસ્તાનમાં વાસ કરવો પડતો. તે સમયથી તેનુ લગ્ન રદ કરાતું.

આ રોગની ઉત્પત્તિ ક્યારે, ક્યાં અને શાથી થઇ? એ વિષય પ્રતિ તેમજ તેને લગતા અન્ય દેશોના ઇતિહાસ પ્રતિ દુર્લક્ષ્ય કરી

આપણું ધ્યાન માત્ર પશ્ચિમ યૂરોપના ઇતિહાસમાંજ રોકીએ તો આપણુને જણાશે કે પૂર્વે આ ભાગમા રક્તપિત્તિઆઓ માટે બાંધેલી હૉસ્પીટલોની કુલ સખ્યા ૧૯૦૦૦ હતી, આમાની ૨૦૦૦ હૉસ્પીટલો તો માત્ર ફ્રાન્સમાંજ હતી. ખરેખર, ખ્રિસ્તાબ્દના બારમા શતકનાં સરકારી દફ્તરોપરથી નિર્ણય કરીએ તો ફ્રાન્સ દેશ તો આ રોગના ઉપદ્રવથી ઉજ્જડજ થઈ ગયેલો જણાય.

તે સમયમા ઇંગ્લાડ પણ કાઇ એથી સારી સ્થિતિમા નહોતું. એ દેશમાં પણ આ રોગે ઉડા મૂળ ઘાલી દીધા હતા.*

૧૦૯૬ થી ૧૪૭૨ સુધીમા ઇંગ્લાડમા બધા મળીને ૧૧૨ રક્તપિત્તાશ્રમ હતા આયર્લાડ અને સ્કૉટલાડમા જે રક્તપિત્તાશ્રમ હતા તેનો આમાં સમાવેશ થતો નથી.

અગીઆરમા શતકમા કૅન્ટર્બરીમા રક્તપિત્તિઆઓ માટે સૌથી પહેલી હૉસ્પીટલ બાધવામા આવી હતી છેલ્લી હૉસ્પીટલ હાઇગેટમા પંદરમી શતાબ્દીમા બાધવામા આવી હતી. આ ચાર શતકમા કેટલા સહસ્ર માણસો આ રોગથી પીડાયા અને મરણ પામ્યા તે માટે આપણી પાસે કાઇ આધાર નથી. પરતુ પ્રતિ કલાકે એક એક રક્તપિત્તિઓ યમદ્વાર પહોચતો હતો એમા તો કાઇ શક નથી. રક્તપિત્તનો રોગ સર્વત્ર ફેલાઇ ગયો હતો. ક્ષેત્રમા અને ગુફામા તેના પગલાં ગયાં

---

* કેટલાક લોકો એમ કહે છે કે ધર્મવિગ્રહ (Crusade) મા ભાગ લેનાર યોદ્ધાઓ પૂર્વમાથી આ રોગ ઇંગ્લાડમા લાવ્યા હતા. તેમને પૂર્વમા આ રોગ લાગુ પડયો હતો. પરતુ આ વાત નિમ્ન લિખિત પ્રમાણથી અસત્ય ઠરે છે. આ પ્રમાણ એ છે કે કૅન્ટર્બરીનુ મોટું રક્તપિત્તાશ્રમ ઈ. સ. ૧૦૯૬ મા અર્થાત્ પહેલો ધર્મવિગ્રહ થયો તેથી થોડો સમય પૂર્વે બધાયું હતું.

હતાં. દાતરડાં વતી જેમ જુવાર બાજરીના છોડ કપાઇ જાય છે તેમ આ રોગના ભયંકર ઉપદ્રવથી સ્ત્રી અને પુરૂષોનો નાશ થતો હતો. તેના ભયકર પંજામા સપડાઇને અસખ્ય મનુષ્યો મરણ પામ્યાં હતાં. દેવળોમા રાખવામાં આવેલી જૂની નોંધોમાં રક્તપિત્તિઆઓ માટે બાંધેલી હૉસ્પીટલોની જે લાંબી યાદી આપણુને જણાય છે તે તો માત્ર તેનુ ઝાખુ ચિત્રજ આપણી કલ્પના સન્મુખ ખડુ કરે છે. એકલા નૉરિચમાંજ આવી સાત હૉસ્પીટલો હતી; કીંગ્સલીનમાં પાંચ હતી; અને આ રીતે આખા દેશમા જ્યાં ત્યાં અનેક હોસ્પીટલો હતી.

પાસિફિક મહાસાગરમા આવેલા કેટલાક દ્વીપોમાં જણાતો રક્તપિત્ત સૌથી ખરાબ છે ગત શતકમા ત્યા આ રોગનો ઉપદ્વ એટલા વિશેપ પ્રમાણુમા પ્રસરી ગયો હતો કે તેને પાદાક્રાંત કરવાને માટે અત્યત સખ્ત ઇલાજો લેવામાં આવ્યા હતા. ૧૮૫૦ ની સાલમાં હવાઈ દ્વીપોની સરકારે પ્રત્યેક રક્તપિત્તગ્રસ્ત માણુસને અપરાધી તરિકે પકડીને રક્તપિત્તિઆં માણુસોને રાખવાને માટે અલાહેદા રાખવામાં આવેલા એક ઉજ્જડ દ્વીપમા મૂકી આવવાનો ધારો ઘડયો હતો. આ દ્વીપમા આ ભયકર રોગના ભોગ થઇ પડેલા માણુસો સુખ અને સહાય વિના જીવતા અને મરતાં હતા. પ્રાચીન કાળમા રક્તપિત્તિયાંઓની જેવી સ્થિતિ હતી, તે પ્રમાણે આ વખતે પણ હવાઇ દ્વીપોના રક્તપિત્તિયાઓને સમાજથી દૂર હાંકી કાઢવામા આવતાં હતાં અને તેની સર્વ આશાઓ નષ્ટ ભ્રષ્ટ કરવામાં આવતી હતી. આ ઉજ્જડ દ્વીપમાથી રક્તપિત્તિયાંઓ નાશી જઇ શકતા નહોતાં. એક તરફ ભયંકર મુદ્રા કરી ઉભાં રહેલાં પર્વતશૃંગો હતાં અને બીજી તરફ તોફાની સમુદ્ર હતો અને એ ઉભયની વચ્ચે રક્તપિત્તિયાંઓ ગોંધાઇ રહ્યાં હતાં. અફસોસ ! તેઓ તો એમજ ધારતા હતા કે અમને મનુષ્યોએ પણ વિસારી મૂકયાં છે અને ઇશ્વિરે પણ વિસારી મૂકયાં છે.

પરંતુ અનેક સમયે બનતું આવ્યું છે તેમ આ સમયે પણ બન્યુ. દીનબન્ધુ, પતિતપાવન પ્રભુના દયામય આન્દોલનોએ પોતાનો અવાજ દૂર ખેતરોમાં આવેલા એક ન્હાનકડા ફ્લેમિશ કુટુંબના ઝુંપડામાં સંભળાવ્યો. આ ધ્વનિ સાંભળી એક આત્મા જાગૃત થયો અને તેણે અંધકારમાં તથા મોતના ડાચામાં બેઠેલાં એ અસહાય દુ:ખી મનુષ્યો પ્રત્યે પ્રભુનો શાન્તિદાયક મહિમા પ્રસિદ્ધ કર્યો. આ મહાત્મા તે કોણ? **ફાધર ડેમિયન!**

આ રીતે પુનઃ એકવાર પ્રભુએ પોતાના પ્રતિનિધિ તરીકે પૃથ્વીના એક ક્ષુદ્ર મનુષ્યને–એક અપ્રસિદ્ધ, મોભાવિનાના, સત્તાવિનાના ગામડીઆને–પસંદ કર્યો અને અનેક સમયે નિમિત્તભૂત મહાત્માઓના હૃદયમા પોતાની પવિત્ર આજ્ઞા જે શબ્દોમા અંકિત કરી હતી તે શબ્દો તેના હૃદયમા સ્ફુરાવ્યા. એ શબ્દો આ હતા: “તું અશક્ત હાથોને સશક્ત કર. નિરાશ થઇ ગયેલાને કહે કે ‘હિમ્મત ધારણ કરો. સ્વયં પ્રભુ તમારૂ સંરક્ષણ કરશે.’”

૧૩

રક્તપિત્તનો ઉપાય.

રક્તપિત્તના રોગીઓ હિંદમાં પણ ઓછા નથી. આ રોગનો કોઇ આબાદ ઉપચાર હજી વિદ્વાનોને હાથ લાગ્યો નથી. જો તેવો ઉપચાર હાથ લાગે તો તેથી હિંદનાજ નહિ પણ આખા જગતના રોગીઓનુ કલ્યાણ થાય તેમ છે. હિંદમાં તો એવા વિષયના શોધકો અને તેમને ઉત્તેજન આપનારા ઉદારાત્માઓની ન્યૂનતાજ જણાશે.

માત્ર સ્વાશ્રયથીજ આગળ વધી શકેલા એવા જે ગણ્યાગાંઠયા નરો ગણી શકાય તેમ છે તેમા સ્વ૦ ડૉક્ટર ભાઉ દાજી પણ પ્રસિદ્ધજ છે. જુદા જુદા ન્હાના મ્હોટા રોગોના ખાસ ઉપચારોના તેઓ અતિ મહેનતુ અને ખંતીલા શોધક હતા. ભયંકર રક્તપિત્તના વ્યાધિનો ઉપચાર શોધવા પાછળ પણ તેમણે પુષ્કળ શ્રમ લીધો હતો, પરંતુ દુર્ભાગ્યે તેમનુ આયુષ્ય વધુ નહિ પહોચવાથી તે શોધનુ કાર્ય અટકયુ હતું, પણ સુભાગ્યયોગે તે અટકેલુંજ રહ્યુ નહોતું. સ્વ૦ ડૉક્ટર નારાયણ ભીકાજી જેઓ ડૉ. ભાઉ દાજીના બનેવી હોઇ તેમની સાથે વીશ વર્ષ સુધી કામ કરી રહ્યા હતા તેમણે તે પછી એ વિષયની શોધ પોતાના પુત્રી માણેકબાઇ લાડની મદદથી ચાલુ રાખી, અને છેવટે એક ઉત્તમ વનસ્પતિ શોધવામાં તેઓ સફળ થયા હતા. ડૉ. ભાઉ દાજીએ શોધેલી વનસ્પતિ અને આ વનસ્પતિનો વિશેષ અનુભવ મેળવીને ખાવાની તેમજ ચોપડવાની દવા તેમણે સિદ્ધ કરી; તેમજ પદ્ધતિમાં પણ કેટલીક સુધારણા કરી; અને 'આ રોગ સારો થતો નથી' એ માન્યતા ખોટી ઠરાવવાને તે સમયના કેટલાક દેશી અને અગ્રેજ, સરકારી તેમજ ખાનગી ડૉકટરોને વચમા રાખી અનેક દરદીઓ પર પોતાની દવાની સફળતા સફળ કરી બતાવી હતી, અને એ વિષયનાં અનેક

સરટીફીકેટો મેળવ્યાં હતાં. જે આપનારાઓમાં ડૉ. દેશમુખ, ડૉ ડીમૉન્ટી, ડૉ. શામરાવ નારાયણ, ડૉ. ફરેરા, ૪૦ છે.

ઉપર જણાવેલા ડૉ. નારાયણ ભીકાજીના પુત્રી અને ડૉ. ભાઉ દાજીના ભાણેજ બાઇ માણેકબાઇ લાડ હજી હયાત છે. પોતાના પિતા સાથે એ દવાની શોધ ખોળ, તેમજ ઉપચારોમાં પૂર્ણ રીતે તેઓ સ ગી હતાં, જેથી એ સર્વ બાબતોમાં તેમણે કુશળતા મેળવેલી છે. અંગ્રેજી ભાષાનું જ્ઞાન તેમજ પ્રસૂતિ-શાસ્ત્રમા અનુભવ મેળવીને ફર્સ્ટ કલાસ ડિપ્લોમા પણ તેમણે મેળવેલી છે. લગભગ ત્રીસ વર્ષનો તેમને આ વિષયનો અનુભવ હોઇ હાલ વૃદ્ધાવસ્થામા છે. રકતપિત્તના વ્યાધિવાળા સેકડો દરદીઓ તેમને હાથે સારા થઈ ગયાના તેમની પાસે સરટીફિકેટો છે. હજી પણ આ ઉપચારનું કાર્ય તેમણે જારીજ રાખેલુ હોવાથી આવા દરદીઓને ખાસ ભલામણ છે કે તેમણે તેમના રૂડા ઉપચારનો લાભ લેવો.

આ બાબત આટલે દરજ્જે આગળ વધેલી છે તે જોતા આ ઉપયોગી ઉપચાર કાળે કરીને જગતમાથી નષ્ટ ન થતા નિરંતર તેથી જગતનુ કલ્યાણ થતુ રહે; એટલા માટે તેની વધુ કસોટી લઈ ખાત્રી થાય તો તેને પ્રસિદ્ધિ અને પ્રચારમા લાવવો એ કેટલા મહાન પુણ્યનુ કાર્ય છે એ દરેક સજ્જન સમજી શકે તેવી વાત છે.

અમે ઉકત બાઈને મળીને કેટલીક વાતચીત કરી છે. આ બાઈ પોતા પાસેના ઉપચાર માટે દરેક પ્રકારે ખાત્રી કરી આપીને સર્વ વિધિ સહ તે શીખવવાને તૈયાર છે. તેમની વૃદ્ધાવસ્થા અને બાળક માટે અમુક રકમનો ઉચ્કો આપવાથી તેઓ તે સર્વ કરવાને તૈયાર છે.

અમારા ધારવા પ્રમાણે જુદી જુદી સ્થીતિના થોડાક દરદીઓના ફોટા લઇ તેમની સ્થિતિની દરેક વિગતો અનુભવી ડૉકટરો પાસે નોંધાવી

લઇને એ બાઇની સારવાર નીચે તેમને યોગ્ય-નિર્ણીત સમય સુધી રાખી જોઇને એ ઉપચારની પરીક્ષા કરવી જોઇયે. વળી આગલા દરદીઓનાં નામઠામ ખાનગી રીતે એ બાઇ પાસેથી મેળવીને તે મનુષ્યોનાં દરદ ઉપચાર તથા પરિણામ વિષે પણ માહિતી મેળવવી જોઇએ. આનું પરિણામ સારૂં જણાય તો પછી ઠરાવેલી રકમ પાંચ પ્રતિષ્ઠિત અને અનુભવીઓને હસ્તક પૂર્ણ સત્તાસહિત અનામત મૂકવી જોઇએ; અને બાઇને રકતપિત્તીઆઓના અમુક આશ્રમમાં નીમીને તેમના હાથ નીચે આ ઉપચારનું શિક્ષણ મેળવવા માટે થોડા ડૉકટરોને મૂકવા. તેઓ બાઇના કહેવા મુજબ દરેક પરીક્ષણ તથા ઉપચાર કરે એવી ગોઠવણ કરી એક વર્ષ દરમ્યાન તે પ્રકારથી દરદીઓપર સતોષકારક પરિણામ આવેલુ જણાય તો અનામત રકમ તેમને સ્વાધીન કરી દઇને મેળવેલી ઉપચારપદ્ધત્તિ ચાલુ કરવી જોઇએ અને જગતના અન્ય એવા દરદીઓના આશ્રમોને તે પદ્ધતિ પહોંચાડવી જોઇયે.

થોડાજ માસપર મુબઇસમાચાર પત્રમાં વાચવામા આવ્યું હતું કે ગરમ દેશોને લગતાં દરદો વિરૂદ્ધ લડત ચલાવવા માટે થોડાક અમેરિકનોએ મળીને રૂ. ત્રીસ કરોડની સખાવત કરી છે.

પણ એતો અમેરિકન ઉદારતાની વાત થઇ. અપૂર્વ બુદ્ધિબળથી કરોડો અને અબજોની પ્રાપ્તિ કરવી અને માનવ જાતિના હિતાર્થે કરોડોની અક્કેક ઉદારતા કરવી એતો તેમનુંજ કામ છે!

ઉપલો ઉપચાર યુરોપ કે અમેરિકન પાસેથી મેળવવાનો હોત તો તે ખાતે પણ લાખો કરોડોનુજ કામ પડત. આ ઉપચાર તો એક ગરીબ જેવાં દેશી બાઇ પાસેથી અને તે પણ પુરેપુરી ખાત્રી કરીનેજ મેળવવાનો છે, અને માત્ર દસ વીસ હજારનાજ ખર્ચનું કામ છે. જ્યારે હિત જોઇયે તો તેમાં આખી દુનિયાંનાં અત્યંત દયાપાત્ર લાખો માનવીઓનું સમાયેલું છે. આ કાર્ય માથે ઉઠાવી લેનાર કોઇ નીકળશે?

ઘણી અફસોસની વાત છે કે આ ખાતાની ચાલુ પ્રવૃત્તિઓની રોકાણ આડે સમય ન મળવાથી અનેક બાબતોની પેઠે આ બાબત પ્રત્યે પણ મારાથી ધ્યાન આપવું બની શકતું નથી. જેથી માત્ર આવા બે અક્ષર લખીનેજ સંતોષ માનવો પડે છે. એકાદ સામાન્ય સ્થિતિ-ના ઉદારાત્માથી પણ આ કાર્ય બની શકે તેવું છે. આ કાર્યમાં અજ-માયશ સંબંધી તેમજ અન્ય ગોઠવણોની બનતી સલાહ આપવાને અમે ચુકીશું નહિ.

ઉક્ત વૃદ્ધ બાઈ મુંબઈમાં રહે છે તેમનું શિરનામુ તુરતમાં બરાબર યાદ ન આવવાથી અહીં આપ્યુ નથી.

મંત્રી સ. સા.




ફાધર (ધર્મ પિતા) ડેમીઅન



ફાધર ડેમીઅનની સ્વંકર્તવ્ય માટે તૈયારી



ફાધર ડેમ.અન રફત પાતિયા છોકરાઓ સાથે કામ કરેછે



ફાધર ડેમીઅન પ્રભુનાં અંતકાળની આજ્ઞાનાં રાહ જુએ છે

(૨) ફાધર ડૅમિયન.

પ્રથમ પરિચ્છેદ.

જોસફ ડૅમિયન ડી વેસ્ટરનું પ્રાથમિક જીવન.

ફળદ્રૂપ અને સપાટ મેદાન ઉપર ઘુમટના આકારનુ આકાશ શોભી રહ્યુ છે. મેદાનમાં ક્યાંય ખાડા ટેકરાવાળી જમીન દ્રષ્ટિગોચર થતી નથી. ક્ષેત્રોમા ક્યાક એકાદ રાતાં નળીઆંવાળું ઘર દેખાય છે અને ક્યાંક રસ્તાની બાજુએ આવેલુ એકાદ દેવળ દ્રષ્ટિગોચર થાય છે. આવાં દેવળની નિકટ રસ્તે જતા આવતા બાળકો એકઠાં થયેલાં માલૂમ પડે છે.

વળી આગળ જતા એક નાનુ ગામડું દ્રષ્ટિએ પડે છે. તે ગામડાના મધ્ય ભાગમા એક દેવળ છે અને તેની આસપાસ નાનાં નાનાં ઝુપડાઓ આવી રહેલાં છે.

આ પ્રદેશમાં ક્યાંક ક્યાંક જાણે ગુપ્ત પરોપકારનો ઝુંડોજ ફરકાવતી હોય તે રીતે પ્રચંડ પવનચક્કીઓ ઉભેલી હોય છે. એ ગ્રામથી છ માઈલને અંતરે ઉત્તર દિશામાં વિશ્વવિદ્યાલય ધરાવનાર લુવેન નગર આવેલુ છે. આ નગરમાં માણસોનો કોલાહલ ભારે હોય છે.

પરંતુ એ ટ્રેમેલુ ગ્રામની સ્થિતિ તો તેથી ઉલટીજ છે, અર્થાત્ ત્યા પરમશાંતિનું સામ્રાજ્ય પ્રસરી રહેલું જણાય છે. ક્ષેત્રોની શાંતિમાં ભંગ કરનાર એક પણ ધ્વનિ ત્યાં સંભળાતો નથી. દૂરના ભાગમાં થતો ઘંટનાદ ત્યાંના પ્રાતઃકાળની શાંતિનો ભંગ કરવાને બદલે તેમાં વૃદ્ધિ કરતો જણાય છે ! આવા ઉજ્જડ પ્રદેશમાં રહેતા સર્વ ગામડીઆઓ પોતાની ટોપી કાઢી નાખીને પ્રાતઃકાળમાં પ્રભુપ્રાર્થના કરે છે.

આહા ! માત્ર થોડી ટુકોમા પ્રજાની મહાનતા શેમા રહેલી છે તે એક કવિ કેવી સરસ રીતે પ્રતિપાદન કરે છે ! જુઓ આ રહ્યા તે પ્રશ્નોત્તરાત્મક ટુકોનો ભાવાર્થ !

"પ્રજાને વસ્તુત: મહાન બનાવનાર કોણ છે ?"

માત્ર તેના પુત્રોજ છે. તેમના સ્થૂલ પદાર્થો નથી, પરંતુ તેઓ સ્વયં પોતેજ છે.

કીર્તિ અને સુવર્ણના સ્વામીઓ જો કોઈ પવિત્ર કાર્યને માટે તે વસ્તુઓનો ઉપયોગ ન કરે તો તે પવન અને મૃત્તિકાવત્ વ્યર્થજ છે.

મનુષ્યમાં એવી તે શી વસ્તુ છે કે જે દ્વારા એક દેશ દિવાળીના દિવસ જેવી જાહોજલાલીમાં રમમાણ રહે છે ?

તે વસ્તુ સદ્‌ગુણ છે: રાજ્ય અસ્તને આધીન થાય છે અને હુન્નરકળા દગો દે છે: (પરંતુ) માત્ર સદ્‌ગુણજ (એ સર્વ કરતાં અધિક સત્ય અને મહત્વયુક્ત હોવાથી) ટકી રહે છે.

જો ઉક્ત વાત સત્ય હોય તો દેશના આ મજબૂત પુત્રો, આ મુગા મુગા ધીમેથી કામ કરતા મહેનતુ લોકો કે જેના દિવસો ક્ષેત્રોમા મહાન પૃથ્વીમાતાના હૃદયની છેક અડોઅડ વ્યતીત થાય છે તે લોકોજ પ્રજાનો ઉત્તમ ભંડાર છે. કેમકે તેમના આત્મામા વસ્તુત: વધુ ઉચા જ્ઞાનનુ બીજારોપણ થયેલુ હોય છે.

સાધારણ ભાષામા કહીએ તો ગામડીઆ ખેડુતનુ જીવન-તેનુ આ દરરોજની મજુરીનુ જીવન-નીરસ-જાણવા જોગ બનાવો વિનાનુ છે. વળી તેનુ જીવન શારીરિક કષ્ટથી ભરેલુ અને યોગ્ય આર્થિક ફળ વિનાનુ છે. કારણ કે ક્ષેત્રમાં કામ કરનાર મજુરને સૂર્યોદયથી સૂર્યાસ્ત પર્યંત કામ કરવું પડે છે અને તેના બદલામાં તેને માત્ર બા-

જરાના રોટલાના ટુકડાજ મળે છે માત્ર પર્વના દિવસ શિવાય તેને અવકાશ મળતો નથી અને તેને મોજશોખના સાધનો ઘણાજ થોડા મળે છે તેનુ જીવન ઘાચીના બળદ જેવુ છે

તે છતા પણ ન્યુમન આપણને સ્મરણ કરાવે છે કે "મનુષ્ય ઉદ્યોગને માટે જન્મેલો છે, બેસી રહેવાને માટે જન્મ્યો નથી. સસારમાથી નિવૃત્ત થઈને કોઈ પણ મનુષ્યને ઉપયોગી નહિ થવાનો મનુષ્યને શુ હક છે? જે મનુષ્ય આ જન્મમા આળસુ–તામસ–વિશ્રાતિ ભોગવે છે તેને ભાવી જન્મમા જરા પણ વિશ્રાતિ મળનાર નથી"

મૅારિસ ડી ગુરિન સત્યજ કહે છે કે "આ સર્વ જગલી અને રક મનુષ્યોનુ જીવન એ એક કેવુ ગુહ્ય છે! પરતુ તે દિવસ અવશ્ય આવશે કે જ્યારે જગતના આ સર્વ વેઠીઆઓ પોતાના હાથમા તીક્ષ્ણ અને ભયકર હથિઆરો ધારણ કરીને ઉઠશે અને કહેશે કે, હે પ્રભો! તમે કહ્યુ છે કે "હલકા અને રક લોકોપર મારો આશીર્વાદ છે" તો હવે અમારા તરફ દ્રષ્ટિ કરો"

ટ્રેમેલુમા વસતા લોકો આજ પ્રકારના હતા. અને આ ખાસ જાતિમાજ સાદા ગ્રામ્યધર્માચાર્ય જોસફ ડૅમિયન ડી વેસ્ટરનો જન્મ થયો હતો, કે જે માણસના સ્તુતિગાન ભાવષ્યમા મહાન પ્રજાઓમાં ગાવામા આવનાર હતા અને જેનુ નામ સાપ્રતમાં અનાઘનત કાળના સર્વ મહાન પુરુષોની નામાવળીમા અંકિત થયુ છે

સદ્ભાગ્યવશાત્ પ્રત્યેક યુગમા વીર પુરુષો પાકે છે. કેટલાક વીરપુરુષો સ્વદેશને માટે પ્રાણાર્પણ કરે છે; કેટલાક લોકો અમુક કોઈ મંતવ્યને માટે તેમ કરે છે; કેટલાક લોકોએ ઘણા માણસોના કલ્યાણને માટે પ્રાણ વિસર્જન કર્યા છે; કેટલાકોએ પોતાના એકાદ મિત્ર અથવા અપરિચિત જનને માટે પોતાના શરીરનો ભોગ આપ્યો છે;

પરંતુ જોસફ ડી વેસ્ટરનો આત્મભોગ આ પ્રકારનો નહોતો કારણ કે જો કે તે અન્યના પ્રાણ બચાવવાને માટે મુઓ હતો તોપણ તેમ કરવામા તેનો ઉદ્દેશ જેટલો તેમના આત્માને મુક્તિ અપાવવાનો હતો તેટલો તેમના સ્થૂળ શરીરને બચાવવાનો નહોતો માત્ર આજ લક્ષ્ય સાધ્ય કરવાને માટે તે પોતાની ખીલતી તરુણાવસ્થામા કોઢીઆઓને માટે અલાહેદા રાખવામા આવેલા દ્વીપમા ગયો અને કોઢગ્રસ્ત લોકોની સેવા કરવામા પોતાની અમૂલ્ય આરોગ્યતા અને બળનો ભોગ આપીને તે પૃથ્વીપરના નરકસ્થાનમા રહ્યો અને નિરાશાથી કટાળીને જીવ પર આવેલા લોકોના આત્માનુ કલ્યાણ કરવાને માટે એકલો લડયો તેણે આ દિવ્ય પ્રીતિકાર્ય આરોગ્ય અને અનારોગ્ય અવસ્થામા સોળ વર્ષ પર્યંત સતત ચાલુ રાખ્યુ. અતે તે સ્વય આ ભયકર રોગથી પટકાઇ પડયો અને અત્યત શારીરિક વ્યથા સહન કરીને મરણ પામ્યો

આવી ભયકરતાથી ભરેલો, આવો સપૂર્ણ અને આવો અનન્ય આત્મભોગ જોઇ દુનિયાના સર્વ માણસો આશ્ચર્યચકિત અને સ્તબ્ધ થઇ ગયા. સમરક્ષેત્રમા બતાવેલી બહાદુરી અને પરાક્રમ કરતા પણ આ આત્મભોગ મહાન હતો. મૃત્યુ અને નરકને પણ આ આત્મભોગ આપનાર માણસે 'કુછ બિસાત'મા ગણ્યા નહોતા અને તે શા માટે ? માત્ર એટલાજ માટે કે તે મહા રોગીઓના આત્મા બચે

ડૅમિયન ડી વેસ્ટરનો જન્મ ઈ સ ૧૮૪૦ ની સાલમા થયો હતો તેના જન્મ કાળ પછી ટ્રેમેલુ ગામમા કાઇ ફેરફાર થયોજ હોય તો તે ઘણો થોડો હતો તે તેના માત પિતાનુ છઠ્ઠુ બાળક હતું. તેનાં માબાપ ભલા અને સાદા હતા અને તેઓ ખેતરમા મજુરી કરીને પોતાનુ ગુજરાન કરતા હતા આ શાતિપ્રદાયક વાતાવરણ ફેલાવનારા ક્ષુદ્ર ઝુપડાએ આ ભાવી ધર્માચાર્ય અને મહાત્માના મનપર તેની બાલ્યાવસ્થામા જેવી અસર કરી હતી તેવી અસર તેના મનપર મોટા

મોટા મહાલયો કરી શક્યા ન હોત આ સાદા ઘરમાજ તેણે પહેલ-વહેલા પોતાના માતપિતાના મુખથી સત્યમા રહેલા બળ અને ઉત્તમતા વિષે વચનો સાભળ્યાં હતા. ફ્લૅન્ડરની પ્રત્યેક ખરી કન્યાને શોભે એવી દૃઢ અને અચળ શ્રદ્ધા તેની માના અ ત કરણમા સ પૂર્ણાશે હતી. અને ખાસ કરીને તેણે પોતાની માતા દ્વારાજ એવી પ્રાથમિક શિક્ષા ગ્રહણ કરી હતી કે જેને પાછળથી આવુ અદ્દ્ભુત ફળ આવ્યુ.

ખરેખર, તેના ઘરની સુદર રચના એ કોઇ ચિત્રકારની પીછી-નોજ વિષય થઈ પડે, તેનુ વિશાળ રસોડુ, તે પર આવેલુ ધુમાડી-આનુ ભૂગળું, દિવાનખાનાની દિવાલ પર લટકતા ધાર્મિક ચિત્રો વગેરે વસ્તુઓ જોનારના મનમા આલ્હાદ ઉત્પન્ન કરતી હતી ચુલામા બળતા અગ્નિથી ઘડીમા પ્રકાશ અને તેના મ ંદ પડવાથી ઘડીમા અ ધકાર ફેલાઇ રહેતો હતો ત્યારે જોવા જેવો ખેલ બની રહેતો હતો પ્રત્યેક ફ્લેમીશ પત્નીને અભિમાન અને આનદ ઉત્પન્ન કરનારા ઝગઝગાટ મારતા ત્રાબાના વાસણો પર જ્યારે અગ્નિનો પ્રકાશ પડતો હતો ત્યારે તેની શોભામા કાઇ ઓરજ વધારો થતો હતો આગલી પરસાળમાં માતા અને છોકરા એકઠા થતા અને જ્યારે માતા "સાધુચરિત (Lives of saints)" વાચતી ત્યારે પોતાની માતાના મુખ તરફ જોઇને સઘળા છોકરા તે એકાગ્ર ચિત્તે સાભળતા આ ગ્ર થ જુના કાળા ટાઇપમા છાપેલો હતો છોકરાઓ આ ગ્ર થ ઉકેલી શકતા નહોતા, પરતુ જુના જમાનાની તેની માતા તેને ઉકેલી શકતી હતી. પરિશ્ર-મથી કઠણ બનેલા હાથવતી તે તે પ્રચડ ગ્રથને પકડતી અને પ્રાચીન કાળના વીર પુરુષો તથા વીર નારીઓએ કરેલા પરાક્રમો તથા આત્મભોગની કથા છોકરાઓને વાચી સ ભળાવતી આ ગ્ર થમા એવા માણસોની વાર્તા આવતી હતી કે જેમણે **સ ંસારમાં કીર્તિ અથવા માન પ્રાપ્ત કરવાને માટે કાર્યો કર્યાં નહોતાં, પરંતુ એથી**

અધિકતર રુડા અને વધુ વખત નીભે એવી વસ્તુઓ પ્રાપ્ત કરવા માટેના પ્રયાસો કર્યા હતા.*

આ વાચનની છાપ બાળકોના મનપર કેવી સ્પષ્ટ પડી હતી તે એ ઉપરથી જણાશે કે તેમણે પોતાની બાલ્યાવસ્થામા શરીરદમનની ક્રિયા કરવાના પ્રયત્નો કર્યા હતા તેમણે 'અરણ્યવાસી સાધુઓ' નુ અનુકરણ કરવાની અને મહાત્મા એન્થની તથા એન્કોરાઇટને પગલે ચાલવાની ઈચ્છા કરી હતી એટલુજ નહિ, પરતુ તેમ કરવાને માટે ગભીરતાપૂર્વક પ્રયત્ન પણ કર્યા હતા અલબત્ત તેમના માર્ગમા વિઘ્નો તો હતાજ કોઈ પણ મહાન સાહસમા વિઘ્નો તો હમેશા હોય છેજ તેમને પ્રથમ મુશ્કેલી અનુકૂળ ઉજ્જડ રાન શોધી કાઢવામા પડી અફસોસ ! બેલ્જીઅમમા ઘણા ઉજ્જડ રાનો નથી આ છોકરાઓ કરતા ન્યૂન આતુરતા ધરાવનારા બાળકો ઉજ્જડ રાનના અભાવને લીધે નિરાશ થઇ ગયા હોત, પરતુ ડૅમિયન અને તેના ભાઈ બ્હેનો કાંઈ નિરાશ થાય એવા નહોતા તેમણે વિદ્યમાન પરિસ્થિતિનો ઉત્તમમા ઉત્તમ લાભ લેવાનો નિશ્ચય કર્યો. આથી તેમણે ઉજ્જડ રણ શોધી કાઢવાનો વિચાર માંડી વાળ્યો અને તેને બદલે ઘીચ ઝાડી પસદ કરી. તેમને નિશાળે જતી વખત આ સ્ફૂરણા થઈ અને તેમણે નિશાળે જવાનુ માંડી વાળી દફતરની સાથેજ આ ઘીચ ઝાડીમા પ્રવેશ કર્યો અને જરા પણ સકોચ વગર તથા જરા પણ ડગ્યા વિના પ્રભુ

---

* વાચક બધુઓ અને ભગીનીઓ ! તમો ભારતવાસીઓ પણ ક્યારે એવા ઉત્તમ શિક્ષાપ્રદ જીવનચરિત્રો નિજ બાળકોને વાંચીને યા મોઢેથી કહીને સભળાવવાનું શીખશો ? શુ તમને આવા શિક્ષણ કાર્યના અત્યુત્તમ ફળનુ ભાન નથીજ ? આવા શિક્ષણ માટેના પુસ્તકો "ભારતના વીર પુરૂષો" "ભારતના સ્રી રત્નો" ઈ પણ ચરિત્રમાળાના ગ્રાહકોને પ્રાપ્ત થઈ ચૂકેલાજ છે. 'મંત્રી'

ભજન તથા તત્ત્વચિતનમા પોતાનુ સમસ્ત જીવન વ્યતીત કરવાના નિશ્ચયથી નિર્જન અરણ્યમા આગળ વધવા માડયુ હરિયાળી વૃક્ષ લતાઓના રમણીય મડપની નીચે પ્રત્યેક બાળકે ઘુટણે પડી, હૃિકર જોડી, વિલક્ષણ પ્રકારની ગભીરતાપૂર્વક, શાતિ અને તત્ત્વ ચિતનમા જીવન ગાળવાની પ્રતિજ્ઞા લીધી ખરેખર, તે અરણ્યમા કિનારા સાથે જોરથી અથડાતા અને વહેતા ઝરાના પાણીનો ખડખડાટ પણ તેમને અસહ્ય લાગતો હતો. અને સગીત કળામા એક બીજાને હરાવવાનો નિશ્ચય કરીને જાણે ગાતા ન હોય એવા પક્ષીઓનો મધુર ધ્વનિ પણ તેમને ચિત્તને પરાવૃત્ત કરનારો લાગતો હતો સાત વર્ષની ઉમ્મરના સાધુ ડૅમિયનને યોગીજીવન કાઇક કઠિન લાગ્યુ, તોપણ તેણે અતિ શ્રમ કરીને પોતાના મનને ઉન્નત બનાવ્યુ અને પ્રાપચિક મોહને વશ ન થવાનો નિશ્ચય કર્યો

મધ્યાન્હકાળે તેમણે પોતાના દફતર ખોલ્યા અને પ્રત્યેક બાળકે યોગ્ય ગભીરતાપૂર્વક પોતાનો સાદો નાસ્તો કર્યો જમણની પરિસમાપ્તિ થતા દરેક બાળકે ધ્યાન ધર્યું અને સૂર્ય ક્ષિતિજમા નીચે ઉતરી આવીને અસ્ત પામવાની તૈયારીમા આવ્યો ત્યા સુધી તેઓ આ સ્થિતિમા રહ્યા. પરતુ અફસોસ ! આજ પળે એક વટેમાર્ગુએ તેમને શોધી કાઢયા અને તેમને હાકીને ઘેર લઈ ગયો અને તે નાનાં રખડેલ છોકરાઓ તથા ભાવી સતો પોતાના મસ્તકપરથી કીર્તિ મુકુટ પડી જતા, જે પિતૃગૃહનો સદાને માટે પરિત્યાગ કરેલો ધારતા હતાં તે પિતૃગૃહમા જઇને શીઘ્ર નિદ્રાગ્રસ્ત થયા.

એક અન્ય પ્રસગે તરુણ ડૅમિયન પ્રાતકાળથી જતો રહેલો જણાયો આથી તેના ઘરના સર્વ માણસો અતિ ચિતાતુર થયાં. ગામનાં દેવળમા તેની શોધ કરવામા આવી, પરતુ ત્યાં તેનો પત્તો લાગ્યો નહિ.

આ સમયે નિકટના એક ગ્રામમા મેળો ભરાયો હતો. તે પ્રદેશમા મેળો અને મદિરમા થતો ભડારો એ ઉભય સમારભ એકજ ગામમાં અને એકજ વખતે થતા હોવાથી લોકોને એક પથ ઓર દો કાજ જેવુ થાય છે મેળો ત્રણ દિવસ સુધી પહોચે છે અને અનેક ગાઉને અતરેથી લોકો રવિવારને દિવસે પહેરવાના સર્વોત્તમ વસ્ત્રો પરિધાન કરીને તે મેળામા ભાગ લેવાને માટે આવે છે પ્રત્યેક પુરુષ શણનો લાબો અને સ્વચ્છ જભ્ભો પહેરે છે અને કેટલીક સ્ત્રીઓ ભરેલી કોરવાળો કાળો 'ફ્રૅાક' પહેરે છે તથા ગળે ચકચકિત રૂમાલ બાધે છે વળી કેટલીક સ્ત્રીઓ આ આધુનિક ફેશનની શીશીઆરી તરફ ઘૃણાની દ્રષ્ટિથી જોઈ કાળી સાટીનની કાનટોપીવાળો ફ્લેમીશ જભ્મો પહેરે છે આ સ્ત્રીઓ પ્રાચીન રીતરિવાજને ચાહનારી હોયછે અને દેશની ખરી છોકરીઓ તેજ છે આ છોકરા કેવા વિલક્ષણ પ્રકારની ગભીરતાવાળા દેખાય છે! છોકરાઓ પણ લાબા કાળા જભ્ભા પહેરે છે તેમના મસ્તક પર સભાળપૂર્વક ઓળીને ગુચ્છો વાળેલા વાળો અને તે પર પહેરેલી બોનેટો (ટોપીઓ) એ તેમના બાલીશ અગને પુખ્તાવસ્થાની પ્રતિમા અર્પણ કરી હતી

ગામડીઆઓ મેળામા જાય છે તે વખતે પુષ્કળ અવાજ થાય છે ચારે તરફ લોકોનો ધ્વનિ સભળાય છે ગામનો ચોક માણસોથી ભરાઈ ગયો છે મડપો, રમકડાની દુકાનો, મીઠાઈની દુકાનો, જાદુગરો, મલ્લો, જોશીઓ, અદ્ભુત દેખાવો વગેરે વગેરે મેળામા દ્રષ્ટિગોચર થાય છે

વ્યાપારીઓ પોતાનો માલ ખપાવવાને માટે મોટેથી બુમો પાડે છે ત્યારે ગામડીઆ વાજાંવાળાઓ ગાલ ફુલાવી તથા આખ પહોળી કરી વાજા વગાડતા વગાડતા ચાલ્યા જાય છે તેમના તાલભગનુ તો પૂછવુંજ શુ? જ્યારે તેઓ દૂર જાય છે ત્યારે વ્યાપારીઓ પુનઃ પોકારી

પોકારીને મનુષ્યના કાનના કીડા કાઢી ખાય છે

સર્વ માણસોના મુખપર હાસ્ય છવાઈ રહ્યુ છે. કાઇ ને કાઈ કૌતુક ચાલુજ હોય છે, તેથી માણસનુ હાસ્ય પણ બધ પડતુ નથીજ. મનુષ્યોની આવજાથી જાણે એવીજ કલ્પના થાય છે કે ગામનો ચોક જીવતા ચિત્ર બતાવનાર એક યત્રજ ન હોય !

આ સર્વ ધાધલની વચ્ચે એક સ્થળે દેવળ આવેલુ છે, અને થોડી થોડી વારે ઘોઘાટ કરતા ટોળામાથી એકાદ જણ નીકળે છે અને તે શાત પવિત્ર સ્થળે જાય છે

આ દેવળની વેદી આગળ એકાતવાસને પસદ કરનારો નાનો ડૅમિયન એક વખત ભરાયો હતો અને તેને ત્યાથી શોધી કાઢવામા આવ્યો હતો

પરતુ જેમ જેમ તે મોટો થતો ગયો તેમ તેમ તે પોતાના ભવિષ્યના કાર્યના ચિન્હો દર્શાવવા લાગ્યો તેનો સ્વભાવ ઘણો સારો હતો અને તેણે પોતાની બાલ્યાવસ્થાથીજ અભ્યાસનો શોખ બતાવ્યો હતો તેના ગામની નાની નિશાળમા તેની તીવ્ર ગ્રાહક શક્તિને માટે ઘણુ નાનુ ક્ષેત્ર હતુ તે શાળાના શિક્ષકનુ જ્ઞાન ઘણુ થોડુ હતુ, અર્થાત્ તે માત્ર લખી વાચીજ જાણતો હતો, આટલુ જ્ઞાન તો એક ગ્રામ્ય શાળાના શિક્ષકને માટે પૂરતું હતું

ડૅમિયનને ગ્રામ્ય શાળામા કાઈ રસ કે આનદ મળતો નહિ, પરતુ સદ્‌ભાગ્યે શાળાની બહાર કેટલાક કાર્યમા તેને ખૂબ ગમ્મત પડતી ડૅમિયન બરફ પર સરવાના કામમા ઉસ્તાદ હતો અને આખા શિયાળામા તેને જે અવકાશનો વખત મળતો તે સર્વ તે બરફમાં ગાળતો હતો ફ્લૅન્ડર્સમા અઠવાડીઆઓ સુધી અને કેટલીક વખત તો મહિનાના મહિનાઓ સુધી સર્વ નદી નાળાના પાણી ઠરી જાય છે ડૅમિયનને બરફ પર સરવાનો ઘણોજ નાદ હતો કાઈ પણ સદેશો

પહોચાડવાનો હોય તો તરતજ ડૅમિયન તૈયાર થઈ જતો, કારણ કે તેના નિમિત્તે તેને બરફ પર સરવાનુ મળતું હતું સપાટ પ્રદેશમા અતિ ઠ ડો પવન વાતો તેની પણ ડૅમિયન દરકાર રાખતો નહિ. બીજા માણસો કડકડતી ટાઢથી થરથરતા, અકડી ગયેલા હાથવતી જેમ તેમ ટોપલીઓ પકડીને બજારમા જતા, ત્યારે આ સશક્ત છોકરો જોશબ ધ ચાલ્યો જતો

જેમ જેમ ઠ ડો પવન વાતો તેમ તેમ તેની શક્તિઓ વિશેષ જાગૃત થતી બરફપર સરતી વખત જે નાદ થતો તે તેને સ ગીતના નાદ જેવો સુમધુર લાગતો ગમે તે થાય તો તેની તે પરવા રાખતો નહિ તે ઝપાટાબ ધ ચાલ્યો જતો તે વખતે વૃક્ષોની હાર પાછળ હઠતા સૈનિકોની ટુકડી જેવી તેને લાગતી તેના મસ્તકપર નીલવર્ણું આકાશ આવી રહેતું અને તેની આસપાસ તરતના પડેલા બરફના વિશાળ પટો આવી રહેતા

પર તુ કાઇ બારે દહાડા બરફપર સરવાનુ ચાલે નહિ જ્યારે શિયાળો પૂરો થતો ત્યારે ડૅમિયનનુ મન શોકગ્રસ્ત થતું સારૂ શિક્ષણ પ્રાપ્ત કરવુ અને બને તો પાછળથી ધર્માચાર્ય થવાને માટે પણ જોઇતો અભ્યાસ કરવો એવી તેની ઇચ્છા હતી. પર તુ આ ઇચ્છા પાર પાડવાને માટે કયા માર્ગો અને કયા સાધનોનુ અવલ બન કરવુ એ ચર્ચા જ્યારે ચાલી ત્યારે તેના ધરમા શોકનુ સામ્રાજ્ય છવાઈ રહ્યુ

માત્ર થોડ વખતપરજ તેના પિતાએ પોતાના જ્યેષ્ઠ પુત્રને દેવળમા મોકલ્યો હતો તે પોતાના ઉભય પુત્રોને દેવળમા મોકલે એ તો બની શકે એમ હતુંજ નહિ, એટલા માટે ડૅમિયનને ક્ષેત્રના કામમાં સહાય કરવાને અને કુટુબનો નિર્વાહ કરવાને ઘેર રહેવુ આવશ્યક છે એવો નિર્ણય કરવામા આવ્યો.

ડૅમિયન ઉદ્યોગપૂર્વક ખોદવાનુ, ઓરવાનું અને પ્રત્યેક પ્રકારની

મજુરીનુ કામ કરવા લાગ્યો. આ રીતે મહિનાના મહિના વ્યતીત થઇ ગયા. તેનુ શરીર અને તેનુ મન એ ઉભય મજબૂત હતા તેથી થાક શુ થાય છે એ તો તે જાણુતોજ નહોતો વળી તેને ભિન્ન ભિન્ન પ્રકારના કાર્યો કરવાના હતા. ગાડી ફેરવવી, કાદા બટાટા ખોદી કાઢવા, વગેરે ખેતીના સર્વ પ્રકારના કાર્યો તે શ્રમપૂર્વક કરતો હતો દરવાજો સુધારવાનો હોય, વાડ કરવાની હોય, છાપરૂ બાધવાનુ હોય, માદી પડેલી ગાયની શુશ્રૂષા કરવાની હોય તો ડૅમિયન તે કામ તરત કરતો. આ છોકરો પ્રત્યેક કાર્યમા એટલો તો કુશળ હતો કે ગમે તેવા કઠિનમા કઠિન કામ પણ તે કરી શકતો હતો સાચું કહીએ તો પ્રત્યેક કામ કરી શકતો હતો

તે ખેડુતના સર્વ કર્તવ્યો ખુશીથી કરતો હતો તોપણ તેની ઉચ્ચ વૃત્તિ બીજા પ્રકારના કાર્ય ક્ષેત્રોની આકાક્ષા ધરાવતી હતી એમ જણાતુ હતુ વસ્તુત કૃષિ કાર્ય કરતા તેનુ ખરૂ કાર્ય કાઇ ભિન્નજ હતુ ઘણો વિચાર કર્યા પછી તેના માતપિતાએ નિશ્ચય કર્યો કે ડૅમિયનને અભ્યાસ વધારવા દેવો આથી તેને વૅાલુન જીલ્લામાં આવેલા બ્રેન-લી-કોમ્ટની શાળામા મોકલી આપવામા આવ્યો, કારણુ કે ત્યા ફ્રેન્ચ ભાષાનુ જ્ઞાન પ્રાપ્ત કરવાના વધારે સાધનો હતા. આથી ડૅમિયનની ઉન્નતિના દ્વાર ખુલ્લા થયા તેને નવો ઉત્સાહ આવ્યો. તેણે પોતાના હૃદયના ઉડા ભાગમા જે આશાઓનું ગુપ્ત રીતે લાલનપાલન કર્યું હતું તે સર્વ ફળીભૂત થશે એમ તેને લાગ્યુ. કેટલાક છોકરાઓને નિશાળના પાઠો કટાળા ભરેલા લાગે છે, પણ ડૅમિયનને તો હમેશા એમજ લાગતું હતું કે મારાથી બરાબર ભણાતુંજ નથી અને હુ કદિ પણ મારૂ મન તૃપ્ત થાય એટલો અભ્યાસ કરી શકીશ નહિ. તેનો જ્ઞાનલોભ અસતુષ્ટ્ય હતો. તેની જ્ઞાનક્ષુધા કદિ પણ તૃપ્તિ ન પામે એવી હતી. તે જેમ જેમ વધુ જ્ઞાનામૃતનું

પાન કરતો તેમ તેમ તેને વિશેષ તૃષા છૂટતી હતી. તેના સહાધ્યાયીઓ કદિ કદિ પાછળ પડી જતા, પરંતુ ડેમિયનને તો હમેશા આગળ જતો અટકાવવો પડતો હતો. નિશાળનો પરિત્યાગ કરવાના સમય પર્યંત તેની આવી સ્થિતિ રહી. અને એ સમય આવ્યો ત્યારે એક વધારે ગભીર મુશ્કેલી આવીને ઉભી રહી હવે શુ કરવુ તે પ્રશ્ન આવીને ઉભો રહ્યો પરંતુ તેણે તો પોતાના જ્યેષ્ઠ બંધુનુ અનુકરણ કરવાનો નિશ્ચય કર્યો હતો, ‘પરદેશમા પાદરીઓ મોકલનારૂ’ ખાતું તેને આમત્રણ કરતું હતું

પરંતુ આ આમત્રણને માન શી રીતે આપી શકાય? હજી પણ તેના માતપિતાને તેની જરૂર હતી, કદાચ હમણા તો સૌથી વિશેષ તેની જરૂર હતી તેણે ધાર્યું કે માતપિતાની સમ્મતિ વિના મારાથી ધર્માચાર્યનુ પદ સ્વીકારી શકાશે નહિ અને તે સમ્મતિ આપે એ પ્રાય અસભવિત છે તેનો આ ભય સાચોજ હતો તેણે પોતાના માતપિતાની સમક્ષ ધર્માચાર્યનુ પદ સ્વીકારવાના સબધમા જે દલીલો કરી તે તેમણે ધૈર્ય અને સહાનુભૂતિપૂર્વક સાભળી, પરંતુ તેમણે કહ્યુ કે “ અમારો એક છોકરો અમે ધર્મકાર્ય કરવાને અર્પણ કર્યો છે, માટે બીજા છોકરાને ઘેર રાખવો એ અમારો હક છે હમણા તારી જરૂર છે, એટલુંજ નહિ પણ અમારો નિર્વાહ કરવાને માટે ભવિષ્યમા પણ તારી જરૂર છે ” તેના માતપિતાના આ વચનો સાભળી ડૅમિયનનુ હૃદય કરુણાથી ભેદાઈ ગયુ, કારણકે તે પોતાના ઘરને અને પોતાના કુટુંબને ઘણુ ચાહતો હતો પોતાના ઘર અને કુટુબ પ્રત્યેનો તેનો આ પ્રેમ માત્ર તેના દેહાત સાથે નાશ પામ્યો હતો.

અન્ય પક્ષે ડૅમિયનને નિશ્ચયપૂર્વક લાગ્યુ કે પરદેશમા ધર્મ પ્રસારવાનો સદેશો માત્ર મારા પોતાના હૃદયમાથી ઉદ્ભવ્યો નથી. જેવી રીતે પ્રાચીન કાળના ‘બાળક સૅમ્યુઅલ’ને રાત્રિએ ચોકી કરતા પહેરે-

ગીરોના શબ્દો દૈવી સંદેશા જેવા લાગ્યા હતા તેવીજ રીતે ડૅમિયનને આ સંદેશો નિશ્ચયાત્મક રીતે દૈવી લાગ્યો. આથી જેવો ઉત્તર સૅમ્યુઅલે આપ્યો હતો તેવોજ ઉત્તર ડૅમિયને પણ પોતાના માબાપને આપ્યો, પરંતુ તેને પણ સૅમ્યુઅલની પેઠે ખરી તક આવે ત્યા સુધી થોભવાની જરૂર પડી ઘણા લાબા વખત સુધી રાહ જોયા પછી અને ઘણી આતુરતાથી પ્રાર્થના કર્યા પછી ડૅમિયનની ઇચ્છા ફળીભૂત થઈ. તેના માબાપે સમ્મતિ આપી તોપણુ તેને છૂટો મૂકતા તેમણે અત્યંત વિલબ કર્યો

આવી અસતોષકારક સ્થિતિ ચાલ્યા કરતી હતી એવામા ડૅમિયનના પિતાને લુવેન નગરમા કાઇ કામ હોવાથી તેણે પોતાના પુત્રને પોતાની સાથે આવવાને કહ્યુ ડૅમિયન તેની સાથે જવાને અનુમત થયો અને એવો ઠરાવ કરવામા આવ્યો કે તેનો પિતા જ્યારે પોતાનુ કામ કરવામા રોકાય ત્યારે તેણે પોતાના જ્યેષ્ઠબધુ પૅમ્ફાઇલિની પાસે જઈ આવવુ પૅમ્ફાઇલિ આ વખતે ધર્માચાર્ય તરિકે વિદેશ મોકલવાને માટે તૈયાર કરવામા આવતા છોકરાઓની પાઠશાળામા* અભ્યાસ કરતો હતો

ઉભયબધુઓ યથાસમયે મળ્યા આ મુલાકાતનુ પરિણામ એ આવ્યુ કે ડૅમિયને તેને તેજ વખતે તે સસ્થામા જોડાવાને માટે પાઠશાળાના અમલદારોને અરજી કરી તેની અરજી મજુર કરવામા

---

* અમારો ધર્મ આવો ને તેવો, એવા મોઢાના તડાકા મારતા ભારતના બગભક્ત ધાર્મિકો અન્ય ધર્મીઓના ખોટા હુમલાથી સ્વધર્મની રક્ષા સ્વદેશમા કે પરદેશમા કરવાને આવી એકાદ પણ ઉત્તમ પાઠશાળા ધરાવવાનો દાવો કરી શકશે ? ફિટકાર હો એ પોલપોલ ધર્મ ભાવનાઓ ઉપર અને શરમ છે અમારા લક્ષાધિપતિ ધર્મગુરૂઓને અને મોટા ટીલા વાળા ધાર્મિક જનોને ! 'મંત્રી'

આવી. આથી તે દિવસે સાયકાળે પોતાને ઘેર પાછો ફરવાને બદલે તેણે પાઠશાળામાજ ધામો નાખ્યો તે પોતાના વ્હાલાઓને સલામ કરવા પણ ગયો નહિ.

આથી તેનો પિતા એકલોજ પોતાને ઘેર ગયો અને ડૅમિયને પોતાનુ નવુ જીવન શરૂ કર્યું

દ્વિતીય પરિચ્છેદ.

નવું જીવન.

અરાઢ વર્ષની ઉમ્મરે જોસફ ડી વેસ્ટરે લુવેનમા જ્યારે ખરા ધાર્મિક જીવનની શરૂઆત કરી ત્યારે તેણે પોતાના કુળનુ નામ છોડી દીધુ અને તેને બદલે તેણે પોતાના આશ્રયદાતા મહાત્મા ડેમિયનનુ નામ ધારણ કર્યું આ નામ તેણે પોતાના આશ્રયદાતા કરતા પણ અધિક પ્રસિદ્ધ કર્યું

ધર્માચાર્ય થવું એ તેની મહત્વાકાક્ષા હતી પરતુ તે ગ્રીક અને લૅટિન ભાષાથી અજ્ઞાન હોવાથી તેના ઉપરીઓએ તેને તે પદને માટે અયોગ્ય ઠરાવ્યો આથી તે ત્યા પાળાx તરિકે રહ્યો. અહીંઆ તેને હલકા કામો કરવા પડતા. આવી રીતે તેણે ભવિષ્યની મહાન કારકીર્દિનો પાયો નાખ્યો

તેણે ખેતરના કષ્ટ ભરેલા કામો કરેલા હોવાથી ગૃહકાર્યો તો તેને રમત જેવા લાગ્યાં તે હમેશા પોતાને ભાગે આવતું તે કરતા પણ વધુ કામ લેતો અને કરતો હતો. જ્યારે તે કામ કરતો ત્યારે

x હલકી પક્તિનો સાધુ. આવા સાધુઓને સર્વ પ્રકારના મજુરીના કાર્યો પણ કરવા પડે છે

મોજ અને આનદ તેના મુખપર છવાઇ રહેતાં હતા આથી તેના સાથીઓના શરીરમાં પણ તે ગુણોનો સચાર થતો હતો

કેટલાક વખત તેનો બધુ પૅમ્ફાઇલિ તેની પાસે જતો અને પોતાના બધુના પરિશ્રમથી ઉપજતા કટાળાનો પરિહાર કરવાને માટે ડૅમિયન જ્યારે કામ કરતો ત્યારે તે મોટેથી એક પુસ્તક વાચી સભળાવતો. તેણે ડૅમિયનની સમક્ષ વાચવાને માટે એક લૅટિન વ્યાકરણ પસદ કર્યું હતું ડૅમિયન આ વ્યાકરણમાના ફકરા રસપૂર્વક વારવાર બોલતો અને સ્મરણમા રાખતો. માત્ર વખત કાપવાના સાધન તરિકે જે મુખપાઠનો પ્રારભ થયો હતો તેણે ઉપરી અધિકારીનુ લક્ષ આકર્ષિત કર્યું અને તેણે એક દિવસ આવીને ડૅમિયનને શીખવવામા કેટલી પ્રગતિ કરી છે એવી તપાસ કરી આનુ પરિણામ એ આવ્યુ કે ડૅમિયનને ધર્માચાર્યની પદ્ગીના ઉમેદવાર તરિકે સ્વીકારવો કે નહિ એ પ્રશ્ન ઉપર પુન ચર્ચા ચાલી અને થોડા વખતમા માજીપાળાનુ નામ ધર્માચાર્યની પદ્ગીના ઉમેદવારની નામાવળીમા દાખલ થયુ.

હવે ડૅમિયનના આનદનો પાર રહ્યો નહિ. તેણે પોતાના દિવસો અભ્યાસ અને પ્રાર્થનામા ગાળવા માડયા અને પોતાના નવા કર્ત્તવ્યો બજાવતા તેના ચારિત્ર્યને નવીન સામર્થ્ય પ્રાપ્ત થયુ

ખરેખર તેને જે ભાવતું હતુ તે મળ્યુ. પાઠશાળાના પ્રાર્થનાગૃહમા તેનો વખત અત્યાનદમા વ્યતીત થતો હતો અને વધુ વાર પ્રાર્થના કરવાને કેટલીક વખત જ્યારે તેને પરવાનગી મળતી ત્યારે તો ઘણી મોડી રાત સુધી તે ઉજાગરો કરતો હતો

ઉમેદવારનુ જીવન કોઈ પણ રીતે શાતિ ભરેલુ નથી વિરુદ્ધ પક્ષે તે મનોવેદના અને નિરાશાથી પરિપૂર્ણ હોય છે. પરતુ એથી મનુષ્યની દ્રઢતાની પરીક્ષા થાય છે. તેની યોગ્યતાની તુલના થાય છે અને ઉત્તરાવસ્થામાં અન્યના દોષો સબંધી અભિપ્રાય બાધતી વખત

જે મનઃસયમની જરૂર પડે છે તે તેને પ્રાપ્ત થાય છે. ડૅમિયન એ પાઠશાળામા આ પાઠો સારી રીતે શીખ્યો.

એક વાર ડીલેમેનેસે તેને કહ્યુ "સર્વ પ્રાણીઓમા મનુષ્ય સૌથી વધુ દુખી છે તેનુ કારણ શુ છે તે તમે જાણો છો? એનુ કારણ એ છે કે તેનો એક પગ સાત–દ્રશ્ય જગત્મા અને તેનો બીજો પગ અનત અદ્રશ્ય જગત્મા છે અને તે બે જગત્ની વચ્ચે ખેચાઇ પીંખાઇને છિન્નભિન્ન થઈ જાય છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી એક મદિર કે જ્યા મનુષ્યની દૈવી શક્તિઓ વિશેષ જાગૃત થઈ તેની ઉચ્ચ ભાવનાઓને પોષે છે તેથી કરીને મનુષ્યને વિશેષ મનોવેદના થાય તેમા આશ્ચર્ય શુ? જે મુમુક્ષુ પરા વિદ્યાનો અધિકારી હોય અને જે ધર્મનુ ગુપ્ત તત્ત્વ સમજવાને લાયક હોય તથા મનુષ્ય વર્ણવી પણ ન શકે એવા ધર્મના ગુપ્ત રહસ્યો જેની સમક્ષ પ્રત્યક્ષ થઈ ગયા હોય તે જો સર્વાગ સપૂર્ણ પરમાત્મા તરફ પોતાના હાથો લબાવે અને "હે પ્રભો ! આ સ્થલ શરીરમાથી મને મુક્ત કર" એમ મહાત્મા પૉલની પેઠે અશ્રુપૂર્ણ નયન કરીને પ્રાર્થના કરે તેમા શુ આશ્ચર્ય?

હસની પેઠે એવો જિજ્ઞાસુ પણ આ સ્થૂળ જગત્ના બધનમાથી છૂટીને ઉચે અને ઉચે ઉડવાને ઇચ્છે છે ડૅમિયન પણ જિજ્ઞાસુ હોવાથી તે પણ ઉચ્ચ નભોમડળમા–સ્વર્ગમા ઉડી જવા ઇચ્છતો હતો.

તેણે વ્યર્થ શોક કરવામા પોતાનો સમય ગુમાવ્યો નહિ. વળી જીવન પ્રત્યે તેને એટલુ બધુ માન હતું કે તેને ખોઇ નાખવુ એ પણ તેને રુચ્યુ નહિ. તેનો અભિપ્રાય એવો હતો કે "જીવન કોઈ પણ નિશ્ચિત કાર્ય કરવાને માટે આપણને આપવામા આવે છે અને મનુષ્યને જે ઉદ્દેશ સાધ્ય કરવાને માટે ઉત્પન્ન કરવામા આવ્યો હોય તે ઉદ્દેશ પાર પાડવો એ તેનો ધર્મ છે. વળી એક માણસનુ ખાસ કામ બીજો માણસ કરી શકતો નથી માટે

પ્રત્યેક મનુષ્યે પોતાનુ વિશિષ્ટ કાર્ય કર્યા કરવુંજ જોઇએ

એટલા માટે આ પ્રમાણે જ્યારે તે ઉમેદવારી કરતો હતો ત્યારે પોતાનુ જીવન કાર્ય શુ છે તે જાણવાને તેણે કાળજીપૂર્વક પ્રયત્ન કર્યો હતો. એક સમયે તે જ્ઞાનમદિરને દરવાજે બેઠો હતો અને તે મદિરની અદર શુ વાતો થાય છે તે સાભળવાને પોતાના કાન ધરતો હતો, તેવામાં જાણે કાઇ અવાજ સભળાયો હોય એમ તેને લાગ્યુ આ અવાજ અદ્ભુત રીતે સુમધુર હતો. તે અતિ મૃદુ અને અતિ ધીમો હતો; અને તે છતા પણ તે એટલો પ્રબળ હતો કે તેથી સર્વ આકાશ વ્યાપ્ત થઈ ગયુ હતુ અને તેવી જાણે સમગ્ર બ્રહ્માડ ડોલાયમાન થયેલુ લાગતું હતું.

તે ધ્વનિ આ પ્રમાણે હતો. "હુ પૃથ્વીપર અગ્નિ વર્ષાવવાને આવ્યો છુ અને જરૂરજ તે સર્વત્ર લાહ્ય લાહ્ય કરી મૂકશે"

આ ધ્વનિ સાભળી તે તરુણ મુમુક્ષુનુ અતઃકરણ આનદથી ઉભરાઇ ગયુ અને તેણે તે ધ્વનિને માન આપવા માટે પોતાનુ મસ્તક અવનત કર્યું. આ દેવવાણી દૂર વસતા લોકોમા થોડા વખતમા જાહેર કરવાને માટે તૈયાર થવાનો તેણે નિશ્ચય કર્યો. ધર્માચાર્યનુ પદ સ્વીકારી, જ્વલત દયાની જ્યોતિ હાથમા ગ્રહી, પ્રભુના પ્રતિનિધિ તરીકે દૂર વસતા લોકોમાં જઈ દુખ, દારિદ્રય અને અજ્ઞાનરૂપી તિમિરનો નાશ કરવાનો તેણે નિશ્ચય કર્યો. અને દયાના સાક્ષાત્ અવતાર બની તન, મન, ધન સૌ દુઃખી અને અજ્ઞાન લોકોને માટે ખર્ચી નાંખવાને –તેનો ભોગ આપી દેવાને તે તૈયાર થયો

ડેમિયને સંસાર માર્ગમાં ઠોકર ખાઈને પડી જતા તથા ખોટે માર્ગે ચઢી જતા લોકોને માટે પ્રકાશ તથા ભોમીઆરૂપ થવાને દિવસોના દિવસ–અરે વર્ષોના વર્ષો સુધી પ્રભુપ્રાર્થના કરી હતી.

મનુષ્ય કોઈ એક દિવસમા મહાન બની જતો નથી, તેમજ કાંઇ એક કલાકમા સપૂર્ણ મહાત્મા બની જતો નથી પ્રથમ તો પર્વતની ખીણમાથી સાકડી, નાની પાણીની રેખા નીકળે છે, તે વૃક્ષ, છોડ, ઘાસ વગેરેમા થઇને આગળ વધતી જાય છે અને બીજે જે જે સ્થળેથી પાણી મળે તે તે સ્થળેથી પાણી ગ્રહણ કરતી જાય છે આ પ્રમાણે તેનો પટ વિશાળ થતો જાય છે અને આખરે તે એક મોટી નદી બની સમુદ્રમા વિલીન થાય છે મનુષ્યના આત્માનો વિકાસ પણ આજ રીતે થાય છે મનુષ્યનુ જીવન એ ઈશ્વરનો એક ઉચ્છ્વાસ છે માટે સહસ્ત્ર જગત કરતા એ મોટો છે

માટે મનુષ્યોએ મહાન કાર્યો કરવાની ઉમેદ રાખવી જોઈયે અને તેવા કાર્યો કરવા જોઈએ જે માણસો પ્રાચીન મહાત્માઓ તથા તેમના મહત્કાર્યોના ઇતિહાસથી પરિચિત હોય અને તે મહાત્માઓને પોતાના સત્કાર્યોના મહાન ફળ મળ્યા હતા એ વાત જેઓ જાણતા હોય તેવાઓ તેવા કાર્યો કરવાને આકર્ષાય એ સ્વાભાવિકજ છે.

પરતુ તેમણે ઉદારતા અને આત્મભોગની વૃત્તિને નિત્ય ઉત્તેજિત કરીને તેને પ્રયોગમા મકવાનો અભ્યાસ પાડવો જોઇએ આમ કરવામા આવે તોજ તે વૃત્તિઓ કસોટીના સમયમા ઉપયોગી થઈ શકે. બહાદુરીનુ એકાએક કરેલુ કાર્ય કે જેથી તેનો કરનાર એક વીર પુરુષ તરિકે જગત્મા પ્રસિદ્ધિ પામે છે અથવા તો સાહસિકત્વ ભરેલુ શૌર્ય કે જે જોઇને અન્ય મનુષ્ય સ્તબ્ધ થઈ જાય છે તે કાંઈ એક પળમા કરેલા વિચાર અથવા તાત્કાલિક નિશ્ચયનુ પરિણામ હોતુ નથી. એ તો મનુષ્યજીવનનુ સ્વાભાવિક અને નિયમાધીન (Logical) પ્રતિફળ છે એ તો ગુપ્ત વા પ્રકટ રીતે અનેક વર્ષો પર્યંત કરેલી તૈયારીનુજ પ્રત્યક્ષ ફળ છે. મનુષ્યનુ ચારિત્ર્ય આ રીતે જ ઘડાય છે અને વિકાસ પામે છે. એ વિષે સુપ્રસિદ્ધ લેખક જેમ્સ લેઇન એલન

આ પ્રમાણે લખે છે "આપણી ઇચ્છા ગુપ્ત રીતે આપણા અંતરમા ઉદ્ભવે છે, જ્યા બુદ્ધિ પણ પહોચી શકતી નથી એવા અજ્ઞેય સૂક્ષ્મ તત્ત્વની સમીપ વસતા અનેક નામરહિત તત્ત્વો દ્વારા તેનુ સ્વરૂપ રચાય છે, પછી તે ઇચ્છા પરમાણુ પરમાણુ અને અણુ અણુ વડે વિકાસ પામતી જાય છે આ તો ભવિષ્યમા વિજયધ્વજા ફરકાવનારા અનુભવની હજી માત્ર 'પાશેરામા પહેલી પૂણી' જ છે ત્યાર પછી ચિર જાગૃત અને નિરતર ઉન્નત થતી ઇચ્છાના સખ્ત કણો કે જેનો પાયો અનત શાંતિપર રચાયો છે તે આખરે જીવનના તરગોની ઉપર ફુટી નીકળે છે અને હવે આ કિલ્લો પૂર્ણ તથા અવિનાશી થઇને ઉભો રહે છે સર્વ સાસારિક વાવાઝોડાથી આ આતરિક કિલ્લામા મનુષ્યનુ રક્ષણ થાય છે "

સર્વ મહાન્ પુરુષોની પેઠે ડૅમિયને પણ અપ્રસિદ્ધાવસ્થામાંજ પોતાનો એ આતરિક કિલ્લો બાધ્યો હતો. જ્યારે તેની ઉમેદવારીની મુદ્દત પૂરી થઇ ત્યારે તે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવા માટે લુવેનના વિશ્વવિદ્યાલયમા દાખલ થયો. આ સ્થળે અન્ય વિદ્યાર્થીઓ કે જેની મહત્વાકાક્ષા પણ તેના જેવુ જ જીવન ગાળવાની હતી તેમનાથી તે જુદો ઓળખાઈ આવે એવી કોઈ ઝાઝી વિલક્ષણતા તેનામા દ્રષ્ટિગોચર થઈ નહોતી. તે છતા પણ ધીમે ધીમે તેની વિશેષ ચચળતા, અને કઠિન વિષય સમજી જવામા તેની શક્તિ તથા તેની સખ્ત ખત, આ ગુણોથી તે અન્ય વિદ્યાર્થીઓ કરતા ઉત્તમ પક્તિનો ગણાવા લાગ્યો. તેના શિક્ષકો તેને વિષે બોલતા એવો અભિપ્રાય ઉચ્ચારતા હતા કે " આ માણસ ભવિષ્યમા વિદ્વાન ધર્મગુરૂ થશે "

ડૅમિયન પોતે તો ભવિષ્યમા પોતે કેવો માણસ થશે તે વિષે જરા પણ દરકાર રાખતો નહોતો. ભૂત કે ભવિષ્યને માટે તે કાળજી રાખતો નહોતો. માત્ર વર્તમાન ઉપરજ તેનુ લક્ષ હતું એટલા માટ

યદચ્છાએ તેના હાથમાં જે કાર્ય આવી પડયુ તે કાર્ય તે પોતાના સમગ્ર સામર્થ્યથી કરતો

તરુણ વિદ્યાર્થી વર્ગમાથી કેટલાક યુવકોને સૅન્ડવિચ દ્વીપોમા ધર્માચાર્ય નુ કામ કરવાને માટે ચુટી કાઢવામા આવ્યા તેમા ડૅમિયનના બધુને પણ ચુટી કાઢવામા આવ્યો હતો. પરતુ તેણે પોતાના કામપર જવાની તૈયારી કરવા માડી એટલામા તે ગભીર માદગીથી પટકાઈ પડયો. આથી તેને ઘણી મનોવેદના થઇ, કારણ કે તે જાતે દુ:ખી થયોતો થયો, પરતુ આ સકટથી બીજા માણસોને પણ ઘણુ નુકશાન થવાનો સભવ હતો. જ્યારે સમગ્ર જીવનનુ કામ હાથમાથી સરી જવાનો ભય હોય, જ્યારે તે કામ હાથ લેવાને માટે પોતાના પ્રતિનિધિ તરીકે કોઇને ઉભો કરી શકાતો ન હોય અને જ્યારે કામ હાથમા આવ્યા છતા ખાટલામા લાત મારવી પડતી હોવાથી તે કાર્ય કરી શકાતુ નહોય ત્યારે જે વેદના થાય છે તે તો જેને તેનો અનુભવ થયો હોય તેજ જાણે છે.

એક દિવસ પેમ્ફાઇલ પોતાની શય્યામા પડયો પડયો આ માટે શોક કર્યા કરતો હતો તે વખતે ડૅમિયન પણ તેની પાસે હતો પોતાના બધુને શોક કરતો જોઇ તે બોલ્યો " વારુ, તમારે બદલે હુ જાઉ તો કેમ ? ડૅમિયનની તાત્કાલિક આતુરતા અને અપ્રતિમ સરળતા આ વચનો ઉપરથી પ્રત્યક્ષ થાય છે તેના બધુને પણ આ વાત પસદ પડી આથી ડૅમિયને તરતજ કાગળ અને ખડીઓ કલમ લીધાં અને પૅરિસમાં રહેતા વરિષ્ઠ અધિકારીને આ વાત લખી જણાવી.

તેને સૅન્ડવિચ દ્વીપોમા મોકલવામા આવનાર ધર્માચાર્યોમાના એક ધર્માચાર્ય તરિકે પસદ કરવામા આવ્યો નહોતો, આથી જો તેની અરજીનો સ્વીકાર કરવામા આવે તો તે એક ખાસ અપવાદ તરિકે જ ગણાય. પરતુ અસંભવિત લાગતી ઘટનાઓ હમ્મેશાં પ્રત્યક્ષ બને

છે. એ દિવસમા તેનાપર એવો જવાબ આવ્યો કે “ તમને પસંદ કરેલા માણસોમા ગણવામા આવ્યા છે ”

ડૅમિયને ત્વરાથી તૈયારી કરી કારણકે ઉપડવાનો સમય ઘણો નજીક આવી પહોચ્યો હતો. ૧૮૬૩ ના નવેમ્બરની પહેલી તારીખે સઘળા ધર્માચાર્યો સ્ટીમરમા બેઠા, અને ૧૩૯ દિવસ પછી તેઓ હોનોલુલુમા ઉતર્યા

કિનારા પર ઉતર્યા પછી ડૅમિયને બે મહિના સુધી એકાંતવાસ સેવ્યો આ અરસામાં તેમણે શાંતિપૂર્વક ધ્યાન ચિંતન કરી ભવિષ્યનો કાર્યક્રમ ગોઠવ્યો. તેઓ મે માસની ૨૨ મી તારીખે એકાંતવાસમાથી પાછા આવ્યા. હવે તેમને ધર્માચાર્યની સનદ આપવામાં આવી. જે દિવસે તેને ધર્માચાર્ય તરીકેની સનદ આપવાની ક્રિયા કરવામા આવી તે દિવસે તેણે જે ભાષણ કર્યુ તે તેના આધ્યાત્મિક જીવનનુ ઉત્તમ ચિત્ર સાદર કરે છે

તૃતીય પરિચ્છેદ.

આર્કિપેલેગોમાં કરેલુ ધર્મકાર્ય.

સૅન્ડવિચ દ્વીપોમા હવાઈ નામનો જે મોટામા મોટો દ્વીપ છે તેમા ડૅમિયને પ્રથમ ધર્માચાર્ય તરિકે કામ કર્યુ ત્યાના લોકો સાદા અને સ્નેહાળ હતા આ લોકોમા તેણે નવ વર્ષ પર્યત કામ કર્યુ

સૌથી પ્રથમ તેને પુનાના મદિરમા ગખવામા આવ્યો. પરતુ કોહાલા જીલ્લામા એક ધર્માચાર્ય કામના અતિશય બોજાને લીધે તવાઇ જાય છે એવી વાત સાભળી ડૅમિયને પોતાના અધિકારી પાસે તેની જગ્યા પર જવાની રજા મેળવી, હવાઈ દ્વીપમા તે જેટલા વર્ષો રહ્યો તેટલા વર્ષો સુધી તેણે આ સ્થળે ઘણી પ્રમાણિકતાથી અને ઘણી ખતપૂર્વક કામ કર્યુ

ત્યા સતત કાર્ય અને અવિચ્છિન્ન કષ્ટ સહન કરવાના હતા પરતુ આ તરુણ ધર્માચાય આ સકટોને કાઈ લેખામા ગણ્યા નહિ. લોકોની આધ્યાત્મિક ઉન્નતિ કરી તેમના શારીરિક અને માનાસક દુખોનો નાશ કરવો એજ તેનો અનન્ય ઉદ્દેશ હતો. લુવેનમા રહેતા પોતાના આચાર્ય બધુઓ પર લખવામા આવતા પત્રોમા કેટલીક વખત તે પોતાને સહન કરવી પડતી અગવડતાઓ વિષે કિચિત્ ઇસારો કરતો, પરતુ આવો ઇસારો કર્યા પછી, જાણે તેમ કરવાને માટે તે શરમાતો ન હોય તેમ ત્વરાથી આનદદાયક વાતો વર્ણવવા માડતો. દાખલા તરિકે, તે લખતો કે "ગત ત્રણ માસમા ઘણીવાર મને નિર્જન જગલમા આવેલી એકાદ નાની ઝુપડીમા લઈ જવામા આવતો. આ ઝુપડીમા એકાદ માણસ હુ જઈ પહોચુ ત્યા સુધી યમદેવને દૂર રાખી છેલ્લો દમ લેતો પડેલો જણાતો '

આર્કિપેલેગોમા તે રહ્યો તે અરસામા પ્રારભમા તે પોતાને ઘેર વારવાર પત્રો લખતો હતો. આ પત્રો પરથી તે ત્યા કેવુ જીવન ગાળતો હતો તે સમજાય છે. ૧૮૬૪ ની સાલમા લખેલા એક પત્રમા તે જણાવે છે કે "વ્હાલા માતપિતા! મને પુષ્કળ જ જાળો અને દુખો છે, તે છતા પણ હુ સુખી છુ મારા વરિષ્ઠ ધર્માધ્યક્ષે મને એક નવા પ્રગણામા નિયુક્ત કર્યો છે આ પ્રગણું ટ્રેમેલુ પ્રગણા કરતા સ્હેજ મોટુ છે આ પ્રગણાના સર્વ ગામોમા ફરી વળતા મને બરાબર એક માસ થાય છે. અહીઆ આગગાડી કે ઘોડાગાડીની સગવડ નથી તેમજ પગે પણ પ્રવાસ કરી શકાતો નથી" પ્રવાસની આ અડચણને લીધે ડૅમિયનને એક અશ્વ અને ખચ્ચર ખરીદવાની ફરજ પડી. અશ્વને માટે તેને સો ફ્રાક અને ખચ્ચરને માટે પોણોસો ફ્રાક આપવા પડયા. આ ઉભય વાહન દ્વારા તે સુખપૂર્વક પ્રવાસ કરી શકતો હતો વળી તે લખે છે કે "દ્વીપવાસીઓ જ્યારે મને તથા મારા અશ્વને આવતા જુએ છે ત્યારે તેઓ આનદ પામે છે હુ તેમને અતિશય ચાહુ છુ અને તેમને માટે આત્મવિસર્જન કરવાને ખુશીથી તૈયાર છુ. .આથી ચોવીસ પચ્ચીસ માઇલના અતર પર કોઈ બિમાર મનુષ્યને અથવા અન્ય કોઈ મનુષ્યને મળવાનુ હોય ત્યારે હુ પણ મારી જાતને શ્રમ આપવાથી ડરતો નથી"

ખરેખર તેના લખેલા પત્રોથી તેના માતપિતા જે કલ્પના કરી શકે તે કરતા પણ આ કોહાલા પ્રગણુ ઘણુ મોટુ હતું માતાપિતાને ચિતાતુર ન થવા દેવા એવી ડેમિયનની ઇચ્છા હતી અને એટલા માટેજ તેણે તેમના પર લખેલા પત્રમા પોતાના કામનો બોજો અને તેની સાથે રહેલી જોખમદારી ન્યૂન જણાવી હતી પરતુ પોતાના બધુ પૅમ્ફાઇલ ઉપર તે વધારે છૂટથી લખતો હતો.

તે જણાવે છે કે "મારે મારા પ્રગણાને માટે અભિમાન ધરા-

વવું જોઇએ, કારણ કે તે સમગ્ર મૅલિન્સ પ્રગણા જેટલુ વિશાળ છે. તેને ત્યા કરવા પડતા કામો કેવા કષ્ટના ભરેલા હતા તેનો ખ્યાલ +"ડેમિયનનુ જીવન અને તેના પત્રો" એ નામના ગ્રથમાથી લીધેલા આ અવતરણદ્વારા આવી શકશે. (એ ગ્રથનો અગ્રેજી અનુવાદ કરનાર નીચે પ્રમાણે લખે છે. આ સત્યકથન સ્પષ્ટ રીતે સમજાવવાને માટે આખો પૅરેગ્રાફ સપૂર્ણ રીતે ઉદ્ધૃત કરવામા આવ્યો છે.)

"એક દિવસ ડેમિયન અશ્વારૂઢ થઇને એક ઉચા અને સીધા પર્વતની તળેટી આગળ આવ્યો. આ સ્થળે તેને સ્મરણ થયુ કે આ પર્વતના પાછલા ભાગમા કેટલાક ખ્રિસ્તી લોકોનો વસવાટ છે, અને હજી સુધી મે એ લોકોની મુલાકાત લીધી નથી. તેજ વખતે તેમની પાસે જવાનો નિશ્ચય કરી તેણે પોતાના અશ્વને દામણુ બાધ્યુ અને પોતે પર્વત ઉપર ચઢવા લાગ્યો પર્વત ઉચો અને સીધો હોવાથી તેને ચઢતી વખત હાથ અને પગ એ ઉભયનો ઉપયોગ કરવો પડતો હતો. જ્યારે તે પર્વતના શિખર પર પહોચ્યો ત્યારે તેને પોતાના પગ નીચે એક સીધી ઉડી ખીણ મો વકાસીને પડેલી દ્રષ્ટિગોચર થઈ. તેને તે સ્થળેથી કોઈ પણ મનુષ્યની વસ્તી જણાઇ નહિ. પરતુ દૂર તે પર્વતના જેટલોજ ઉચો એક બીજો પર્વત દગ્ગોચર થયો. વિચાર કરવાને ઉભો રહ્યા વિના તે નીચે ઉતરવા લાગ્યો અને નીચે ઉતરી રહ્યા પછી જેવી રીતે તે આ પર્વતપર ચઢી આવ્યો હતો તેવી રીતે બીજા પર્વતપર હામપૂર્વક ચઢવા મડયો જ્યારે તે આ પર્વતના શિખર પર ગયો ત્યારે દેવળ અથવા ગ્રામના કાઈ પણ ચિન્હો તેને જણાયા નહિ અહા! આ વખતે તેને કેવી નિરાશા ઉત્પન્ન થઇ હશે! નીચે દ્રષ્ટિ ફેકતા તેને એક વિશાળ સપાટ પ્રદેશ જણાયો અને

+ 'મહાત્મા ડેમિયનનુ જીવન અને તેના પત્રો" કથોલિક ટ્રુથ સોસાયટી લડન

તેને છેડે એક બીજો ડુગર દગ્ગોચર થયો આવો બનાવ બનતા કોઈ પણ સાધારણ મનુષ્ય નિરાશ થઇને પાછો વળી ગયો હોત પરતુ જે માણસનો ઉદ્દેશ મનુષ્યના આત્માનુ સરક્ષણ કરવાનો હતો તે માણસ આટલી મ્હેલાઇથી હારી જાય એવો નહોતો તેણે સપાટ પ્રદેશમા પ્રવાસ કરી ત્રીજા પર્વત ઉપર ચઢવા માડ્યુ, અને જ્યારે તે ત્રીજા શિખર ઉપર પહોચ્યો ત્યારે તેને બીજી ખીણ જણાઇ. હવે તે છેક થાકી ગયેલો હોવાથી વિશ્રાતિ લેવા ઉભો રહ્યો આ સમયે તેના હસ્ત ફાટી ગયા હતા—તેમા ચીરાડા પડયા હતા અને તેમાથી પુષ્કળ શોણિત વહેતું હતું, તેના પગમા પણ ઘા પડયા હતા, કારણ કે તેના જોડાને જે સખ્ત અત્યાચાર સહન કરવો પડયો હતો તેથી તે ફાટીને છિન્ન ભિન્ન થઈ ગયા હતા. જો તે સાજા રહ્યા હોત તો તેના પગનુ રક્ષણ થાત પોતાના રક્તાવૃત હસ્તપાદ જોઈ, મુખ મ્લાન કરવાને બદલે તેણે હિમ્મત ધારણ કરી અને ક્રાઇસ્ટે સહન કરેલા સકટોનુ સ્મરણ કરીને બોલ્યો "ખબરદાર! હામ ધર! ભલા ક્રાઇસ્ટ પણ અન્યના આત્માઓને માટે પોતાનુ લોહી રેડયુ છે" તે પુનઃ પોતાનુ પ્રિય કાર્ય કરવા લાગ્યો અને અતે જ્યારે તે પેલા ગામમા ગયો ત્યારે તે છેક થાકીને લોથપોથ થઈ ગયો હતો. પરતુ આ ગ્રામમા તેના પરિશ્રમનુ ઉત્તમ પ્રતિફળ મળ્યુ. ખ્રિસ્તી લોકોએ તેનુ સારૂ સ્વાગત કર્યું, આ ગ્રામમા પૂર્વે કોઈ પણ પાદરી ગયો નહોતો!

છેક હમણાં સુધી હવાઈ દ્વીપમા મૂર્તિપૂજક લોકો વસતા હતા. પહેલો કામેહામેહા સુધરેલા વિચારનો રાજા હતો. તે નાના રાજ્યમાથી ટાબુ (નાત જાત)નો ભેદ દૂર કરનાર તેજ હતો. તેણે સૅન્ડવિચદ્વીપોમા ઉચ્ચ સસ્કારો દાખલ કર્યા. પ્રાચીન પદ્ધતિ એવી હતી કે "જો કોઈ સાધારણ માણસનો પડછાયો કોઈ સરદાર પર પડે તો તેનો વધ કરવામાં આવતો હતો. કોઇ સ્રી પોતાના પતિની સાથે

ભોજન કરી શકતી નહોતી. વળી 'નાળિયેર, કેળાં' ઇત્યાદિ દેવાર્પણ કરેલી વસ્તુઓ પૈકી કોઇ પણ ચીજ તે ખાઇ શકતી નહોતી આ ધારાઓનો ભંગ કરવા માટે અપરાધીને દેહાંત દંડ થતો હતો વળી સાર્વજનિક પ્રાર્થના કરતી વખત જો કોઈ માણસ શિષ્ટાચારવિરુદ્ધ અવાજ કરે તો તેને પણ ફાસીને લાકડે લટકાવી દેવામા આવતો હતો વળી એક એવો વિલક્ષણ પ્રકારનો રિવાજ હતો કે જેથી કડીઆનો ધંધો અપ્રિય થઇ પડયો હતો આ રિવાજ એવો હતો કે એક દેવળ બંધાઈ રહે તે વખતે એકાદ બે કડીઆઓનો ભોગ આપવામા આવતો હતો બાળકોને દૂધ પીતા કરવાનો રિવાજ પણ ત્યા સાધારણ હતો અને ગાડા માણસોને પથ્થર મારીને મારી નાખવામા આવતા હતા વૃદ્ધ મનુષ્યોને જીવતાં દાટી દેવામા આવતા હતા અથવા તો ઘરમાથી હાકી કાઢવામા આવતા હતા આ રીતે વૃદ્ધ મનુષ્યોનો અંત આવતો હતો. તેઓ પોતાની ભાષા માત્ર બોલીજ જાણતા હતા ભાષાલેખન પદ્ધતિ અસ્તિત્વમા આવી નહોતી"

૧૮૨૦ ની સાલમા હવાઇમા જ્યારે પહેલવહેલા પાદરીઓ ગયા ત્યારે તે પ્રદેશની આવી સ્થિતિ હતી. આ વખતે નવા રાજા સિંહાસનારૂઢ થયો હતો આ રાજા વિદેશીઓને પોતાના રાજ્યમા ખુશીથી આવવા દેતો હતો જ્યારે ખ્રિસ્તી ધર્મ ગુરૂઓ પોતાને માટે બંધાવેલાં મકાનમા રહેવા ગયા ત્યારે તેમણે સારો સમારંભ કર્યો હતો. આ વખતે રાજાએ તેમને અદ્ભુત માન આપ્યુ હતું અર્થાત્ રાજા અને તેની પાંચ રાણીઓએ તેમને ખાસ મુલાકાત આપી હતી.

સમારંભને દિવસે પ્રાતઃકાળમા રાજા અને રાણીઓ સમુદ્રમાં સ્નાન કરવા ગયાં હતા. આજ વખતે તેમણે જરા પણ વિલંબ કર્યા વિના પોતાનુ (ખ્રિસ્તી ધર્મ ગુરૂઓને મુલાકાત આપવાનુ) કર્તવ્ય બજાવવાનો નિશ્ચય કર્યો. આથી તેઓ સમુદ્રમાથી બહાર નીકળ્યાં

અને તેવીજ (નગ્ન) અવસ્થામા તેઓ બહારોબહાર સમારભમા આવીને ઉભા રહ્યા.

પોતાના અતિથિઓનો આદરસત્કાર કરતી વખતે તે ખ્રિસ્તી ધર્મ ગુરૂઓના હ્રદયમા કેવો વજ્રાઘાત થયો હશે તેનુ અમે વર્ણન કરીએ તેના કરતા પાઠકો તેની કલ્પના કરી લે તેજ ઠીક ! ખ્રિસ્તી ધર્માચાર્યોએ રાજા અને રાણીની નગ્નાવસ્થાને માટ વાધો ઉઠાવ્યો અને જણાવ્યુ ક આવા સમારભને પ્રસગે તો દબદબા ભરેલો પોશાક પહેરીને પધારવુ જોઈએ. આ વાત રાજાના ધ્યાનમા ઉતરી અને પાછળથી તે જ્યારે જ્યારે ખ્રિસ્તી ધર્મના મદિરમા જતો ત્યારે ત્યારે વસ્ત્ર પહેરીને જતો

ત્યાર પછી તે દેશની એક અમીર વર્ગની સ્ત્રી ખ્રિસ્તી ધર્માવલબી થઈ તે દેશમા એક મોટો જ્વાળામુખી પર્વત છે આ પર્વતમા પીલદેવીનો વાસો છે એમ ત્યાના લોકો માનતા હતા ૧૮૨૪ ની સાલમા એક વખત તે જ્વાળામુખી પર્વતમાથી ઉકળતો રસ નીકળતો હતો, તે વખતે એ ખ્રિસ્તી ધર્માવલબી સ્ત્રી તેના મુખ આગળ ગઈ આથી લોકોનો આ વહેમ નાશ પામ્યો આ બનાવનુ વર્ણન કરતા એડવર્ડ ક્લિફર્ડ "મહાત્મા ડૅમિયન" નામના પોતાના પુસ્તકમા જણાવે છે કે "કાપિઓલાની (આ તે બાઈનુ નામ છે) પોતાના માણસો સાથે ઉકળતા રસવાળા પ્રદેશમા થઇને ચાલી ગઈ અને અતે અગ્નિના ભભુકા નીકળતા હતા ત્યા પહોચી. ત્યાર પછી તેણે અગ્નિમા પવિત્ર 'ઓહેલાબેરિ' (એક જાતના ફળ) નાખ્યા પીલદેવી તેને કાઈ પણ ઈજા કરી શકી નહિ સર્વ લોકો ભયભીત થઇ મૌન ધારણ કરી ઉભા રહ્યા. પરતુ તેમનાપર કાઈ પણ આપત્તિ આવી પડી નહિ."

આ વીરત્વ ભરેલુ કાર્ય કાપિઓલાનીએ કર્યુ તે પૂર્વે તે દેશમા જે ધર્મ ચાલતો હતો તેમા આ પીલદેવીનો વહેમ બહુ ભરેલો હતો.

પરતુ આ ઘટના બન્યા પછી લોકોનો આ વહેમ નાશ પામ્યો.*

આર્કિપેલેગોમા ઈ સ. ૧૮૩૯ સુધી કૅથોલિક પથના ધર્મગુરૂઓએ પ્રવેશ કર્યો નહોતો તે સમય પછી આગ્લભૂમિના ખ્રિસ્તી ધર્માભિમાનીઓએ પણ તે પ્રદેશમા કેટલાક ધર્મ પ્રસારક કેંદ્રો સ્થાપિત કર્યા છે

સૅન્ડવિચદ્વીપોમા જ્વાળામુખી પર્વતનુ અસ્તિત્વ હોવાથી વારવાર ભૂકપ થાય છે કિલાનીઆ નામનો જ્વાળામુખી પર્વત અનેકવાર ફાટે છે તેથી હવાઇ દ્વીપોમા વસવું ભયકર થઈ પડ્યુ છે

એડવર્ડ ક્લિફર્ડ જ્વાળામુખી પર્વતનુ વર્ણન નીચે પ્રમાણે આપે છે તે લખે છે કે "આ જ્વાળામુખી પર્વતનુ મુખ પ્યાલા જેવુ ગોળ છે અને તેનો વ્યાસ પ્રાય ત્રણસે ફીટનો છે, અર્થાત્ એ મુખ એક નાના સકસના જેવડુ છે. એની બહાર દેખાતી કોર પ્રાય દશ ફીટ ઉચી છે અને તેમા ખદખદતો રસ પૂર્ણ ભરેલો હોય છે આ ઉકળતો રસ ઘાડા સેરવા જેવો હોય છે તેનો રગ આસ્માની ભુરા રગનો હોય છે અને તેમા ક્યાક ક્યાક લીલાશ પણ દ્રષ્ટિગોચર થાય છે તે નિરતર ખદબદ ખદબદ થયા કરે છે અને પછી સઘળી દિશામા ઉડે છે. આ વખતે તેનો દેખાવ ઘણો સુદર લાગે છે. ઉડતી વખત પ્રથમ તે જાબુડી રગનો દેખાય છે અને પછી ચોખ્ખા ભુરા રગનો બની જાય છે મુખની કોરણુ આગળ જે રસ હોય છે તે ચણોઠી જેવો લાલ હોય છે અહીઆં સમુદ્રના તરગોની પેઠે તરગો પણ ઉત્પન્ન થાય છે, પરતુ તેનો રગ તપ્ત થયેલા લોહસમાન રાતો

* તે દેશની આ પ્હેલી ખ્રિસ્તી ઉમરાવજાદીએ કરેલુ પરાક્રમ અને હવાઇઅન લોકોના જૂના વ્હેમો તોડી નાખવામા તેણે લીધેલો ભાગ એ વિષે આગ્લકવિકુલ મુકુટ ટેનિસનના "કાપિઓલાની" નામક કાવ્યમા રસિક વર્ણન ઉપલબ્ધ થાય છે

હોય છે અને તેમાંથી જે છાંટા ઉડે છે તેનો રગ પરવાળા અથવા લોહીના જેવો હોય છે. આ ઉકળતા રસની ઉપર આછા જાબુડી રગનુ વાતાવરણ બધાઈ જાય છે. આ વાતાવરણ સૃષ્ટિના સુદરમા સુદર દ્રશ્યોમાનુ એક છે કેટલીક વખત જ્વાળામુખની ધાર ઉકળતા રસના સપાટાથી ઘસાઈ જાય છે અને કડ્ડડ ભુસ કરીને તૂટી પડે છે અને આ સઘળો વખત સમુદ્રના ઘુઘવાટના જેવો ઘુઘવાટ થયા કરે છે. વળી તે ઉકળતા રસના સરોવરના મધ્ય ભાગમા એકાએક લાલચોળ ફુવારો ઉદ્‌ભૂત થાય છે પ્રથમ તે બે ફીટની ઉચાઈ સુધી ઉડે છે, આ વખતે તેમાથી સુવર્ણના ટુકડા જેવા છાટાઓ ઉડી ઉડીને બહાર પડે છે. ત્યાર પછી તે વધારે જોસવાળો અને વધારે વિશાળ થતો જાય છે અને તેનો અવાજ પણ મોટો થતો જાય છે તે ઉચે ઉડે છે ત્યારે તે રસની સર્પાદિ જેવી આકૃતિઓ થાય છે આ દેખાવ ઘણોજ સુદર લાગે છે..... ”

હવે ડેમિયનને હવાઈ દ્વીપમા ચાર વર્ષ થઈ ગયા આ અરસામા તેણે પોતાના માતપિતા પર લખેલા પત્રોપરથી જણાય છે કે પોતાના કાર્યને ઇશ્વિરે સોપેલા કાર્ય જેવુ ગણીને પૂર્ણ ઉત્સાહ તથા આનદપૂર્વક તે કરતો હતો તેને જે પરગણામાં કાર્ય કરવાનુ હતું તેનો વિસ્તાર ૧૬૦ થી પણ અધિક માઇલનો હતો પાછળથી તેના કાર્યમા એક સહાયક ધર્માધ્યક્ષની તેને મદદ મળી હતી તેણે એ પ્રદેશમાં કેટલાક ધર્મ મદિરો નવીન કરાવ્યા હતા તથા કેટલાંકનો ઉદ્ધાર કરાવ્યો હતો આ વિષયમા કેટલીક વખત તો સુતારનુ કાર્ય તેને જાતેજ કરવુ પડયુ હતું. એ સમયમા ત્યાના સેકડો દેશીઓને તેણે પોતાના ધર્મમા દાખલ કર્યા હતા.

એક પત્રમાં તે લખે છે કે “ અહિયા રક્તપિત્ત ઘણો ફેલાવા માંડયો છે. ઘણાં માણસો એ રોગથી ગ્રસ્ત થયા છે એ રોગથી એકદમ

મરણ નીપજતું નથી, પરંતુ એ ક્વચિતજ નિવારી શકાય છે. એ રોગ ચેપી હોવાથી અતિ ભયંકર છે અમારા દ્વીપોમા હાલ પ્રાય બાસઠ હજાર માણસોની વસ્તી છે. અગાઉ એથી અધિક વસ્તી હતી દ્વીપોના જુદા જુદા ભાગોમા બધા મળીને એકવીસ ધર્માચાર્યો છે જે દ્વીપમા હુ રહુ છુ તે અન્ય સર્વ દ્વીપોના સમુદાય કરતા પણ મોટો છે આ દ્વીપમા વીશ ધર્માચાર્યો છે. આ વીશ ધર્માચાર્યો પ્રાય વીશ દેવળોમાં કામ કરે છે.

ડૅમિયને એક ધર્માચાર્ય તરીકે આ સમય દરમિયાન ઉદ્યોગી જીવન ગાળ્યુ હતું અને તેણે ખંતપૂર્વક સતત ઘણુ કામ કર્યું હતું, તે છતા પણ જેમ જેમ વર્ષ જતા ગયાં તેમ તેમ પોતાના ગૃહ પ્રત્યેનો તેનો પ્રેમ વધતો ગયો હતો

આ દૂરના પ્રદેશોમા તેને ટ્રેમેલુ જેટલુ પ્રિય લાગ્યુ હતું તેટલુ પ્રિય ખરેખર તેને કદિ પણ તે લાગ્યુ નહોતું તેની માનસિક દ્રષ્ટિ આગળ તેના ગ્રામની મૂર્તિ સ્પષ્ટ રીતે ખડી થતી હતી તેના ગામના લોકો તેને વારંવાર સ્મરણમા આવતા હતા

કામમા ને કામમા તેનો વખત ચાલ્યો જતો હતો, તોપણ તે પોતાના વ્હાલાઓ વિષે વિચાર કરવાનો અવકાશ મેળવતો હતો અને જો કે તે પોતાને ઘેર ઘણે લાંબે વખતે અને ઘણા થોડા પત્રો મોકલતો હતો તોપણ તેના પત્રોમા હમ્મેશા માતપિતા પ્રત્યેનો દૃઢ ભક્તિભાવ જણાઇ રહેતો હતો આ પ્રદેશમા પાછળથી તેણે ત્રણ દેવળોમા પ્રાર્થના કરાવવાનુ રાખ્યુ હતું, જે એક બીજાથી પંદર માઇલ જેટલે છેટે આવેલા હતા રવિવારના દિવસોમા વારાફરતી એક એક મંદિરમા તે વ્યાખ્યાન આપતો હતો. એક મંદિરમા ઘંટની સગવડ થઇ નહોતી ત્યા સુધી લોકોને ભેગાં કરવાની નિશાની દાખલ તે તંતુડુ વગડાવીને કામ લેતો.

એક પત્રમાં તે લખે છે કે, "આપણા અપરાધોની ક્ષમા માગી અ તકરણ શુદ્ધ કરવું અને નિરતર તેનો ડર રાખવો એ ઈશ્વર પાસે આપણી પ્રાર્થના મ જુર કરાવવાનો સર્વોત્તમ ઉપાય છે હુ પોતે અહીંઆ શરીર અને આત્મા વિષે અનેક ભયથી મુક્ત છુ પરતુ હું મારા પોતાના સામર્થ્યથી કાઇ પણ કરી શકતો નથી એમ જાણી હુ પ્રભુ ઉપર શ્રદ્ધા રાખુ છુ પ્રભુએ મારી સેવાનો સ્વીકાર કર્યો છે અને તે નિત્ય મારૂ પોષણ કરે છે વળી મારા વ્હાલા માતપિતા, મારા બધુઓ અને મારી ભગિનીઓને માટે હોમ કરી પ્રાર્થના કરતા મને બહુ આશ્વાસન મળે છે "

તેની ભગિની પૉલાઇન હૉલડમા રૂડેન નામના સ્થળે સાધવી થઇને રહી હતી તેનાપર તેણે એક પત્ર લખ્યો હતો તે પરથી ડૅમિયનના ચારિત્ર્યનો માનુષી અશ વિશેષ સ્પષ્ટ થાય છે. જ્યારે તેઓ બાલ્યાવસ્થામા સગડીના પ્રકાશ આગળ સાથે બેસતા અને પોતાની માતાના મુખમાથી પ્રાચીન કાળના મહાત્માઓના આત્મભોગની તથા પ્રેમ અને શૌર્યની વાર્તાઓ સાભળતા ત્યારે તેમની જે સ્થિતિ હતી તે સ્થિતિનુ ડૅમિયને પોતાની ભગિનીપર લખેલો પત્ર વાંચતા સ્મરણ થાય છે. આ પત્ર તેણે ૧૮૭૨ મા લખ્યો હતો અને હવાઈ દ્વીપમાથી લખેલો તે છેલ્લો પત્ર હતો કારણ કે હવે થોડા વખતમાં તેને કોહાલાને છેલ્લી સલામ કરીને જવાનુ હતું તે છતાં પણ અત્યાર સુધી નિકટના ભવિષ્યમા તેનુ શુ થવાનુ છે તે વિષે તે સર્વથા અજ્ઞાન હતો. પોલાઇનપર તેણે આ પ્રમાણે પત્ર લખ્યો હતો —

"કોહાલા હવાઈ,
૧૪ મી જુલાઈ, ૧૮૭૨.

મારી વ્હાલી ભગિની પોલાઇન !

ત્રણ વર્ષ થઈ ગયા છે, તોપણ તારા તરફથી એક લીટીનો પત્ર સુદ્ધાં મળ્યો નથી. મારી વ્હાલી ભગિની, ત્યારે તું ક્યાં છે ? શુ તું

અત્યાર અગાઉ સ્વર્ગમા જઇ પહોચી છે? એટલી બધી ત્વરાથી તો નહિ ગઇ હશે! તે મુકુટ જીતી લેવાને માટે તો થોડા વધુ વખત જોઇએ છે. ત્યારે તારા બધુ પર દયા કર. તારા બધુને ઘણા લાબા વખતથી વિસારી દેવામા આવ્યો છે તેટલા માટે તે જગલી લોકોની વચમા ખરેખરો જગલી બની જશે હુ ખરેખર મારા જગલીઓને ચાહુ છુ. આ જગલીઓ થોડા વખતમા યુરોપીઅનો કરતા પણ વધારે સભ્ય બનશે. અહીંઆના સઘળા લોકો વાચી લખી જાણે છે અને તેઓ રવિવારને દિવસે ઉત્તમોત્તમ વસ્ત્ર પહેરીને આવે છે. મારા પ્રગણામા ત્રણ હજાર માણસો વસે છે, તેમા કાષ્ટના બાધેલા ચાર મદિરો છે. આ મદિરો ઘણા સ્વચ્છ છે અને હુ રવિવારને દિવસે વારા ફરતી આ મદિરોમા વ્યાખ્યાન, હોમાદિ કરૂ છુ હુ મારાથી બની શકે તેવી રીતે મારા લોકોને શીખવુ છુ—ખાસ કરીને મુખ્ય લોકો કે જે મારી ગેરહાજરીમા મારૂ કામ કરે છે. રવિવારને દિવસે લોકોને એકત્રિત કરે છે અને વ્યાખ્યાન કરે છે તેમને શિક્ષણ આપુ છુ બિમાર માણસોની મુલાકાત લેવી એ મારૂ દરરોજનુ મુખ્ય કાર્ય છે અમારે તેમના વૈદ્યોની સાથે વિગ્રહમા ઉતરવું પડે છે. આ વૈદ્યો સાધારણ રીતે માત્રિકો છે. કોઇ માણસ બિમાર પડે છે ત્યારે હજી પણ આ મૂર્તિપૂજકો પોતાની હમ્મેશની રીત પ્રમાણે બલિદાન આપવાની ક્રિયા કરે છે સર્વ રોગો દેવના કોપથી થયેલા માનવામાં આવે છે આ લોકોના વહેમ દૂર કરવાનુ કામ અતિ કઠિન છે. તે છતા પણ મારા વ્યાખ્યાનથી અને ખાસ કરીને જ્યારે તેઓ બિમાર હોય ત્યારે હુ તેમની સંભાળ લઉ છુ તેથી તેમાંનાં ઘણા મરતી વખતે સારી મનોવૃત્તિને પ્રાપ્ત થશે એવી મને આશા ઉત્પન્ન થઈ છે મરણ શય્યાપરની અત્ય વિધિ સ્વીકારવાને તેઓ હમ્મેશા તૈયાર હોય છે. આ દ્વીપોમા જન્મ કરતા મરણ અધિક થાય છે, આથી અહીંઆંના દેશી લોકોની વસતી

નિરતર કમી થતી જાય છે. અધુના આ દ્વીપોમા પ્રાય: સાઠહજાર દેશીઓ વસે છે અમારા મિશનનુ કાર્ય ઘણી સારી રીતે ચાલે છે. અમે બધા મળીને પચ્ચીસ ધર્માચાર્યો છીએ અને સર્વ સ્થળે અમારા દેવળો છે. પ્રોટેસ્ટ ટોને પરાજિત કરવાને અમે અમારી સર્વ શક્તિઓ વાપરીએ છીએ. અમારી ભગિનીઓ (સાધ્વીઓ) છોકરીઓની શાળાઓ ચલાવીને તેમને પરાજિત કરે છે પરતુ છોકરાઓના શિક્ષણના વિષયમા તેઓ અમને પરાજિત કરે છે. અમારૂ ધર્માચાર્ય તરિકેનુ કાર્ય અમારો એટલો બધો સમય રોકે છે કે અમે નિશાળો ચલાવી શકતા નથી તે કાર્યને માટે બધુઓ (સાધુઓ) ની યોજના થવી જોઈએ. થોડાક માસ અગાઉ અમને બે ભયકર વાવાઝોડા નડયા હતા પહેલુ વાવાઝોડુ બે કલાક પહોચ્યુ, એ અરસામા તેણે મો ઘરનો કચ્ચરઘાણ વાળ્યો બીજુ વાવાઝોડુ ત્રણ દિવસ પહોચ્યુ મારા દેવળો સારી રીતે નિભી રહ્યા. અમારી નજીકના પ્રગણામાના બે દેવળો ઉડી ગયા. જરૂર પડે ત્યારે હુ સુતાર બની જાઉ છુ અને મને મારા દેવળોમા ચિત્રો આલેખવાનુ અને તેમને સુશોભિત કરવાનુ ઘણું કામ હોય છે સામાન્યતઃ મને બહુ કટાળો છૂટે છે અને મને આશ્વાસન ઘણુ થોડુ મળે છે. માત્ર ઈશ્વરકૃપાથીજ મારી ગરદન પરની આ ધુસરી મને સારી લાગે છે અને મારી સ્કધપરનો આ બોજો મને હલકો લાગે છે. **જ્યારે મારી પ્રકૃતિ જરા બગડે છે ત્યારે અંત પાસે આવેલો જાણી હું મારી જાતને ધન્યવાદ આપું છું.** પરતુ ઈશ્વરે મને જે સ્થિતિમા મૂકયો છે તેમા હુ આનદ માનુ છુ મારી ખતને લીધે મારૂ કાર્ય સફળ થશે.

એક સારા કારીગરના હાથમાંનાં હથીઆરોની પેઠે આપણે ઈશ્વરના હાથમાં હથિઆર રૂપ થઇ પડીએ એ મહદ્‌ભાગ્યની વાત છે. જીવનમા તેમ મૃત્યુ પછી પણ આપણે પ્રભુનાંજ છીએ. મારે માટે પ્રાર્થના કરજો. **ડેમિયન.**

ચતુર્થ પરિચ્છેદ.

આપત્તિનાં વાદળો એકઠાં થાય છે.

સૅન્ડવિચ દ્વીપોપર આપત્તિના વાદળો એકઠા થતા હતા. આ વાદળોનો સમુદાય પ્રથમ નાનો હતો, પરતુ તે ધીમે ધીમે વૃદ્ધિગત થતો ગયો એકની પાછળ અનેક વાદળો ચાલવા લાગ્યા ગુપ્ત રીતે તે નાશકારક વાદળો એક બીજા સાથે એકત્રિત થયા અને પોતાનુ સામ્રાજ્ય વિસ્તારીને ચેતવણી પણ આપ્યા વિના દુ ખની વૃષ્ટિ કરવા લાગ્યા. આર્કિપેલેગોના પ્રત્યેક દ્વીપમા આ દુ ખની વૃષ્ટિ થવા લાગી. આ રીતે મસ્તક ઉપર ભય ઝઝુમી રહ્યો છે એ લોકો જાણે તે પૂર્વે તેમના ઉપર સ કટનુ વાદળ તૂટી પડયુ અને સર્વ જણને પોતાની બાથમા લપેટી લીધા નાશી છૂટવાનો એકે આરો નહોતો વહેતા ઝરામા જેમ તૃણ ખેચાઈ જાય છે તે રીતે રોગના ભોગો ખેચાઈ ગયા. ઘરોના ઘરો નાશ પામ્યા અને અનેક કુટુબો વિખેરાઈ ગયા સ્ત્રીઓની પાસેથી તેમના પતિઓને ખુચવી લેવામા આવ્યા, બાળકોને તેમની માતાઓના ખોળામાથી ઝુટવી લેવામા આવ્યા, તથા તરુણ પુરુષો અને સુકુમાર કુમારિકાઓને તેમના વ્હાલા ઘરોમાથી ખેચીને બહાર કાઢવામા આવ્યા વૃદ્ધ કે યુવાન કોઈના ઉપર પણ કૃપા કરવામા આવી નહિ. વય, જાતિ કે સ્થિતિનો કાઈ પણ વિચાર કર્યા વિના સર્વ રોગીઓને એક સરખી રીતે તેમના ઘરમાથી હાકી કાઢવામા આવ્યા. આ પ્રહાર નિર્દોષ અને દોષિત ઉપર એક સરખી રીતે પડયો. આ દ્વીપોમા વાવાઝોડાની પેઠે રોગ આવ્યો અને જ્યા ત્યા દુ.ખના પોકાર કરાવી મૂક્યા. આ પોકાર મર્મ સ્થળને ભેદી નાખે એવા હતા, કારણ કે મૃત્યુ કરતા પણ અધમ સ્થિતિને પ્રાપ્ત થવાને

માટે જે માણસોને તેમના ઘરમાથી હાકી કાઢવામા આવ્યા હતાં તેમના એ પોકાર હતા.

સૅન્ડવિચ દ્વીપોમા સૌથી પહેલ વહેલો રક્તપિત્તનો રોગ દ્રષ્ટિગોચર થયો તેને હાલ સાઠ વર્ષ થઇ ગયા છે એક વખત એ ઉત્પન્ન થયો કે પછી એ ત્વરાથી વિસ્તાર પામ્યો અને વળી આ દ્વીપના વતનીઓની રહેવાની ખરાબ રીતભાતને લીધે 'અગ્નિમા ઘી હોમાયુ.'

હવાઇ દ્વીપોમા આતિથ્ય બહુ ઉત્તમ પ્રકારનુ થાય છે. એક સામાન્ય વટેમાર્ગુ એક દેશીના ઘરમા દાખલ થાય છે તો જીવજાન મિત્ર તરિકે તેનો આદરસત્કાર કરવામા આવે છે, તે ઘરનો અને તેમા જે વસ્તુ હોય તેનો જાણે તે સ્વામિજ બની જાય છે' હવાઈઅન લોકો **અર્ધા દિલથી કોઈ પણ કાર્ય કરતા નથી.** પોતાના ઘરમા અચ્છેર અન્ન હોય તોપણ તે અતિથિને પ્રથમ જમાડશે. ઘરના સઘળા માણસો અતિથિની આસપાસ એકઠા થઇને બેસે છે અને પછી સર્વે જણ હુક્કાની લ્હેજત ઉડાવે છે પ્રવાસી અતિથિને તેઓ રાત્રિની વેળા એકાદ ઉત્તમ સાદડી પૂરી પાડે છે તે દેશના વતનીઓ ઘણે ભાગે શયનમા સાદડીનોજ ઉપયોગ કરે છે

ત્યાની સ્ત્રીઓ આરોગ્યતાના નિયમો બિલકુલ સાચવતી નથી. બિમાર સ્ત્રીઓ સાજી સ્ત્રીઓને પોતાના લાબો વખત સુધી વાપરેલાં વસ્ત્રો પહેરવાને આપે છે આ સર્વ વાતોનો વિચાર કરતા એમ જણાય છે કે આ દ્વીપોમા રક્તપિત્તનો રોગ પ્રસરી જાય તેમાં નવાઈ નથી

આ રોગનો વિસ્તાર વધતો જોઇ સ્થાનિક સરકાર એકદમ જાગૃત થઈ અને તત્કાળ તેનુ નિવારણ કરવાના ઉપાય યોજવા લાગી. એકદમ એક એવો કાયદો પસાર કરવામા આવ્યો કે "રક્તપિત્તગ્રસ્ત માણસ સમાજમા ગમે તેવો મોભાદાર અને વજનદાર ગણાતો

હોય તથા તે ગમે તે પદ ધરાવતો હોય તોપણ તેને એકદમ હદપાર કરી મોલોકાઈ દ્વીપમાં મોકલી દેવામા આવશે. આજ દ્વીપમા તેને શેષ જીવન ગાળવુ પડશે. ”

હવાઇઅન લોકોમા પૂર્વે થોડે ઘણે અ શે આ રોગનો ઉપદ્રવ હતો અને તેથી તે લોકો આ રોગથી પરિચિત હતા આ કારણથી જ્યારે આ અણચિ તવ્યો પ્રહાર તેમનાપર એકાએક પડયો ત્યારે તેઓ ઘણા ગભરાઈ ગયા આથી તેમના હૃદયને એક મોટો ધક્કો વાગ્યો હવે રક્તપિત્તગ્રસ્ત મનુષ્ય માત્ર બિમાર મનુષ્ય તરિકેજ ગણાતો નહતો, પરન્તુ તે એક મહા અપરાધી મનુષ્ય તરિકે ગણાતો હતો તેના શારીરિક દુ ખમા હદપારની શિક્ષાનુ સકટ ઉમેરવામા આવ્યુ એ સમાજમા રહી મિત્રતા કરવી, આગણામા ઉભા રહી ગુપ્ત વાતો કરી હૃદય ખોલવુ, વૃક્ષ નીચે બેસી હુક્કો પીવો, સૂર્યપ્રકાશમા ઉભા રહી હમાહસ કરવી આ સર્વ કાર્યો કરવાના તેમના દહાડા ભરાઈ ચૂકયા તેમને સદાને માટે એ ચીજોને સલામ કરવી પડી.

હવાઇઅન લોકો ઉદાર, ખુલ્લા હૃદયના અને હૃદયપર કોઇ પણ પ્રકારના બોજા વિનાના હોય છે આ લોકો બસ હસે છે અને રડે છે; આવતી કાલે શુ થશે તે વિષે તેઓ જરા પણ ચિ તા કરતા નથી. આ લોકો માત્ર વર્તમાનકાળનીજ દરકાર રાખે છે. ઉષ્ણ કટિબ ધની ઉષ્ણતા અને સૌગ ધ્યનો ઉપભોગ લેવામાજ તેમના જીવનના પ્રતિ કર્તવ્યની પરિ સમાપ્તિ થાય છે. રંગ અને સ્વ'નોની આ એક વિચિત્ર ભૂમિ છે. રૉબર્ટ સ્ટિવન્સન પૅસિફિક મહાસાગરના દક્ષિણ ભાગની જેટલી માહિતી ધરાવે છે તેટલી માહિતી ભાગ્યેજ કોઈ અન્ય યુરોપીઅન પ્રવાસી ધરાવતો હશે આ પ્રવાસી પોતાના ‘ પત્રોમા વિશાળ પૅસિફિક મહાસાગરમા આવેલા ભિન્ન ભિન્ન દ્વીપ સમુદાયો વિષે લ બાણ વર્ણન આપે છે. આ ‘પત્રો’મા તે પોતાની કુશળ લેખિની-

દ્વારા આ દ્વીપવાસીઓની રીતભાતોનુ આકર્ષક ચિત્ર આલેખે છે. તેમના સદ્‌ગુણો, તેમના દુર્ગુણો, તેમની ભૂલો, તેમની દયાવૃત્તિ, આ સર્વનું તેણે એવુ સરસ ચિત્ર આપ્યુ છે કે તે દ્વારા આપણે આ દ્વીપવાસીઓના માનસિક બધારણનો અભ્યાસ કરી શકીએ

તે કેટલીક અદ્‌ભુત ઘટનાઓ અને વિચિત્ર પ્રકારના સાહસો વર્ણવે છે તે કેટલીક વખત સમુદ્રના ઉછળતા નીલવર્ણા મોજા ઓ વચ્ચેથી લખે છે વળી તે કેટલીક વખત એકાદ એકાત દ્વીપપરથી લખે છે. ક્વચિત્ ક્વચિત્ તે દરિયાની અદર આવેલા પરવાળાના દ્વીપોની મુલાકાત લેતી વખત પોતાની લેખિની ઉચકે છે (આ પરવાળાના દ્વીપો વખતે સૈકાના સૈકા સુધી પાણીની સપાટી ઉપર દ્રશ્ય થાય છે અને વખતે માત્ર એક રાત્રિમા અદ્રસ્ય થઈ જાય છે પૅસિફિક મહાસાગરમા મનુષ્યોનુ જીવન તે મહાસાગરની કૃપા ઉપર અવલબી રહેલુ છે).

તેના પ્રવાસનુ વર્ણન ઘણું રસીલુ છે. દાખલા તરિકે જ્યારે તેણે આપેમામા આગળ પોતાનો મુકામ નાખ્યો અને એક રાજાની સાથે નાળીએર નથા લવણમા અથાઈ રહેલા જુના દોરડાના કકડા ખાઇને નિર્વાહ કર્યો તે વખતનુ વર્ણન ઘણું આકર્ષક લાગે છે.

અને સ્ટિવન્સન લખે છે કે "આ રાજા કાઈ બીજા રાજાઓના જેવો નથી ટેમ્બીનોકા એક મહા પુરુષ છે. તે એક પૂરો આપખુદ રાજા છે, વળી સદ્‌ગૃહસ્થના પણ ઘણા લક્ષણો તેનામા વિદ્યમાન છે. તે એક કવિ, સગીતશાસ્ત્રી અને ઇતિહાસવેત્તા અર્થાત્ વહીવંચો (Genealogist) છે. તેને પોતાના ઘરમા સૂતેલો જોવામાં આપણને બહુ ગમ્મત પડે છે તે ખાતાવહીમાજ આપેમામાનો ઇતિહાસ લખે છે. તેણે મારી આગળ પોતાનુ રચેલુ એક ગાયન ગાયુ અને તે વિષે પ્રવચન પણ અતિ સંક્ષેપમા કર્યું "

કદાચ આ રાજવંશી લેખકે સ્ટિવન્સનને પોતાનો બંધુ ગણીનેજ તેની સાથે નાસ્તો કરવાની કૃપા કરી હશે ! પોતાના રાજદરબારી કાર્યોમાંથી તેને જ્યારે જ્યારે અવકાશ મળતો ત્યારે ત્યારે તે સ્ટિવન્સનની સાથે ભોજન લેતો હતો. પરંતુ જ્યારે તેને રાજખટપટના કાર્યોની જંજાળમાંથી ફુરસદ મળતી નહોતી ત્યારે તે પોતાના રસોઇઆને પોતાનો ભાગ લઈ આવવાને સ્ટિવન્સનની પાસે મોકલતો હતો.

સેન્ડવિચ દ્વીપોની નિકટમાજ આવેલા ગિલ્બર્ટ દ્વીપોમાથી લખતા સ્ટિવન્સન જણાવે છે કે “ અહીના રહીશો પોલિનેશીઅનોથી અતિ ભિન્ન પ્રકારના છે આ લોકો નીતિવાન પરંતુ અતડા છે અહીંઆ થોડા હવાઇઅનો રહે છે (આમાના ઘણાખરા પાદરી છે) આ લોકો ઘણા થોડા વખતમા આપણી સાથે મિત્રતા બાંધી દે છે ”

સૅન્ડવિચ દ્વીપના વતનીને જો અનુકૂળ પરિસ્થિતિમા મૂકવામા આવ્યા હોય તો તે સુખી રહે છે અને કાયદાને માન આપીને ચાલે છે. પરંતુ જો એક વખત તેની પરિસ્થિતિમા ફેરફાર થયો, તેને પોતાને માર્ગે જતા અટકાવવામા આવ્યો અથવા તેને દેશપાર કરવામા આવ્યો કે તરતજ તેનું મનુષ્યત્વ નષ્ટ થાય છે અને તેની આસુરી પ્રકૃતિ ઉશ્કેરાઇ આવે છે. કારણ કે તે પ્રતિકૂળતા સહન કરી શકતો નથી. અલંકારિક ભાષામા બોલીએ તો તે શાંત સમુદ્રમા ચાલનારી હલકી નાવડી જેવો છે

પરંતુ આવી હલકી નાવડીઓને તોફાન અને વાવાઝોડા નડયા આનંદમા ગેલ કરનારા માણસોની વચ્ચે રક્તપિત્તના મહા દુઃખદ વ્યાધિએ દેખાવ દીધો આ રોગ વૃદ્ધ કે તરુણ, સશક્ત કે અશક્ત સર્વેને પોતાના ભયંકર પંજામા લેવા લાગ્યો

જ્યારે સરકારી હુકમથી મોલોકાઈ દ્વીપને સરકારી રક્તપિત્તાશ્રમ તરીકે જાહેર કરવામા આવ્યું ત્યારે સમગ્ર આર્કિપેલેગોમા નિરાશાની બુમો પડવા લાગી.

કાયદો પસાર કરવો સ્હેલો છે, પરંતુ તેને અમલમાં મૂકવો કઠિન છે. સર્વ દ્વીપોમાં સ્થળે સ્થળે રક્તપિત્તીઆ વસતા હતા. આથી લોકોએ સરકારને છેતરવાનો વિચાર કીધો વ્હાલામાં વ્હાલા આપ્તોથી વિખુટા થવું પડશે એ વિચારથી તે લોકોની દ્રઢ પ્રેમની લાગણી ઉશ્કેરાઇ આવી આખી પૃથ્વીપર આ લોકોના જેવા પ્રેમાળ લોકો ભાગ્યેજ હશે પત્નીઓ પોતાના પતિથી પૃથક્ થવાની ના પાડતી હતી અને પતિઓ પોતાની પત્નીનો વિયોગ સહન કરવાને ચાહતા નહોતા પરંતુ લોકોના સર્વ પ્રયત્નો નિષ્ફળ થયા મનુષ્યત્વની મૃદુ ગ્રંથિ કરતા કાયદાનું તીક્ષ્ણ શસ્ત્ર મજબૂત નિવડયું કેટલાક વખત રોગી મનુષ્યને એકાંત એકાંત સ્થળે આવેલી ઝુંપડીમાં સંતાડી રાખવામાં આવતું, કેટલીક વખત ડુંગરની ખીણમાં સંતાડી રાખવામાં આવતું તે છતાં પણ તેને ઘણી થોડી વિશ્રાંતિ મળી શકતી હતી. મોડે વ્હેલે સૈનિકો તેને શોધી કાઢતા અને તેને અપરાધી ગણીને બળાત્કારે ઘરબારથી દૂર લઈ જતા

રક્તપિત્તિઆઓની સ્થિતિ ખરેખર દયાજનક હતી. તેમને ગુપ્ત સ્થાનોમાંથી પકડીને ખેંચી કાઢવામાં આવતા અને તેમના આપ્તો તથા મિત્રો પણ તેમને કોઇ પણ પ્રકારની સાહાય્ય કરી શકતા નહિ. આહા ! જ્યારે તેઓ પોતાના વ્હાલાઓના વદનપર અન્ત્ય દ્રષ્ટિપાત કરતા ત્યારે શોકોદ્ગાર અને નિરાશામય ચિચિયારીઓથી વાતાવરણ ભરાઇ જતું ! અરે ! જ્યારે અન્ત્ય પળ આવતી ત્યારે વિયોગ વેદના એટલી બધી વધી જતી કે નિરોગી માણુસો પણ પોતાના રોગિષ્ટ આપ્તની સાથે રહી તેના દુઃખમાં ભાગ આપવાને પ્રાર્થના કરતા. પરંતુ તેમની સર્વ આજીજી હવામાં ઉડી જતી. રક્તપિત્તિઆઓને એકલા જવું પડતું. વિયોગ થતી વખતે તેમના હૃદયમાં જે અમર્યાદ વેદના ઉત્પન્ન થતી હતી તે જેમને એવા દુઃખનો પરિચય નથી તે ભાગ્યેજ સમજી શકશે.

અફસોસ ! આ દ્વીપોમા આવા દેખાવો ઘણા સાધારણ થઇ પડયા. પ્રતિ વર્ષે દેશપાર થયેલા રક્તપિત્તિઆઓની સખ્યા વૃદ્ધિગત થતી ગઇ પ્રત્યેક જીલ્લામાથી રક્તપિત્તિઆઓ દેશપાર થવા લાગ્યા અને પ્રતિમાસે નવા નવા રક્તપિત્તિઆઓને મોલોકોઇના ' જીવત કબ્રસ્તાન ' મા મોકલી દેવામા આવ્યા.

આવી પરિસ્થિતિમા ડેમિયન ડી વેસ્ટરને વેદના અને રોગના ભોગ થઇ પડેલા મનુષ્ય પ્રાણીઓ પર દયા છૂટે તેમાં શુ આશ્ચર્ય ? અહો ! કેટલી બધી વેળા તેણે રક્તપિત્તિઆઓને નિરોગી માણસોની વચમાથી નીકળીને વ્હાણમા બેસી સદાને માટે દેશપાર થયેલા જોયા હતા ! અનેક રક્તપિત્તિઆઓ તેના પરિચિત હતા કેટલાક તેના શિષ્ય શિષ્યા હતા ! અરે ! રક્તપિત્તાશ્રમ અન્યાયના પરમ ધામ રૂપ હતું

ડેમિયનની લાગણી ઘણી ઉશ્કેરાઈ આવી તેનુ કારણ એ હતુ કે મોલોકાઇમા ધર્મશિક્ષણનો સર્વાશે અભાવ હતો. રક્તપિત્તિઆ-ઓની આ આવશ્યકતા પૂરી પાડવાને માટેજ તેણે દીર્ઘકાળ પર્યત અતિ પરિશ્રમ કર્યો હતો. પરતુ તેમને ઇ. સ ૧૮૭૩ સુધી થોભવુ પડયુ હતું. એ વર્ષમા તેમને ખરી સધિ પ્રાપ્ત થઈ નિકટના મતિ નામક દ્વીપમા એક નવા દેવળની પ્રતિષ્ઠા થઈ આ દેવળના ખાત મૂહુર્ત પ્રસગે તેમને આમત્રણ કરવામા આવ્યુ ધર્મક્રિયા થઇ રહ્યા પછી એકત્રિત થયેલા ધર્માચાર્યોનુ સ્વાગત કરતી વખત વાત કરતા કરતા મુખ્ય ધર્માધ્યક્ષે જણાવ્યુ કે "ધર્માચાર્યોની સખ્યા થોડી અને કામ ઘણુ હોવાથી રક્તપિત્તઆઓની આવસ્યકતાઓ નિરતર મારા લક્ષમા રહે છે તોપણ તેમને હુ પુરતા માણસો પૂરા પાડી શકતો નથી."

મુખ્ય ધર્માધ્યક્ષના આ વચનો સાભળી ડેમિયનનુ હૃદય ઉછાળા મારી રહ્યુ. તેમણે તરતજ તે દ્વીપમા ધર્માચાર્ય તરિકે જવાની ઇચ્છા

પ્રદર્શિત કરી પરતુ મુખ્ય ધર્માધ્યક્ષે વાધો ઉઠાવ્યો કારણ કે ડેમિયન તરુણ હતો. અને વળી તેને કોહાલામા કામ કરવાનુ હતુ.

પરતુ રક્તપિત્તિઆઓને માટે ડેમિયનને આત્મભોગ આપવો એવા છઠ્ઠીના લેખ પડી ગયેલા હોવાથી મુખ્ય ધર્માધ્યક્ષના વાધાનો નિકાલ થોડા વખતમા થઇ ગયો. આગલે દિવસે તરુણ ધર્માચાર્યોની એક ટોળી આ દ્વીપોમા રહેલા ધર્મ ગુરૂઓને તેમના કામમા સાહાય્ય કરવાને આવી હતી આથી જ્યારે ડેમિયને એવી સૂચના કરી કે નવા માણસોમાથી કોઇને મારૂ કોહાલા પ્રગણુ સોપશો તો ચાલશે ત્યારે તે મજુર કરવામા આવી અને તેજ દિવસે મધ્યાન્હકાળે, જરા પણ તૈયારી કર્યા વિના, તથા કોઇને પણ મળવા રહ્યા વિના, રક્તપિત્તિઆઓના ભાવી ઉદ્ધારકે સ્ટીમરમા બેસીને મોલોકાઇ તરફ પ્રયાણ કરવા માડયુ.

પંચમ પરિચ્છેદ.

મોલોકાઈ.

મોલોકાઈ એ એક નાનો, પ્રાયઃ ત્રીસ માઇલ લાંબો અને સાત માઈલ પહોળો, શંકુના આકારનો દ્વીપ છે અને તે સીડનિ તથા સૅન્ફ્રાન્સિસ્કોને વાણિજ્ય ગ્રંથીથી જોડતા વ્યાપારીઓના માર્ગમા આવેલો છે

સૂર્યદેવ પોતાના આનંદી રશ્મિઓને વિસ્તારીને દિવસની ખબર આપે તે પૂર્વે પરોઢીઆમા આ ધુમસથી આચ્છાદિત થયેલા દ્વીપને જોયો હોય તો તે સમુદ્રમા વસતી કોક સુંદર પિશાચિનીના જેવો લાગે આ દ્વીપરૂપી પિશાચિની, દૂરથી જોતા સર્વાંગ સુંદર, રમણીય લલના લાગે છે, કારણ કે તે જે સુશોભિત વસ્ત્ર પરિધાન કરે છે તેથી તેનુ શારીરિક સૌંદર્ય અર્ધભાગે દ્રષ્ટિગોચર થાય છે અને અર્ધભાગે ગુપ્ત રહે છે, જ્યારે તેના છેક ઉંડા હૃદયમા ઘડી ઘડીમા રંગો બદલાતા જણાય છે.

સેલ્ટીક પ્રજાની પ્રાચીન દંતકથામા એક એવી દંતકથા છે કે "રત્નાકરની વચ્ચે એક દ્વીપરૂપી રત્ન હતું આ દ્વીપનુ નામ ટિર્-ના-નોગ હતુ આ મોહક ભૂમિમા જવાને માટે પ્રાચીનકાળના નાવિકો પોતાના બાપદાદાને મુખેથી વાત સાભળીને ઉત્સાહિત બનતા હતા. એમ માનવામા આવતુ હતું કે આ દ્વીપમા તારુણ્ય સદા જળ-વાઈ રહેતુ હતુ, તેમા આશા, સત્ય અને ન્યાયનો વાસો હતો, તેમાં મૂર્તિમંત પ્રેમ અને દૈવી જ્ઞાનનુ રહેઠાણ હતુ પ્રાચીન કાળમા જ્યારે પૃથ્વીમા પાપકર્મ સર્વત્ર પ્રસરી ગયા હતા ત્યારે આ દ્વીપમાથી સર્વ પાપોને સમુદ્રમા નાખી દેવામા આવ્યાં હતા. ત્યાર પછી ટિર્-ના-

નોગ દ્વીપમા પાપે કદિ પણ પ્રવેશ કરવાની હામ ભીડી નહોતી, કારણ કે તે એક પવિત્ર ભૂમિ હતી અને તેની સરહદ પ્રમાણિક મનુષ્યોની હારથી બનેલી હતી.” ખરેખર, આ એક સ્વપ્નુજ હશે!

કારણ કે, અફસોસ! પૃથ્વીપર આવા કોઇ પણ દ્વીપનુ અસ્તિત્વ નથી ભવિષ્યમા આવો કોઈ દ્વીપ અસ્તિત્વમા આવે તો પ્રભુ જાણે! આજના અશ્રદ્ધાળુ લોકો પૃથ્વીમા કે કયાયે પણ આવો દ્વીપ હોવો શકય નથી એમ માને છે, કારણ કે તેઓ સૂક્ષ્મ તત્ત્વ સમજી શકતા નથી

મોલોકાઈ દ્વીપની વધુ અને વધુ નિકટ જેમ જેમ મનુષ્ય જતો જાય છે તેમ તેમ તેનુ સૌદર્ય અધિક અને અધિક અદ્રશ્ય થતુ જાય છે અને તેનુ કર્કશ સ્વરૂપ વધારે અને વધારે પ્રત્યક્ષ થતું જાય છે સૂર્ય-કિરણોનો વિસ્તાર થતા પરોઢીઆમા જોયેલા દેખાવમા પરિવર્તન થઈ જાય છે એવુ મોટુ–એવુ ભયકર પરિવર્તન થઈ જાય છે કે પ્રવાસી પોતાની આખ ચોળીને એમજ કહેશે કે “આ ભયકર દ્વીપ કયારે દ્રષ્ટિપથથી દૂર થશે?’ પરોઢીઆરૂપી મોહક સુદરીએ ઉત્પન્ન કરેલી શુભ્ર, નમ્ર, આલ્હાદકારક પિશાચિની કે જે પૃથ્વીના સર્વ સુદર તત્ત્વો ગ્રહણ કરીને ઉભેલી દેખાતી હતી તે સૂર્ય કિરણોનો પ્રસાર થતા નાશ પામે છે અને તેને બદલે મોલોકાઈ પોતાના સત્ય સ્વરૂપમા–એક શાપિત વસ્તુ તરિકે–દ્રષ્ટિગોચર થાય છે ઉપર ટપકે જોતા આ દ્વીપ કોઈ લાબા વખતથી ખોવાઈ–ઉજ્જડ, ભયકર, સાકડી, સમુદ્રથી પરિબદ્ધ થયેલી ભૂશીર જણાય છે આ દ્વીપ પાષાણોથી પથરાઈ ગયેલો છે અને તેની એક બાજુએ એક સીધી, મનુષ્યથી ચઢી ન શકાય એવી, પડુ પડુ થઈ રહેલી, પર્વતની તીક્ષ્ણ ધાર ઉંચે આકાશમા નીકળી ગયેલી છે. સ્ટિવન્સન લખે છે કે “આ ભૂમિને જોતાં કરુણાનો આઘાત થાય છે અને એમા વસતા સાક્ષાત્ નરકનો અનુભવ થાય છે.

એ ડુગરોની આસપાસના સપાટ મેદાનમા જે લોકો વસે છે તેમની સ્થિતિ કેવી છે? ઘાસવાળા મેદાનપર આવેલા ભૂરા રગના ડુગરોમાથી દુખની ચિચિયારીઓ નીકળી વાતાવરણને ભેદી નાખે છે પેલી પ્રાચીન કાળની "અશુદ્ધ! અશુદ્ધ" ના પોકારના જેવી લાગતી આ હાહાકારની બુમો સમુદ્રના પાણીપર પવન મારફતે તણાઇ જાય છે અફસોસ! ઓગણીસમી શતાબ્દીના પ્રકાશમા પણ રક્તપિત્ત-ગ્રસ્ત મનુષ્યને પ્રાચીન કાળની પેઠે સમાજથી દૂર રહેવુ પડતું હતુ. હજી પણ તે અત્યજ અને અસ્પર્શ્યજ હતો

દ્વીપની વધુ નિકટ આવતા આપણને તેની સમગ્ર ભયકરતા સ્પષ્ટ જણાય છે ત્યા રહેતા રક્તપિત્તિઆઓ કોઇ પાતાળની ભૂમિના મનુષ્યો જેવા દેખાય છે તેઓ એવા પશુવત, એવા કદરૂપા અને એવા ભયકર લાગે છે કે જાણે તેમનામા મનુષ્યનો અશ પણ ન રહ્યો હોય! કેટલાક ખડકોમા જતા અને કેટલાક ખડકોમાથી બહાર આવતા દ્રષ્ટિગોચર થાય છે. કેટલાક રક્તપિત્તના ભારે હુમલાથી તદ્દન નિર્બળ બની ગયા છે જે માણસોના ગાત્રો સડેલા સાધામાથી ખરી પડયા છે તેઓ હલકા પ્રાણીઓની પેઠે જમીનપર પેટે ચાલે છે. આ સર્વ દિન પ્રતિદિન વૃદ્ધિગત થતો સડો તેમના શરીરમા છે, તોપણ તેઓ આખરે "જીવતા, શ્વાસ લેતા અને સ્મરણશક્તિ ધરાવનાર" મનુષ્યોજ છે

સ્ટિવન્સન કે જેની લેખિની સત્યનુ ચિત્ર આલેખતા કદિ પણ સકોચ પામી નથી, તેમજ જેણે વર્ણન કરતા એક પણ અસત્ય લીટી લખી નથી તેણે આ લોકોના સબધમા લખ્યુ છે કે "આ લોકો પિશાચ, રાક્ષસ અને મુગાનો પાઠ ભજવનારા ભૂત જેવા લાગે છે. રાત્રે આપણને ઓથાર દબાવે તે વખતેજ આપણે આવા ભયકર રાક્ષસોનુ દર્શન કરીએ છીએ"

હે પ્રભો ! આ તે કેવો દેખાવ ! આ તે કેવુ દુર્ભાગ્ય ! કોઈ પણ વસ્તુ આથી વધુ ભયકર–કોઈ પણ સ્થિતિ આથી વધુ કરુણાજનક હોઈ શકે ?

અફસોસ ! તે સમયના મોલોકાઇ દ્વીપમા ભૌતિક અવનતિ કરતા પણ અધિક અનિષ્ટ પ્રસરી રહ્યુ હતુ કારણ કે રોગે જે હાહાકાર વર્તાવી મકયો હતો તેના કરતા પણ રક્તપિત્તગ્રસ્ત લોકોની ધાર્મિક અવનતિ સહસ્રગણી વિશેપ અધમ હતી

૧૮૬૫થી ૧૮૭૫ની સાલ સુધીમા બે હજાર માણસોને મોલોકાઈ દ્વીપમા મોકલવામા આવ્યા હતા તેમાથી ૧૮૭૫ની આખરે માત્ર આઠસે માણસો બચેલા જણાયા હતા રક્તપિત્તિઆ લોકો લગ્ન કરતા હતા અને તેથી તેમને છોકરા પણ થતા હતા તે છતા પણ ત્યાની વસ્તીમા બારસે માણસોનો ઘટાડો થયો હતો આ ઉપરથી યમદેવે આ દ્વીપમા કેવો હાહાકાર વર્તાવી મૂક્યો હતો તેની કલ્પના થઈ શકશે આ આઠસે માણસો પૈકી પ્રાય બસે માણસો કૅથોલીક પથના હતા અને શેષ પ્રાધાન્યત પ્રોટેસ્ટટ હતા

આ સમયે તે દ્વીપમા એક પ્રોટસ્ટટ પથનુ દેવળ હતુ. આ દેવળનો ધર્માચાર્ય તેજ દ્વીપનો વતની એક રક્તપિત્તિયો હતો. વળી ત્યા મહાત્મા ફિલોમેનાનુ એક નાનુ કાષ્ઠનુ મદિર હતું. આ સ્થળે અવકાશ મળે ત્યારે કૅથોલીક પથના અનુયાયીઓ પ્રાર્થના કરવાને માટે એકત્રિત થતા હતા કૅથોલીક પથના પાદરીઓની સખ્યા થોડી હોવાથી અને તેમને કામો ઘણા હોવાથી તેઓ આ દ્વીપની મુલાકાત અમુક અમુક વખતને અતરેજ લઈ શકતા હતા. તોપણ તેઓ ઘણી નિયમિત રીતે આ દ્વીપની મુલાકાત લેતા હતા અને તેમાંનો એક પાદરી તો આવીને રક્તપિત્ત ગૃહસ્થ લોકોની વચ્ચે એક અઠવાડીઆ સુધી રહેતો હતો.

પરંતુ આ દ્વીપવાસીઓની પરિસ્થિતિ લક્ષમા લેતા એ સ્પષ્ટ જણાય છે કે પાદરીઓના પ્રયાસો ત્યાની સ્થાનિક આવશ્યકતાં પહોંચી વળતા નહોતા મોલોકાઇવાસીઓના હૃદયમાથી આશા તો પ્રાય લુપ્ત થઇ ગઈ હતી–તેઓ નિરાશ થઇ ગયા હતા માત્ર ભયાનક સમુ અને કર્કશ ડુંગરાઓ શિવાય અન્ય કોઈ પણ વસ્તુ દ્રષ્ટિગોચર થત નહોતી, અને અન્ય વસ્તુ જોવાની કલ્પના પણ ત્યાના નિવાસીઓન મનમા ઉત્પન્ન થઈ શકતી નહોતી. આવી અત્યત નિંદ્ય અને અધમા ધમ સ્થિતિમા–આવી સામાજિક અને નૈતિક અવ્યવસ્થામા–પોતાન જીવનનો શેષ કાળ જેમ તેમ પૂરો કરવાનુ આ દુર્ભાગી રક્તપિત્તિઆ ઓના લલાટમા લખેલુ હતુ

આવી સ્થિતિમા તેઓ નિયમ અને મર્યાદાને ટાલ્લે ચઢાવ દે તેમા શુ આશ્ચર્ય? આ લોકો મરણીઆ બન્યા હતા તેમણે જીવન રૂપી ખેલમા ભારે નુકસાન ખમ્યુ હતું અને હવે તેઓ બીજો દા જીતી લેવાને માટે–નિદાન આ સસારમા પણ સુખી રહેવાને મા રમતા હતા મોલોકાઇના નાગરિકો કહેતા હતા કે “આજે તો ખાઇ પીને આનદ ભોગવો, કાલે તો આપણે મરવુ છે”

આ રક્તપિત્તિઆઓ વેદનાના ભારથી દબાઈ ગયા હતા અને નિરાશાથી ઉન્મત્ત બની ગયા હતા ડેમિયનના ગયા પૂર્વે મોલોકાઇમ વસતા રક્તપિત્તિઆઓની સ્થિતિ ઘણીજ ખરાબ હતી તેમના રહે વાના ઘર સ્વચ્છ અને સુઘડ નહોતા તે તેમના આરોગ્યને અપાય કારક હતા વસ્તુત ત્યાના મૂળ વતનીઓના ઘર તો માણસનાં વાસ્ત વ્યને માટે યોગ્યજ નહોતા. ઘાસ પરાળની બાંધેલી પર્ણકુટીઓ મૂળેજ ખરાબ હતી અને વળી રક્તપિત્તિઆઓની અસ્વચ્છતાને લીધે તે વધારે ખરાબ બની ગયા હતા તે લોકો દિવાલનો પાયો નાંખતા જ નહોતા, માત્ર ખુલ્લી જમીન ઉપરથીજ દિવાલ ઉઠાવતા હતા. ચોમા

સામા સર્વ જમીન ભેજવાળી બની જતી હતી. પર્ણકુટીઓ એવી નાજુક અને નાની હતી કે પવન અને વર્ષાના સપાટામાથી માણસનુ રક્ષણુ તે દ્વારા ભાગ્યેજ થઇ શકતું હતુ. રક્તપિત્તિઆઓ આવીજ પર્ણકુટીઓમા રહેતા હતા અનેક સ્ત્રી, પુરુષ અને છોકરાઓ, વય, જાતી કે સ્થિતિના કાંઈ પણ વિવેક વિના રોગના ધામ રૂપ એકજ પર્ણકુટીમા સાથે વસતા હતા. અને વળી તેઓ સર્વ ભયકર રોગથી અગાઉથીજ ગ્રસ્ત હતા, તો પછી આવા વસવાટથી તેમની સ્થિતિ અધમાધમ થાય તેમા આશ્ચય શુ ?

વળી બીજી આપત્તિ એ હતી કે મોલોકાઇવાસીઓ પાસે જીવનને માટે અગત્યની વસ્તુઓની તગી હતી તેમને ભોજન પૂરૂ પાડવાને માટે સરકારે કટ્રાક્ટ આપ્યુ હતું કટ્રાક્ટર તેમને એટલુ થોડુ અન્ન આપતો હતો કે જેથી તેઓ વારવાર ભૂખના દુખથી રીબાતા હતા વળી તેમને પાણી પણ થોડુ આપવામા આવતું હતું–અરે તેમને પોતાના શરીરપર પડેલા વ્રણ ધોવાને માટે પણ પાણી મળતું નહોતું આથી રક્તપિત્તિઆઓ પર ક્રૂરતા થતી હતી, એટલુજ નહિ, પરતુ તેમનો રોગ પણ વૃદ્ધિ પામતો હતો વળી સગવડકારક ગરમ–વસ્ત્રો મેળવવાની પણ તેમને મુસ્કેલી પડતી હતી રક્તપિત્તિઆને ટાઢ ઘણી વાગતી હોવાથી તેમને ગરમ વસ્ત્રોની ઘણી જરૂર હતી.

રક્તપિત્તિઆઓની સામાજિક અને શારીરિક અધોગતિના હજી ઘણા દ્રષ્ટાંતો આપી શકાય એમ છે, પરતુ આટલા વિવેચન ઉપરથી તેમની સ્થિતિ કેવી હતી તે સપૂર્ણ રીતે સમજી શકાશે તેમને સાજા માણસોથી દૂર કાઢવામા આવ્યા હતા, તેમને ઘરબાર અને કુટુબ કબીલામાથી હાંકી કાઢવામા આવ્યા હતા, તેમને ધંધો હતો નહિ, તેમને આશા, ધારા, ધર્મ એમાની કોઇ પણ વસ્તુ હતી નહિ, આથી તેઓ પ્રત્યેક પ્રકારની અનિયમિતતા જણાવે એ સર્વથા સ્વાભાવિક

છે. તેઓ પોતાના ઘરમા એકઠા થતા અને પાના રમતા અને કિ નામના વૃક્ષનો રસ પીતા ત્યાર પછી તેઓ મનુષ્યત્વને તિલાજલિ આપતા અને સાક્ષાત્ પશુ બનતા. જેમને કાઇ પણ આશા ન હોય, જે પુનરૂદ્ધાર પ્રાપ્તિ પર દ્રષ્ટિ રાખતા ન હોય તેમને કિ વૃક્ષનો રસ મિષ્ટ લાગે છે

તે વખતમા અધમતાનો નિરકુશ અધિકાર ચાલતો હતો અને જ્યારે તે દ્વીપમા રક્તપિત્તિઆઓની નવી ટોળી ઉતરતી ત્યારે તેમા વસતા સર્વ જણ પોતાના ભયકર હસ્ત ઉચા કરીને પોકારી ઉઠતા કે “ આવો ! આવો ! અહીંઆ કોઈ પણ પ્રકારનો કાયદો છેજ નહિ ! ” મોલોકાઇમા વસતા લોકો નવા માણસોને આવો અનિષ્ટ સૂચક આવકાર આપતા હતા મોલોકાઇવાસીઓની જેવી જીવનદશા હતી તેવીજ તેમની મૃત્યુદશા પણ હતી એક ખાડો ખોદવામા આવતો અને તેમા શબને ફેકી દેવામા આવતુ. બસ ખેલ ખલાસ ! મોલોકાઇમા જીવન અને મરણ સમાનજ હતા જીવન હોય તોયે શુ અને મૃત્યુ થાય તોયે શુ ? મોલોકાઇવાસીઓને માટ તો જીવન અને મરણ એ ઉભય નરક સ્વરૂપજ હતા ખરેખર, આ સમયની રક્તપિત્તિઆઓની આસુરી વૃત્તિ ફ્રાન્સીસ ટૉમ્સના શબ્દોમા વર્ણવી શકાય.

ષષ્ઠ પરિચ્છેદ.

ડૅમિયનનું આગમન.

મોલોકાઇમા ડૅમિયનનુ આગમન તેની પ્રકૃતિનુ ખરેખરૂ સૂચક લક્ષણજ હતું તેની પ્રકૃતિનુ સર્વ બળ તેની સહનતા, તેના સાહસ અને તેની અચૂક સરળતામા હતું આ ગુણો તેના મોલોકાઇના આગમન કાળે પણ ખીલી નીકળ્યા હતા. તેને કોઇ પણ કાર્ય સોપવામાં આવતુ તો તે તરતજ પોતાની સમગ્ર શક્તિઓને તે કાર્ય પાર પાડવામા યોજતો. તેને માટે શુ ભોગ આપવો પડે છે તેનો તે હિસાબ ગણતો નહિ, પરતુ તે માત્ર પોતાના પરિશ્રમના ઉત્તમ પરિણામ પરજ દ્રષ્ટિ રાખતો.

પોતાના સ્વભાવ પ્રમાણે, રક્તપિત્તના પરમ ધામરૂપ મોલોકાઇમા સેવા કરવાને સ્વેચ્છાથી બહાર પડવાની પોતાની ઇચ્છા દર્શાવ્યા પછી તે વિલબ સહન કરી શકયો નહિ તે અધૈર્યવશ થયો. તે પોતાના નિત્ય નિયમ પ્રમાણે અધીરો બની તરતને તરત જવાને તૈયાર થઈ ગયો. પરતુ તે દિવસે તેમજ તે અઠવાડીયામા કોઇ પણ સ્ટીમર ઉપડવાની નહોતી. આવા સયોગોમા માત્ર એકજ સાધન હતું. આ સાધન તે પશુઓને લઈ જતું એક જીર્ણ જહાજ હતું. આ જહાજ એક કલાકમાજ ઉપડવાનુ હતુ. ઠીક ! ત્યારે તેને પશુઓના વહાણમા બેસતાં શી હરકત હોય !

આ આત્મવિસ્મરણ, ઇશ્વરનાં પેદા કરેલાં સર્વ પ્રાણીઓની સાથે તાદાત્મ્ય ભાવયુકત આ સાર્વત્રિક બધુત્વ, અને સર્વના કલ્યાણને માટે પ્રભુ તરફથી આપણને જીવનની બક્ષીસ મળેલી છે એવી માન્યતાને લીધેજ ડૅમિયન એવા ધાર્મિક નેતાઓની પંક્તિમાં પોતાનુ પદ સ્થાપિત કરી શકયો છે કે જેઓ પોતાની વિશેષ તીવ્ર દૃષ્ટિથી ક્ષુદ્રમાં ક્ષુદ્ર

વસ્તુમા મહાનમા મહાન પ્રભુને વ્યક્ત થયેલા જુએ છે; અને જે પ્રત્યેક મનુષ્યમા દેવનુ પ્રતિબિબ જુએ છે ડૅમિયન પોતામા રહેલા આવા મહદ્ ભાવને લીધેજ વીશ પશુઓ અને પચાસ રક્તપિત્તિઆઓની સાથે એક જહાજમા બેસીને મોલોકાઈમા આવી શક્યો !

જહાજ મોલોકાઈની વિશેષ અને વિશેષ નિકટ આવતું ગયુ તેમ તેમ ડૅમિયનના મનની વૃત્તિઓ કેવી થતી ગઈ તે આપણે જાણતા નથી. પરતુ તે ઉત્સાહી અને બહાદુર હતો તોપણ ઉતરવાની જગ્યા આગળ ટોળુ વળીને ઉભી રહેલી ભયકર આકૃતિઓને જોઇને તેનુ દૃઢ હૃદય પણ પિગળી ગયુ હશે એમા તો કાઇ શકજ નથી. આ રક્તપિત્તિઆઓ ઓવારાના પગથીઆપર ફુટેલા ફાટેલા ચીથરા પહેરીને ઉભેલા હતા. અને પવનથી આ ચીથરા ઉડી તેમના વ્રણુનો સાથે અથડાઈને તેમને વેદના કરતા હતા. આવો દેખાવ જોઈ ડૅમિયન સ્તબ્ધ થઈ જાય એમા શુ આશ્ચર્ય ! અત્યાર પછી આ પ્રાણીઓ તેના સાથીઓ અને મિત્રો થવાના હતા અત્યાર પછી તેમની સેવામા તેનું જીવન વ્યતીત થવાનુ હતુ.

ડૅમિયન જમીનપર ઉતર્યો તત્પશ્ચાત્ એક કલાકમા ઉપરોક્ત જહાજ તેને આ નાના ભયાનક દ્વીપમા કેદી અને દેશપાર થયેલા માણસ તરિકે મૂકીને ચાલ્યુ ગયુ.

આ સમયે તે તેત્રીસ વર્ષનો યુવક હતો. તે શરીરે સશક્ત અને સુન્દર હતો. તેનુ મન પણ તેવુંજ ઉત્તમ હતું. તેનો સ્વભાવ એટલો બધો આનદી હતો કે આ રોગના નિવાસસ્થાનરૂપ દ્વીપની સર્વ ભયાનકતાથી તે જરા પણ ડગ્યો નહોતો

ડૅમિયન સેવા કરવાને તત્પર થયો હતો, પરંતુ તેને ઘડીએ ઘડીએ જે મનોવેદના થતી હતી તેનુ માપ કોણ કાઢી શકે એમ છે? મનોવેદના અને લાલચ, આશા અને નિરાશા એ તેના હૃદયમાં દરિ

યાના તરંગોની પેઠે ઉછળતી હતી ખાસ કરીને રાત્રિને વખતે તેના હૃદયમા ભારે ઉછાળા થતા પ્રથમ તેને શય્યાની સગવડ નહિ મળવાથી એક વૃક્ષની નીચે જમીન ઉપર સૂઇ રહેવુ પડયુ હતુ આવા સમયમા મનુષ્યનુ ધૈર્ય ખૂટી જાય તેમા શુ આશ્ચર્ય ?

તેની આસપાસ સર્વત્ર અજ્ઞાનરૂપી તિમિરનુ સામ્રાજ્યજ પ્રસરી રહ્યુ હતુ તે પોતે શરમાળ અને નમ્ર હોવાથી આ અજાણ્યા પ્રદેશમા કેવો ગભરાયો હશે ! અને આવી પરિસ્થિતિમાં અનેક વર્ષો ગાળવા પડનાર છે એવા વિચારથી તેનુ હૃદય કેવું દુઃખી થયુ હશે ? સાર્વભૌમ રાજાની આગળ હિકર જોડીને અરજદાર ઉભો રહે તેવી રીતે ડૅમિયન નમ્ર બનીને તે અપરિચિત પ્રદેશમા ઉભો રહ્યો અને રાત્રિ પડી ત્યારે ખુલ્લી જમીન ઉપર હાથ પહોળા કરીને પડયો—સૂતો.

આવો અદ્દભુત આત્મભોગ જોઇ જગત્ આશ્ચર્ય પામે તેમા શુ શક ? અને આ મહા દયાવાન પુરુષ વિષે સર્વ લોકો વિશેષ હકિકત જાણવા ઇચ્છે તેમા શુ નવાઇ ? લોકો પૂછે છે કે મૃત્યુને હસી કાઢનાર આ કોણ છે ? દુનિયાને અને તેના વિલાસોને લાત મારનાર આ કોણુ છે ? એ કેવી રીતનો માણુસ છે ? લોકો તેને વિષ શુ કહે છે ?

તેનો બાહ્ય દેખાવ માત્ર એક ફ્લેમીશ ગામડીઆના જેવોજ હતો, અર્થાત્ તે નાગરિક સંસ્કાર વિનાનોજ હતો. તેના વસ્ત્રો પણુ હલકાજ હતાં. પરિશ્રમથી તેના હાથો કઠણુ થઈ ગયા હતા દુનિયા જેને 'ડહાપણું' કહે છે તે તેનામાં નહોતું. માત્ર 'સત્ય' નોજ તે અનન્ય ભક્ત હતો. અને વસ્તુત. સત્યમાજ સર્વ જ્ઞાનનો સમાવેશ થાય છે. તેનામાં શહેરના સંસ્કાર નહોતા અને સભ્ય ગણાતા માણુસોની રીતભાત નહોતી, પરંતુ તેના અંતઃકરણુમા દૈવી ચૈતન્ય હતું. જોકે તે ધર્માચાર્ય હતો, તોપણુ તે વાદકુશળ પંડિત નહોતો. તેને વાદ-

વિવાદ જરા પણ ગમતો નહોતો. તેને ઉંડા તત્ત્વજ્ઞાનની મુશ્કેલીઓમા ગુંચવાવું પડતું નહોતું. આ મુશ્કેલીઓ તેના મસ્તકપરથી ચળ વાદળની પેઠે ચાલી જતી હતી તેનામા એવી શ્રદ્ધા હતી કે જે પર્વતોને પણ ડગાવી નાખવાને સમર્થ હતી તેનુ મન માત્ર એકજ આવશ્યક વસ્તુમા લીન રહેતું હતુ સદિચ્છાના સદેશાથી તેના કર્ણ પરિપૂર્ણ ભરાઈ ગયા હતા આ સદેશાને જો આપણે જાણીએ તો એનામા નવી પૃથ્વી ઉત્પન્ન કરવાની શક્તિ છે એમજ આપણુને જણાય મહાત્માઓ ઉપદેશી ગયા છે કે પ્રત્યેક મનુષ્યે, અન્ય સહાયપાત્ર મનુષ્યોને સહાય્ય કરવી જોઈએ, અને તેમનુ દરેક પ્રકારે સુખ ઇચ્છવુ જોઇએ

એક આધુનિક લેખક જણાવે છે કે "મનુષ્યોની રચનાજ એવી છે કે તેને પોતાના જાતિબધુઓની સહાનુભૂતિની અગત્ય રહે છે ભેદાયેલા આત્માને શાતિ આપનાર અને જ્યા ઉડો ઘા હોય ત્યા પાટો બાધનાર માણસની સર્વથા જરૂર રહે છે

આ પ્રકારનુ કાર્ય કરવાનો ડૅમિયને પ્રારભ કર્યો અને દ્રષ્ટિને ન ગમે એવા દેખાવોની વચ્ચે દયાનુ કામ કરતા તે કદિ પણ અચકાયો નહિ, તેમજ દુખીઆની બૂમ સાભળી તેનુ દુખ ઓછુ કર્યા વિના રહ્યો નહિ ખરેખર, ડૅમિયન દુઃખની જે બૂમ સાભળતો તે તેને પરમાત્મા તરફથી આવેલી બૂમજ લાગતી હતી "તમે આ લોકોની જે સેવા કરો છો તે મારીજ સેવા છે." એવી ઇશ્વિરી આકાશવાણી થતી હોય એમ તેને લાગતું તે થાકીને હતાશ થયેલા આત્માને પોતાની બાથમા લઇને મૃદુતાથી તેનાપર આનદનુ સીચન કરતો.

મહાત્મા ડૅમિયને રક્તપિત્તગ્રસ્ત લોકોને માટે આના કરતાં પણ વિશેષ કાર્ય કર્યું હતું. કારણ કે સાદી સમજની ઉપર તેમના

સર્વ ધાર્મિક ઉત્સાહનો પાયો રચાયેલો હતો. તે પ્રધાનત. કર્મનો ઉપાસક હોવાથી એમ માનતો હતો કે નૈતિક અને ધામક સુધારો પ્રધાન અશે સામાજિક સ્થિતિ ઉપર આધાર રાખે છે. એટલા માટે તેણે પ્રત્યેક સાચા સમાજ સુધારકની પેઠે સૌથી પહેલા અપરાધનું કારણુ દૂર કરવાનો પ્રયત્ન કર્યો અને ભવિષ્યમા જ્યારે સામાજિક પરિસ્થિતિ સુધરશે ત્યારે એની મેળે ઉત્તમ પ્રકારની ધાર્મિક ઉન્નતિ થશે એમ માની નિશ્ચિત રહ્યો

આગળ કહેવામા આવ્યુ છે તે પ્રમાણે આ રક્તપિત્તના ધામમાં વિપ્લવકારક સુધારાઓની જરૂર હતી આવી હાથથી ગયેલી બાજી સુધારવાના કાર્યને પહોચી વળવાને માટે સુસસ્કૃત માણુસોની એક ટાળીની જરૂર હતી. વળી તે દ્વીપમાના અનિષ્ટોની સાથે કુશળતાપૂર્વક સગ્રામ કરવો હોય તો સહાનુભૂતિ અને દ્દઢ આત્મબળ ધરાવનાર સુસસ્કૃત માણુસોની અગત્ય હતી. પરતુ ત્યા તો મહાત્મા ડૅમિયન એકલાજ હતા. તેમને સહાય્ય કરનાર એક પણ માણુસ નહોતું. તેમને સલાહ આપનાર પણુ કોઈ નહોતુ. આ એક મહા પ્રચડ કામ હતું આવા કામથી બહાદુરમાં બહાદુર માણુસ પણુ હારી ગયા વિના રહે નહિ મુશ્કેલીઓપર મુશ્કેલીઓ ડોળા ઘુરકાવતી ઉભી રહી હતી, પરતુ ડૅમિયન તેથી જરા પણુ ડર્યો નહિ **તેને પોતાની શકિત અને ઈશ્વરપર અપૂર્વ શ્રદ્ધા હતી. તેને જય કે પરાજયની જરા પણુ દરકાર નહોતી. તેને ફળની લેશ પણ અપેક્ષા નહોતી.** બીજારોપણુ કરનાર ઉપર પાકનો કાંઈ આધાર નથી, તેમજ પાક ન ઉતરે તે માટે કાઈ મજુર જવાબદાર નથી **બીજારોપણુ કરવું અને લણવું એ મજુરનાં કાર્યો છે. પાક ઉતારવો એ ઈશ્વરનુ' કાર્ય છે. મજુરી કરનારે પ્રભુની પ્રાર્થના કરી શાંત રહેવું અને આવશ્યક કામ કરવાં, તથા ફળ આપવાનો ભાર ઈશ્વર ઉપર નાખી દેવો.**

ડૅમિયને મોલોકાઇમા દશ વર્ષના અરસામા એકલે હાથે ઘણું અદ્ભુત કાર્ય કર્યું. એ વાતની સમાજ શાસ્ત્રનો કોઈ પણ અભ્યાસી ના પાડી શકે એમ નથી વર્તમાન દ્રષ્ટિબિદુથી તેની કાર્યપ્રણાલિ ઉપર ભલે ટીકા થઈ શકે પરતુ તેમના સામાજિક સિદ્ધાતોની ઉત્તમતા તો અખડનીયજ રહે છે કદાચ તેની વ્યવસ્થા કરવાની શક્તિમા ખામી હશે, તોપણ એક ગભીર અને વિસ્તૃત અનિષ્ટની સામે બાથ ભીડવાની તેમની શક્તિ ઘણી ઉત્તમ હતી અને તેઓ અન્ય માણસોને પણ પોતાના જેવા ઉદાત્ત મહત્વાકાક્ષી બનાવી શકતા હતા

ધર્મગુરૂઓનો ઇતિહાસ જોતા આપણને બે પ્રકારના માણસો સ્પષ્ટ રીતે જણાય છે આ ઉભય પ્રકારના માણસો કાર્ય પ્રણાલિની બાબતમા એક બીજાના કટ્ટા પ્રતિપક્ષી હોય છે, પરતુ તેમનુ ધ્યેય એકજ હોય છે. સર્વકાળના મહા બુદ્ધિવાન પુરૂષોના ચરિત્રોનો અભ્યાસ કરતા આપણને બે લક્ષ્યો સ્પષ્ટ જણાય છે એક લક્ષ્ય ઉચ્ચત્તમ સ્વર્ગમાથી નીચે પૃથ્વીપર ઉતરવાનુ છે અને બીજુ પૃથ્વીપર જે ઉત્તમ હોય તેની વિશેષ શુદ્ધિ અને વિકાસ કરીને તેને સ્વર્ગમા લઇ જવાનુ છે.

ડૅમિયનને એમાની પ્રથમ પક્તિમા ગણી શકાય એમ છે કપેલરની આકર્ષક ભવ્યતા અન્ય માણસોને ઉત્તેજિત કરીને તેને સારે માર્ગે દોરવી શકે છે અને અન્ય માણસોના પ્રમાદની સાથે જ્યારે તેમના બળ અને હિમ્મતનુ ઘર્ષણ થાય છે ત્યારે તેમની સુસ્ત થઇને પડી રહેલી શક્તિઓને એટલુ ચૈતન્ય મળે છે કે તે તેમને સાર્વજનિક કલ્યાણને માટે પ્રવૃત્તિ કરવાની ફરજ પાડે છે

ડૅમિયને સામાજિક સુધારણાને માટે પ્રયાસ કરવાની સાથે તેમને ધર્મના સિદ્ધાતોનુ શિક્ષણ પણ આપ્યુ. કારણ કે તેમની ભૌતિક સ્થિતિ સુધારવાનો તેમનો પ્રયત્ન એ તો તેમનો ઉદ્દેશ સાધ્ય કરવાનુ સાધનજ માત્ર હતું. તેમનો ખરો હેતુ તો તેમની આધ્યાત્મિક પ્રગતિ કરવાનોજ

હતો. તે દ્વીપના રહીશોના દેવદેવીઓને પાણીચુ આપીને તેને સ્થાને ઇશુ ખ્રિસ્તની સ્થાપના કરવી એજ તેનો ઉદ્દેશ હતો અને એ ઉદ્દેશ સાધ્ય કરવાને માટેજ તેણે સોળ વર્ષ સુધી મહેનત કરી હતી–અને એ ઉદ્દેશ સાધ્ય કરવાને માટેજ તેણે પ્રાણુનુ બલિદાન આપ્યુ હતું.

જે પરિણામો આવ્યા છે તે ઉપરથી જણાય છે કે તેનો આત્મભોગ વ્યર્થ ગયો નથી પરતુ દીર્ઘકાળ પર્યંત અવ્યાહત પરિશ્રમ કર્યા વિના આ પરિણામો આવ્યા નહોતા. એક સાદો ગામડીઓ ધર્મ ગુરૂ અવ્યવસ્થા અને તિમિરના સામ્રાજ્યની વચ્ચે સામાજિક વ્યવસ્થા સ્થાપિત કરવાને માટે ગયો અને પોતાના કાર્યમા તે સફળ થયો એ જાણી આપણને આનદાશ્ચર્ય થાય છે

પૂર્વે કહેવામા આવ્યુ છે તે પ્રમાણે અત્યાર સુધી મોલોકાઈ દ્વીપમા સારૂ પાણી મળતું નહોતું– અને જે મળતું હતું તે પણ પુરતા પ્રમાણમા મળતું નહોતું લોકોને ઘણે છેટેથી પાણી આણવું પડતું હતું આનો ઉપાય કરવાને માટે ડૅમિયને રક્તપિત્તીઆઓના નિવાસસ્થાનની નિકટમાજ તપાસ કરીને એક ઝરો શોધી કાઢયો. આ ઝરાનુ પાણી નિર્મળ, મીઠું, અને સર્વ લોકોને ચાલી રહે તેટલુ હતું. આ ઝરાની શોધ થયા પછી એક વિશાળ હોજ બાધવાને માટે જોઇતી વસ્તુઓ પુરી પાડવાને હવાઇઅન સરકારને અરજી કરવામાં આવી. સરકારે આ અરજીનો સ્વીકાર કરી, એક મોટો હોજ બંધાવી, લોકોનુ પાણીનુ દુખ દૂર કર્યું અને થોડા વખતમા રક્તપિત્તિઆઓને પુષ્કળ પાણી મળવા લાગ્યુ.

હવે ડેમિયનનુ લક્ષ રક્તપિત્તિઆંઓને માટે રહેવાના મકાન બાંધવાના પ્રશ્ન પ્રતિ આકર્ષાયુ. રક્તપિત્તિઆઓના નિવાસસ્થાન અધમ પ્રકારના હતા. તેઓ પિલિ નામના ઘાસના બાંધેલાં ઝુપડાંમાં રહેતાં હતા. આવા ક્ષુદ્ર ઝુપડાંઓમા તેમને બરાબર રક્ષણ મળતું

નહોતું. વળી કેટલાકની સ્થિતિ તો એથી પણ વધારે ખરાબ હતી. તેમને તો માત્ર દીવેલાના છોડને આશ્રયેજ પડી રહેવું પડતું હતું. વર્ષાદ પડી ગયા પછી તેમની ભીંજાયેલી સાદડીઓમાંથી ઘૃણા ઉત્પન્ન કરે એવી બદબો નીકળતી હતી. આવો પ્રકાર વારવાર બનતો હતો. આ અગવડતા ઉપરાત તેમના રોગમા વૃદ્ધિ થતી હતી તે તો જુદીજ, કારણકે રક્તપિત્તગ્રસ્ત લોકોની આરોગ્યતાપર શીત ઋતુ અને ભીની હવાની ઘણી અસર થાય છે

આ અનિષ્ટનો પ્રતીકાર કરવાને માટે સરકાર ઉપર બીજી અરજી કરવામા આવી અને તેમા એવી માગણી કરવામા આવી કે આ રક્તપિત્તગ્રસ્ત લોકોને માટે ઘર બાધવા સારૂ સાગ અને બીજી જાતના ઇમારતી લાકડા મોકલી આપવાની કૃપા કરવી

આ અરજી કરવામા આવી તે પૂર્વે થોડા દિવસપરજ, અર્થાત્ ૧૮૭૪ મા, દક્ષિણ દિશા તરફથી એક વાવાઝોડુ થઇ આવ્યુ અને તેણે ઘણા રક્તપિત્તિઆઓના ઝુપડા ઉરાડી દીધા આથી તેમને બાહ્ય સાહાય્યની ઘણીજ જરૂર પડી. આ અરજીના જવાબમા સરકારે કેટલાક જહાજ ભરીને મજબૂત વ્હેરેલા કાષ્ઠ મોકલી આપ્યા અરજ કરવાથી પ્રત્યેક જરૂરવાળા રક્તપિત્તીઆને સગવડકારક ઘર બાધવાને માટે જોઇતા કાષ્ઠ મળવા લાગ્યા સરકારી ઉપરાત ખાનગી મદદ પણ આવી મળી જરૂરવાળા રક્તપિત્તિઆઓને તેમના મિત્રોએ પાટીઆ વગેરેની સાહાય્ય કરી જે લોકો પાંચ પૈસાવાળા હતા તેમણે પોતાના ઘર બાધવાના કાર્યમા બીજા રક્તપિત્તિઆઓની મદદ લીધી, પરતુ ઘણા માણસો આ ખર્ચનો બોજો સહન કરવાની શક્તિ ધરાવતા નહોતા આવા લોકોના ઘર બાધવામા ડૅમિયને પોતે અને તેના ઉપદેશથી કેટલાક રક્તપિત્તગ્રસ્ત છોકરાઓએ કાઇ પણ દ્રવ્ય લીધા વિના મદદ કરી.

આ પહેલા દશ વર્ષમા ડૅમિયને અગ મહેનતનુ કામ ઘણું કર્યું હોવુ જોઇએ. કારણુ કે તેના કામના પ્રત્યક્ષ પ્રમાણુ તરિકે ત્યા નાનાં મોટાં ૬૦૦ મકાનો ઉભા છે નવા મકાનો સ્વચ્છ અને અખડિત હતા. પ્રત્યેક મકાનની પરસાળ જમીનથી ઉંચી રાખવામા આવી હતી, કે જેથી રક્તપિત્તિઆઓ ભીની જમીનના સસર્ગમા આવે નહિ

આ અને આવી બીજી આરોગ્યવર્ધક સુધારણાનુ તાત્કાળિક પરિણામ એ આવ્યુ કે મરણની સખ્યામા ઘટાડો થયો અને રક્ત-પિત્તઆઓની શારીરિક વેદના પણ કમી થઈ લોકોને સ્વચ્છ પાણી અને આરોગ્યરક્ષક પરિસ્થિતિ પ્રાપ્ત કરાવી આપ્યા પશ્ચાત્ મહાત્મા ડૅમિયન તેમના અન્ન વસ્ત્રમા સુધારણા કરવાનો પ્રયાસ કરવા લાગ્યો

અત્યાર સુધી મોલોકોઈ વાસીઓને ખોરાક ઘણો થોડો મળતો હતો ડૅમિયને જ્યારે મોલોકાઇ દ્વીપમા પગ મૂક્યો ત્યારે તો વળી હમણાં કરતા પણ ન્યૂન ખોરાક મળતો હતો, પરતુ તેમના આગમન પછી તેમને જરા વિશેષ ખોરાક મળવા લાગ્યો, તોપણ હજી તેમને પેટ ભરીને અન્ન મળતું નહોતુ

ડૅમિયને અમલદારોના કાનપર આ વાત નાખી. આથી તે દ્વીપની મુલાકાત લઇને આ બાબતની તપાસ કરવાને માટે એક કમીશન નિમવામા આવ્યુ ૧૮૮૧ મા પ્રિન્સેસ રિજન્ટ અને તેની કન્યા પોતાની લાગણી પ્રદર્શિત કરવાને માટે જાતે આ દ્વીપમા આવ્યા અને રક્તપિત્તિઆંઓની મુલાકાત લીધી* ત્યાર પછી અનેક સુધારાઓ તે દ્વીપમા દાખલ થયા પહેલા રકતપિત્તિઆઓને કેટલો થોડો ખોરાક મળતો હોવો જોઇએ તે આ વાત ઉપરથી સમજાશે કે ૧૮૮૬ ની

---

* તેમના આ આગમન પશ્ચાત્ ડૅમિયને રક્તપિત્તિઆઓની જે સેવા કરી હતી તે માટે તેને 'નાઈટ કમાન્ડર ઓફ ધી ઓર્ડર ઓફ કાલાકાના' ની ઉપાધિથી વિભૂષિત કરવામા આવ્યો હતો.

સાલ સુધી ડૅમિયન રક્તપિત્તિઆઓને વધુ ખોરાક પુરો પાડવાને સરકારને અરજ કરતો હતો પ્રથમ તો મહાત્મા ડૅમિયન રક્તપિત્તિઆઓને સાધારણ આવશ્યકતાઓ પુરી પાડવાને માટે સરકારને અરજ કરતો હતો, પરતુ હવે તો તેઓ તાજા દૂધ જેવી સ્વાદિષ્ટ વસ્તુઓ પણ થોડી થોડી પુરી પાડવાને અરજ કરવા લાગ્યા તેમણે એક અરજપત્રમા તો જણાવ્યુ હતું કે " દવાખાનાની બહારના રક્તપિત્તગ્રસ્ત લોકોના દશમા ભાગે પણ વર્ષોના વર્ષો થયા દૂધ ચાખ્યુ નથી."

હવે વસ્ત્રનો પ્રશ્ન તેના મનને ચિતાતુર બનાવવા લાગ્યો ડૅમિયનના આગમન પૂર્વેના સમયમા એક વર્ષમા રક્તપિત્તિઆઓને અમુક વસ્ત્રો પુરા પાડવામા આવતા હતા આ વ્યવસ્થા સતોષકારક ન હોવાથી ડૅમિયને સરકારને એવી અરજ કરી કે 'રક્તપિત્તાશ્રમમા રહેતા પ્રત્યેક રોગીને પ્રતિવર્ષ છ ડૉલર વસ્ત્રને માટે આપવા જોઇએ '

સરકારે આ અરજ મજુર કરી આથી હવે રક્તપિત્તિઆઓ પોતાની મેળે પોતાને ફાવે તેવા વસ્ત્રો ખરીદવા લાગ્યા કલાવાઉ અને કલૌપપા એ ઉભય ગામોમા ડૅમિયને એક એક કાપડની દુકાન કઢાવી સઘળા રક્તપિત્તિઆઓ આ દુકાનમાથી વસ્ત્રો ખરીદવા લાગ્યા આમાનુ એક ગામ પર્વતની તળેટીમા આવેલુ હતુ અને બીજુ આ દ્વીપને નાકે આવેલુ હતું

હજી એક બીજી સુધારણા બાકી હતી. હવે તે તરફ ડેમિયનનુ લક્ષ ખેચાયુ. ત્યાના દવાખાનામા સુધારો કરવાની ઘણીજ જરૂર હતી. આખા વિશ્વમા તે દવાખાના જેવી ભયકર દેખાવની જગ્યા ભાગ્યેજ હશે તે દવાખાનુ માત્ર એક ખાલી ખોખુ જ હતું ચાર દિવાલ અને એક છાપરૂ એ સિવાય તેમા કાંઈ નહોતું તેમા શય્યા પણ નહોતી અને બિમાર માણસોને માટે કાઇ સગવડ પણ નહોતી. વળી ત્યા વૈદ્યો પણ નહોતા અને સેવિકાઓ (Nurses) પણ

નહોતી, તો પછી તેને ‘દવાખાનુ’ કોણ કહે? ખરેખર, રક્તપિત્તિઆઓ પોતે પણ આ બાબત સમજતા હતા, તેઓ કાઇ એ વિષે અજ્ઞાન નહોતા અને એટલા માટેજ જે ગાડીમા નાખીને દરદીને આ ભયકર સ્થળે લઈ જવામા આવતો હતો તેજ ગાડીમા તેની સાથે સાથે તેની પ્રેત શય્યાને પણ મૂકી લઈ જવામા આવતી હતી

આ દવાખાનામા દરદીઓને જે વેદના સહન કરવી પડતી હતી તેનુ વર્ણન આ ક્ષુદ્ર લેખિની કરી શકે એમ નથી અરે, તેનુ વર્ણન લખતી વખત સ્વાભાવિક રીતે મનને પણ ઘૃણા ઉત્પન્ન થાય છે રક્તપિત્તિઆઓને વિના કારણે કષ્ટ અને વેદના ભોગવવી પડતી હતી તેને લીધેજ મુખ્યત્વે કરીને ડેમિયનની દયાની લાગણી ઉશ્કેરાઈ આવી હતી તેને લાગ્યુ કે આપણા માથાપરનો ડપકો દૂર કરવાને અને અહીઆના વતનીઓના કષ્ટ ઓછા કરવાને કાઇપણ કરવું જોઇએ આ હેતુ સાધ્ય કરવાને માટે ડેમિયને વિશ્રાતિ અને અવકાશ એ ઉભયને તિલાજલિ આપી મરણ શય્યાપર પડેલા લોકોનાં હિતને ખાતર તેણે સતત પ્રયાસ કરવા માડયો અને તેના અવ્યાહત તથા અવિશ્રાત પ્રયત્નનુ ફળ એ આવ્યુ કે અતે મોલોકાઇમા એક સ્થાયી વૈદ્ય નિયુક્ત થયો અને એક સાર્વજનિક દવાખાનું બધાયુ આ દવાખાનામા રક્તપિત્તિઆઓનુ દુખ ઓછુ કરવાને માટે વૈદ્યકશાસ્ત્ર જે જે સાધન દર્શાવે તે તે સાધનો પુરા પાડવામા આવ્યા.

અત્યાર સુધી હોનોલુલુના અમલદારોએ રક્તપિત્તાશ્રમમા સુધારો કરવાને માટે ઘણો ક્ષુદ્ર પ્રયાસ કર્યો હતો. આનુ કારણ એ નહોતુ કે તે લોકો તેમ કરવાની ઇચ્છા રાખતા નહોતા, પરતુ તેનુ કારણ એ હતું કે તેમની પાસે પુરતા પૈસા નહોતા વળી મોલોકાઇમા કોઈ એવો નેતા નહોતો કે જે રક્તપિત્તિઆઓનો હક આગળ ધરે અને જો કાઈ રકમ આવે તો તેનો સારો વિનિયોગ કરે

પરતુ જ્યારે મહાત્મા ડેમિયન ત્યા આવ્યો અને જ્યારે તેમણે સર્વનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો ત્યારે તેમણે જે જે સુધારા સૂચવ્યા હતા તે તે કરવાને માટે હવાઇઅન સરકારે સાધનો પુરા પાડી તે કાર્ય પ્રત્યે પોતાની સહાનુભૂતિ દર્શાવી આપી

તેના કામના સ્મારક તરિકે અને તેમના આગમનથી લોકોની થયેલી સાસારક તથા ધાર્મિક પ્રગાતના સૂચન તરિકે તેણે સરકારને પુરો પાડેલો રિપોર્ટ અહીઆ આપવો અપ્રાસગિક તો નહિજ ગણાય તેઓ પોતાના રિપોર્ટમા જણાવે છે કે —

"આપણા મહાન પ્રભુ (ઇસુ ખ્રીસ્ત) કે જેમણે પોતાના સાર્વજનિક જીવન કાળમા રક્તપિત્તગ્રસ્ત લોકો પ્રતિ ખાસ સહાનુભૂતિ દર્શાવી હતી તેમની ખાસ ઇચ્છાથી મારા પગલા ૧૮૭૩ ના મે માસમા કલાવાઉ તરફ ગયા હતા તે સમયે મારી વય ૩૩ વર્ષની હતી અને મારૂ શરીર મજબૂત, સશક્ત તથા નિરોગી હતુ.

તે વખતે પ્રાય એશી રક્તપિત્તિઆઓ દવાખાનામા હતા. બીજા રક્તપિત્તિઆઓ અને તેના સહાયકો દૂર પર્વતની ખીણમા વસતા હતા તેમણે પોતાના ઘર બાધવાને માટે વૃક્ષના ઝુડો કાપી નાખ્યા હતા, પરતુ કેટલાકોએ તો માત્ર દીવેલાની ડાળીઓ વતીજ પોતાના ઝુપડા બાધ્યા હતા આ ક્ષુદ્ર ઝુપડા ઉપર કોઇ વૃક્ષના પાદડા અથવા શેરડીના પાદડાનુ આવરણ કરવામા આવ્યુ હતું પીલી નામના ઘાસનુ આવરણ સૌથી ઉત્તમ થાય છે કેટલાક અઠવાડીઆ સુધી મારે પોતે એક પૅન્ડેન્સ વૃક્ષની નીચે આશ્રય લેવો પડયો હતો. આ વૃક્ષ અદ્યાપિ પર્યત કબ્રસ્તાનમા સાચવી રાખવામા આવ્યુ છે. આવા જગલી ઝુપડાની નીચે જૂના અને નવા રોગીઓ વય અથવા જાતિનો કાઇ પણ વિવેક કે વિચાર વિના ભેળભેળ પડી રહેતા હતા. આ સમાજથી બહિષ્કૃત થયેલા લોકો થોડેઘણે અશે એકબીજાથી અપરિચિત હતા. તેઓ પાના રમીને, નૃત્ય કરીને, 'કાઇ'-

નો દારૂ પીને, ઘરમાં બનાવેલો ઓલ્કોહોલ પીને અને એવા પ્રકારના બીજા કાર્યો કરીને પોતાનો વખત ગાળતા હતા. તેમના વસ્ત્રો અસ્વચ્છ હતા, કારણકે તે વખતે પાણીની ઘણી તગાશ હતી. તેમને ઘણે છેટેથી પાણી આણવુ પડતું હતું. તેમના ઘરમા ધાર્મિક ક્રિયા કરતો હોઉં ત્યારે ઘણીવાર મારે તાજી હવાનો દમ ખેચવાને માટે બહાર દોડી જવુ પડતું હતુ આવી દુર્ગંધનો પ્રતીકાર કરવાને માટે મે તબાકુ વાપરવા માડયો. આથી આ દુર્ગંધનો થોડોઘણો અટકાવ થયો. આ વખતે રક્તપિત્તનો ઉપદ્રવ ભારે હતો અને મરણ સખ્યા ઘણી મોટી હતી આવી દુખમય સ્થિતિને લીધે આ રક્તપિત્તના ધામને 'જીવત કબ્રસ્તાન' નો ઇલ્કાબ મળ્યો હતો, પરતુ મને જણાવતા આનદ થાય છે કે એ ઇલ્કાબ હવે આ સ્થળને લાગુ પડી શકતો નથી

તે વખતે ઘણા મરણો થતા હતા તેથી મારી ધર્માચાર્ય તરિકેની ફરજને લીધે મારે તેમના નિવાસસ્થાનમા વારવાર જવુ પડતું હતુ અને જો કે મરણશય્યાપર પડેલા માણસો આગળ હુ વ્યાખ્યાન આપતો હતો તો પણ પાતકીઓના કર્ણપટપર તે અથડાતા હતા. આ લોકો શનૈઃ શનૈ. પોતે કેવુ અધમ જીવન ગાળે છે તે વિષે વિદિત થયા અને સુધરવા લાગ્યા આ રીતે કૃપાળુ ઉદ્ધારક પ્રાપ્ત કરવાની આશાથી તેમણે પોતાની ખરાબ ટેવો મૂકી દીધી રક્તપિત્તિઆ લોકોમા ધર્મ અને નીતિનો સચાર કરવાને માટે નિમ્ન લિખિત સાધનો હું વારવાર વાપરૂ છુ.–સર્વ પ્રત્યે દયા, ભીડમા આવી પડેલા પ્રત્યે ઉદારતા, દુખી અને મરણશય્યાપર પડેલા માણસ પ્રત્યે સહાનુભૂતિ, અને સર્વ લોકોને સત્તાવાન ધાર્મિક શિક્ષણ. મને કહેતા આનદ ઉપજે છે કે પ્રારભમાં જે મારા પ્રયાસો પ્રાયઃ નિષ્ફળ ગયેલા લાગતા હતા તે સ્થાનિક સરકારની સાહાય્યથી ઘણે ભાગે સફળ થયા છે. આને માટે શ્રી પ્રભુને ધન્યવાદ આપવો ઘટે છે."

સપ્તમ પરિચ્છેદ.

રક્તપિત્તાશ્રમમાં ગાળેલું જીવન.

ગત પ્રકરણમા વર્ણવેલા વિધવિધ સુધારાઓ કરવામા આવ્યા છતા પણ એટલુ તો આપણે સ્વીકારવુજ જોઇએ કે રક્તપિત્તાશ્રમ [મોલોકાઈ દ્વીપ] મા ડેમિયને જે કાર્ય કર્યું હતું તે દુ ખથી ભરેલુ હતુ.

ડેમિયનનુ મૃત્યુ થયા પછી જે સુધારાઓને માટે તેણે આત્મભોગ આપ્યો હતો તે સુધારાઓનો પાયો દ્રઢ થઇ ચૂક્યો હતો ત્યારેજ માત્ર રૉબર્ટ લુઈ સ્ટીવન્સને તે દ્વીપની મુલાકાત લીધી હતી ત્યા તેને જે અનુભવ મળ્યો હતો તે વિષે લખતા તે જણાવે છે કે "આ રક્તપિત્તના ધામમા રહેવુ એ એક સખ્ત દુ ખમય કસોટી છે. જેવી રીતે સૂર્યપ્રકાશ જોઇને આપણી આખ પાછી ફરે છે તેવી રીતે આ દ્વીપમા વસના લોકો પાછા હઠે છે આનુ કારણ કાઇ રોગનો ચેપ ઉડશે એવો ભય નથી. એવા પ્રકારના ભયને, જ્યારે ત્યા જતા ત્યાના માણસના દુ ખ, કરુણા અને તેને આસપાસની પરિસ્થિતિ પ્રત્યે ઉપજતી ઘૃણા, તથા વેદના, રોગ અને શારીરિક નિર્લજ્જતાનુ જે વાતાવરણ તેની આસપાસ પ્રસરી રહ્યુ હોય છે તેની સાથે સરખાવવામા આવે છે ત્યારે તો તે ભય કાઈ લેખામા ગણાતો નથી હુ સાધારણ કરતા વિશેષ ભય ધરાવતો નથી, પરંતુ તે દ્વીપરૂપી ડુગરા ઉપર જે આઠ દિવસ અને સાત રાત્રિઓ મે વ્યતીત કરી છે તેને, હુ હાલ કોઈ બીજે સ્થળે છુ તેટલા માટે પ્રભુનો અ તઃકરણ પૂર્વક આભાર માન્યા સિવાય કદિ પણ યાદ કરતો નથી

મોલોકાઇમાં આવ્યા પછી થોડા વખતમા ડેમિયને જે હકિકત લખી છે તેમાં તેમણે માત્ર આ વ્યાધિનુજ નહિ, પરંતુ તેની સાથે

સાથે પોતે કેવું જીવન ગાળતા હતા તેનુ પણ લબાણુ વર્ણન આપ્યુ છે. નિમ્ન લિખિત અવતરણ તેમણે ૧૮૭૩ ની સાલમા પોતાના બધુ પૅમ્ફાઇલિપર એક પત્ર લખ્યો હતો તેમાથી ઉધ્ધૃત કરવામા આવ્યુ છે

તેઓ લખે છે કે "જ્યા સુધી જાણવામા આવ્યુ છે ત્યા સુધી રક્તપિત્ત અસાધ્ય વ્યાધિ છે રક્તમા વિકાર થવાથી આ રોગની ઉત્પત્તિ થતી જણાય છે કાબરચિતરા ધાબાઓ ત્વચા ઉપર–ખાસ કરીને ગાલ ઉપર જણાય છે; અને જે ભાગ ઉપર આવા ધાબાઓ દેખાય છે તે ભાગ બ્હેર મારી જાય છે થોડા વખત પછી આ કાબરચિતરા ધાબાઓ સમગ્ર શરીરમા પ્રસરી જાય છે, ત્યાર પછી મુખ્યત્વે કરીને ધાબાઓના અન્ત્ય ભાગ ઉપર વ્રણ થવા માડે છે. ધાબાઓના અદરના ભાગનુ માસ ખવાઇ જાય છે અને તેમાથી અતિશય દુર્ગંધ નીકળે છે રક્તપિત્તિઆઓનો શ્વાસ પણ એવો દુર્ગંધમય બની જાય છે કે તેની આસપાસની હવા તેથી વિષમય બની જાય છે. આવા વાતાવરણનો સહવાસ પાડતા મને ઘણી મુશ્કેલી નડી હતી. એકવાર રવિવારને દિવસે હુ જ્યારે વ્યાખ્યાન આપતો હતો ત્યારે મારો શ્વાસ એટલો બધો રુધાઈ ગયો કે બહાર જઈને સ્વચ્છ હવાનો શ્વાસ લેવાને માટે બહાર જવાનુ મને મન થઈ ગયુ, પરતુ મર્થાના ના કહેવા છતા પણ લૅઝારસની કબર ઉઘાડવાને માટે જીસસ ક્રાઇસ્ટે પોતાના અનુયાયીઓને આજ્ઞા કરી, તે વખતે તેમણે પોતાનુ જે ઉત્તમ ચારિત્ર્ય પ્રદર્શિત કર્યું હતું તેનુ સ્મરણ કરીને મે મનઃસયમ કર્યો. હવે મને આ પ્રકારની દુર્ગંધ એટલી બધી હેરાન કરતી નથી અને હવે હું રક્તપિતિઆઓની પર્ણકુટીમા કાઇ પણ ઘૃણા વિના પ્રવેશી શકુ છુ. ખરેખર હજી પણ કોઈ કોઈ વખત મને ઘૃણા ઉત્પન્ન થાય છે, પરતુ આમ તો મરણશય્યાપર પડેલ માણસ ગુન્હાનો એકરાર કરે છે ત્યારેજ કોઈ વખત બને છે. વળી દરદીના હાથ

અને પગ એ ઉભય વ્રણથી ભેદાઇ ગયેલા હોય છે ત્યારે તેને પ્રીસ્ત ધર્માનુસાર અંતિમ તૈલાભિષેક' (Extreme Unction) કેવી રીતે કરવો તેની પણ ઘણીવાર મને સમજ પડતી નથી......"

આગલા પાનાઓમા આ રોગ જે હાહાકાર વર્તાવી મૂકે છે તેનુ જે દિગ્દર્શન કરાવ્યુ તે પરથી માત્ર એટલુજ ધારી શકાય છે કે મોલોકાઇ દ્વીપ ભય અને શારીરિક વેદનાનુ નિવાસસ્થાન હતું કોઇ પણ મનુષ્યયોનિમા પેદા થયેલુ પ્રાણી તેને એથી સારી જગ્યા ધારી શકે નહિ. ભૂરા રંગનો ઉજ્જડ ડુંગરાળ પ્રદેશ કે જેને ચારે બાજુથી સમુદ્ર નિર્દય રીતે પકડી રહ્યો છે અને જ્યા વિકરાળ યમદેવ પોતાના ભયંકર પંજામા નિરંતર મનુષ્યોને ગ્રહે છે તેની ભયાનકતાનુ સર્વાંગ સંપૂર્ણ ચિત્ર કોણ આળેખી શકે? ખરેખર આની ભૂમિમા આશા છેક મરી ન જાય તો પણ અવશ્ય તે દબાઇ તો જાયજ આપણી દ્રષ્ટિ જ્યા સુધી પહોચી શકે છે ત્યા સુધી આપણે માત્ર એટલુજ જોઇ શકીએ છીએ કે મોલોકાઈ દ્વીપમા આશાને માટે ઘણો થોડો અવકાશ છે ડૅમિયનના આગમનથી ધર્મ પ્રચાર થતા અને આગલી સ્થિતિમા પરિવર્તન થતા શોકની સાથે પણ આનંદ રહી શકે છે અને પૂર્વ જે સ્થળ પશુતા તથા દુર્ગુણનુ સાક્ષાત્ ધામ હતું તેજ સ્થળમા મનુષ્યના અંતરાત્મામા રહેલો આનંદ પુનઃ પ્રકટ થઈ શકે છે એ સત્યની પ્રત્યક્ષ પ્રતીતિ રક્તપિત્તિઆઓને થઇ એ ઉપરથી ડૅમિયને કરેલા પ્રયાસનુ ફળ કેવુ ઉત્તમ આવ્યુ હતું એ સમજાય છે. આ ઘટના મનુષ્યના આત્માનો પુનરૂદ્ધાર પ્રકટ કરે છે. અગાઉ પાપના બોજાથી દબાઇ ગયેલો, પરંતુ હાલ સ્વમાનને પ્રાપ્ત થયેલો આત્મા પર્વત શિખરે ચઢીને નૂતન પ્રભાતનુ અદ્ભુત સૌંદર્ય મોટે અવાજે જગતને જાહેર કરે છે.

આ આનંદથી રક્તપિત્તિઆઓનું અધ્યાત્મ બળ વધ્યુ હતું એટલું નહિ, પરંતુ તેમની સ્થૂળ સંપત્તિ પણ વૃદ્ધિગત થઇ હતી.

તેમની શારીરિક સ્થિતિ દુર્બળ હોવા છતાં પણ તેઓ હવે જીવન-વિગ્રહમા હિમ્મતપૂર્વક ઉતરવાને શક્તિવાન થયા હતા. પાઠકોને સ્મરણ તો હશેજ કે, ડૅમિયનનુ મરણ થયા પૂર્વે થોડા વખતપર એડવર્ડ ક્લિફર્ડે મોલોકાઈ દ્વીપની મુલાકાત લીધી હતી. આ વખતે રક્તપિત્ત-ગ્રસ્ત લોકોના અ ગમા જે આનદ છવાઈ રહ્યો હતો તે તેણે પ્રત્યક્ષ રીતે જોયો હતો તે લખે છે કે " જે જે ચ્હેરાઓ દ્રષ્ટિગોચર થાય છે તે સર્વ ચ્હેરાપર, પ્રાય. સુખાનુભવના ચિન્હો જણાય છે.

તે લોકો પોતાની પર્ણકુટીને આગણે વાર્તાલાપ કરતાં બેઠેલાં અથવા બે ગામો (કલાવાઉ અને કલૌપાપા)ની વચ્ચે પોતાના નાનાં ટટ્ટુઓને કુદાવતા દ્રષ્ટિગોચર થાય છે. જે માણુસ તેમને સામો મળે છે તેને તેઓ તરત હસીને સલામ કરે છે "

આ લોકોને માટેજ ડૅમિયન જીવતો હતો અને તેમની વચ્ચેજ તે વસતો હતો એજ તેના વિજયનુ મૂળ હતું તેણે પોતાનુ જીવન તેમની સેવામાજ સમર્પણ કર્યુ હતું પોતાને માટે તેણે કાઇ પણ રાખ્યુ નહોતુ તે તે સ્થળ વિષે અને પોતાને નિત્ય જે કર્મો કરવાં પડતા હતા તે વિષે જે વર્ણન આપે છે તે વાચો. તે લખે છે કે: " આઠસે રક્તપિત્તિઆઓ અને થોડી પર્ણકુટીઓનુ ચિત્ર તમારા મનમા કલ્પનાથી ખડુ કરો અહિયા વૈદ્ય નથી; વસ્તુત. રક્તપિત્ત એ એક અસાધ્ય રોગ હોવાથી વૈદ્યની બુદ્ધિને માટે અહીંઆ જરાપણ અવકાશ નથી. એક રક્તપિત્તગ્રસ્ત ગૌરાગ અને આપનો નમ્ર દાસ સમગ્ર વૈદકકાર્ય કરે છે. "

પ્રતિદિન પ્રાત કાળમા ધાર્મિક વ્યાખ્યાન થઇ રહ્યા પછી હુ બિમાર માણસની ચિકિત્સા કરવાને જાઉ છું. બિમાર માણસોનો અર્ધ ભાગ કૅથોલિક પથાનુયાયીઓ છે. પ્રત્યેક પર્ણકુટીમાં પ્રવેશ કરીને પ્રથમ હુ તેમનો એકરાર સાંભળુ છુ. જે લોકો આ પ્રકા-

રની આધ્યાત્મિક સાહાય્ય લેવાની ના પાડે છે તે લોકોને કારણુસર ભૌતિક સાહાય્ય આપતા હુ અટકતો નથી. ભૌતિક સહાય્ય સર્વને કાઈ પણ ભેદ વિના આપવામા આવે છે આથી થો દુરાગ્રહી નાસ્તિક શિવાય સર્વ માણુસો મને તેમના પિતા તરિકે ગ છે. આ રક્તપિત્તિઆઓની વચ્ચે હુ પણ રક્તપિત્તિઓ થઇને રહુ એટલા માટેજ હુ જ્યારે વ્યાખ્યાન કરૂ છુ ત્યારે " આપણે રક્તપિત્તિઆઓ " એ શબ્દો વાપરૂ છુ યુરોપમા જેમ કહેવામાં આ છે તેમ " મારા બધુઓ " કહેતો નથી નિમ્ન લિખિત સત્ય ઘટન પરથી એક ધર્માચાર્યની સત્તા કેટલી હોય છે તેની તુલના ત કરી શકશો ગત શનિવારે પોતાના દુર્ભાગ્યથી અસતુષ્ટ બની તથા સરકાર અમારા પ્રત્યે ખરાબ વર્તન રાખે છે એમ ધારી કેટલાક તરુણ માણસોએ બડ કરવાનો નિશ્ચય કર્યો. માત્ર બે શિવ યના સર્વ તરુણો કાલ્વિનિસ્ટ અથવા મૅાર્મન હતા, પરતુ જ્યા તેમની આગળ ગયો અને માત્ર એક બે શબ્દો કહ્યા એટલે તે સ જણે પોતાના મસ્તક અવનત કરી મારા શબ્દને માન આપ્યુ અ તરતજ વિપત્તિનુ વાદળ વિખેરાઇ ગયુ

મારા આગમન પશ્ચાત્ મે બસો કરતા વધારે માણસોની ખ્રિસ્ ધર્મમા દાખલ કરવાની ક્રિયા કરી છે આમાના ઘણા માણસો મર પામ્યા છે. વળી મે ઘણા માણસોને ભૂમિદાહ કર્યો છે દરરોજ એ એક માણસના મૃત્યુની સરેરાશ આવે છે. કેટલાક માણસો તો એટ કંગાળ હોય છે કે તેમની પાસે કફનના પૈસા પણ હોતા નથી. તે માત્ર એક ચાદરમા વિંટાળવામા આવે છે. મને જો કામ કરતાં વકાશ મળે તો આ લોકોને માટે પ્રેતશય્યા હુ જાતે બનાવું છુ.+

+ એવો અડસટો કાઢવામા આવ્યો છે કે ડૅમિયને મોલોકાઇમા પો હાથે ૧૦૦૦ ઠાઠડીઓ બનાવી હતી.

અહીંઆથી બે માઇલને અંતરે અમારા વસવાટને બીજે નાકે એક બીજુ દેવળ મે હમણાજ બંધાવ્યુ છે. મેં સુતાર તરિકે કાર્ય કર્યું તે ન ગણુતા આ દેવળ બંધાવતાં મને ૧૫૦૦ ફ્રાંકનો ખર્ચ થયો, તેમાં મને માત્ર ૨૫ ફ્રાંકનું દેવુ રહ્યુ છે. સેંટ જોસફ મારો કારભારી છે. હોનોલુલુમા રહેતી આપણી ભગિનીઓ મારાપર વસ્ત્રો મોકલે છે અને કેટલાક ધર્મિષ્ઠ લોકો મને જોઇતી અન્ય વસ્તુઓ પુરી પાડે છે

થોડા માસ પૂર્વે સ્વદેશ ખાતાના રાજકર્મચારીએ આજ્ઞા કરી કે તમારે કદિ રક્તપિતીઆઓના આશ્રમની બહાર પગ મૂકવો નહિ. હું તે વખતે રાજદ્વારી કેદી હતો આજે ફ્રેંચ કોન્સલનો ડિસ્પૅચ મળ્યો છે આ ડિસ્પૅચે મને મુક્ત કર્યો છે ધન્ય છે પ્રભુને! હવે હુ મારા રક્તપિત્તિઆઓની સંભાળ લઈ શકુ છુ એટલુજ નહિ, પરંતુ આ દ્વીપમા વસતા અન્ય મનુષ્યોને ખ્રિસ્તી ધર્મમા દાખલ કરવાને પણ પ્રયાસ કરી શકુ છુ. રક્તાપત્તિઆ શિવાયનાં બીજા માણસોમાં હજી કોઇ ધર્માચાર્ય નથી. મને કોઈ સાથી મળે તો ઠીક, પરંતુ તેને લાવું ક્યાથી? હું અને બીજા માણસો એવી પ્રાર્થના કરીએ છીએ કે પ્રભુ મારા કાર્યનું ફળ સારૂં લાવે......"

આ એકાંત વાસમાં ડૅમિયનને અતિ દુ:ખદાયક કસોટીનો અનુભવ લેવો પડયો. કારણ કે અન્ય દ્વીપોમા ન જવું એવો જે પ્રતિબંધ તેને થયો હતો તેથી તેને જે આધ્યાત્મિક સાહાય્ય મેળવવાની આશા હતી તે નષ્ટભ્રષ્ટ થઈ ગઈ. તેણે 'મારા વરિષ્ઠ ધર્માચાર્ય સાથે અંગત પત્રવ્યવહાર રાખવાની પરવાનગી આપશો' એવી આગ્રહી અરજી સરકારને કરી, પરંતુ સરકારે એવી પરવાનગી આપવાની ચોખ્ખી ના પાડી. આથી વરિષ્ઠ ધર્માચાર્યે ડેમિયનને મળવાનો નિશ્ચય કર્યો. અન્ય દ્વીપોનો પ્રવાસ કરતી વખત મોન્સ્યોર્ મૈગ્રેટ (વરિષ્ઠ ધર્માચાર્ય) મોલોકાઇમાં પોતાને ઉતારવાને સ્ટીમરના કૅપ્ટનને અરજ કરી, પરંતુ

સરકારે રક્તપિત્તની ભૂમિ સાથે જરા પણ સસર્ગ રાખવાની મનાઈ કરેલી હોવાથી કેપ્ટને તેમની આ અરજ સ્વીકારી નહિ.

આથી તે ઉભયને વાતચીત કરવાનો માત્ર એકજ ઉપાય રહ્યો અને આ ઉપાય ડેમિયને અમલમાં પણ મૂક્યો. એક નાની હોડીમાં બેસી, બે ત્રણ રક્તપિત્તિઆઓ દ્વારા તેને હકરાવી તેઓ સ્ટીમરની નિકટ પહોચ્યા અને બોલેલુ સાભળી શકાય એટલે અતરે તેઓ થોભ્યા. ત્યાર પછી ડેમિયને પોતાની નાની નાવડીમા ઉભા રહી પોતાના વરિષ્ઠ ધર્માચાર્યને વંદન કર્યું અને મોટે સાદે તેની આગળ પોતાના અપરાધોનો એકરાર કર્યો †

ખરેખર, ધર્માચાર્યોના ઇતિહાસમા આવો એકરાર અનન્ય ગણાય એમા શક નથી આવી નમ્રતા અતિ ઉદાર મનુષ્ય શિવાય અન્ય કોણ દર્શાવી શકે? આ એકરાર સ્ટીમરપરના અન્ય માણસોના પણ સાભળવામા આવ્યો હતો તો પણ ડેમિયન એકરાર કરતા અચકાયો નહોતો આવો મનુષ્ય ઇશ્વરની સપૂર્ણ કૃપા પ્રાપ્ત કરે એમા શુ આશ્ચર્ય!

રક્તપિત્તના ધામમા તેને જે પ્રકારનુ કાર્ય કરવાનુ હતું અને સાધારણ માણસને તે કાર્ય પ્રત્યે જે ઘૃણા ઉત્પન્ન થવાનો સભવ હતો તેનો વિચાર કરતા આપણે, ડેમિયને મોલોકાઇ દ્વીપમા જે કાર્ય કર્યું તે માટે તેને સહસ્ત્રશ ધન્યવાદ આપ્યા વિના રહી શકતા નથી તેમણે ત્યા જે કામ કર્યું તેની તેમણે પોતે જે નોધ રાખી છે તે વાચતા આપણું લક્ષ વિશેષ ખેચનારી બીના એ જણાય છે કે તેઓ અતિ સાદાઇથી ખરી ઘટના નોધી લેતા હતા, જો કે આ ઘટના અન્ય કાંઈ નહિ પરતુ ડેમિયનના કરેલા શૌર્યપૂર્ણ કાર્યોજ હતા. આ દાંભિકતાનો અભાવ, આ આત્મશ્રદ્ધાની ખોટ એ રક્તપિત્તિઆ-ઓના ગુરૂનો કોઈ નાનો સુનો સદ્ગુણ નહોતો તેઓ કદિપણ એમ

† આ એક પ્રકારની ખ્રીસ્તી ધર્મવાળાઓની ધાર્મિક વિધિ છે

માનતા નહોતા કે "હું માણસોની પ્રશંસા પ્રાપ્ત કરવાને યોગ્ય છું" તેમને સદા સર્વદા એજ ભય રહેતો હતો કે "રખેને અશક્તિને લીધે મારી સ્કંધપર નાખેલું જોખમદારી ભરેલું કાર્ય બજાવવાને હું અયોગ્ય તો નહિ નિવડું !" આટલા માટે તે પોતાના સર્વ મિત્રોપર લખેલા પત્રોમાં પોતાના શરીરમાં ખંતપૂર્વક કાર્ય કરવાની શક્તિ રહે તે માટે સતત પ્રભુપ્રાર્થના કરવાનો આગ્રહ કરે છે. તેઓ માનતા હતા કે "પ્રભુની કૃપા વિનાનું સર્વ વૃથા છે."

૧૮૭૪ ના ડિસેમ્બર માસમાં ડ્રેમેલુ પોતાને ઘેર લખેલા પત્રમાં તેઓ મોલોકાઇમાં ગાળેલા જીવનની વિશેષ હકિકત આપે છે વળી તેમાં પોતાની માતા, પોતાને વિષે ચિંતા ન કરે એટલા માટે તેઓ તેમને ખાત્રીપૂર્વક જણાવે છે કે "હું નિરોગી છું અને મને અહીંઆં સર્વ પ્રકારની સગવડો મળી છે" તેઓ તે પત્રમાં આગળ જણાવે છે કે–

"હવે હું કેવી રીતે જીવન ગાળું છું તે વિષે બે શબ્દો લખીશ. હું એક નાની પર્ણકુટીમાં એકલો રહું છું + આ પર્ણકુટીમાં રક્તપિત્તિઆઓ કદિ પણ પ્રવેશતા નથી પ્રાતઃકાળમાં હોમની ક્રિયા થઈ રહ્યા પછી એક સ્ત્રી મારૂં ભોજન તૈયાર કરવાને આવે છે. આ સ્ત્રી પણ રક્તપિત્તથી ગ્રસ્ત નથી ચોખા, કોશી અને થોડીક બિસ્કીટો ઇ૦ મારૂં ભોજન છે. સવારે ખાતાં જે વધે તેનું હું સાયંકાળે વાળુ કરૂં છું અને તેની સાથે એક પ્યાલો ચા પીઉં છું ચાનું પાણી હું એક દીપક ઉપર ગરમ કરૂં છું હું દિવસમાં માત્ર બે વારજ ખોરાક લઉં છું–પ્રાતઃકાળે અને સાયંકાળે વચ્ચે હું કવચિતજ કાંઇ ખાઉં છું. હું ઘણી સારી રીતે દિવસ નિર્ગમન કરૂં છું હું ભૂખે મરતો નથી.

+ આ પર્ણકુટીનું બરોબર માપ આ પ્રમાણે છે. તેની લંબાઈ સોળ ફીટ અને તેની પહોળાઇ દશ ફીટ હતી

દિવસે હું ઘરમા ઘણી વાર રહેતો નથી. રાત્રિ પડતાં હુ દીપકના પ્રકાશમાં મારી ટુકી નોધ લખી કાઢુ છુ, થોડીવાર અભ્યાસ કરૂં છું અથવા એકાદ પત્ર લખુ છુ. માટે મારા તરફથી એક વર્ષમાં માત્ર એક પત્ર મળે તો આશ્ચર્ય પામશો નહિ. સાચી વાત કહું તો પ્રાર્થના પ્રસગ શિવાય તમારે વિષે વિચાર કરવાનો સમય પણ મને મળતો નથી આ પત્ર અને યુરોપમા મોકલવાના બીજા કેટલાક પત્રો લખવાને માટે હમણા નિદ્રામાથી કલાક બે કલાક ચોરી લેવાની મને ફરજ પડી છે.

નૂતન વર્ષ આવી પહોચ્યુ છે. નૂતન વર્ષ તમને સર્વને સફળ નિવડે એવી મારી પ્રાર્થના છે તમારી નિત્ય પ્રાર્થનામા મને વિસરી જશો મા.

જોસફ ડેમિયન ડી વેસ્ટર–તેનુ જીવન સ્પષ્ટ રીતે ઉદ્યોગી હતું તે છતા પણ મોજવિલાસના અલ્પ સમયનો વિનિયોગ પણ તે સાર્વજનિક ફાયદાને માટે કરતો હતો. બગીચાનુ અને પક્ષીઓ ઉછેરવાનુ કામ તેને ઘણું પ્રિય હતું ડેમિયન તેમની સાથે અતિ આનદથી ગેલ કરતો હતો તે છતા પણ બિમાર માણસને તેમજ પ્રસગોપાત આવી ચઢેલા અતિથિને માટે તે આનદનો ભોગ આપવાને જરાપણ ખચાતો નહિ. તે જાતે સાદો ખોરાક લેતો હતો. તે રક્તપિત્તિઆઓની પેઠે સરકારે પુરા પાડેલાં અનાજમાથી પોતાનો નિર્વાહ ચલાવતો હતો. (સરકાર થોડા થોડા વખતને અતરે અનાજ મોકલી આપતી હતી.)

બે વર્ષને અતે ફાધર બર્ગેમાન નામનો એક બીજો ધર્માચાર્ય એ સ્થળે આવ્યો અને તે દ્વીપના એક ભાગમા કાર્ય કરવા લાગ્યો. ડેમિયન હજી પણ રક્તપિત્તાશ્રમમાજ રહ્યા હતા. આ વ્યવસ્થાથી ડેમિયનને ઘણો સતોષ થયો, કારણ કે તેથી તેમને આધ્યાત્મિક પ્રગતિ

કરવાનો અવસર મળ્યો અને તેઓ રક્તાપિત્તિઆઓના કલ્યાણને માટે પોતાનુ સમગ્ર ધ્યાન રોકવાને સ્વતંત્ર થયા.

આ રીતે વર્ષોના વર્ષો વ્યતીત થવા લાગ્યા તેમણે રક્તપિત્તિઆઓની સામાજિક અને ધાર્મિક સુધારણા કરવાનો પ્રયાસ કર્યો અને તેની સાથે સાથે તેમનામા ઉત્સાહ અને આનંદ ઉત્પન્ન કરવાનો પણ પ્રયત્ન કર્યો. તે જાતેજ આનંદી પુરૂષ હતો, તેથી રક્તપિત્તિઆઓ ઉપર તેમના આ સ્વભાવની ઘણી સારી અસર થઈ. પ્રથમ તો તેમનો ઉદ્યોગ નિષ્ફળ જતો જણાયો, પણ જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ તેને ફળ આવવા લાગ્યા. ખરેખર પોતાના પ્રયાસને ફળનિષ્પત્તિ થયેલી જોઈ તેમને મહા આનંદ ઉત્પન્ન થયો અને આથી તે એ અથાગ ઉદ્યોગથી લાગેલો થાક ભૂલી જતા.

ધાર્મિક સુધારણા કરવી એજ ડેમિયનનો મુખ્ય ઉદ્દેશ હતો અને તેણે ધાર્મિક વ્યાખ્યાનોજ આપ્યા હતા તેથી લોકોના મર્મસ્થળે તેની અસર પહોચી ગઈ. રક્તપિત્તાશ્રમમા ધાર્મિક વાતાવરણ પ્રસરી રહ્યું અને સર્વે પ્રભુભજનમા મસ્ત રહેવા લાગ્યાં.

ડેમિયન લખે છે કે “ મારા રક્તપિત્તિઆઓ બહુ ધાર્મિક વૃત્તિનાં છે. તેઓ પ્રાત.કાળથી રાત્રિપર્યંત દેવળમા એકઠા થઇ રહે છે અને તેઓ એવી લાગણીપૂર્વક પ્રભુપ્રાર્થના કરે છે કે ભલભલા ભક્તો પણ તેમના આગળ લાજી મરે !”

આત્માઓના ઉદ્ધાર માટેનાં કાર્યમા મોટામા મોટું વિઘ્ન મોર્મન લોકોનુ હતું. આ લોકોની અસર બીજાઓ ઉપર થતી હતી તેથી ઘણા જણ પોતાના આત્માનુ કલ્યાણ કરતા અટકી જતા હતા. આ અને બીજી મુશ્કેલીઓ નડ્યા છતાં રક્તપિત્તિઆઓની ઉન્નતિ ધીમી પણ દૃઢ રીતે થઈ. આ સાદો ગ્રામ્યવાસી, રક્તપિત્તિઆઓના હૃદયમાં વસી ગયો હતો. તેનુ જીવન તેમનાં જીવન સાથે મળી ગયુ હતું.

તેમને જે મુશ્કેલીઓ નડતી હતી તે માટે તેમના પ્રત્યે તે સહાનુભૂતિ ધરાવતા હતા, તેમનો પરિશ્રમ તેમના ધ્યાનમા હતો. જો તેઓ નિષ્ફળ થતા તો તેમના શોકમા તેઓ ભાગ લેતા હતા. ગમે તે આપત્તિ તેમનાપર આવી પડે તો મહાત્મા ડૅમિયન તેમની પાસે ઉભા રહેતા હતા. અર્થાત્ તેઓ તેમના બધુ અને મિત્ર હતા.

તેઓ તેમને કહેતા કે "તમને દુખ પડે છે, પરતુ હિમ્મત ધારણ કરો, કારણ કે આપણી પાસેજ એક એવી વ્યક્તિ છે કે જે તમારા શોકને આનંદમા ફેરવી શકે છે, માટે તેની પાસે જાઓ કે જે મંદિરમા વસે છે તેની સનિધ જાઓ એટલે તે તમને આશ્વાસન આપશે."

તેના આ શબ્દો સાભળી રક્તપિત્તિઆઓ તરતજ તે પ્રમાણે કરતા અને સતત તે પ્રમાણે કરવાનુ ચાલુ રાખતા મનુષ્યની પ્રાર્થનાની શી અસર થાય છે તેનો અનુભવ તેમણે પહેલીવાર લીધો એટલે પછી તેમને પ્રાર્થના કરવાની ટેવ પડી આ પ્રમાણે તેમની સમીપ ઉભેલા ઉદ્ધારકને નિત્ય પ્રાર્થના કરવાનુ ફળ એ આવ્યુ કે આ રક રોગિષ્ટ લોકો કે જેમના હૃદયમા અગાઉ બિલકુલ શ્રદ્ધા કે આશા નહોતી તેઓ ખરા અંતઃકરણપૂર્વક પોતાના ઉદ્ધારકને શરણે ગયા કાર્લાઇલિ કહે છે કે "દુખ આપણને દુઃખને ખાતરજ આપવામા આવતુ નથી, પરતુ એક પાઠ તરીકે આપવામા આવે છે, કે જેમાથી આપણે કાઇક શીખવાનુ છે એ એક વખત શીખ્યા કે પછી દુખનો નાશ થાય છે" કાર્લાઇલિનાં આ કથનની સત્યતા તેમને પ્રત્યક્ષ અનુભવમા આવવા લાગી

મનુષ્યની સાથે દેવનુ વર્તન કેવું છે એ સબધે બોલતા એક કવિ નીચલા ભાવાર્થની દેવવાણી કવે છે, એનો ખરો અર્થ રક્તપિત્તિઆંઓ શનૈ શનૈ સમજ્યાં—

"મેં તારી પાસેથી જે સર્વ લીધું તે તને નુકશાન કરવાના ઇરાદાથી લીધું નથી, પરંતુ તું તેને મારી પાસેજ

શોધે એટલા માટે મેં લીધું છે. તારો બાલીશતા ભરેલો ભ્રમ એવી કલ્પના કરે છે કે આતો ખોવાઈ ગયું છે, પરંતુ તે સર્વ મેં તારે માટે ઘરમાં સંગ્રહી રાખ્યું છે; ઉઠ, મારો હસ્ત ગ્રહણ કર અને આવ."

પ્રાતઃકાળે અને સાયંકાળે ભક્તોથી મંદિરો ઉભરાઈ જતાં હતાં અને રવિવારે તો સૌથી વિશેષ ભીડ થતી હતી. તેઓ પ્રાર્થના કરતાં હતાં એટલુંજ નહિ, પરંતુ ધાર્મિક વિધિ કરવાને પણ તત્પર થતાં હતા. મહાત્મા ડૅમિયને જે ઉદારતા દર્શાવી હતી તેથી લોકોનાં હૃદયમા ચૈતન્ય આવ્યુ હતું. તેમણે તેમના દ્વારા જે લાભો પ્રાપ્ત કર્યા હતા તેનુ કાઇક પ્રતિફળ આપવાને તેઓ ઇચ્છતા હતા તેઓ પ્રભુ પ્રત્યેનો પોતાનો પ્રેમ પ્રત્યક્ષ રીતે દર્શાવવા ઇચ્છતા હતા અને એટલા માટે તેમણે પરવાનગી માગી તેમના પ્રયાસથી ઇ. સ ૧૮૭૯ મા 'પર્પેચ્યુઅલ ઍડોરેશન' નામના મંડળની સ્થાપના થઈ અને આ મંડળ અદ્યાપિ પર્યંત અખંડ ઉત્સાહપૂર્વક કાર્ય કર્યું જાય છે

વળી હવે તેઓ ધાર્મિક વરઘોડા કાઢવા લાગ્યા તેમના વરઘોડાનુ વર્ણન આ પ્રમાણે છે. રક્તપિત્તિઆઓ એક લાબી હારમા ઉભા રહે છે. જે લોકો ચાલી શકતા હોય તેઓ 'ગાર્ડ ઓફ ઑનર'ની ટુકડી બને છે, અને રક્તપિત્તગ્રસ્ત છોકરાઓ તે સર્વના ઉપર પુષ્પવૃષ્ટિ કરે છે ત્યાર પછી ક્રાઇસ્ટની છબીપર છત્ર ધરીને તેને લાવવામાં આવે છે આ છબીની પાછળ રક્તપિત્તિઆઓ ચાલે છે ખરેખર આ વરઘોડાનો દેખાવ એક વખત જોયો હોય તો આખી જીંદગી સુધી ભૂલાય એવો નથી. ઘણા પ્રાચીન કાળમા જ્યારે ખ્રીસ્તનો પ્રસાદ પામેલા (chosen People) લોકો એ લીલી વૃક્ષશાખાઓ કાપી નાંખી હતી અને માર્ગમાં પોતાનાં વસ્ત્રો પાથરીને પોતાના વ્હાલા ક્રાઇસ્ટને આનંદપૂર્વક વધાવી લીધા હતા; તે વખતે જે સૌથી

પહેલો વિજયશાળી ધાર્મિક વરઘોડો કાઢવામા આવ્યો હતો તે વરઘોડાનુ સ્મરણુ કરાવે એવો આ વરઘોડો હોય છે

રક્તપિત્તાશ્રમની પરિવર્તિત થયેલી સ્થિતિનુ ભાન કરાવનાર બીજું અને છેલ્લુ ઉદાહરણુ એ છે કે ડૅમિયનની કારકીર્દિના પાછલા વર્ષોમાં રક્તપિત્તિઆઓ મૃત મનુષ્ય પ્રત્યે વિશેષ પૂજ્યભાવ રાખવા લાગ્યાં. તેમના હૃદયમા હવે નવી આશા ઉત્પન્ન થઈ પહેલા રક્તપિત્તિઆના શરીરને ભ્રષ્ટ વસ્તુ માનવામા આવતી હતી, પરતુ હવે તે અમર આત્માના નિવાસ સ્થાનરૂપે ગણુાવા માડ્યુ મનુષ્યનો જીવાત્મા કે જે અમર છે અને મહાન પરમાત્માનો અશ છે તેનાં નિવાસ સ્થાન રૂપે ગણુાવા લાગ્યુ આ પરિવર્તન કરવાને માટે ડૅમિયને ઘણો સખ્ત પ્રયાસ કર્યો હતો 'મનુષ્યનો જીવાત્મા વસ્તુત. પવિત્ર છે' એ વાતને મહાત્મા ડૅમિયન એક પૂર્ણ સત્ય તરિકે માનતો હતો વળી તે આ વાત કદિ પણુ ભૂલી ગયો નહોતો કે–ક્ષુદ્રમા ક્ષુદ્ર મનુષ્યને પણુ ઉન્નત થવાનો સમય આવે છેજ

અત્યાર સુધી કોઈપણુ માણુસ મૃત મનુષ્યના આત્માને સભારતું નહોતું, પરતુ મહાત્માઓનુ ધ્યાન ધરવાનો શુ અર્થ થાય છે તે હવે રક્તપિત્તિઆઓ સમજ્યા. જીવત અને મૃત મનુષ્યને જે ગુહ્ય ગ્રથિ સાધે છે તેની પ્રતીતિ હવે તેમને થઇ.

આથી હવે મૃત્યુનો દિવસ રક્તપિત્તિઆઓને માટે આનદનો દિવસ થઈ રહ્યો, જ્યા ઘટાનાદ કરીને મનુષ્યના મરણુની ખબર પહોંચાડવામા આવતી કે સર્વ લોકો તેનો ઉદ્ધાર થયેલો સમજી આનદ પામતા અને મૃત મનુષ્યને માન આપવાને માટે એક ચિત્ત થતાં. તે લોકો ભજન કરતા કરતા પાયદસ્ત કાઢતા. તે વખતે તેમના વદનપરથી શોકની છાયા દૂર થયેલી લાગતી અને પ્રત્યેક ચ્હેરા ઉપર દિવ્યપ્રકાશ

ચમકી રહેતો. ખરેખર! પાર્થિવતા ઉપર ધર્મશ્રદ્ધાના વિજયનુ આ એક પ્રબળ ચિન્હ છે.

આ સમયનુ વર્ણન કરતા "કલાવાઉ" થી મહાત્મા ડૅમિયન લખે છે કે "મારી પ્રકૃતિ સારી રહે છે અને હુ એકને એક પ્રકારનુ કાર્ય કર્યા કરૂછુ હુ બિમાર માણસોની શુશ્રૂષા કરૂછુ, હું તેમને શિક્ષણુ આપુછુ, હુ તેમને પ્રતિજ્ઞા લેવરાવુંછુ અને મૃત મનુષ્યને ભૂમિદાહ કરૂ છુ." બિમાર માણસો મરે છે કે તરત જ બીજાં બિમાર માણસોને અહીંઆ મોકલી આપવામા આવે છે, આથી અહીંઆ હમ્મેશા સાતસેથી આઠસે બિમાર માણસોની ગીર્દી ભરેલી ને ભરેલી જ રહે છે. ગત વર્ષે મે એક બે માળનુ મદિર ધર્મગુરૂને માટે ખાસ બંધાવ્યુ જો કોઇ મારા મિત્રો અહીઆ આવે તો હુ તેમને ઉપલા માળ ઉપર ઉતારો આપુ છુ અન્નને માટે મારે બહુ ચિતા રાખવી પડતી નથી, કારણુ કે સરકાર મારી સાથે ઘણું સારૂં વર્તન રાખે છે બિમારોને જેમ એક અઠવાડીએ અન્ન પુરૂ પાડવામા આવે છે તેમ મને પણુ તે દર અઠવાડીએ આપવામા આવે છે. બીજી આવશ્યક વસ્તુઓ મારાપર અમારા 'મિશન' તરફથી મોકલવામા આવે છે થોડો વખત થયા ફાધર આન્દ્રિનો લાન્ડર નામનો એક બીજો ધર્માચાર્ય મને સહાય કરવાને આવ્યો છે આ માણસને વૈદકનુ જ્ઞાન છે.

ગત વર્ષે અમે ૧૧૦ માણસોને ખ્રિસ્તીધર્મમા દાખલ કરવાની ક્રિયા કરી હતી. આમાંનાં કેટલાક માણસો કયારનાય સ્વર્ગમા પહોચી ગયા છે. હુ ક્વચિત્ જ આ જગ્યા છોડીને બહાર જાઉં છુ, તેથી તમને જણાવવા જેવી કાંઈ નવી ખબર મારી પાસે નથી.

બહારની ખબરો તેમને ગમે તેટલી થોડી મળતી હોય તો પણુ બીજે વર્ષે તેમણે પોતાના બધુપર નીચે જણાવેલો જે પત્ર

લખ્યો હતો તેમાથી મોલોકાઈ દ્વીપમાં ગાળેલા તેમનાં જીવન વિષે ઘણી જાણવાજોગ માહિતી ઉપલબ્ધ થાય છે.

કલાવાઉ મોલોકાઈ
૩૧ મી જાન્યુઆરી ૧૮૮૦

" મારા પ્રિય બંધુ !

નવેમ્બરની ૧૨ મી તારીખે લુવેનથી લખેલો તમારો માયા-ભરિત પત્ર મને જાન્યુઆરીની ૨ જી તારીખે પ્રાપ્ત થયો. મને પ્રાયઃ સાત વર્ષ આ રક્તપિત્તિઆઓની સાથે રહેતા થયા છે.

એ દીર્ઘ કાળમા મને મનુષ્યજાતપર આવી પડતા ભયકરમા ભયકર દુખનુ સૂક્ષ્મતાપૂર્વક અવલોકન કરવાના અને તેના નિકટ સસર્ગમા આવવાના અનેક પ્રસગો પ્રાપ્ત થયા છે

હવાઇઅન સરકાર હજી પણ નવા રક્તપિત્તિઆઓને પકડીને મોકલ્યા કરે છે. જેજે રક્તપિત્તિઆઓ તેને પ્રાપ્ત થાય છે તેને મોકલવાના સાધનની સગવડતા મળે છે તે પ્રમાણે તે અહીંઆ મોકલી આપે છે બે વર્ષ સુધી રક્તપિત્તિઆઓનો નિર્વાહ કરવાને માટે જેટલુ દ્રવ્ય વાપરવામા આવ્યુ હતું તેટલુ દ્રવ્ય જુદા જુદા દ્વીપોમા રહેતા રક્તપિત્તિઆને એકઠા કરવાના ખર્ચને માટે પુરતું નથી મોલોકોઇમા દેશપાર કરવામા આવતા રક્તપિત્તિઆઓની સખ્યા સાતસેં અને આઠસેની વચ્ચે રાખવામા આવે છે સાધનના અભાવને લીધે અન્ય રક્તપિત્તિઆઓને લેવામા આવતાં નથી

જ્યારથી હુ અહીંઆ આવ્યોછુ, ત્યારથી મે પ્રતિવર્ષે ૧૯૦ થી ૨૦૦ સુધી રક્તપિત્તિઆઓને ભુમિદાહ કર્યો છે. અને તે છતાં પણ જીવત રક્તપિત્તિઆઓની સખ્યા નિરતર સાતસેં ઉપરની રહી છે. ગયે વર્ષે મૃત્યુ ખ્રિસ્તીઓની અસાધારણ મોટી સખ્યાને ખેંચી

લઈ ગયુ હતું મંદિરમાં ઘણી ખાલી જગ્યા છે, પરંતુ કબ્રસ્તાનમા તો નવી કબ્ર ખોદવાની જગ્યા પણુ ભાગ્યેજ રહી છે. એક દિવસે આ લોકો મોટા ક્રૉસની આગળ એક કબ્ર ખોદવા લાગ્યા, તેથી હુ ઘણો ગુસ્સે થયો, કારણુ કે એ જગ્યા તો ખાસ મે મારે માટે ઈલાયદી રાખી હતી. આખરે મારે તેમને તે જગ્યા કોરી રાખવાને દબાણુ કરીને કહેવું પડયુ કબ્રસ્તાન, મંદિર અને મારો ખંડ એ ત્રણે એકજ વાડામા આવેલા છે તેથી રાત્રિને સમયે મૃત માણુસોના ઉદ્યાનનો રખેવાળ હુ એકલોજ હોઉછુ

તે અનંત સુખ કે જે અહીઆના ઘણા માણસો કયારના ભોગવવા લાગ્યા છે તે સુખનુ ધ્યાન ધરવામા મને સૌથી વિશેષ આનંદ મળે છે

પ્રત્યેક દિવસ પ્રાતઃકાળમા હોમ થઇ રહ્યા પછી હુ વ્યાખ્યાન કરૂ છુ અને રવિવારને દિવસે મહાયજ્ઞ થાય છે ત્યારે મારા ભક્તો કુશળ સંગીત શાસ્ત્રીઓની પેઠે મધુર સ્વરે ગાય છે, પરંતુ હમણા હમણા મૃત્યુ અને છાતીના દરદોએ મારા ઘણા સંગીત શાસ્ત્રીઓ ઓછા કરી નાખ્યા છે આ ખોટ પુરવામા મને ઘણી મુશ્કેલી નડશે કેટલાક વર્ષો ઉપર રક્તપિત્તિઆ બાળકોને માટે એક અનાથાશ્રમ સ્થાપન કરવામા આવ્યુ છે આ બાળકો ઉપર એક આધેડ વયની ભલા સ્વભાવની વિધવા દેખરેખ રાખે છે જોકે અહીંઆના ઘરો એકબીજાથી દૂર છે તોપણુ સઘળા રક્તપિત્તિઆઓ સાથે બેસીને ભોજન કરે છે પ્રત્યેક માણસને પ્રતિ અઠવાડીએ સાતશેર અન્ન અને એકવીસ શેર શાકભાજી મળે છે. શાકભાજી ઘણી પુષ્ટિકારક છે. તદુપરાત એક વિશાળ ક્ષેત્રમા અમે મિષ્ટ બટાટાનુ વાવેતર કર્યું છે. આ ક્ષેત્રમા જે બટાટા થાય છે તે અમે અલગ રાખી મૂકીએ છીએ, કે જેથી અમને સરકાર તરફથી પુરો પાડવામાં આવતો માલ વખતસર ન આવી પહોચે તો કામ લાગે

અહીંઆ એક મોટી દુકાન છે. આ દુકાનમાં વસ્ત્રો અને બીજી વસ્તુઓ વેચાય છે. વખતો વખત રંક લોકોને વ્હેચી આપવાને માટે વસ્ત્રોની મોટી મોટી ગાસડીઓ મારા પર મોકલી આપવામા આવે છે. હોનોલુલુમા રહેતી વડી સાધ્વીના પ્રયાસથી મને ધર્માદા ફડના પૈસાની મદદ મળે છે. મારા અહીંઆના નિવાસના પ્રારભિક વર્ષોમા મને પૅરિસમા રહેતા અમારા પ્રતિનિધી તરફથી પુષ્કળ દાન મળ્યુ હતું, પરતુ મે સાર્વજનિક યાચકનો વેશ ભજવ્યો નહિ તેથી પરમાર્થી માણસો મોલોકાઇના રક રક્તપિત્તિઆઓને વિસરી ગયેલા લાગે છે ફાધર આન્દ્રિકલૌ "પાપા" નામના રક્તપિત્તિઆઓના નવા ગામમા ઓગણીસ માસ થયા રહે છે આ સ્થળે હજી ધાર્મિક હિલચાલ ચલાવવામા આવે છે આ અરસામા પ્રતિમાસે મારે અમારા દ્વીપના શેષ ભાગમા ભ્રમણ કરવુ પડયુ છે. હાલમા અમારે ત્યા એક વિશાળ મદિર અને ચાર નાના પ્રાર્થનાગૃહો છે બે ગૌરાગોએ આ દ્વીપમા ખાડના કારખાના કાઢયા છે આ ગૌરાગો કૅથોલિક પથના છે, પરતુ હજી સુધી આ દ્વીપમા કૅથોલિક જુસ્સો સર્વત્ર પ્રસરી ગયો નથી.

હું હાલમા છ દિવસો સુધી બહાર ગામ રહ્યો હતો. ગઇ કાલે સાયકાળેજ પાછો ફર્યો પાછો આવતા મને જણાયુ કે એક રક્તપિત્તગ્રસ્ત સ્ત્રી મરણશય્યાપર હતી. તેણે જરા પણ વિલબ કર્યા વિના મને અતનો લાડુ લાવવાને કહ્યું. મે તેમ કર્યું એટલે તેણે મારો ઉપકાર માન્યો અને તત્ક્ષણજ તેણે પ્રભુના હાથમાં પોતાનો આત્મા સોપી દીધો. કાલે મે મારી જાતે તેના સારૂ ઠાઠડી બનાવી અને તેની કબ્ર પણ મેં જાતેજ ખોદી. આજે પ્રાતઃકાળમાં તેના આત્માની શાંતિ માટેની પ્રાર્થના થઈ રહ્યા પછી બીજા બે માણસોનાં મૃત્યુની મને ખબર થઈ. આથી આજે મારે ત્રણ માણસોને

ભૂમિદાહ કરવો પડયો. કૅથોલિક પથ જે દેશોમાં ચાલે છે તે દેશોમાં જેમ કરવામા આવે છે તેમ વારંવાર હું અતકાળના લાડુ જાહેર રીતે મારી સાથે લઈ જાઉ છુ

આ સ્થળે બે શાળાઓ છે. આ શાળાઓમા કૅથોલિક પથના શિક્ષકો છે, આ શિક્ષકોને સરકાર તરફથી પગાર મળે છે રક્તપિત્તિઆ છોકરાઓનો મોટો ભાગ કૅથોલિક પથનો છે. પ્રોટેસ્ટટોનો ઘણો થોડો વિરોધ અમારે સહન કરવો પડે છે પ્રોટેસ્ટંટો પોતાના પથના રક્તપિત્તિઆઓને માટે ઘણી કાળજી રાખતા નથી રક્તપિત્તિઆઓનાં નિવાસસ્થાનની બહારના સ્થળોની મે મુલાકાત લીધી છે ત્યા આથી જુદોજ પ્રકાર માલૂમ પડે છે મને એક ખતીલો, ઉત્સાહી અને ભલો ધર્માચાર્ય મળે તો ઠીક. આપણા તરુણ સ્વદેશ બધુઓ શુ આ વાત સમજી શકે છે કે " તેઓ ઉદાર ચિત્તે રણક્ષેત્રમા બહાર પડતા નથી અને વૃદ્ધાવસ્થા તથા મૃત્યુએ પાડેલો ખાડો પુરતા નથી ? "

અમારૂ મિશન સૅન્ડવિચ દ્વીપોમા સારી રીતે સ્થાપિત થયું છે પરંતુ ધર્માચાર્યોની તગી છે હવે ખરેખર નવા કાર્યકર્તાઓ પુરા પાડવાને માટે પ્રભુને પ્રાર્થના કરવાનો સમય આવી પહોચ્યો છે. ચીન, પોર્ચુગીઝ દ્વીપો, મદીરા, અને દક્ષિણ પૅસિફિક દ્વીપોમાથી સખ્યાબધ માણસો આ દ્વીપોમા વસવાટ કરવાને માટે આવે છે અને આ દ્વીપોના મૂળ વતનીઓ શીઘ્ર નાશ પામતા જાય છે.

તમારો સાચો બધુ

જે. ડૅમિયન ડી. વેસ્ટર.

અષ્ટમ પરિચ્છેદ.

રક્તપિત્તગ્રસ્ત ડૅમિયન.

ધાર્મિક પુરુષોના જીવનચરિત્રો લખતી વખત તેમના દૈવી અંશને વધારે ભભકદાર બનાવવાને માટે તેમના ચારિત્ર્યમાથી માનુષી અંશ દૂર કરવાની પૃથા આજ પર્યંત ચાલી આવી છે, પરંતુ તેનુ પરિણામ એ આવ્યુ છે કે સાધારણ મનુષ્ય બહુધા આવા અલૌકિક સંપૂર્ણતાને પ્રાપ્ત થયેલા પ્રાણીઓની કોટિથી પોતાને ઘણે દૂર રહેલો માનીને તેવી ઉન્નતિની આશા પોતાને માટે તે ધારણ કરી શકતો નથી અને ક્રમશ થઇ શકતી સ્વભાવિક ઉન્નતિનો માર્ગ તેની જાણમાં આવી શકતો નથી.

અધુના આ પૃથાને વજનદાર ગણવામા આવતી નથી, તે વ્યાજબીજ છે જે યુગમા ઓછી ટીકા કરવામા આવતી હતી તે યુગમા આલેખવામા આવતા કલ્પનિક ચિત્રોને બદલે હવે જીવનના સત્ય ચિત્રને અધિક ઇચ્છવા યોગ્ય ગણવામા આવે છે, આધુનિક વાચક ઇશ્વિરના દાસને તેના યથાર્થ, સ્વાભાવિક અને અતિશયોક્તિ રહિત જીવનના સત્ય સ્વરૂપમા અથવા નિદાન તે પોતાના સમકાલીન મનુષ્યોને જે સ્વરૂપમા જણાવ્યો હોય તે સ્વરૂપમા જોવાને ઇચ્છે છે. એક માણસના મિત્રોના હૃદયમાથી ઉભરાઇ નીકળેલી પ્રશંસા અને તેના શત્રુઓની ટીકા એ ઉભયની વચ્ચે તે માણસનુ સત્ય ચારિત્ર્ય રહેલુ હોય છે એ સિદ્ધાતને માન્ય રાખીને તેના સમકાલીન મનુષ્યોએ જે પક્ષપાત રહિત અભિપ્રાય દર્શાવ્યો હોય તેથીજ તેને અક્ષયતા પ્રાપ્ત થાય છે. સામાજિક અને આધ્યાત્મિક દ્રષ્ટિબિંદુથી ડૅમિયનના મિત્રો તેના પ્રતિ આકર્ષાયા હતા એ જાણવાના આપણી પાસે ઘણાં

સાધનો છે. તેને રક્તપિત્ત લાગુ પડયો તે પૂર્વે એક માણસે તેની મુલાકાત લીધી હતી અને તે એવો અભિપ્રાય દર્શાવે છે કે આ ગ્રામ્ય ધર્માચાર્યના અગમા ઘણી આકર્ષણ શક્તિ હતી.

ડૅમિયને પોતાના દેવળના ઉમરાપર ઉભા રહીને ઉપરોક્ત પ્રવાસીનો આનંદપૂર્વક સત્કાર કર્યો. આ માણસે પોતાના મનપર પડેલી છાપ નિમ્નલિખિત શબ્દોમા વ્યક્ત કરી છે

"તેના વસ્ત્રો ફાટેલાં તુટેલા હતાં. તેના વાળ એક નિશાળીઆના જેવા વિખરાયેલા હતા. તેના હાથ ડાઘા ડાઘાવાળા અને પરિશ્રમથી કઠણ થયેલા હતા, પરંતુ આરોગ્યની જ્યોતિ તેના વદન પર પ્રકાશતી હતી અને તારુણ્યની ચપળતા તેની રીતભાતમા સ્પષ્ટ જણાતી હતી તેનુ અટ્ટહાસ્ય, તેની તાત્કાલિક સહાનુભૂતિ અને તેની દિવ્ય આકર્ષણ શકિત કહી આપતી હતી કે કોઈપણ ક્ષેત્રમા તે ઉદાત્ત કાર્ય કરવાને શક્તિવાન્ છે"

પરંતુ માત્ર એક પરમાત્મા શિવાય કોઈપણ સંપૂર્ણ નહિ હોવાથી (સૃષ્ટિની મૂળ રચનાજ તેવી હોવાથી—ઘડામા જેમ માટી રહી છે જ તે પ્રમાણે) અતિ પવિત્ર મહાત્માઓમા પણ માનુષી પ્રકૃતિ (ત્રિગુણાત્મકતા) રહેલી હોય છેજ. એ વાતનો આપણે સ્વીકાર કરવો જ જોઈએ.

આધ્યાત્મિક નેતાઓમાં રહેલા માનુષી અંશનો સ્વીકાર કરવાથી આપણે સાથે સાથે તેના ચરિત્ર પાઠક મનુષ્યને અધિક પ્રયાસ કરવાને પણ લલચાવીએ છીએ. કારણ કે સાધારણ મનુષ્યો સંત પુરુષોની માનુષી દુર્બળતાઓને લીધેજ તેમની સાથે કાંઇક સગાઇ ધરાવી શકે છે.*

---

* 'ઉન્નતિની અશકયતાની માન્યતારૂપ દુ ખદ પડદો એથી પાઠકના મનપરથી ઉંચકાઈ જાય છે અને સ્વપ્રકૃતિમાં તમસ અંશરૂપી ન્યૂનતાઓ અને રજોઅંશરૂપ કામનાઓ તત્કાળમાં રહેલી હોવા છતાં સત્વઅંશરૂપી

જેમ એક "હથીયાર" એ કાંઈ "હથીયાર વાપરનાર મનુષ્ય" નથી તેમ "મનુષ્ય" એ "ઇશ્વર" નથી, પરતુ તે ઇશ્વરનો ઉદ્દેશ પાર પાડનાર ઇશ્વરનુ હથીયાર માત્ર છે, તેને એક સ્વામિની આજ્ઞા અંગીકાર કરવાની છે, તેને એક માર્ગ ગ્રહણ કરવાનો છે, તેને તે સ્વામી દોરે તેમ દોરાવાનુ છે તેને કઈક સ્વાર્થને, સ્વસુખને તિલાજલિ આપવાની છે, તેને કાઈક બનવાનુ છે.

જો તે આટલાં કાર્યો કરે તો તે જૂનામાથી નવો થાય, મિથ્યામાથી સત્યમા આવે, ખોટે માર્ગેથી ખરે માર્ગે આવે, સત્યમાથી પૂર્ણ સત્યમા અને શ્રેષ્ઠમાથી સર્વ શ્રેષ્ઠમા આવે.

આજ રીતે મહાત્મા ડૅમિયન પણ સપૂર્ણ નહોતા, પરંતુ આજ કારણને લીધે અર્થાત્ તેનામા ન્યૂનતા હતી તેને લીધેજ તેમનાથી નીચી પંક્તિના જે આપણે તેને તેમના જીવનમાથી કાંઈક રહસ્ય મળે છે કઇક ઉન્નતિનો માર્ગ, ઉત્સાહ અને શ્રદ્ધા મળે છે.

ડૅમિયનની જે ન્યૂનતાઓ હોય તે તેમને અને આપણને બધુત્વની ગ્રથિથી સાધે છે અને તે તેઓ આપણા જેવાજ હતા એમ સિદ્ધ કરે છે

તેમની નિર્વિવાદ વીરતાને લીધે તેમની માનુષી ન્યૂનતાઓ સર્વાંશે આવૃત્ત થઇ ગઈ નહોતી દૈવી ગુણના પડદામાથી તે ન્યૂનતાઓ વારવાર પોતાનુ મુખ બહાર કાઢતી હતી. આ સ્વાભાવિક ન્યૂનતાઓ છતાં પણ ડૅમિયને વિજયશાળી જીવન ગાળ્યુ હતું, તેઓ આત્મસયમ અને ઉદારતાની એવી ઉચ્ચ ભૂમિકાપર ચઢયા હતા કે તેમનુ નામ જગતના મહાન પુરૂષોની પંક્તિમાં સ્થાપિત થયુ છે.

સદ્ગુણોનો સદુપયોગ વધુ ને વધુ કરતા ચાલવાથી ગમે તેવો માણસ પણ ઉન્નત થઇ શકે છેજ' એ મહાન સત્ય–એ અત્યત સરળ અને સ્વાભાવિક પથ તેની દ્રષ્ટિએ ખુલ્લો થઈ જઈ નિરાશાના અરણ્યને બદલે આશા નિકુંજના સ્વરૂપમા તેનુ હૃદય અવશ્ય ફેરવાઈ જાય છે મંત્રી.

અન્ય મનુષ્યોની પેઠે તેમનામા પણ દોષ હતા. યદ્યપિ તેમનામા અસાધારણ હિમ્મત અને શૌર્ય હતું, યદ્યપિ તેઓ વીરતાયુક્ત સદ્‌ગુણ અને આત્મભોગના આદર્શરૂપ હતા, યદ્યપિ તેઓ પોતાના અદ્‌ભુત જ્ઞાનને લીધે ધર્માચાર્ય, વૈદ્ય, ન્યાયાધીશ, શિક્ષક, સુતાર અને ઘોરખોદીઆ બની શકતા હતા, યદ્યપ આ સર્વ સદ્‌ગણો તેમનામા હતા તથાપિ મોલોકાઈમા વસતા તેમના અધિકારી બધુઓ સાથે તેમને બનાવ નહોતો

સામાજિક સુધારણા વિષેની યોજનામા સ્પષ્ટ રીતે વ્યક્ત થતા તેમના ઉચ્ચ વિચાર અને અન્ય ધર્માચાર્યોમાના ઘણા જણ કરતાં રક્તપિત્તિઆઓના સસ્થાનમા નીતિનુ ઉચ્ચતર ધોરણ દાખલ કરવામાં તેમણે બતાવેલા મનોબળને લીધે તેઓ થોડા ઉદાત્ત મનના માણસોને અરુચિકર થઈ પડયા હોય એ સભવિત છે. અન્ય ધર્માચાર્યો અને તેઓ, એ ઉભયના માર્ગ ભિન્ન ભિન્ન હતા. તેમની વિચિત્ર મનોભાવનાઓ તેમને કટાળારૂપ થઈ પડી. તેમની તેજસ્વિતાથી અન્ય ધર્માચાર્યો અકળાઈ ગયા.* અને જે માણસોએ ડેમિયનની ઉત્તરાવસ્થામાં સ્થાનિક સ્વરાજ્યનો ભાર વહન કર્યો હતો તેઓ તેને વિષે શુ કહેતા હતા? એક જણ કહેતો કે "આ માણસની સાથે કામ કરવુ બહુ મુશ્કેલ થઇ પડે છે." બીજો કહેતો કે "માણસ તો ભલો પણ એને સત્તા બહુ વ્હાલી." ત્રીજો કહેતો કે "એ જક્કી અને હઠીલો છે" ચોથો કહેતો કે "તોછડો અને ઉદ્ધત છે" અને સર્વ ધર્માચાર્યો પણ એક સરખી રીતે સામાજિક સુધારણા માટે તેમણે સ્થાપેલી સર્વ સસ્થાઓ અને તેમની યોજનાઓને વખોડી

---

* અહીંઆ કહેવું યોગ્ય છે કે ડેમિયન પોતાના ધર્માચાર્ય બધુઓમાં અને સ્વધર્મીઓમાં સદા પ્રિય હતા અને ખરેખર તેઓ તેમને બહુ ચાહતા હતા.

કાઢતા. "એના અનાથાલયોમા વ્યવસ્થા સારી નથી, તેમાં અનાથો-ની સખ્યા અધિક છે, તેની કોઈ સભાળ લેતું નથી" તેઓ આવી આવી નિંદા કરતા.

પરતુ તેમની આ ન્યૂનતાઓને લીધેજ તેઓ આપણને પ્રિય થઇ પડયા છે. ડેમિયનના શરીરમા દૈવી અને માનુષી ગુણોનુ અદ્દ્ભુત મિશ્રણ થયુ હતું; તેમનામા દૈવી અને માનુષી સપત્તિ વચ્ચે નિત્યે તુમુલ યુદ્ધ ચાલતું હતુ.

ડેમિયનનુ જીવન એવા પ્રકારનુ હતુ કે જે માણસ પ્રેમનુ સાક્ષાત્ સ્વરૂપ હોય તેજ તેવુ જીવન ગાળી શકે ડેમિયનના પ્રબળ પ્રેમને લીધેજ તે અન્યના આત્મિક સુધારાને માટે કામ કરી શક્યા હતા. જો એક ખોટે માર્ગે જતા માણસને તે ખરે માર્ગે લાવી શકતા તો ગમે તેવો મોટો ભોગ આપતા તેઓ જરા પણ અચકાતા નહિ. તેમને પ્રત્યેક અપરાધી પ્રિય લાગતો હતો, કારણ કે તેઓ માનતા હતા કે એ માણસ ઇશ્વરને પ્રિય છે. જેવી રીતે એક પુત્ર ઘણા લાંબા વખત સુધી પરદેશમાં વસીને પછી પોતાનામાં રહેલી સ્વાભાવિક પ્રેરણાને અનુસરી પોતાના પિતાને ઘેર જાય છે તેવી રીતે પ્રત્યેક અપરાધી અંતે ઇશ્વિરસાન્નિધ્યજ પ્રાપ્ત કરે છે.

જોકે ઘણા રખડેલ છોકરાઓ ઉત્તરાવસ્થામા પશ્ચાત્તાપ કરીને પોતાના ઘર તરફ વળે છે, તો પણ ઘણીવાર એવુ બને છે કે પિતા-પુત્ર વચ્ચે સ્નેહસબધ જોડાતો નથી. ગર્વ, લજ્જા, અનુતાપ—આ અને આવાં બીજા કારણોને લીધે, તે છેક ઉમરાપર ગયો હોય તો પણ ઘરમા જતો અટકી પડે છે. આવે વખતે તેને માણસની સાહાય્ય અને ઉત્તેજનની જરૂર પડે છે. ખરાબ રીતે જીવન ક્રમનારા ઘણા માણસોના સબધમા આ ઘડી ઘણીજ મહત્વની છે. આ ઘડીના સદુપયોગથી તે ઉદ્ધાર પામી જાય છે અને તેના દુરૂપયોગથી તે પુનઃ

પતિત અવસ્થાને પ્રાપ્ત થાય છે. માર્ગ ચૂકેલા આત્માની ગુપ્ત મનોવેદનાનો પોકાર ડેમિયને સારી પેઠે સાભળ્યો હતો. આ પોકાર ડેમિયને જેવી રીતે સાંભળ્યો હતો તેવી રીતે અન્ય કોઇએ સાંભળ્યો હોય તે વિષે અમને શક છે. માણુસના અ તઃકરણુની ઉંડાઇ તેમના જેટલી કોઇ માપી શક્યો નહિ હોય, માર્ગ ચૂકેલા માણુસ પ્રત્યે તેના જેટલી દયા કોઇ ધારણુ કરી શક્યો ન હોય, અને લાબા વખત સુધી અપરાધી જીવન ગાળ્યા પછી મનુષ્ય જ્યારે પહેલ વહેલા ઇશ્વર પ્રતિ પોતાની દ્રષ્ટિ ફેરવે છે ત્યારે તેને જે પૂર્ણુ નૈરાશ્ય, અસહાય અને નિરૂત્સાહનો અનુભવ થાય છે તે તેમના જેટલો કોઇ જાણી શક્યો નહિ હોય

તેઓ મુખ્યત મધ્યસ્થ હતા તેથી તેમનુ કાર્ય દૈવી પ્રેમને માણુસની ભાષામા વ્યક્ત કરી અનુતાપ કરતા મનુષ્યને દયા સ્વરૂપ ભગવાનના સિહાસન સન્નિધ લઇ જવા એ હતું. બ્રાઉનિ ગની નિમ્નલિખિત સર્વાંગ સ પૂર્ણુ ટુકોમા અન ત વિષેની તેમની કલ્પનાનો પ્રતિધ્વનિ સ ભળાય છે.

"જો હુ ઇચ્છુ તો આ માણુસને માટે, મારા ક્ષુદ્ર પ્રયાસથી પણુ, સર્વ કરી શકુ તો પછી જે એકલો (પ્રભુ) સાહાય્ય કરવાને શક્તિવાન છે તે એકલો તેને સાહાય્ય કરશે એ વિષે શ કા ધારણુ કરવાનુ ધાષ્ટર્ય શુ હું કરી શકુ ?"

અને તેઓ પાપી માણુસની સ ગે ઘણી સાધારણુ રીતે પ્રાર્થના કરતા, ઘણુાજ થોડા માણુસો આવી રીતે પ્રાર્થના કરી શકે છે. તેઓ પાપી માણુસને એવા ક્રમથી ઉન્નત કરતા કે તેમને બિલકુલ ગુ ચવણુ પડે નહિ, તેમનુ મન ગભરાઈ જાય નહિ. રોગી માણુસોને આજ પ્રકારે ધાર્મિક જ્ઞાન આપવાની ઘણી જરૂર છે. તેઓ તેમનો ભય દૂર કરતા. તેઓ તેમને કહેતા કે " જુઓ ઇશ્વરનો પુત્ર (ક્રાઇસ્ટ)

તમારીજ પેઠે સમાજથી બહિષ્કૃત થયો હતો, જેથી તે પ્રકાશના દરવાજા ખોલવાને માટે તિમિરના ક્ષેત્રો ઓળગીને તમારી આગળ જઈ શક્યો. ”

તેઓ નિરતર તેમને ઉતાવળે પગલે આગળ વધવાનુજ કહેતા તેઓ તે લોકો પૈકી પ્રત્યેક જણુને નિમ્ન લિખિત આશ્વાસન આપતા –

“હે આત્મસ્વરૂપ, મારા જેવા ચ્હેરાવાળો માણુસ તારો સત્કાર કરશે, મારા જેવા માણુસને તું નિરતર ચાહશે, અને તે તને ચાહશે, આ હસ્તના જેવો એક હસ્ત તારે માટે નવા જીવનના દરવાજા ખુલ્લા કરી દેશે. જો પેલો ક્રાઈસ્ટ ઉભો છે. ”

માણુસના મનનુ સમાધાન કરવું એ ડૅમિયનનો ખાસ ગુણુ હતો તેઓ માનતા હતા કે માણુસ ગમે તેવો પતિત હોય તો પણુ સ્વાભાવિકી ત્રિગુણાત્મક રચનાનુસાર તેના અતકરણુમા સત્વનો–સદ્‌ગુણુનો સહજ પણુ વાસો હોય છે. તેઓ માણુસમા અદ્‌ભુત કાર્યો કરવાની જે શક્તિ હોય છે તેને જાગૃત કરવાને પ્રયાસ કરતા હતા. નૈરાશ્ય પામતા પ્રત્યેક જણુને ખાસ સ્મરણુમા રાખવા યોગ્ય નિમ્ન લિખિત શબ્દો તેમણે સાક્ષાત્ કૃતિમા ઉતાર્યા હતા —

“ શ્રદ્ધા રાખવી એ નવુ ઉત્પન્ન કરવા સમાન છે, આશા રાખવી એ સુખ મેળવવા સમાન છે, અને પ્રીતિ રાખવી એ અદ્‌ભુત કાર્યો કરવા સમાન છે. ”

માનુષી દ્રષ્ટિ બિદુથી જોતા રક્તપિત્તાશ્રમમા ડૅમિયનને જે કાર્યો કરવાં પડયાં હતા તેથી તેમની સહનશક્તિ ઉપર અતિશય બોજો પડયો હશે એમ જણુાય છે. તેમના મરણુ પૂર્વે થોડા વખતપર જ્યારે તેઓ આ રોગના ભોગ થઈ પડયા ત્યારે તેમને પોતાને આ વાતનો સ્વીકાર કરવો પડયો હતો. અરે, જ્યારે તેઓ સારી તદુરસ્તી ભોગવતા હતા ત્યારે પણુ તેમને કબુલ કરવું પડયુ હતું કે રક્તપિત્તાશ્રમમા ગાળ-

વામા આવતી જીદગી ખરેખરી એક સખ્ત કસોટી સમાન છે, માણુસ એથી થાકીને લોથપોથ થઇ જાય છે. પરતુ તેમનામા બળ ટકી રહ્યુ તેનો મર્મ શુ હતો ? તેઓ મૃત મનુષ્યોના નિવાસસ્થાનના દુખો શી રીતે સહન કરી શકયા ? તેઓ આનદ અને આલ્હાદનો અખૂટ ભડાર કયાથી લાવ્યા ? આ તેમના નિમ્નલિખિત શબ્દોપરથી બરાબર સમજી શકાશે.—

" પ્રભુના પવિત્ર નામ વિના મારી જગ્યા અસહ્ય થઇ પડી હોત. પ્રભુ મારી સાથે રહે છે તેથી હુ હમ્મેશાં આનદનિમગ્ન રહુ છુ અને દુર્ભાગી રક્તપિત્તિઆંઓને વિશ્રાતિ આપવાને માટે આનદપૂર્વક કામ કરૂં છુ "

અત્યાર સુધી ડૅમિયનને ઘણાં દુખ સહન કરવા પડયા હતાં તો પણ હજી વધારે મોટા દુખો બાકી હતા. અગિયાર વર્ષ પર્યત તેઓ રક્તપિત્તિઆ લોકોની વચમા રહ્યા હતા, રોગથી ભ્રષ્ટ બની ગયેલા તેમના શરીરની શુશ્રૂષા કરી હતી, મરણશય્યા પર પડેલા માણુસના કર્ણમા આશામય વાક્સુધા રેડી હતી, મૃત મનુષ્યોને માટે પોતાને હાથે સેકડો પ્રેતશય્યાઓ બનાવી હતી અને ધામે રહીને તેમને કબ્રમાં મૂક્યા હતાં. આ કાર્યો બનાવતાં તેઓ રક્તપિત્તિઆંઓના એવા ઘાડા અને અવિચ્છિન્ન પરિચયમા આવ્યા હતા કે તેનુ પરિણામ માત્ર એકજ સભવી શકે' તેમને આ રોગ લાગુ પડવોજ જોઇએ એવો અભિપ્રાય આગળથી ઘણા માણુસોએ બાધ્યો હતો. પરતુ ડૅમિયન ભયને તો ઓળખતાજ નહોતા અથવા એમ કહીશુ તો પણ ચાલશે કે તેમણે ભયને તિલાંજલિ આપી હતી. તેઓ તો માત્ર પ્રેમ પ્રેમ ને પ્રેમનેજ ઓળખતા હતા. તેઓ પોતાને વિષે તો જરા સરખો પણ વિચાર કરતા નહોતા. તેઓ તો માત્ર તેનુજ ચિતવન કરતા હતા કે જે સર્વે મનુષ્યોપર

દયા રાખે છે અને જે એમ માને છે કે મનુષ્યોનો પરસ્પરનો પ્રેમ એજ તેના ઇશ્વિર પ્રત્યેના પ્રેમનુ ધોરણ અને પ્રમાણ છે.

પ્રાચીન કાળમાં જ્યારે સોક્રેટીસ અઘટિત મૃત્યુની સમક્ષ ઉભો હતો ત્યારે તેના સમકાલીન માણસો હવે તેનુ તત્ત્વજ્ઞાન તેને કેટલો લાભ કરે છે તે જોવાને આતુર બની રહ્યા હતા. કારણ કે જે ડહાપણ જીવન કાળમા મનુષ્યની સેવા કરે છે તે ઘણી વખત મૃત્યુકાળે દગો દે છે. પરતુ સોક્રેટીસ દ્રઢ રહ્યો હતો એ વાત આપણે સારી પેઠે જાણીએ છીએ. તેની આશા મૃત્યુથી પણ પર હતી.

તેણે કહ્યુ હતુ કે " ઍનિટસ અને મિલટસ મને મારી નાખશે પરતુ તેઓ મારૂ અનિષ્ટ કરી શકનાર નથી." આ પ્રત્યુત્તરથી તેના ટીકાકારો પણ તેની પ્રશસા કરવા લાગ્યા અને તેના મિત્રોની તેના પરની શ્રદ્ધા વધારે દ્રઢ થઇ. આ રીતે સોક્રેટીસ ન્યાયાધીશોની આજ્ઞાને તાબે થયો, જો કે તેમની આજ્ઞા ન્યાયપુરસર છે એમ તે માનતો નહોતો.

એક તત્ત્વવેત્તા પણ આવી દ્રઢતા અને તિતિક્ષા દર્શાવી શકે તો પછી ખ્રીસ્તી ધર્મની શ્રદ્ધાથી યુક્ત એવો માણસ તેથી પણ દ્રઢ ત્યાગ વૃત્તિ દર્શાવી શકે* એ સ્વાભાવિકજ છે. મોલોકાઇના વીરપુરુ-

---

* શ્રી રામસ્વરૂપે પિતાના સત્ય પાલનાર્થે વનવાસ ઇ૦ ના અઘોર કષ્ટ સહેનાર, અને શ્રી કૃષ્ણ સ્વરૂપે નિજભક્ત અર્જુનનો રથ હાકવાનુ અને પાંડવોના યજ્ઞમાં એઠી પતરાવળીઓ ઉપાડવાનુ કાર્ય કરનાર ભગવાન વિષ્ણુના અનુયાયી વૈષ્ણવ બધુઓ! અને જગતના હિતાર્થે હળાહળ વિષનુ પાન કરનાર ભગવાન શિવના અનુયાયી શૈવ બધુઓ! તમારા મહાન ઇષ્ટદેવોની મહત્તા તરફ નજર કરતાં ખ્રીસ્તી ધર્માવલબી ધર્મપિતા ડેમીયન જેવાઓ કરતા પણ તમારામા શ્રદ્ધા, સ્વાર્થ ત્યાગ, સહનશીલતા અને દીન વત્સલતા એ ગુણો અવશ્યમેવ અધિક હોવા જોઇયે, છતા તમો કે તમારા ધર્મ ગુરૂઓમા અત્યારે તે ગુણો છે? શું તમે તે સપ્રદાયોના ખરેખરા

ષને માટે નિરાશ થવાનુ આપણુને કાઇ પણ પ્રયોજન નથી. સોક્રેટી-સની પેઠે તેમણે હિમ્મતથી મૃત્યુનો અ ગીકાર કર્યો હતો. વળી જે સૂક્ષ્મ દ્રષ્ટિથી ડેમિયને પોતાનાપર આવી પડેલાં દુઃખો સહન કર્યા હતાં તે સૂક્ષ્મ દ્રષ્ટિ સોક્રેટીસમા નહોતી. ડેમિયન તો માનતા હતા કે જો આપણે ઉદ્ધાર કરવો હોય તો કષ્ટ સહન કરવાજ જોઇએ. કષ્ટ વિના ઉદ્ધાર થઇ શકેજ નહિ અને એથી તેઓ આનદપૂર્વક પોતાને ભાગે આવેલા કષ્ટો સહન કરતા હતા. ડેમિયન જે ધીમુ અને ભય-કર મૃત્યુ પામ્યા હતા તેની આગળ સોક્રેટીસનુ મૃત્યુ તો કાંઈ વિસા-તમાં નહોતું. તે છતાં પણ તેઓ આ ધીના અને ભયંકર મૃત્યુથી ધૃણા પામીને દૂર ખસી ગયા નહોતા. વિષ પીવાથી સોક્રેટીસનુ મૃત્યુ તો જરાવારમા થયુ હતુ, પરતુ ડેમિયને જે વિષ પીધુ હતું તેથી તો દીર્ઘકાળ પર્યંત તેઓ જીવતા મુઆ જેવી સ્થિતિમાં રહ્યા હતા. તેથી તો ટુકડે ટુકડે તેમનુ મૃત્યુ થયુ હતું અવયવો એક પછી એક ભેદા-ઇને તેમનુ મૃત્યુ થયુ હતુ. તે છતાં પણ ડેમિયને પોતાનાપર આવી પડેલી આપત્તિ આનદપૂર્વક સહન કરી હતી ક્રાઇસ્ટના વ્હાલા દૂત તરિકે તે આપત્તિને માન આપીને તેમણે તેનુ સ્વાગત કર્યું હતું.

૧૮૮૪ મા તેમને પહેલ વ્હેલો આ રોગ લાગુ પડયો. આ વર્ષમા આ રોગની ભયંકર વેદનાથી પરિચિત થયા પૂર્વે તેઓ લખે છે કે "મને આ બિમારી લાગુ પડી છે તેમા તો હવે કાંઈ શક

અનુયાયી ગણાવા યોગ્ય છો? ગુજરાત અને ભારતના અન્ય પ્રદેશોમા નિવસતા તમારાજ ધર્મના સેકડો–હજારો રક્તપિત્તીયા અને અન્ય મહા વ્યાધિગ્રસ્ત બધુઓ તથા તેમના આશ્રમો હયાતી ધરાવે છે તેની પણ તમને ખબર છે? તો પછી તેમના શરીરિક અને આત્મિક કલ્યાણ માટે તો-શરીરથી નહિ,-તો દ્રવ્યથી પણ ઉપકાર કરવાનું તમો મહા ભક્તોને ભાનજ ક્યાથીજ સુઝે? 'મંત્રી'

નથી; હવે હુ એક રક્તપિતિઓ બન્યો છુ, એમ જણાવતા મને ખુશી ઉપજે છે."

જો કે હવે તેઓ રક્તપિત્તિઆઓની પંક્તિમા દાખલ થઈ ચૂક્યા હતા તો પણ તે દ્વીપમા ધર્માચાર્ય તરિકે તેઓ એકલાજ હતા એમ જાણી આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. સહાયક ધર્માચાર્યની અગાઉથી બદલી થઇ ગઇ હતી અને તેની જગ્યાએ હજી કોઇ બીજો માણસ નિયુક્ત થયો નહોતો પરતુ તેમને રોગ લાગુ પડયો અને નવા રક્તપિત્તની સઘળી વેદનાઓ તેમને સહન કરવી પડતી હતી તે છતાં પણ ડેમિયન ઉદ્યોગ કરતા બંધ પડતા નહિ, તેમજ કાર્ય ઓછુ પણ કરતા નહિ. ત્યાર પછી જે પાંચ વર્ષ તેઓ જીવ્યા તે અરસામાં તેમણે પોતાની જાતની કાઇ વધુ સભાળ લીધી નહોતી.

તેઓ મુખ્ય ધર્માધ્યક્ષ ઉપર પત્ર લખતા ત્યારેજ પોતાના દેહ વિષે લખતા, તે શિવાય કદિ કોઇને પણ લખતા નહિ મુખ્ય ધર્મા-ધ્યક્ષને પોતાના શરીરની સ્થિતિ જણાવવાની તો તેમને ફરજ પડતી હતી અને તેઓ તે કાર્ય ફરજ તરીકેજ કરતા હતા તેઓ માત્ર એટલુ લખતા કે " હુ હોનોલુલુ આવી શકુ એમ નથી, કારણ કે મારાપર રક્તપિત્તે હુમલો કર્યો છે મારા ડાબા ગાલ ઉપર અને મારા કાન ઉપર તેના ચિન્હો છે અને મારી પાપણો ખરી પડવા લાગી છે. અલ્પ સમયમા મારે આખે શરીરે ચાંદા પડી જશે. આ રોગના ખરા સ્વરૂપ વિષે મને જરા પણ શક ન હોવાથી હુ શાત રહુ છુ. મે સઘળી કાળજી ઇશ્વરને સોપી દીધી છે અને હુ મારા લોકોની વચમાં ઘણો સુખી રહુ છુ. મારા ઉદ્ધારને માટે કયો માર્ગ ઉત્તમ છે તે દયાળુ ઇશ્વર સારી પેઠે જાણે છે. "

થોડા કાળ સુધી આ રોગ શુશ્રૂષા (જાપાનીસ શુશ્રૂષા પ્રણાલિ) ને તાબે થતો જણાયો. આ અરસામા તેને જે વિશ્રાંતિ મળી તેનો

વિનિયોગ તેણે સાર્વજનિક કલ્યાણ કરવામાં કર્યો. તે લખે છે કે “ હવાઇઅિન સરકારે મને સાતસેં રક્તપિત્તિઆઓને માટે અહીંઆં એક વિશાળ દવાખાનુ બાધવાની આજ્ઞા કરી છે. આ લોકોની સર્વ શુશ્રૂષા મારી આજ્ઞા પ્રમાણેજ થશે. માટે મારે માત્ર ધર્માચાર્ય તરીકેજ નહિ, પરતુ વૈદ્ય અને શિલ્પ શાસ્ત્રી તરિકે પણ કામ કરવાનુ છે,”* પરતુ રોગની થોડી શાંતિ થવાથી પ્રથમ જે આશા ઉદ્ભવી હતી તે ઝાઝીવાર ટકી શકી નહિ ધીમેથી પણ દૃઢ રીતે રોગ જામતો ગયો અને હવે પર્યવસાન વિષે જરા પણ શકા રહી નહિ હવે તેમનુ મરણ નજીક આવતું જતું હતું, પરતુ રક્તપિત્તના ધામમાં તેમની આખ સદાને માટે મીંચાઈ તે પૂર્વે જે કાર્યને માટે તેમણે પરિશ્રમ કર્યો હતો તે કાર્યને સિદ્ધ થયેલુ જોવાનો સતોષ તેમને પ્રાપ્ત થયો તેમનુ કાર્ય સિદ્ધ થયુ હતુ, જે ઉદ્દેશને માટે તેમણે પ્રાણોત્સર્ગ કર્યો હતો તે અન્યોએ ઉચકી લીધો મોલોકાઇનુ હિત થવાની ખાત્રી થઇ તેમણે સોળ વર્ષ પર્યંત ધર્માચાર્ય તરિકે કાર્ય કર્યુ તેમનો અત આવ્યો તે વખતે ત્યા પાચ દેવળો અને બે સ્થાયી ધર્માચાર્યો હતા. વળી એક ઉત્સાહી સસારી માણસ કે જે તેમનો સહાયક હતો તે બિમાર માણસોની શુશ્રૂષા કરતો હતો. તદુપરાત ડૅમિયને આરભેલા કાર્યને સોથી મોટો વિજય તો એ મળ્યો

---

* આ વખતે કોઇ પણ શિક્ષિત મનુષ્યને ડમિયનને સાહાય્ય કરવાને માટે મોકલવામા આવ્યો નહોતો આ વખતે ડૅમિયનને એકલાને ઘણુ કામ કરવું પડતુ હતુ, પરતુ સદ્ભાગ્ય વશાત્ મહાશય ડટન કે જે એક અમેરિકન હતો અને જેને શુદ્ધ કરીને કૅથોલીક પથમા લેવામા આવ્યો હતો તેણે સ્વેચ્છાથી આવી રક્તપિત્તાશ્રમમા પાટા બાધનાર તરિકે કામ કરવા માડયુ આથી મહાત્મા ડમિયન બીજા વધારે અગત્યના કામો કરવાને છૂટા થયા.

કે રક્તપિત્તાશ્રમમા સુધારા કરવાનુ કાર્ય ફ્રાન્સિસ્કન ભગિનીઓની એક મ ડળીએ ઉપાડી લીધુ. ડૅમિયને જે કાર્યનો આરભ કર્યો હતો તેને અનાથાલયો અને દવાખાનામાં કામ કરીને તે ભગિનીઓએ સપૂર્ણ કર્યું. "જો આપણે ત્યા ભગિનીઓ આવે તો કેવુ સારૂ !" એવો પોકાર ડૅમિયને ઘણા દિવસ સુધી કર્યો હતો. તેમણે લાંબા વખત સુધી ધૈર્યપૂર્વક રાહ જોઇ અને સતત પ્રાર્થના કરી ત્યાર પછી ભગિનીઓનુ આગમન થયુ ષોડશ વર્ષ પર્યંત કટાળા ભરેલો પરિશ્રમ કર્યા પછી તેમનો અત આવ્યો. આ અરસામા તેમણે જીવત મૃત્યુની સર્વ ભયકર વેદનાઓ સહન કરી હતી.

* * * *

* * * *

જે ઓરડામા તેઓ સૂતા છે તેમા ચારે તરફથી સૂર્યનો પ્રકાશ આવે છે. તેમના કામો વ્યવસ્થાસર ગોઠવાઇ ગયા છે, તેમનો આત્મા અન્ત્ય પ્રવાસને માટે તૈયારી કરી રહ્યો છે અને તેઓ શાત રીતે આજ્ઞાની રાહ જુએ છે

તેમણે પોતાના સહધર્માચાર્યને પોતાની પાસે બોલાવ્યો અને તેને કહ્યુ " મારા હાથ તરફ જુઓ સર્વ વ્રણ રૂઝાતા જાય છે, અને ત્વચાનુ ઉપલુ પડ શ્યામ પડતુ જાય છે. એ મોતની નિશાની છે, એ વાત તો તમે સારી પેઠે જાણોજ છો મારી આખ તરફ જુઓ, મે આટલા બધા રક્તપિત્તિઆઓને મરતા જોયા છે, તેથી મારૂ ધારવું ખોટુ નથી. હવે મારૂ દેહાવસાન દૂર નથી. **મુખ્ય ધર્માધ્યક્ષને પુનઃ મળવાની મારી ઇચ્છા હતી પરંતુ ભલો ઇશ્વર, ઇસ્ટરનું પર્વ તેમની પોતાની સાથે ઉજવવાને મને બોલાવે છે. મારે તે માટે તેનો આભાર માનવો જોઈએ.** "

બીજે દિવસે તેમના સહધર્માચાર્યે પોતાને આશીર્વાદ આપવાને

પ્રાર્થના કરી અને કહ્યું કે " આપ એલિયાસની પેઠે આપનો ઝબ્બો મને આપશો ? " ત્યારે તે મરણ શય્યાપર પડેલા માણસે હસતા હસતાં કહ્યું " તોબાહ ! તોબાહ ! એતો રક્તપિત્તથી ભરેલો છે ! " આ રીતે આનદી સ્વભાવ અને બાળકના જેવી શ્રદ્ધા કે જે ડૅમિયનના ખાસ ગુણો હતા તે તેના અવસાન પર્યંત રહ્યા હતા ૧૮૮૯ ના એપ્રિલની ૧૫ મી તારીખે તેમનુ મરણ થયુ. રક્તપિત્તિયાંઓનો બેલી, તેમનો ઉદ્ધારક–તેમનો ધર્મપિતા આ નાશવત જગતમાથી સદાને માટે મહાન પ્રભુના શરણને પ્રાપ્ત થયો !

તેમના મૃત્યુની ખબર ફેલાતા સમગ્ર મોલોકાઈમા એકાએક શોકનુ સામ્રાજ્ય પ્રસરી રહ્યું, ચારે તરફ શોકના પોકારો પડવા લાગ્યા

આ ભયકર શોકોત્પાદક ખબર હોનોલુલુમા પહોંચી અને ત્યાથી તે દરિયો ઓળગીને દૂર દૂરના પ્રદેશોમા ફેલાવા લાગી. યૂરોપ અને અમેરિકાના પ્રત્યેક પાટનગરમા એમના મૃત્યુની ખબર આપનારા જાહેરનામા ચોઢવામા આવ્યા. આ સ્વર્ગસ્થ મહાપુરૂષની પ્રશસાના લેખો લખવામા વર્તમાનપત્રો એકબીજા સાથે સ્પર્ધા કરવા લાગ્યાં અને સમસ્ત પૃથ્વીમા શોકમિશ્રિત પ્રશસાનો પોકાર ફેલાઇ રહ્યો. થોડો વખત થયા મોલોકાઈવાળા ડૅમિયનને સર્વ લોકો પ્રતિમાની પેઠે પૂજતા હતા, પરંતુ હવે તે મહાન હૃદય ધબકતું બધ પડી ગયુ. જે માણસે પૃથ્વીમાં મહાન કાર્યો કર્યાં હતા તેના જીવાત્માને તેના પરિશ્રમનુ પ્રતિફળ આપવાને માટે બોલાવી લેવામા આવ્યો અને તેના રક્તપિત્તગ્રસ્ત સ્થૂળ શરીરને કબ્રમાં પૂરી દેવામાં આવ્યુ.

જ્યારે આ ખબર ઇંગ્લાંડમા પહોંચી ત્યારે સર્વ લોકોને અત્યત ખેદ થયો. દેશને આ છેડેથી પેલે છેડે સુધી બસ તેના મરણનીજ વાત ચર્ચાવા લાગી. જ્યાં ત્યાં તેનીજ વાત થવા લાગી. તે સમયે સામાન્ય મનુષ્યત્વની ગ્રથિ વિજયશાળી થઇ. થોડા વખત સુધી

પંથને પંથથી અને સમાજને સમાજથી પૃથક્ કરનાર કોટ તુટી પડયા. સામાજિક, રાજકીય અને ધાર્મિક મતભિન્નતાને તિલાજલિ આપી વિસરી જવામાં આવી. સર્વ લોકોએ ડૅમિયનને મનુષ્ય અને બંધુ તરિકે માન આપ્યુ તેમની ખોટ પુરાઈ શકે એમ નથી એમ ધારી લોકોએ તેમને માટે અત્યંત શોક પ્રદર્શિત કર્યો

જાહેર સભાઓ ભરવામા આવી અને બ્રિટિશ પ્રજા ડૅમિયન પ્રત્યે જે માનની દૃષ્ટિથી જોતી હતી તેને પ્રત્યક્ષ અને સ્થાયી સ્વરૂપ આપવાના ઉદ્દેશથી એક પ્રજાકીય કમિટિ નિયુકત કરવામા આવી આ વખતે શહેનશાહ સપ્તમ એડવર્ડ (તે વખતના પ્રીન્સ ઓફ વેલ્સ) જે અસરકારક ભાષણ કર્યું તેના પરિણામે નીચલા ત્રણ ઠરાવો પસાર કરવામા આવ્યા (૧) મોલોકાઈમા એક યોગ્ય સ્મારક બાંધવુ (૨) ઇંગ્લાંડમા 'ડૅમિયન ઇન્સ્ટીટ્યુટ' નામની સંસ્થા સ્થાપન કરવી અને તેમા રક્તપિત્તના અભ્યાસને ખાસ સ્થાન આપવુ, (૩) હિંદમા અને સર્વ બ્રિટિશ સંસ્થાનોમા રક્તપિત્તનો રોગ કેટલો પ્રસરેલો છે તેની સંપૂર્ણ તપાસ કરવાને માટે એક સંસ્થાની સ્થાપના કરવી

આ ઠરાવો પ્રમાણે પાછળથી કાર્ય કરવામા આવ્યુ અને મહાત્મા ડૅમિયનના સ્મારક તરીકે ઇંગ્લાંડમા એક મોટો ગ્રેનાઈટનો ક્રૅાસ સ્થાપિત કરવામા આવ્યો. આ ક્રૅાસ ઉપર સંતજૅાનના નિમ્ન-લિખિત શબ્દો કોતરવામા આવ્યા છે.

" આ માણસના કરતાં વધુ પ્રેમ અન્ય કોઈનામાં નથી, કારણ કે એણે દીન દુઃખીઓને ખાતર આત્મોત્સર્ગ કર્યો છે. "

એક બેલ્જીઅન ગામડીઓ કે જેણે રક્તપિત્તિઆઓને માટે કષ્ટ સહન કર્યાં હતા અને જેણે અંતે તેને માટે પ્રાણ ત્યાગ કર્યો હતો તેને ઇંગ્લાંડવાસીઓ કેટલો ચાહતા હતા તેનુ પ્રત્યક્ષ અને સ્થાયી પ્રમાણ આ ક્રૅાસ છે.

શકુની આકૃતિનો એ નાનો દ્વીપ કે જે નીલવર્ણા સમુદ્રમાથી પોતાની ડોક બહાર કાઢીને જુએ છે; પાણીના તરગો તેના શબને પોતાના ખોળામાં લઇને જાણે કે ડૅમિયનના આત્માની શાન્તિને અર્થે ભજન ન કરતા હોય તેવો ઘુઘવાટો કરે છે.

પેન્ડેન્સના વૃક્ષની નીચે તે આરામ લે છે, પીળી રેતીમા ઉડે તેની શય્યા છે. ડૅમિયને પ્રથમ મોલોકાઈ દ્વીપમા પગ મૂકયો ત્યારે જે વૃક્ષે તેમને આશ્રય આપ્યો હતો તેજ વૃક્ષ હમણા તેના ઉપર ચોકી કરે છે

ડૅમિયનના મૃત્યુકાળે એક કવિએ જે નિમ્નલિખિત સુદર ટૂંકો જોડી છે તેને આપણે સ્મૃતિપટમાથી દૂર કરી શકતા નથી

" ડૅમિયનની સમાધિ ઉપર કોઇ સુવર્ણ મદિર શોભતું નથી, એતો એક રક્તપિત્તથી પરિપ્લુત થયેલા કિનારા ઉપર એક રક્તપિત્તિઆની કબ્ર છે, કે જ્યા આગળ આશા મરી ગઇ છે અને જ્યાં મનુષ્ય, મનુષ્યની પાસે જતાં અચકાય છે; જ્યા વિલાપ કરતા સમુદ્ર તરફ આક્રદ કરતા જળપ્રવાહો દોડે છે અને જ્યા આક્રોશ કરતી ડુગરીઓ નિરોગી વનસ્પતિ તથા પ્રાણીપર દયા કરીને તેને દૂરજ રાખે છે (તેને પોતાની સપાટીપર ઉદ્ભત થવા દઇને તેને સ્વાહા કરતી નથી એટલી તેની દયા છે). એવુ સ્થળ ઇશ્વરે એક એવા માણસને માટે નિયત કર્યું કે જે વીર સાધુઓના ઝુડનો નેતા હતો અને જે ક્રાઇસ્ટના હદપાર થયેલા ઘેટાના ગોવાળની સ્થિતિમા મરણ પામ્યો હતો. ડૅમિયનની રક્ષા ઉપર વિશાળ આકાશરૂપી મદિરનો ઘુમટ શોભી રહ્યો છે, પ્રકાશિત નક્ષત્રો સુવર્ણાક્ષરો બની રહ્યાં છે અને સમુદ્ર તેનાં વિશ્રાતિસ્થાનની આસપાસ નિરંતર તેના સ્તોત્રો ગાયા કરશે. કારણકે ડૅમિયને મુડદાથી ભરેલા મકાનને પોતાનું ઘર બનાવ્યુ હતું અને પ્રેમને મૃત્યુ સાથે સ્પર્ધામા ઉતાર્યો હતો; ડૅમિયનનુ નામ જગતનું એક સોજ્વળ આશીર્વચન થઈ પડશે. "

નવમ પરિચ્છેદ.

સ્મારક.

મોલોકાઈના ડુંગરાળ પ્રદેશમા ડૅમિયને જે કાર્ય કર્યુ તેનુ પુનરાવલોકન કરતા આપણને એક વાત ઘણી સ્પષ્ટ રીતે જણાય છે અને તે એ છે કે તેનુ નિત્ય જીવન હમ્મેશા પરલોકના વિચારોથી પ્રેરિત રહેતું હતું અને જેવી રીતે આસપાસ અધકાર હોય તો પ્રકાશ વધારે ઉજવળ દેખાય છે તેવી રીતે આ સ્વાર્થપરાયણતાના યુગમા, ભૌતિક સપત્તિ પ્રાપ્ત કરવાની દોડાદોડીમા આધ્યાત્મિક સપત્તિને વિસારી દેવાની મૂર્ખતા કરવામા આવતી હોય તેવા યુગમા, ડૅમિયને જે કાર્ય કર્યું તેની મહત્તા ઘણી વધી ગઈ

વળી ડૅમિયને પોતાના યુગના લોકોની સામાન્ય વૃત્તિપર જે વિજય મેળવ્યો તે આપણને આશ્ચર્યચકિત કરે છે. પ્રત્યેક મનુષ્યના હૃદયમાં જે મહાન શક્તિઓ ગુપ્ત રીતે દબાઈ રહી છે તેને જો દૈવી સ્ફુર્ણાનો ઓપ આપ્યો હોય તો તે કેવા કેવા મહાન કાર્યો કરી શકે છે, તેનુ એક દ્રષ્ટાત ડૅમિયન આપણને પુરૂં પાડે છે. આ મહાન શક્તિઓને જો દૈવી સ્ફુર્ણાનો ઓપ ન આપવામા આવે તો તે સદા સર્વદા ઢકાયેલીજ રહે છે.

નિદા વા સ્તુતિપર જરાપણ લક્ષ આપ્યા વિના આ ગ્રામ્ય ધર્માચાર્ય અડગ રીતે પોતાનાં કાર્યને વળગી રહ્યો. અન્ય માણસોના અભિપ્રાયપર તે જરા પણ ધ્યાન આપતો નહોતો. તે સર્વોચ્ચ લક્ષ્ય પ્રાપ્ત કરવાને માટે પ્રયાસ કરતો હતો. તે પોતાના પ્રભુને ખાતર કામ કરતો હતો. આથી જે કામ તેના હથામા આવતું તેને તે અનન્ય ભાવ અને અસ્ખલિત પ્રેમથી કરતો.

ઘણા કાર્ય કર્તાઓને દુનિયાનો આ ખુણો (મોલોકાઈ દ્વીપ) એકાંત વાસ જેવો નીરસ લાગ્યો હોત, પરંતુ ડૅમિયનને નીચેની ટુંકો પર સંપૂર્ણ શ્રદ્ધા હતી.

“ નક્ષત્રો અને આકાશની વ્યવસ્થા થઇ હતી તે પૂર્વે ઈશ્વરે મારે વિષે-વિચાર કર્યો હતો. મારૂં જીવન નિશ્ચિત કરી મૂકયું હતું અને તેના સંયોગો-સર્વ સંયોગો-નાનામાં નાના સંયોગો પણ ગોઠવી મૂકયા હતા. ”

તેથી રક્તપિત્તગ્રસ્ત લોકોની સેવા કરવામાં તે સંતોષ માનતો હતો. તેથી તે અતિ આનંદ પામતો હતો તે સુખી હતો કારણકે તે સર્વ કામ પ્રભુનેજ અર્પણ કરતો હતો. રૉબર્ટ બ્રાઉનિંગ પૂછે છે કેઃ—

કોણ જીવંત છે ?

હવે આપણા માણસો ભાગ્યેજ ખરી સેવા કરવાને આતુર હોય છે. મોટા નામો શોભતા લાગે છે. પરંતુ મોટુ નામ તો કોઈ પણ રીતે પ્રાપ્ત કરી શકાય છે મોટાં નામોનો જાણે જુગાર રમાતો હોય તેમ લાગે છે. વધારે પ્રસિદ્ધ માણસો તો ખરી લાગણીથી કામ કરનારાઓની અપેક્ષાએ જાણે બાળકની પેઠે રમતજ રમે છે ”

“ ત્યારે કોણ જીવંત છે ? ”

આ પ્રશ્નનો ઉત્તર ડૅમિયને બરોબર આપ્યો છે, કારણ કે તેમણે ખરી લાગણીપૂર્વક કામ કર્યું છે.

કષ્ટ પામતાં માણસોની ડેમિયને જે સેવા કરી, માની ન શકાય એવાં જે કષ્ટો તેણે બહાદુરીથી સહન કર્યાં અને તેમણે પોતાની માનસિક શક્તિઓને માટે જે પ્રસિદ્ધિ મેળવી તથા તેમણે જે પવિત્ર જીવન ગાળ્યુ, તે સર્વ વાનાં પણ તેમને નિંદકની જીવ્હાથી બચાવી શકયા નહિ. હજી તો તેમની કબર પણ સૂકાઇ નહોતી તે પૂર્વે તેમનાં

ચારિત્ર્યપર ટીકા થવા લાગી. બદનકશીના ઘણાક કેસોમા નિંદકો પોતાના લાભને માટે પારકી નિંદા કરતા હોય એમ જણાતું નથી, પરંતુ ડૅમિયનની બદનકશી કરવામાં નિંદકનો હેતુ પોતાનો સ્વાર્થ સાધવાનો હતો. આથી નિંદકનો અપરાધ ઘણો ભયંકર હતો. જો આ અપરાધ નાનો હોત તો કદાચ તે પર કોઇએ લક્ષ પણ આપ્યુ નહોત, પરંતુ લોકોના સદ્‌ભાગ્યે તે અપરાધની ભયંકરતાએ એક મહાન લેખકનુ ધ્યાન ખેચ્યુ અને તેણે આ ગુન્હો કરનારના વચનનુ પ્રબળતાથી ખંડન કર્યું. આ લેખક રૉબર્ટ લુઇ સ્ટિવન્સન છે

તેણે લખેલો ખુલ્લો પત્ર બહુ પ્રસિદ્ધિ પામ્યો છે. અગ્રેજી ભાષાના સાહિત્યમા આ પત્રના જેવો ઉપહાસાત્મક લેખ (satire) એક પણ નથી એ પત્રમા જે પ્રતિભા અને પાઠકના મનની ખાત્રી કરવાની શક્તિ રહેલી છે, તે અગ્રેજી સાહિત્યના બીજા લેખોમા ભાગ્યેજ હશે માત્ર શબ્દપાંડિત્યને લીધેજ નહિ, પરંતુ તેની સત્યતાને લીધે પણ તે પત્ર વખણાયો છે. આ પત્ર ડૅમિયને કરેલા કાર્યોનુ પ્રત્યક્ષ પ્રમાણ અને તેના વીરતા ભરેલા સદ્‌ગુણનો ચિરંજીવ ઇતિહાસ છે

વસ્તુસ્થિતિ આવી હોવાથી ડૅમિયનની નિંદા ફેલાવનારો પત્ર અને તેનું ખંડન કરનારો પત્ર એ ઉભયને અહીઆ દાખલ કરવા યોગ્ય છે. એક મરણ પામેલા માણસની આ પણ એક સેવાજ કરેલી કહેવાશે.

નિંદાત્મક પત્ર હોનોલુલુના ડૅાકટર હાઇડે સિડનીના રેવરંડ ડૅાકટર ગેઇજ ઉપર મોકલ્યો હતો. આ ગૃહસ્થે તે પત્ર ‘ સિડની પ્રેસ્બીટેરિયન ’ નામના સાર્વજનિક પત્રપર મોકલી આપ્યો. આ સાર્વજનિક પત્રે ઉપરોક્ત નિંદાત્મક પત્રને ‘ સારી જહાનમે ’ ફેલાવ્યો. આ પત્ર જ્યારે ઉપરોક્ત સાર્વજનિક પત્રમા પ્રકટ થયો ત્યારે સ્ટિવન્સન દક્ષિણ મહાસાગરમા પ્રવાસ કરતા હતા. આ ઘટનાને થોડા માસ વ્યતીત થઇ ગયા પછી તેઓ એક બંદરપર ઉતર્યા અને તે પત્રના જે અંકમા

ઉપરોક્ત નિંદાત્મક પત્ર પ્રકટ થયો હતો તે અકપર આકસ્મિક રીતે તેમની દ્રષ્ટિ પડી તે પત્રમા ડેમિયનના ઉપર જે તિરસ્કરણીય આરોપો મૂકવામાં આવ્યા હતા તે વાચીને સ્ટિવન્સનના હૃદયમાં ડેમિયન પ્રત્યે રહેલી સઘળી માનવૃત્તિ ઉશ્કેરાઇ આવી અસહાય મનુષ્યપર આક્રમણ કરવુ એ કાયર પુરૂષનુ કામ છે, તો પછી મૃત મનુષ્યપર જે પ્રહાર કરે છે તેને તો શુજ કહેવું ? સ્ટિવન્સને આ તક ઉપાડી લીધી અને તેણે પોતાની કલમના ગોદાપર જે દુર્ભાગી માણસને ચઢાવ્યો તેના જેવો દુનિયાની દ્રષ્ટિમા કોઇ પણ માણસ ઘૃણા અને તિરસ્કારને પાત્ર થયો નથી આ લેખ નીચે પ્રમાણે છે:—+

મહાત્મા ડેમિયન. સિડનિથી રૉબર્ટ લુઇસ્ટિવન્સન તરફથી હોનોલુલુના રેવરડ ડૉ. હાઇડને એક ખુલ્લો પત્ર ૨૫ મી ફેબ્રુઆરી ૧૮૯૦.

"સાહેબ !

કદાચ તમને સ્મરણ થશે કે આપણે મળ્યા છીએ, અને એક બીજા સાથે વાર્તાલાપ કર્યો છે, મને તો એ વાર્તાલાપમા રસ પડયો હતો કદાચ તમને સ્મરણમા આવશે કે તમે મારી સાથે કેટલોક વિવેક કર્યો છે કે જેને માટે આપનો આભાર માનવાને હું તૈયાર થયો હતો. પરતુ કેટલાંક કર્તવ્યો એવા હોય છે કે જેના ઉપર કૃતજ્ઞતા કરતા પહેલુ લક્ષ્ય આપવુ પડે છે, અને કેટલાક અપરાધો એવા હોય છે કે જે વાજબી રીતે મિત્રોને જુદા પાડે છે, તો પછી પરિચિતોનો તો હિસાબ જ શુ ? તમે રેવરડ એચ. બી. ગેઈજ ઉપર એવો પત્ર લખ્યો છે કે જે, મારી દ્રષ્ટિથી જોતા, હુ ભૂખે મરી જતો હોઉં તે વેળાએ તમે મને રોટલી આપો અથવા મારો પિતા મરણ શય્યા-

---

+ મૂળ લખાણમાથી થોડી લીટીઓ કાઢી નાખવાનુ ઉચિત ધારવામાં આવ્યુ છે, કે જેથી "સેંટ નિકોલાસ માળા" માં જેટલી જગ્યા રોકવાની અનુકૂળતા હોય તેટલામાં તેનો બધો ભાવાર્થ સમાઈ શકે.

પર પડયો હોય તે વખતે તેની શુશ્રૂષા કરો તો પણુ, કૃતજ્ઞતાના બંધનમાથી મને મુક્ત કરે છે. ખ્રિસ્તી ધર્મના સતોની નામાવળીમા કેવી રીતે દાખલ થઈ શકાય છે તે તમે સારી પેડે જાણો છો અને તેટલા માટે તમારે એમ જાણીને ચેતવું જોઈતું હતુ કે ડૅમિયનના મૃત્યુ પછી શતવર્ષે **સેતાનના હિમાયતીનુ** દુખમય કાર્ય કરવાનુ માથે લઈને એક માણુસ દેખાવ દેશે. મારા અને માટીના બનેલા સર્વ જણના તે ઉદાત્ત બધુએ શતવર્ષની નિદ્રા ભોગવ્યા પછી એક માણુસ તેની નિદા કરશે અને એક માણુસ તેની સ્તુતિ કરશે

આ તો એક અસાધારણુ સયોગ છે કે તે સેતાનનો હિમાયતી એક સ્વયં સેવક છે, ઘણો નિકટનો સબધ ધરાવનાર એક પ્રતિસ્પર્ધા કરનારા પથનો સભ્ય છે અને મૃત મનુષ્યના હાડકા પણુ હજી ઠંડાં નહિ પડયા હોય તે પૂર્વે તે પોતાનુ કુત્સિત કાર્ય કરવાની ઉતાવળ કરવા મડી પડે છે, અને તે એવી દુષ્ટ વૃત્તિથી ભરેલો છે કે તેની દુષ્ટતાનુ પ્રમાણુ કાઢવાનુ કાર્ય હુ મારા પાઠકોના હાથમાજ સોપું છુ, એ એક અસાધારણુ સયોગ છે, તો પણુ મને તો તે ઉત્તેજિત કરનારો છે. સત્ય પ્રત્યક્ષ કરવાને અને લાગણી ઉશ્કેરવાને માટે શબ્દોનો ઉપયોગ કરવાની કળા જો હુ જરા પણ શીખ્યો હોઉ તો તમે નિદાન મને એક વિષય પુરો પાડયો છે. સર્વ મનુષ્યોના કલ્યાણુને ખાતર અને આખી દુનિયામા યોગ્ય માણુસોની યોગ્યતા જળવાઈ રહે એટલા ખાતર ડૅમિયનનો પક્ષ પકડીને તેનુ ખરાપણું સિદ્ધ કરવું જોઇએ, એટલુજ નહિ પરતુ તમને અને તમારા પત્રને સમાજની આગળ તમારા સત્ય સ્વરૂપમા ખુલ્લા કરવા જોઈએ

આ કાર્ય યોગ્ય પ્રકારે કરવાને માટે પ્રથમ તો મારે તમારાં

વાક્યોમાંથી પુષ્કળ ઉતારા આપવા જોઇએ. ત્યાર પછી હું દૈવી અને માનુષી એવા કેટલાંક દ્રાષ્ટબિંદુથી તમારાં કથનપર ટીકા કરવાને પ્રવૃત્ત થઇશ, જે અરસામા જે સ્વર્ગસ્થ સંતની નિંદા કરવાનો તમને શોખ થઇ આવ્યો તેના ચારિત્ર્યને પુનઃ સવિસ્તાર આલેખવાનો હું પ્રયત્ન કરીશ. આટલુ થઇ રહ્યા પછી હું તમને છેલ્લી સલામ કરીશ.

"હોનોલુલુ ૨ ૭ ઑગસ્ટ ૧૮૮૫.

રેવરંડ ઍચ બી. ગેઇજ.

પ્રિયબંધુ ! ફાધર ડૅમિયન વિષે તમે જે હકિકત માગી છે તેના પ્રત્યુત્તરમાં હુ માત્ર એટલુજ કહી શકુ છુ કે જાણે તે એક સૌથી મહાન સત અને પરમાર્થી પુરુષ હોય તેમ વર્તમાન પત્રો તેની જે અતિશયોક્તિ ભરેલી પ્રશસા કરે છે તે જોઈને તે માણસને (બરાબર) ઓળખનાર અમે આશ્ચર્યચકિત થયા છીએ સાદુ સત્ય એ છે કે **તે માણસ મેલો-ઘેલો, ગંદો, જક્કી અને મતાંધ હતો.** તેને મોલોકાઇમા મોકલવામા આવ્યો નહોતો પરતુ તે ત્યાં આજ્ઞા વિના ગયો હતો; (તે સ્વય રક્તપિત્તથી ગ્રસ્ત થયો નહિ તે પૂર્વે) તે રક્તપિત્તિઆઓની સાથે રહેતો નહોતો, પરતુ સમગ્ર દ્વીપ ઉપર છૂટથી ભ્રમણ કરતો હતો (દ્વીપના અર્ધા કરતાં ઓછા ભાગમાં રક્તપિત્તિઆઓનો વાસ છે.), અને તે વારંવાર હોનોલુલુ આવતો હતો મોલોકાઇમા જે સુધારાઓ થયા છે તેમા તેનો હાથ નહોતો. સુધારાઓ તો જેમ જેમ પ્રસંગ આવતા ગયા અને સાધન મળતાં ગયાં તેમ તેમ અમારી 'આરોગ્ય સાચવનારી મડળી' (બોર્ડ ઓફ હેલ્થ) એ કર્યા હતા......જે રક્તપિત્તથી તેનુ મૃત્યુ થયુ તે તો તેના દુર્ગુણો અને બેદરકારીનુ પરિણામ હતું એમ કહેવું જોઇએ. બીજાઓએ, અમારા પોતાના ધર્માચાર્યો, સરકારી વૈદ્યો વગેરેએ બહુ કામ કર્યું

છે, પરંતુ તેમણે કોઈએ કૅથોલિક પંથ પાળનારા લોકોની માન્યતા પ્રમાણે, અનંત જીવન પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી કર્યું નથી.

આપનો

સી. એમ. હાઇડ"

(સિડની પ્રેસ્બિટેરિયન તા ૨૬ મી અકટોબર ૧૮૮૯ના અંકમાંથી.)

આવા અસાધારણ પત્રનો યોગ્ય પ્રત્યુત્તર આપવાને માટે પ્રથમ તો મારે એના ઉપર સહી કરનાર અને તેના પંથ વિષે હું જે જ્ઞાન ધરાવું છું તેનો આશ્રય લેવો જોઇએ કદાચ એથી બીજા ગુસ્સે થશે, પરંતુ તમે કે જેણે પોતાના પ્રતિસ્પર્ધીઓ વિષે ચાલતી વાતોનો સંગ્રહ કરવાને આટલો બધો પરિશ્રમ લીધો છે અને તેને પ્રકટ કરવાની આટલી બધી હામ ભીડી છે તે તો ભાગ્યેજ ગુસ્સે થશો અને કદાચ આ જ તે તક મળે છે કે જ્યારે તમે અત્યાર પછી જે વાંચવાના છો તેના લક્ષણો હું ઉત્તમોત્તમ રીતે તમને સમજાવી શકું. હું તમને એક એવા માણસ ધારૂં છું કે સંસ્કારી પુરુષોનું ખાસ લક્ષણ જે મૌન, તેનાથી તમે અતીત અને નીચે છો, **જે ધોરણથી તમે અન્યના પરીક્ષા કરો છો તેજ ધોરણથી પુનઃ તમારી પરીક્ષા થશે...** તમારા વ્યવસાયી બંધુઓ કે જેમના પ્રત્યે હું માનની દ્રષ્ટિથી જોઉં છું અને જેમનું હું સ્નેહપૂર્વક સ્મરણ કરૂં છું તેઓ હું જે કાંઇ કહું તેથી જો ખફા થાય તો તે માટે હું માત્ર શોક જ પ્રદર્શિત કરૂં છું. હું સ્વતંત્ર નથી, જગતના વધારે વિશાળ લાભના વિચારથી મારૂં હૃદય ઉત્તેજિત થયેલું છે; અને તમારો પત્ર વાંચતા તેમને જે દુઃખ થાય તેની સાથે મારા તરફની કોઈપણ ચીજદ્વારા તેમને થતા દુઃખની તુલના કરીએ તો તે કાંઈ જ વિસાતમાં નથી જલ્લાદની અપકીર્તિ થતી નથી, પરંતુ અપકીર્તિ તો અપરાધીની જ થાય છે. તમે એક એવા પંથના અનુયાયી છો કે જેણે હવાઇ

દ્વીપોમા એક અસાધારણ અનુકૂળ સધિ ભોગવી છે અને જે તે સધિનો વિનિયોગ કરી લેવામાં કેટલેક અશે નિષ્ફળ નીવડયો છે. હુ માનુ છુ કે તે મારો અને મારા બાપદાદાઓનો પથ છે. પહેલા પાદરીઓ આવ્યા, આ વખતે તે ભૂમિમાથી પ્રાચીન ધર્મનો એની મેળે લય થયો હતો, પ્રાય તેમનુ આગમન થયુ તેજ સમયે ઉત્સાહ પૂર્વક તેમનો સત્કાર કરવામા આવ્યો. તેમને જે સકટો નડયા હતા તે તો હવાઇઅનો તરફથી નડયા હોય તેના કરતા ગોરાગો તરફથીજ વિશેષ નડયા હતા...... .તેમને જે નિષ્ફળતા મળી તે કેટલા પ્રમાણુમા મળી અથવા તેના કારણુ શુ હતા તે શોધવાનુ આ સ્થળ નથી, અહીઆ માત્ર એકજ તત્વ પ્રાસગિક ગણી શકાય એમ છે અને અહીઆ તે વિષેજ સ્પષ્ટ વિવેચન થવુ જોઇએ. પોતાના ધાર્મિક ધધામા તેઓ અથવા તેમનામાના ઘણા શ્રીમત થઈ બેઠા છે. આ વાત કદાચ તમને નવીજ લાગશે કે હોનોલુલુના મહોલ્લાઓમા ધર્માચાર્યોના મકાનો લોકોના ઉપહાસનુ કારણુ થઇ પડયા છે નિદાન આ વાત તો તમને નવીજ લાગશે કે મે જ્યારે તમારી સભ્યતા ભરેલી મુલાકાતના બદલામા તમને વળતી મુલાકાત આપી ત્યારે મારી ગાડીના હાકનારે તમારા ઘરના કદ, ભભક અને તેમાં રહેલી સગવડનાઓ વિષે ટીકા કરી હતી. તે બપોરે મને કોઇએ એમ કહ્યુ હોત કે 'તમારા જીવન કાળમા તમારે આવી બાબત જાહેર પત્રમા પ્રકટ કરવી પડશે' તો એ નિ.સશય મને એક નવીજ ખબર લાગી હોત, પરતુ જુઓને, સાહેબ! તમારા કરતા ચડતા માણુસોને તમે તમારીજ ભૂમિકા ઉપર કેવા ખેચી પાડો છો! જે લોકો તમારી અને મારી તથા ડૅમિયનની અને સેતાનના હિમાયતીની તુલના કરવાના છે તેમણે તો આ વાત જાણુવી આવશ્યકજ છે કે તમારો (ડૅમીયનની નિદાવાળો) પત્ર એક એવા મકાનમાથી લખાયો હતો કે

જે મકાન વ્યાજબી કારણોને લીધે વટેમાર્ગુઓની ઈર્ષા અને ટીકાના કારણ ભૂત થયુ હતું હુ ધારૂંછુ કે આ સ્થળે તમારૂંજ એક સંક્ષિપ્ત વાક્ય કે જે મને ઘણું પ્રશસનીય લાગે છે તેનો હુ ઉપયોગ કરૂંછુ કે "તમારાપર એવો આરોપ મૂકાવો જોઇએ કે, તમે ડૅમિયનના જીવન અને મૃત્યુની રંગભૂમિમાં કદિપણ ગયા નથી." જો તમે ત્યાં ગયા હોત, તેનુ સ્મરણ કર્યું હોત, અને તમારા સુશોભિત ઓરડાઓ તરફ દ્રષ્ટિપાત કર્યો હોત તો કદાચ તમારી લેખિની અટકી ગઈ હોતજ તમારા પથે (અને સ્મરણુમા રાખજો કે હુ પણ એજ પથ પાળુ છુ.) સાસારિક દ્રષ્ટિથી જોતાં, હવાઇઅન સામ્રાજ્યમા કશુ ખોટું કર્યું નથી. એ પથના નિર્દોષ અનુયાયીઓ ઉપર જ્યારે આફત આવી પડી, જ્યારે રક્તપિત્તનો ઉપદ્રવ થયો અને જ્યારે તેણે અષ્ટ-દ્વીપોમાં જડ ઘાલી ત્યારે એક ઉત્તમ ધર્માચાર્યની શોધા શોધ થવા લાગી. તે પ્રગતિશાળી મડળને અને તેના એક રત્નરૂપ તમને ઇશ્વિરે એક સધિ આપી હુ જાણુછુ કે હું અહીંઆં એક અતિ તીવ્ર જ્ઞાન-તતુપર સ્પર્શ કરૂંછુ. હુ જાણુંછુ કે તમારા બીજા સહધર્માચાર્યો, તમારા મડળના પ્રમાદનુ અને ડૅમિયનના બીજાને ન ગમે એવા અડગ શૌર્યનુ પ્રાયઃ પશ્ચાત્તાપ પૂર્વક સ્મરણુ કરે છે. મારી ખાત્રી છે કે તમે પોતે પણ એમજ કરોછો, હું માનુછુ કે તમારો પત્ર કે જેમા એક માનુષી અશ દ્રષ્ટિગોચર થાય છે તે ખાસ દુષ્ટ નહિ એવી અમુક પ્રકારની ઈર્ષાથી પ્રેરાયેલો હતો. તમે હારી ગયેલા દાવ વિષે ગત કાલ વિષે વિચાર કરતા હતા; જે યોજનાઓ ઘડી શકાઇ હોત, પરતુ જે ઘડાઇ નહોતી તે વિષે વિચાર કરતા હતા, સેવા બજાવી શકાઇ હોત, પરતુ જે બજાવાઇ નહોતી તે વિષે વિચાર કરતા હતા; તમારા સુસજ્જિત ઓરડામા બેસીને જ્યારે તમે ગુસ્સાથી દાત કચકચાવતા અને લખતા હતા ત્યારે તમારા કાનમાં આ ગુપ્ત

ધ્વનિ આવ્યો હતો કે '**યાર, વખત હતો;**' તમારા હાથથી લખાયેલા શબ્દો જો કે તેનો જોટો પણ ન મળે એટલા નીચ હતા, તો પણ મને પુન કહેતાં આનદ થાય છે અને હુ તમને માત્ર એટલુજ અભિનદન આપી શકીશ કે તમારો ગુસ્સો પ્રાય સદિચ્છાથી ભરપૂર હતો, પરતુ સાહેબ ! જ્યારે આપણે નિષ્ફળ થયા હોઇએ, જ્યારે અન્ય માણુસ સફળ થયો હોય, જ્યારે આપણે આપણા સુદર મહાલયોમા બેસીને રાતામાતા બનતા હોઇએ અને જ્યારે એક સાદો, અડાણી ગામડીઓ ઇશ્વરની દ્રષ્ટિ નીચે સમરભૂમિમા કુદી પડતો હોય, અને દુ.ખીઆને મદદ કરતો હોય, અને મરણ શય્યાપર પડેલાંને આશ્વાસન આપતો હોય, અને પછી પોતેજ પ્રહાર ખાઈ દુખી થતો હોય અને કીર્તિભરેલાં ક્ષેત્ર ઉપર મૃત્યુ પામતો હોય ત્યારે, તમારો કમનશીબ પત્ર સૂચિત કરે છે તેમ કાઇ તે સમરક્ષેત્રની પુન પ્રાપ્તિ તમને થઇ શકે નહિ એ યુદ્ધ—એ સમય તો હવે તમે હારીજ ચૂક્યા, સદાને માટે હારીજ ચૂક્યા હવે તમારી એ પરાજીત સ્થિતિમાં તમારા હસ્તમાં માત્ર એકજ ચીજ બાકી રહી હતી, અને તે એજ કે "**સાધારણ માનરૂપી કેટલાંક ચીંથરાં**" પરતુ બહુજ હીન ભાગ્યની વાર્તા છે કે રહી સહી તે થોડીશી ચીજ પણ તમે ઉતાવળ કરીને બહાર ફેકી દીધી છે ! !

સત્કાર્ય કર્યાનુ સ્વાભાવિક સાધારણ માન નહિ પરતુ ખાસ દુષ્ટ કાર્ય નહિ કર્યાનુ માન એટલે કે ખરૂ કહેતા તટસ્થ–પ્રમાદી મનુષ્યને હિસ્સે આવતું માન; એજ માત્ર તમારા પાસે રહ્યું હતું આપણે સર્વ જણે ડેમિયન થવું જોઇએ યા થઇ શકીયે એવું કાંઈ નથી. એક માણસ કદાચ પોતાનુ કર્તવ્ય વધારે સાંકડી કક્ષામા ઘેરી લે અને ભલે તે પોતાની સગવડોને વધારે ચાહે, પણ માત્ર તેટલા માટે જ કોઈ તેના પર પાષાણુ ફેકે એમ નથી. પરતુ તમારા જેવો પૂજ્ય ધંધો

કરનાર સદ્‌ગૃહસ્થ મને મર્દાનગીનાં ક્ષેત્રમાથી એક દ્રષ્ટાંત આપવા દેશે ? એક સન્નારીનો પ્રસાદ પ્રાપ્ત કરવાને માટે જ્યારે બે સદ્‌ગૃહસ્થો સ્પર્ધા કરતા હોય અને જ્યારે એક વિજયશાળી થાય અને બીજાનો ઇન્કાર કરવામા આવે, અને (કેટલીક વખત બને છે તેમ) વિજય પામેલા પ્રતિસ્પર્ધીની માનહાનિ કરનારી વાતો પરાજિત ગૃહસ્થને કાને આવે, ત્યારે આડબર વિનાના સાદા માણસો તો એજ વાત સ્વીકારે છે, કે તે સયોગમા તેનુ મુખ પ્રાય આવશ્યકતાપૂર્વક બધ રહે છે. તમારૂ ધાર્મિક મડળ અને ડેમિયનનુ ધાર્મિક મડળ એ ઉભય હવાઈ દ્વીપોમા સુધારા કરવામા, સાહાય્ય અને શિક્ષણ આપવામા તથા દિવ્ય આદર્શરૂપ થવામા સ્પર્ધા કરતા હતા. તમે એક સખ્ત હાર પામ્યા અને ડેમિયન વિજયશાળી થયા, તે છતા પણ હુ આશ્ચર્યચકિત થાઉ છુ કે, 'હવે મૌન ધારણ કરવુ એજ મારા કપાળમા લખ્યુ છે' એમ તમને લાગ્યુ નહિ. તે મહાન સ્પર્ધામા જ્યારે તમે હાર્યા અને તમારા સુદર દિવાનખાનામા શ્રીમતાઈની વચ્ચે અપકીર્તિ વ્હોરીને બેઠા—અને જ્યારે ડેમિયને માન સાથે ભયકર કષ્ટો સહન કરી કલાવાઉની ડુગરી નીચેના નરકમા પરિશ્રમ કર્યો અને ત્યા રહીને તે સડયો ત્યારે તમે કે જે ચુટી કઢાયેલા હોવા છતા કાંઈ કરી શક્યા નહિ તેને, તે સ્વયસેવક કે જેણે કાર્ય કર્યુ છે તેને વિષે અફવાઓનો સગ્રહ કરવાનો અને તેનો પ્રસાર કરવાનો અધિકાર સૌની પાછળ મળે છે.

હુ ધારૂ છુ કે હુ તમને નરક શબ્દપર તુટી પડતા જોઉ છુ, કારણ કે એ અતિશયોક્તિ ભરેલો શબ્દ (તમને લાગે) છે અને હુ આ વાક્યો લખુ છુ ત્યારે હુ તમને સ્થૂલ દ્રષ્ટિથીજ જોઉ છુ **'સુધારામાં તેનો હાથ નહોતો'** તે **'એક મેલો ઘેલો, ગંદો માણસ'** હતો. આ તમારા પોતાના શબ્દો હતા, અને તમે કદાચ ધારશો કે

હું નવી સાબિતી લઇને તમને ટેકો આપવાને આવુ એ શક્ય છે. એક અર્થમાં તો એ વાત પણુ સાચી છે. લૌકિક અફવાઓ ડેમિયનને અતિ સોજ્વલ બતાવે છે તેમા તેનુ ચિત્ર અતિ પ્રકાશિત છે. એવા માણસોએ તેને ચિતર્યો છે કે જેની પાસે કદાચ તે વ્યક્તિપર ટીકા કરવાને આખ નહોતી અને તેનુ સ્વરૂપ તાદસ્ય બતાવવાને લેખિની નહોતી, અથવા તો મુક્ત કંઠે થતી તેની પ્રશસાથી અધ બનીને તેમને મૌન ધારણુ કરવુ પડયુ હતું, કે જેવી પ્રશસા મને મળે એવી મને ઇચ્છા છે. અરે તમારો આત્મા જે વિશુદ્ધ બને તો તમે પણુ પગે પડીને તેની પ્રશસા ઇચ્છો.

આવી આલેખન પદ્ધતિની નાનામા નાની ખામી સેતાનના હિમાયતીને માટે માર્ગ સુગમ બનાવે છે અને નિદકના દુરૂપયોગને વાસ્તે સત્યનુ વિશાળ ક્ષેત્ર રાખે છે કારણુ કે મિત્રો જે સત્યને દાબી દે છે તે દુસ્મનનુ પહેલુ શસ્ત્ર થઈ પડે છે જો તમારો પત્ર માત્ર એક મીણુના ડોળીઆને સ્થાને વિશ્વસનીય ચિત્ર સ્થાપિત કરવાનુ સાધન થાય તો તમારી નામરજી છતા પણુ જગત્ ઉપર તમારો કાઇક ઉપકાર થાય

કારણુ કે જ્યારે મોલોકાઇવાળો ડેમિયન એક મહાત્મા કહેવાશે ત્યારે જો દુનિયા તમારૂ નામ જરાપણુ સભારશે તો તે માત્ર એક કાર્યને માટે જ સભારશે, અર્થાત્ તમે રેવરડ એચ. બી ગેઇજ ઉપર પત્ર લખ્યો છે તેટલા માટે જ તમારૂ નામ સભારશે

" તમે કયા પ્રમાણુને આધારે બોલો છો " એમ તમે પૂછશો. તો હુ કહુ છુ કે હું ડૉ. હાઇડ સાથે પરિચયમા આવ્યો હતો. હુ ડેમિયનના પરિચયમા આવ્યો નહિ એટલુ હુ મારૂ દુર્ભાગ્ય સમજુ છુ. જ્યારે રક્તપિત્તાશ્રમની મે મુલાકાત લીધી ત્યારે ડેમિયન પોતાની ચિર સમાધિમાં વિશ્રાતિ લેતા હતા, પરતુ મને જે હકિકત મળી છે તે મે

તે જ સ્થળે જે લોકો તેમને સારી રીતે અને લાંબા સમયથી ઓળખતા હતા તેની સાથેના વાર્તાલાપમાંથી સંચિત કરી છે આમાંના કેટલાક માણસો તેમને પૂજ્ય મહાત્મા ગણતા હતા, પરંતુ કેટલાક તેના પ્રત્યે ઘણી થોડી પૂજ્ય બુદ્ધિ ધરાવતા હતા તેને વિષે તોછડાઇથી બોલતા હતા, અને તેને મહાત્મા ગણતા નહોતા. આ લોકોએ અગાઉથી તૈયારી કર્યા વિના પક્ષપાત રહિત જે હકિકત મને કહી તે ઉપરથી તે માણસનું સાદું માનવસ્વરૂપ મને ખાત્રીપૂર્વક જણાયું હું ડૅમિયનને વિષે જે જ્ઞાન ધરાવું છું તે મને આ લોકોના તરફથીજ પ્રાપ્ત થયું છે જે સ્થળે તે સંપૂર્ણ રીતે મળી શકે તેજ સ્થળમાંથી એ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. અર્થાત્ કલાવાઉ કે જ્યાં કદિપણ તમે ગયા નથી અને જેને વિષે કાંઇ હકિકત મેળવવાની પણ તમે તસ્દી લીધી નથી તે સ્થળે મેં એ જ્ઞાન મેળવ્યું છે. તમારો પત્ર સંક્ષિપ્ત છે તો પણ તમે એ દ્વીપમાં કદિ પણ ગયા નથી એ વાત એ પત્ર સિદ્ધ કરી આપે છે તમે કહો છો કે ‘એ દ્વીપના અર્ધા કરતા ઓછા ભાગમાં રક્તપિત્તિઆઓનો વાસ છે’ મોલોકાઈ—મોલોકાઇ અર્ડોનો બુંગો, ઉંચો અને ઘણો ભયાનક દ્વીપ છે અને તેની ઉત્તરે સીધો ઉંચો ડુંગર આવેલો છે. આ ડુંગરની હાર પૂર્વથી પશ્ચિમમાં જાય છે અને તેજ તેનો ખરો છેડો અને સરહદ છે માત્ર એક સ્થળે એક ત્રિકોણાકાર ખરબચડી, ઘાસવાળી, પાષાણમય, વારંવાર પવનના સપાટા સહન કરતી જવાળામુખી ડુંગરી છે. આ ડુંગરી કિનારા ઉપરથી આગળ વધીને દરિયા ઉપર ઝઝુમી રહેલી જણાય છે. આટલી સૂચના મળવાથી હવે તમે એક નકશા ઉપર રક્તપિત્તિઆંઓનું નિવાસ સ્થાન શોધી કાઢી શકશો; મોલોકાઇનો કેટલો ભાગ આ રીતે સમુદ્ર અને ડુંગરની વચ્ચે કપાઇ ગયેલો છે તેની તમે તુલના કરી શકશો, અર્ધા ભાગ કરતા ઓછો, પા ભાગ કરતા ઓછો, અથવા પાંચમા કિંવા દશમા—અથવા

વીસમા ભાગ કરતા ઓછો તે તમે જાણી શકશો; અને બીજી વાર જ્યારે તમે સાર્વજનિક પત્રમાં છપાવવાને દોડી જાઓ ત્યારે તમારી ગણુત્રીના પરિણામમા અમારી સાથે ભાગ લેવાની સ્થિતિમા તમે આવશો.

બળદ અને ગાડી તમને જે સ્થળે ઘસડી લઈ જઈ શકતી નથી તે સ્થળ વિષે આનદપૂર્વક વાત કરનારા પૈકી એક તમે છો એવી મારી કલ્પના છે. તમે કે જે નકશા ઉપર તેનુ સ્થળ કયા છે તેટલુ પણ જાણતા નથી તે બીજાઓની ઉચ્ચતાના વર્ણનોને ચોકાવનારા ગણીને પસદ કરતા નથી તમે માત્ર બેરિટૅનિયા સ્ટ્રીટમા આવેલા તમારા સુદર દિવાનખાનામા આમતેમ આળોટયા કરો છો. એક દિવસ મોટે મળસ્કે હુ ત્યાં પહોચ્યો તે વખતે મારી સાથે બે સાધ્વીઓ બેઠી હતી. તેઓ નમ્રતાપૂર્વક ડેમિયનનુ અનુકરણ કરીને માનવ જીવનના આનદ અને વિલાસને છેલ્લી સલામ કરતી હતી તેમાની એક ગુપ્ત રીતે રડી. હુ પણ તેની સાથે રડયા વિના રહી શકયો નહિ. જો તમે ત્યા હોત તો મને શ્રદ્ધા છે કે તમારા હૃદયમા પણ પ્રકૃતિનો વિજય થયો હોત અર્થાત્ તમે પણ રડયા હોત. અને હવે બોટ તે દ્વીપની જરા વધુ નિકટ ગઇ આ વખતે જો તમે આપણાં સામાન્ય મનુષ્યત્વની ભયકર વિકૃતિઓથી સ્ટીમરનો દાદર ભરાઇ ગયેલો જુઓ અને તમને પોતાને એવા ચહેરાઓની વચ્ચે ઉતરેલા જુઓ કે જેવા ચહેરા વારંવાર આપણને ઓથાર દાબે છે ત્યારેજ આપણી આસપાસ એકત્રિત થાય છે, તો તમે તમારી ડઘાયેલી આખ તમારી આનાકાની ભરેલી સ્કધ ઉપરથી બેરિટૅનિયા સ્ટ્રીટમા આવેલા ઘર તરફ તરતજ ફેરવી હોત કે નહીં! વળી જો તમે આગળ ગયા હોત, અને તમે એ પ્રત્યેક ચ્હેરાના પા ભાગને પણ દગ્ધભૂમિપરના ડાઘા સમાન જોયો હોત; જો તમે દવાખાનાની મુલાકાત લીધી હોત અને પ્રાય: ન ઓળખી શકાય એવી સ્થિતિમાં હોવા

છતાં હજી શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરતા, હજી વિચારની ક્રિયા કરતાં અને સ્મરણશક્તિ ધરાવતા હાડપીંજરોને જોયા હોત, તો તમે સમજ્યા હોત કે રક્તપિત્તાશ્રમમા જીવન ગાળવુ એ એક એવી કસોટી છે કે જ્યાથી જેમ સૂર્યના પ્રકાશથી આંખ પાછી હડે છે તેમ, મનુષ્યના જ્ઞાનતતુઓ પાછા હડે છે. તમને એમ પણ લાગ્યુ હોત કે મુલાકાત લેનારને માટેજ એ દયાજનક સ્થળ છે અને રહેનારને માટે તો એ સાક્ષાત્ નરકજ છે (આજે પણ તેમજ છે) રક્તપિત્તનો ચેપ લાગવાના સભવને લીધે ઉત્પન્ન થયેલી ભીતિથી આમ બને છે એમ નથી. મુલાકાત લેનાર માણસને શોક, દયા અને આસપાસની વસ્તુઓ પ્રત્યે જે ઘૃણા ઉત્પન્ન થાય છે તથા દુખ, રોગ અને શારીરિક નિર્લજ્જતાના જે વાતાવરણમા તે હરેફરે છે તેની સાથે જ્યારે તે રોગના ચેપની તુલના કરીએ છીએ ત્યારે તે તો વિસાત વગરનો લાગે છે. હુ નથી ધારતો કે હુ સાધારણ કરતા વધારે ભીરૂતા ધરાવુ છુ, પરતુ તે દ્વીપરૂપી ભૂશિર ઉપર જે આઠ દિવસો અને સાત રાત્રિઓ ગાળી છે તેનુ સ્મરણ હુ કોક બીજે સ્થળે છુ તે બદલ અતકરણ પૂર્વક ઈશ્વરનો આભાર માન્યા વિના કદી પણ કરી શકતો નથી. મારી રોજનિશી પરથી જણાય છે કે તે દ્વીપમાના મારા નિવાસને મે 'દુખકારક અનુભવ' કહ્યો છે. એક વખત મેં હાસીઆમા લખ્યુ છે કે 'અત્યત દુખકારક' એ ખરો શબ્દ છે અને જ્યારે સ્ટીમર "મોક્લોકાઇ" મને બહારની દુનિયા તરફ લઈ ગઈ ત્યારે એક કાવ્યની નીચલી ટુક, તેનો નવો અર્થ કરીને મેં ગાયા કરી—

જોયા સકળ સ્થળ તેહમા ભયકાર ભૂમિ એહ છે.

વળી ધ્યાનમાં રાખજો કે ઉપર પ્રમાણેનુ જે દ્રશ્ય જોઈને હુ દુખ પામ્યો તે તો તેમાનો વિકાર કાઢી નાખીને સુધારવામા આવેલુ સુંદર બનાવવામા આવેલુ દ્રશ્ય હતુ. એ સમયે તો નવું ગામ બધાઈ ગયુ

હતું, દવાખાનુ અને ધર્માચાર્યનુ રહેવાનુ મકાન એની ઉત્તમ રીતે વ્યવસ્થા કરવામા આવી હતી; અને સાધ્વીઓ, વૈદ્ય અને ધર્માચાર્યો પોતાના ઉદાત્ત કાર્યો અવિશ્રાંતપણે કર્યા જતા હતા. પરતુ જ્યારે મહાત્મા ડેમિયન અહીંઆ આવ્યા અને પોતાની મહાન ત્યાગવૃત્તિ દર્શાવી અને પ્રથમ રાત્રિએ પોતાના સડેલા બધુઓની વચ્ચે એક વૃક્ષની નીચે સૂતા, મહારોગની સાથે એકલા રહ્યા; અને પોતાનુ સમસ્ત જીવન વ્રણ અને ગુમડાપર પાટા બાધવામા નિર્ગમન થવાનુ છે એવા વિચારથી ભાવી તરફ દ્રષ્ટિ ફેકી તે વખતે તેમને કેવી હિમ્મત ધારણ કરવી પડી હશે? તે વખતે તેઓ ભયસાગરમા કેવા ડૂબી ગયા હશે? તે તો પ્રભુજ જાણે, કેમકે ત્યારે મોલોકાઈ એ કોઈ જુદીજ ભૂમિ હતી.

કદાચ તમે કહેશો કે 'તમે હૃદયને ક્ષોભ કરે એવુ વર્ણન કરવામા બહુ ચાલાક છો. નાસુરનાં દવાખાનાઓમાં આવા દુખદાયક દ્રશ્યો પુષ્કળ જોવામા આવે છે અને વૈદ્યો તથા સેવિકાઓને નિત્ય તેની સામે ઉભા રહેવું પડે છે.' આનો પ્રત્યુત્તર એ છે કે વૈદ્યો અને સેવિકાઓની સ્તુતિ અને ઇર્ષા કરવાનુ હુ દીર્ઘકાળથી શીખ્યો છુ પરતુ કલાવાઉ અને કલૌપપાના જેટલુ વિશાળ અને ભરચક નાસુરનુ દવાખાનુ એકે નથી અને એવી બાબતમા પ્રત્યેક નવો કેસ, એકાદ વાજીત્રની ભુગળીની લબાઇના પ્રત્યેક તસુએ બને છે તેમ, વધારે અને વધારે ઉંડી છાપ મગજ ઉપર પાડતો જાય છે. માણુસના હૃદયને ધક્કો મારનાર મુખ્ય વસ્તુ તેની આસપાસ માણસના દુખોના જે ભયંકર ઢગલા હોય છે તે છે. વળી તે નરકના દ્વારમા હમ્મેશને માટે પ્રવેશવાને કોઇ પણુ વૈદ્ય કિવા સેવિકાને કહેવામાં આવતું નથી. દવાખાનાના ઉમરા ઉપર પગ મૂકતી વખત શોકાકુલ થઇને તેઓ બધાને છેલ્લી સલામ કરતા નથી, તેઓ આશાને તિલાંજલિ આપતાં નથી. તેઓ માત્ર થોડા વખતને માટે પોતાના ઉચ્ચ ધધાને અર્થે

જાય છે અને તે વખતે ભવિષ્યમાં મુક્તિ, મોજ અને વિશ્રાંતિ મેળવવાની આશા પણ તેમના હૃદયમાં હોય છે. પરંતુ ડેમિયને તો પોતાને હાથેજ પોતાની કબ્રના દરવાજા બંધ કરી દીધા હતા.

હવે હું કલાવાઉમાં નોંધેલી મારી રોજનિશીમાંથી ત્રણ પેરેગ્રાફ અહીં ઉદ્ધૃત કરીશ.

“ अ, ડેમિયન મરણ પામ્યા છે અને તેમના પરિશ્રમ તથા યાતનાનાં ક્ષેત્રમાં લોકો તેમનું નામ દેતાં કાંઈક અકૃતજ્ઞતા પ્રદર્શિત કરે છે. એક જણ કહે છે કે “તે ભલો માણસ હતો, પરંતુ અધિકાર ચલાવવાનો ઘણો રસીઓ હતો” બીજો જણ મને કહે છે કે તેણે કેટલેક અંશે કનાકા નામના લોકોની રીતભાત અને વિચારશ્રેણી ગ્રહણ કરી હતી (જેમ બીજા ધર્માચાર્યો ઘણી સ્હેલાઇથી કરે છે.) પરંતુ તેનામાં સત્ય ઓળખવાની બુદ્ધિ હતી

એમ જણાય છે કે તે એક સાદો માણસ હતો, તે લોકપ્રિય હોય એમ મને જણાતું નથી.

ब રાગ્સડેલના મૃત્યુ પશ્ચાત્ (રાગ્સડેલ આ સ્વચ્છંદી સંસ્થાનનો સુપ્રસિદ્ધ દારોગો હતો.) થોડા વખત સુધી ડેમિયનની તે જગ્યાપર નિમણુંક થઇ હતી. પરંતુ આથી તે ઉદાત્ત પુરુષની દુર્બળતાજ માત્ર પ્રસિદ્ધ થઈ. તેની રીતભાત વિવેક વિનાની હતી અને લોકોપર તેની સત્તા જામી નહોતી. તેને પોતાનો અધિકાર કમી કરવો પડયો. કેટલાક લોકોએ તેની જીંદગી લેવાની ધમકી આપી અને થોડાજ વખતમાં તે રાજીનામું આપવાને તત્પર બની ગયો.

क. ડેમિયનનો સ્વભાવ હવે મને સમજાવા લાગ્યો. તે ગામડીઆ વર્ગનો માણસ જણાય છે અને તેનું સ્વરૂપ પણ નિઃસંશય ગામડીઆ જેવુંજ હશે અર્થાત્ તે કઠોર, અજ્ઞાન અને મતાંધ હશે; તે છતાં પણ તે ખુલ્લાં મનનો અને કઠોરતાપૂર્વક ઠપકો આપવામાં

આવ્યો હોય તો તેને પણ સહન કરી ગળી જવાની શક્તિ ધરાવતો હશે. તે નાનામા નાની તથા મોટામા મોટી બાબતમા ઉત્તમ પ્રકારની ઉદારતા ધરાવતો હશે અને તે પોતાના શરીરનો ભોગ આપવાને જેટલો તત્પર હતો તેટલોજ તે પોતાનુ છેલ્લુ ખમીસ આપી દેવાને પણ તૈયાર હશે (જો કે અન્ય માણુસો કહે છે તેમ થોડા બડબડાટ વિના નહિ), ખાસ કરીને અવિચારી અને સત્તાપ્રેમી હશે, જેથી તે પોતાના સહધર્માચાર્યોને કટાળા ભરેલો થઈ પડયો હશે તે પોતાના સર્વ પ્રકારના વર્તનમા પોતાનો હાથ ઉપર રાખનારો હશે, જેથી તે કનાકાઓને અત્યત અપ્રિય થઇ પડયો હશે. પરતુ તેના હાથમાં ખરી સત્તા ન હોવાથી લોકો તેને હસી કાઢતા હશે અને તેને લાચ આપીને પોતાના ધારેલા કામો કરવાં પડતા હશે. તેને વૈદકની ઘેલછા લાગેલી જણાય છે અને તેણે પોતાના ખરા પ્રતિસ્પર્ધીઓના ઔષધોની વિરુદ્ધ કનાકાઓને ઉશ્કેરેલા જણાય છે. કદાચ તેનુ આ કાર્ય તેણે કરેલા કામોમા સૌથી ખરાબ ગણાય અને નિ.સશય સ્હેલામાં સ્હેલુ પણ ગણાય. ચૅપમૅનના દ્રવ્યના સબધમા તેણે જે વર્તન કર્યું હતું તેમા તેના ઉત્તમોત્તમ અને અધમાધમ અંશો દ્રષ્ટિગોચર થાય છે. તેણે પ્રથમ તો માત્ર કૅથોલીક પંથના લોકોના હિતને માટેજ તે દ્રવ્ય કાઢ્યુ હતું. તેનુ આ કાર્ય ડહાપણ ભરેલુ નહોતું. પરતુ ઘણીવાર સુધી સ્પષ્ટ વાત થયા પછી તેણે પોતાની ભૂલ સપૂર્ણ રીતે સ્વીકારી અને તે નોધ સુધારી છોકરાઓ માટેની સસ્થાની શોચનીય સ્થિતિ એ કેટલેક અશે તેના હાથમા સત્તા નહોતી તેનુ પરિણામ હતું; અને કેટલેક અશે તેની પોતાની ગદી રીતભાત અને આરોગ્ય વિષેના ખોટા વિચારોનુ પરિણામ હતુ. બીજા અમલદારો તે સસ્થાને 'ડૅમિયનનુ ચીનાઇ શહેર' કહેતા હતા. તેઓ કહેતા કે "ઠીક! તમારૂં ચીનાઈ શહેર વૃદ્ધિગત થતું જાય છે." આ સાભળી તે સંપૂર્ણ ભલમ-

નસાઇથી હસતો અને પોતાની ભૂલોને સપૂર્ણ દુરાગ્રહથી વળગી રહેતો. આપણા આ સાદા, ઉદાત્ત બંધુ અને ધર્માચાર્ય વિષે આટલુ સત્ય મેં સંચિત કર્યું છે. તેની ન્યૂનતાઓ એ તેની જાતિનાં તત્ત્વો છે કે જેના દ્વારા આપણે તેને આપણામાનો એક માણસ માનીએ છીએ **પરંતુ-કોઈ પણ વસ્તુ તેનો આત્મભોગ અને તેના માર્ગદર્શક-પણાની કિમ્મત ઓછી કરાવી શકે અથવા તેને બિલકુલ લેખામાં ન ગણાવી શકે એમ નથી;** જે માણસ એ પ્રદેશમાં ગયો હોય તેજ તેની મહત્તાની ખરી કિમ્મત આકી શકે એમ છે."

મે આ ખાનગી લખાણ તમે જુઓ છો તે પ્રમાણે, સુધાર્યા વિના અહીંઆ ઉદ્દ્ધૃત કર્યુ છે; સર્વ જણે, આ લખાણ તેના નગ્ન સ્વરૂપમા પ્રાપ્ત થયુ તે માટે તમારો આભાર માનવો જોઇએ. તે માણસના દોષોનીજ આ નોધ છે, કારણ કે હુ દોષોજ ઢુઢતો હતો. તેના સદ્‌ગુણો તેના પરાક્રમી જીવનની રૂપરેષા હુ અને આખુ જગત્ કયારનુ સપૂર્ણ રીતે જાણતાં હતાં. વળી મને જરા કૅથૉલીક પથાનુયાયીઓની સાક્ષી વિષે શક પણ હતો. તેઓ જાણી જોઇને અસત્ય બોલશે એવો એ શક નહોતો, પરતુ મારૂં માનવું એવું હતું કે ડૅમિયનના પ્રશસકો અને શિષ્યો તેનાપર ટીકા કરે એવો સભવ ઘણોજ થોડો છે. હુ જાણું છુ કે તમે એથી પણ વધારે સશયગ્રસ્ત બનશો અને ઉપર જે ઘટનાઓ જણાવી છે તેમાની દરેક દરેક પ્રોટે-સ્ટંટોના મુખથી એકઠી કરેલી છે કે જે પ્રોટેસ્ટટો તે ધર્માચાર્યના જીવન કાળમા તેના વિરોધી હતા. તે છતાં પણ મને વિચિત્ર પ્રકારે ઠગવામા આવ્યો છે અથવા તો તેઓ ખાસ કરીને પરાક્રમી અને ગ્રામ્ય પ્રમાણિકતા, ઉદારતા તથા આનદી સ્વભાવથી યુક્ત એવા માણસનુ ચિત્ર, તેની સર્વ ખામીઓ સાથે, આલેખે છે.

ડૅમિયનના ચારિત્ર્યની અધમાધમ બાજુ વિષે કરેલાં આ બે-

ડોળ ખાનગી લખાણુને તેની સાથે જેમણે ઉદ્યમ કર્યો હતો અને જેઓ (તમારા શબ્દોમા) 'તે માણસને ઓળખતા હતા' (જો કે ડૅમિયને 'હુ તમને ઓળખુ છુ' એમ તમને કહ્યુ હોય એ વિષે મને સપૂર્ણ શક છે) તેમને મુખેથી સચિત કરેલી હકીકતને-તે જેવી છે તેવા ને તેવાજ સ્વરૂપમા ગ્રહણ કરો તેને ગ્રહણ કરો અને સાશ્ચર્ય અવલોકન કરો કે વાતો તમને કેવી સારી પુરી પાડવામાં આવી છે અને બુદ્ધિ તથા સહાનુભૂતિએ તમને કેવી છક્કડ ખવરાવી છે. (અર્થાત્ બુદ્ધિ અને સહાનુભૂતિ તમારામાં કેટલી થોડી છે.) કેટલીક ઘટનાઓના સબધમાં આપણું સામ્ય છે પરતુ આપણી સહાનુભૂતિમા મોટો તફાવત છે અહીંઆજ કાઇ ભૂલ છે પછી તે તમારી હોય કે મારી હોય ઉદાહરણાર્થ, આ વાત સભવિત છે કે તમે કે જેમને કલાવાકુમા ઘણા કાનો ઉગી નીકળેલા જણાય છે તેમણે મહાશય ચૅપમૅનના દ્રવ્ય વિષેની વાત તો સાભળીજ હશે. અને ડેમિયને કરવા ધારેલાં દુષ્કૃત્ય માત્રથીજ તમારા હૃદયમા ક્ષોભ થયો હશે? એ બાબતે મારૂ પણ ધ્યાન ખેચ્યુ હતું અને મે એનુ સુદર વર્ણન કર્યુ છે. પરતુ આ વાતે મારૂં ધ્યાન વધારે ખેંચ્યુ હતું કે ડેમિયનનામા ખાત્રી થતા સત્ય વાત સ્વીકારવાની પ્રમાણિકતા પણ હતી હુ અહીંઆ તમને કહું છું કે તે એક મોટું કામ હતું. તેમનો એક સહધર્માચાર્ય મોડી રાત સુધી તેની સાથે બેઠો અને તેની સાથે ઘણો વાદવિવાદ કર્યો તથા તેના પર ઘણા તહોમતો મૂક્યાં. ડેમિયને તે સર્વે પોતાની હમ્મેશની રીત પ્રમાણે 'સપૂર્ણ ભલમનસાઇ અને સપૂર્ણ સ્વમતાગ્રહ' પૂર્વક સાંભળ્યુ; પરતુ આખરે જ્યારે તેને ખરી સમજ પડી ત્યારે તેણે કહ્યું કે "મારાપર આપનો ઘણો આભાર થયો છે; તમે મારી એક સેવા કરી છે; એ તો ચોરીજ થઇ હોત" માત્ર કૅથોલિકોનેજ નહિ

પણ ઘણા લોકોને પોતાના સતો અને વીર પુરુષોને નિર્દોષ કરવાની જરૂર છે. કેટલાકોને આ વાત દુખદાયક લાગશે, પરતુ મનુષ્ય જાતિના સાચા ચાહનારા, મુરબ્બીઓ અને દાસોને કાંઈ એ વાત દુખદાયક લાગવાની નથી.

હુ એમ માનુ છુ કે આપણે આ પ્રમાણે એક બીજાથી જુદા પડીએ છીએ. વળી તમે એવા માણસો પૈકીના એક છો કે **જેઓ દોષો અને નિષ્ફળતાઓ ઉપરજ દ્રષ્ટિ રાખે છે; તમે દોષો અને નિષ્ફળતાઓ શોધી કાઢીને તેને પ્રસિદ્ધ કરવામાં આનંદ માનો છો; અને એ તમને જડે છે એટલે તમે એ બાબતોના ગર્ભમાં રહેલા સદ્ગુણોને અને તેની સાથે ખરો વિજય કે જે વિજયદ્વારાજ માત્ર તમને દોષો અને નિષ્ફળતાઓનું જ્ઞાન પ્રાપ્ત થયું હોય છે, તે વિજયને પણ ભૂલી જવાની ઉતાવળ કરો છો. ખરેખર આ એક ભયકર માનસિક બંધારણ છે.** તે કેવી રીતે ભયકર છે અને એણે અત્યાર પૂર્વે તમને કેવી સ્થિતિમા મૂકી દીધા છે તે તમે સમજી શકો એટલા માટે (જો તમારી મરજી હોય તો) આપણે હાથમા હાથ પકડીને તમારા પત્રના ભિન્ન ભિન્ન વાક્યોમા થઇને પસાર થઈશુ અને પ્રત્યેક વાક્યની સત્ય, યોગ્યતા અને ધર્મના દ્રષ્ટિ બિદુથી બરાબર તપાસ કરીશુ.

"ડેમિયન મેલો ઘેલો હતો."

એમ બનવુ ઘણું સભવિત છે તમે અમને રક્તપિત્તિઆઓ વિષે શોક કરાવો છો. કારણ કે, એક મેલો ઘેલો વૃદ્ધ ગામડીઓજ માત્ર તેમનો મિત્ર અને ધર્મ ગુરૂ હતો. પરતુ તમે આટલા બધા સફાઇદાર—સુદર હતા તો તમારી કેળવણીના પ્રકાશથી તેમને

આનદિત બનાવવાને શા માટે ત્યા ગયા નહિ? અથવા હું તમને સ્મરણ કરાવુ કે જૉન ધી બૅપ્ટીસ્ટ સતસસ્કારી પુરુષ હતો એ વિષે શકા કરવાનુ અમને કાઇકિ કારણ છે. અને પિટર કે જેની કારકીર્દીના યશોગાન નિ સંશય તમે તમારા વ્યાખ્યાનમા ગાઓ છો, તેનુ ઉદાહરણ લઇએ તો તે એક 'મેલો ઘેલો, ઉદ્ધત' માછી હતો! અને તે છતા આપણા પ્રોટેસ્ટટ બાઇબિલોમા પણ પિટરને સત કહેવામા આવે છે.

"ડેમિયન ગંદો હતો."

ધારો કે તે ગદો હતો. પણ આ ગદા સાથીને જોવાથી રક રક્તપિત્તિઆઓ કટાળો પામતા હતા એવો તમે વિચાર કરશો તો તમને શુ લાગશે? એ વિચાર તમને સત્ય નહિજ લાગે પરતુ સ્વચ્છ ડૉ હાઇડ કે જેઓ પોતાના સુદર મહાલયમા મિષ્ટાન્ન ઉડાવતા હતા તેમની તે હકીકત રક્તપિત્તિયાઓને કહીને તેમની ઉપકારકતા વિષે તેમને પૂછતા કેવો અભિપ્રાય મળશે?

"ડેમિયન જક્કી (આગ્રહી) હતો."

હુ માનુ છુ કે પુન તમે સત્ય બોલો છો, અને ઈશ્વરે તેને જક ભરેલુ (આગ્રહી) મસ્તક તથા અતકરણ આપ્યુ તે માટે હું ઈશ્વરને ધન્યવાદ આપુ છુ (કેમકે તેમ ન હોત તો સ્થૂળ જીવન, તદુરસ્તી અને સ્વદેશ નિવાસના મોહક વિચારોએ તેને મહા જોખમ વેઠી વિદેશના દુખીઓમા જતા રોક્યો હોત)

"ડેમિયન મતાંધ હતો."

હુ સ્વયં મતાધને ચાહતો નથી, પરંતુ આપણે મતાધતાનો શુ એવોજ અર્થ કરીએ છીએ કે જેથી તે એક ધર્માચાર્યમા હોય તોપણ આપણે તેને દુર્ગુણજ ગણી શકીએ? ડેમિયનને પોતાના ધર્મ-

પર એક ગામડીઆ અથવા એક બાળકના જેવી શ્રદ્ધા હતી છતા માત્ર જો એ એકજ ગુણ તેનામા હોત તો મે આ જીવનપર્યત તેને સભાર્યો ન હોત. પરતુ ડેમિયનમા લક્ષમા લેવા જેવો ગુણ કે જે દ્વારા તે આટલો બધો પ્રસિદ્ધ થયો હતો અને જેથી તે અતે તમારી અને મારી લેખિનીનો વિષય બન્યો છે તે ગુણ એ કે તેનામા રહેલી મતાધતા, તેની ઉડી અને સાંકડી શ્રદ્ધા પ્રાધાન્યત· લોકોના કલ્યાણને માટે હતી* અને તે મતાધતાએજ તેને જગતના વીર પુરુષો અને આદર્શ પુરુષોની પક્તિમાં આવવાને શક્તિવાન બનાવ્યો હતો

"ડમિયનને મોલોકાઇમાં મોકલવામાં આવ્યો નહોતો, પરંતુ તે ત્યાં આજ્ઞા વિના ગયો હતો."

શુ આ ખોટી રીતે વાચવામા આવેલા શબ્દો છે? અથવા તો શુ તમે ઠપકો આપવાને માટે એ શબ્દો લખો છો? આપણા ધર્માચાર્યોને વ્યાખ્યાન કરતી વખતે મે એવુ કહેતા સાભળ્યા છે કે **"મહાત્માઓએ સ્વેચ્છાથી આત્મભોગ આપ્યા હતા માટે તે અનુકરણીય છે." શું ડૉ હાઇડ આથી ભિન્ન વિચાર ધરાવે છે?**

"ડૅમિયન રક્તપિત્તિઆંઓની સાથે રહેતો નહોતો વગેરે."

ડૅમિયનને ઘણી જાતની સ્વતત્રતા મળી હતી એ વાત સત્ય છે. હવે આથી મારે શુ સમજવુ? તમે એ સ્વતત્રતાનો લાભ લેવા માટે ડૅમિયનને દોષપાત્ર ગણો છો કે અમલદારોએ તેને એ છૂટ

---

* "હરકોઇ સામાન્ય ગુણનો સદુપયોગ એજ સદ્દગુણ અને તેનો દુરૂપયોગ એજ દુર્ગુણ છે" આ ઉપકારક રહસ્ય ન સમજાયાને લીધે ઘણાકો આવી રીતે એક બીજા માટે ખોટા અભિપ્રાયો બાધી લેવાની ભૂલ કરે છે. 'મત્રી.'

આપી માટે તેમને દોષપાત્ર ગણો છો? ખરેખર, આ તો કોઇ વિચિત્ર વર્તનજ કહેવાય અને મારી ખાત્રી છે કે આ સબધે તમને અનુમોદન આપનારા ઘણા થોડા નીકળશે.

"સુધારામાં ડેમિયનનો હાથ નહોતો ઇત્યાદિ."

હુ ધારૂ છુ કે તમે સુદ્ધા આ વાત તો સ્વીકારશો કે જે માણસનો હુ બચાવ કરૂ છુ તે માણસનુ વર્ણન કરતા અત્યાર અગાઉ મેં નિખાલસપણું વાપર્યું છે. પરતુ તમારા આ વાક્યનુ ખડન કરૂં તે પૂર્વે હુ હજી પણ વધુ નિખાલસપણુ ધારણ કરીશ અને તમને કહીશ કે એક માણુસ કલવાઉમા આવેલા ડૅમિયનના 'ચિનાઇ શહેર' થી કલૌપપામા આવેલા ધર્માચાર્યને રહેવાના સુંદર મકાન આગળ જાય ત્યારે તેને તે ઉભયમા જે અદ્દ્ભુત તફાવત દ્રષ્ટિગોચર થાય છે તેવો તફાવત દુનિયામાં અન્ય કોઇ પણ સ્થળે જણાશે નહિ. અહીંઆં આગળ તમને સર્વ પ્રમાણો વડે તે સ્પષ્ટ બતાવવાને ખાતર હુ મારો નિયમ તોડીશ અને એક કૅથોલિકની સાક્ષી સાદર કરીશ. 'ચિનાઈ શહેર' ની મારી મુલાકાત વિષે મે મારી રોજનિશીમા જે નોધ કરી હતી તેમાનો એક પૅરેગ્રાફ આ રહ્યો, એ ઉપરથી (આજે પણ) ખુદ ત્યાના અધિકારીઓ તેને કેવુ ગણે છે તે તમે જાણી શકશો. 'અમે સર્વ શયનગૃહો અને ઉપહારગૃહોમા ફર્યા આ સર્વ અતિ તિમિરમય તબેલા જેવા હતાં, અને તેમા ઉપલકીઆ સ્વચ્છતા જણાતી હતી. મહાશય ડટન કે જે એક સસારી હતો તે કહે છે કે "એ સ્વચ્છ છે એવો હું એનો બચાવ કરવા માગતો નથી." વળી તેણે જણાવ્યુ કે "જ્યારે અમને સાધ્વીઓ મળશે ત્યારે તેઓ એની સર્વ સુવ્યવસ્થા કરશે." વળી મને માહિતી મળી કે ડૅમિયનના મૃત્યુ પછી તેની વ્યવસ્થા સારી થઇ છે અને જ્યારે તે એકલો હતો અને પોતાની મરજી પ્રમાણેજ (હમ્મેશાં ઉત્તમ પ્રકારે એમ ધારશો

નહિ) કરતો હતો ત્યારના કરતા તો આ વ્યવસ્થા ઘણી સારી છે. હું એટલે દૂર ચાલી આવ્યો છુ કે હવે હુ તમને સત્યની સમાન ભૂમિકા ઉપર મળી શકીશ અને હું તમને કહુ છુ કે જે માણુસનું મન ઇર્ષાથી ભ્રષ્ટ થયુ ન હોય તેને રક્તપિત્તાશ્રમમાં થયેલા સર્વ સુધારાઓ અને જે સુધારાઓની સામે તે અતિ બળપૂર્વક થયો હતો તે સુધારાઓ પણ વસ્તુત ડૅમિયનના ઉદ્યોગનુ પરિણામ લાગે છે. આ સુધારાઓ તેના વિજયનુ પ્રત્યક્ષ પ્રમાણ છે. પ્રમાદી અને બેદરકાર માણસો પાસે તેણે પોતાની વીરતાથી એ સુધારાઓ કરાવ્યા છે. તેની પૂર્વે ઘણા માણસો એ ક્ષેત્રમા આવી ગયા હતા ઉદાહરણાર્થ, મહાશય મેયર આવ્યા હતા કે જેના એકનિષ્ઠા પૂર્વક કરેલા કાર્ય વિષે આપણે ઘણુ થોડુ સાભળીએ છીએ. ત્યાર પછી પણ ઘણા આવી ગયા હતા, અને કેટલાકોમા આપણા મહાત્મા કરતા **દુનિયાનું ડહાપણ વિશેષ હતું**, જો કે તેમના કરતા તે લોકોમા **એકનિષ્ઠા વિશેષ નહોતી.** અરે તમે સુદ્ધા આ વાત તો સ્વીકારશો કે મોલોકાઇમા ડેમિયનના આગમન પૂર્વે તેમણે ઘણુ થોડુ કાર્ય કર્યું હતું. એક અદ્ભુત આત્મભોગના કાર્યથી સર્વ લોકોની દ્રષ્ટિ તે દુ ખી પ્રદેશ તરફ ખેચવાનુ તેના (ડેમિયનના) જ ભાગ્યમા લખેલુ હતું. એક સપાટાની સાથે અને પોતાના જીવનની કિમ્મત આપીને તેમણે તે પ્રદેશને કીર્તિવત અને જાહેર બનાવી દીધો અને જો તમે વિશાળ દ્રષ્ટિથી વિચાર કરશો તો તમને જણાશે કે આવશ્યક માત્ર તેજ સુધારો હતો અને તે સુધારાનાજ ગર્ભમા સર્વ સુધારા રહેલા હતા. તે દ્રવ્યને ખેચી લાવ્યો તે સાધ્વીઓને ખેચી લાવ્યો (સર્વ કરતા માણુસનો આ ઉમેરો ઉત્તમ હતો.) તે દેખરેખ ખેંચી લાવ્યો, કારણ કે લોકમત અને સાર્વજનિક કાર્ય કરવાનો ઉત્સાહ કલાવાઉમાં તે માણુસની સાથેજ આવ્યો હતો. ત્યા જો કોઈ પણ માણુસે સુધારા કર્યા

હોય અને કોઇએ પણ સુધારા કરવાને માટે આત્મભોગ આપ્યો હોય તો તે તેજ હતો. ત્યાના ધર્માચાર્યના રહેવાના મકાનમા એક પણ પ્યાલો અથવા ટુવાલ એવો નથી કે જેને ડેમિયને જાતે ધોયો ન હોય

......"જે રક્તપિત્તથી તેનું મૃત્યુ થયું તે તો તેના દુર્ગુણો અને બેદરકારીનું પરિણામ હતું."

એ તમે કેવી રીતે જાણ્યુ ? ગાડી હાકનારે ગાડી હાકતા હાકતા બેરિટેનિયા સ્ટ્રીટમા આવેલા જે મકાન પ્રતિ ઈર્ષ્યાની દ્રષ્ટિથી જોયુ તે મકાનમા આવી વાતો ચાલે છે ? મોલોકાઈની ડુગરી નીચે વૈતરૂ કરતા ૨ક ગામડીઆ ધર્માચાર્યની ખરાબ ચાલ વિષે રસ ભરેલી વાતો ચલાવો છો કે ?

મારી પૂર્વે ઘણા માણસોએ તે સ્થળની મુલાકાત લીધી છે; તેમણે એવી અફવા સાભળી હોય એમ જણાતું નથી પણ જ્યારે હુ ત્યા હતો ત્યારે મે અનેક હૃદયભેદક વાતો સાભળી હતી, કારણ કે મને વિગત કહેનારા સાદા નિરક્ષર લોકો હતા, ડેમિયનની વર્તણૂક વિષે તેમને મોઢે પુષ્કળ ફરિયાદો મારા સાભળવામા આવી હતી. આ નિદાત્મક વાતો શા માટે કોઇએ કદિ પણ પ્રસિદ્ધ નહિ કરી હોય ? અને તમારા આચાર્યના એકાત ઓરડામા એ કયાથી આવી ?

તેમ છતા પણ મારે તમને જરા પણ ઠગવા નહિ જોઇએ તમારા પત્રમા મે જ્યારે આ નિદાત્મક વાત વિષે ઉલ્લેખ વાચ્યો ત્યારે એ કાઈ મને નવી લાગી નહિ. મે તે પૂર્વે એક વખત સાભળી હતી અને મેં કેવી રીતે સાભળી તે પણ તમને કહેવુ જોઇએ. હોનોલુલુથી સામોઆમા એક માણસ આવ્યો. તેણે કિનારાપર આવેલા એક સાર્વજનિક ગૃહમા પોતાની મેળેજ આ વાતો કહેવા માડી એક સાર્વજનિક ગૃહમા તે વાતનો કેવો સત્કાર થયો હતો તે કહેતા મને

આનદ થાય છે. (એ વાતોની વિરૂદ્ધમાં) એક માણસ ઉછળીને ઉભો થયો તે માણસનુ નામ આપવાની મને છૂટ નથી પરતુ મે જે સાભળ્યુ છે તે પરથી તમે તેને બેરિટેનિયા સ્ટ્રીટમા જમવાને આમંત્રણ કરો એ વિષે મને શક ઉપજે છે. તે માણસ બોલ્યો. 'ઓ નીચ-' (અહી આ એક એવો શબ્દ તે બોલ્યો કે જે હુ લખી શકતો નથી. કારણ કે તે તમારા કાનમા ક્ષોભ ઉત્પન્ન કરે એમ છે) ' ઓ નીચ-' તે પોકારી ઉઠયો 'તારી વાત સહસ્ત્રધા સત્ય હોય તો પણ શુ? તું જાણતો નથી કે તેનો પુન ઉચ્ચાર કરવાની ધૃષ્ટતા તે કરી તે માટે તું કોટિધા તેથી વધુ નીચ છે.''

ઈશ્વિરારાધના કરી રહ્યા પછી આવી નિદાત્મક વાત તમારા સાંભળવામા આવી હોય તો આવીજ જાતના શબ્દોથી તેનો સત્કાર (!) કરવા જેટલો પવિત્ર ક્રોધ તમારા આત્મામા ઉત્પન્ન થયેલો ગવાયો હોત તો ઘણુ સારૂ થાત અરે જે શબ્દ હુ લખી શકતો નથી તે તમે બોલ્યા હોત તો પણ સારૂ થાત! તેથી તમે સૌથી ઉત્તમ પ્રકારના ન્યાયી પુરૂષ ગણાયા હોત. પરતુ તમે જાણી જોઇને પેલા હોનોલુલુથી આવેલા માણસનો માર્ગ સ્વીકાર્યો છે અને તમે તેમા વળી તમારો પોતાનો સુધારો વધારો ઉમેર્યો છે. પરતુ એ વાત તો હોનોલુલુથી આવેલા તે નીચ મૂર્ખ માણસે અને તે પણ એક સાર્વજનિક ગૃહમા (દારૂના પીઠામા) હલકા, જગલી અને છાકટા માણસોની મડળીમા કરી હતી, કે જ્યા માણસ પોતાના વિચારોપર કાબુ રાખી શકતો નથી. વળી હોનોલુલુથી આવેલો તે માણસ તો પીધેલો અને અત્યત છાકટો બની ગયેલો હતો; પરતુ તમે તો તમારા ' પ્રિયબધુ રેવરડ ઍચ. બી ગેઈજ ' ને તે ન ઉચરવા યોગ્ય વાત કહેવાનુ પસદ કર્યું હતું અને એ વાત તમે કહી ત્યારે તમે સુરાપાન કર્યું હતું ' એવુ બહાનુ સ્વીકારવાની તમારી

ભભકાદાર છાતીને શોભા આપનારી ‘નીલવર્ણી પટ્ટી’ (બ્લુ રિબન) મને મના કરે છે. તમારા તે પ્રિય બન્ધુએ–તમારા પત્રને મહેરબાની કરીને ધાર્મિક પત્રો ઉપર મોકલી આપવાની ત્વરા કરી, જેને અનેક માસ વ્યતીત થઈ ગયા પશ્ચાત્ મને એ વાત દ્રષ્ટિગોચર થઈ, મે તેને વાચી અને હુ તેથી આશ્ચર્યચકિત થયો.

ખરેખર તમે અને તમારા ‘પ્રિય બન્ધુ’ એ આ ક્રિયાચક્રથી પરસ્પર ભિન્નતા દર્શાવે એવા અંશોવાળી એક એવી વસ્તુ ઉભી કરી છે કે જે અંશોનુ સૂક્ષ્મ અવલોકન અને સરખામણી કરવામા બહુ રસ પડે છે! એ અંશો હવે છુપા નહિ પણ ખુલ્લાજ છે. એક તરફ તમે જમવાને નિમંત્રણ નહિ કરો એવો માણસ, બીજી તરફ રેવરંડ ડૉ૦ હાઈડ અને રેવરંડ ઍચ. બી. ગેઇજ છે! એક તરફ આપિયાનુ પીઠુ છે, અને બીજી તરફ હોનોલુલુનો મહાલય!

પરંતુ મને ભય છે કે તમે તમારા ભાઈબંધોને કેવા લાગો છો તે તમે ભાગ્યેજ જાણતા હશો. તમને તે જણાવવાને માટે હુ તમારી વાતને સત્ય માની લઇશ હુ માનીશ–અને એમ માનવાને માટે ઇશ્વર મને ક્ષમા કરે–કે ડેમિયને પોતાના સાકડા કર્તવ્ય માર્ગમા ઠોકર ખાધી હતી અને પડી ગયા હતા, હુ માનીશ કે એકાંતવાસની ભય કરતાથી ગભરાઇને કદાચ લાગુ પડેલા રોગના જોમમાં તેઓ કે જે પોતાની પ્રતિજ્ઞા કરતા ઘણુ વધારે કામ કરતા હતા તેઓ પોતાની ધર્માચાર્ય તરિકેની પ્રતિજ્ઞાને અક્ષરશ વળગી રહેવામા નિષ્ફળ થયા હતા. તેઓ કે જેઓ તમારા કે મારા કરતા ઘણા ઉત્તમ હતા અને જેમણે જે કાર્ય કરવાની આપણે સ્વપ્નમા પણ હામ ભીડી નથી તે કાર્ય કરી બતાવ્યુ છે તેઓ મનુષ્ય જાતિના સાધારણ દોષને પાત્ર થયા હતા, એમ પણ હુ માનીશ. પણ આવી જે વાત જાણીને પાષાણ હૃદયીને પણ અશ્રુધારા ચાલે અને મોટામા મોટા અશ્રદ્ધાળુને

પણ પ્રભુપ્રાર્થના કરવાનુ મન થઈ જાય તેને બદલે તમે તો માત્ર એજ કર્મ કરી શક્યા કે રેવરડ ઍચ. બી ગેર્જિ ઉપર તે વાત પત્રમા ચીત્રી કાઢી ! (અને તેમણે તે વાત કરોડો જનસમાજની જાણ અર્થે પ્રસિદ્ધ કરાવવામા મહત્તા જોઇ !!)

તમારા પોતાના અતકરણનુ કેવુ ચિત્ર તમે કાઢયુ છે તે તમને હવે જરા પણ સમજાવા લાગ્યુ છે ? હુ હજી પણ એકવાર પુન તમને સમજાવવાનો પ્રયત્ન કરીશ ધારો કે તમારા પિતા હતા, તેને વિષે તે વાત હોય અને કોઇ માણસ હાથમા સાબિતી લઇને તેની તમને ખબર કરે, હવે જો હુ એમ ધારૂ કે આવા સયોગ વિષે તમે ખેદ પામો તો તેમ ધારવામા મે કાઈ વિશેષ કર્યું એમ હુ ધારતો નથી, તમારા પોતાના જનકને લજ્જા પમાડે એવી આ નિદાત્મક વાત હોવાથી તમારા હૃદયમા તે માટે વધારે તીવ્ર લાગણી થાય. અને ધાર્મિક પત્રોમા તે વાતને છપાવવાનુ કામ તો તમે કરોજ નહિ. એ ખરૂ કે નહિ ? ત્યારે હવે આ વાત ધ્યાનમા લ્યો કે ડેમિ-યને જે કર્યું તે કરવાનો પ્રયત્ન કરનાર માણસ મારા પિતા છે આ-પિયાના પીઠાવાળા માણસના પણ તે પિતા છે, જે જે મનુષ્યો સદ્‌ગુણને ચાહે છે તે સર્વના પણ તે પિતા છે, ,અને ઇશ્વિરે તમને સમજશક્તિ આપી હોત તો તમારા પણ તે પિતાજ હતા.

સમાપ્ત.

વીજળી અને તીજોરી.

અબરક, રેતી યા એવી કોઇકિ વસ્તુથી તીજોરીઓ ફાયરપ્રુફ થઇ શકે નહિ એવુ પુરવાર કરી બાર બાર પ્રદર્શનોમા ગોદરેજે પેહેલા ઇનામ મેળવ્યા છે તેથી વાચનાર વાકેફ છે.

બીજા મેકરની તીજોરી સાથે ગોદરેજની તીજોરી મોટી આગમાં નાખી સરકારે પરીક્ષા કરી અને તપાસમાં ફક્ત ગોદરેજને તીજોરી માંહેલા કાગજો તદન સલામત રહેવાથી ગોદરેજને સરકારી સેવીંગ બેંકોના કીંમતી ચોપડાઓની જાળવણી માટે ત્રણસો અને બોતેર તીજોરીઓ બનાવવાનો ઓરડર મળ્યો તે પણ વાંચનાર જાણે છે.

હાલમા તીજોરીઓની બનાવટમાં ગોદરેજે એક તદન નવો સુધારો દાખલ કર્યો છે બીજાઓ મજબુતાઈ માટે જ્યા ખીલાઓ વાપરે છે ત્યા ગોદરેજ વીજળીના પ્રવાહથી લોખડ પીગળાવી જોડી નાખે છે. ખીલા યા રેવીટ કાઢી નાખી શકાય અને તીજોરી છુટી કરાય, પણ પીગલાવીને જોડેલુ લોખડ છુટું થાય નહિ. આવું કામ કરવા વીજળી ઉત્પન્ન કરવાના હજારોની કીંમતના સાચા ગોદરેજે બનાવી મંગાવ્યા છે. જે માહેલા એકજ સાચાને ચલાવવા ત્રીસ ઘોડાનુ બળ જોઇએ છે. વીજળીના બળથી જોતા જોતાંમાં લોખંડનો રસ થાય છે, અને હજારો બત્તી સળગી હોય એટલો ઉજાસ થાય છે તે જોવા લાયક છે.

કારખાનું:—ગેસ કુંપની પાસે, પરેલ, મુંબઈ.

દુકાન—મુલજી જેઠા મારકીટની સામે, મુંબઈ.

ગંજાવર અસર.

કોઈ સારો ગ્રંથ તો એકાદ જીંદગીનું ઉત્તમ મંદિર છે. તેમાં તેના કર્ત્તાએ પોતાની હયાતીમાં જે સરસમાં સરસ વિચારો કર્યા હોય, તેનો સમાવેશ હોય છે. * * * *

ધર્મશાસ્ત્રથી આરંભીને પુસ્તક માત્રે માણુસજાતના સાર્વજનિક સુધારાને અર્થે નીતિબળની કેટલી ગંજાવર સત્તા ચલાવી છે તે વિષે બોલવાની જરૂર નથી. મનુષ્યજાતિના એકઠા થએલા જ્ઞાનનો ભંડાર જોવો હોય તો એ પુસ્તકો જ છે. વિદ્યાશાસ્ત્રમાં, તત્ત્વજ્ઞાનમાં, ધર્મમા અને નીતિશાસ્ત્રમાં જે સઘળા શ્રમ, પરાક્રમ, તર્કવિતર્ક અને જયપરાજય થયા છે; તેની નોધ એ પુસ્તકોમાંજ રહેલી છે સઘળાં કાર્યોમા પુસ્તકો એ સર્વથી શિરોમણિ ક્રિયાસિદ્ધ શક્તિ છે. * * * *

વાંચનથી જ્ઞાનની વૃદ્ધિ કેટલી બધી થઇ છે તેની જો કિંમત જાણવી હોય તો એકાદ દિવસ આખા જગતનાં છાપખાનાં, તારયંત્રો, ટપાલ વિગેરે બંધ થયાં છે એવી કલ્પના કરવી; અને તેમ કરતાંજ તેથી થનારા જે જે અનર્થ સંભવિત છે તેનો ખ્યાલ આવી શકશે.

સ્વ૦ નારાયણ હે૦ ના 'ગ્રંથચર્ચા' ઉપરથી.